**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૫૧ |
| પાઉન્ડ | ૧૦૪.૮૫ |
| યુરો | ૯૦.૧૭ |
| સઉદી રિયાલ | ૨૨.૨૭ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૫,૫૬૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૬,૫૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
# ગુજરાત ટુડે
GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991




Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૮૫ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### ૧૦ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોમાં EVMની ફરિયાદો વચ્ચે એકંદરે શાંતિપૂર્ણ મતદાન

# ચોથા તબક્કામાં ૯૬ બેઠકો માટે ૬૨ ટકાથી વધુ મતદાન

## પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ૭૫ ટકા અને જમ્મુ-કાશ્મીરમાં સૌથી ઓછું ૩૫ ટકા જેટલું મતદાન, ૧.૯૨ લાખ મતદાન મથકો પર મતદાન સંપન્ન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટેના ચોથા તબક્કાનું મતદાન સોમવારે ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૬ લોકસભા સીટ પર યોજાયું હતું. આ તબક્કામાં કુલ ૧૭૧૭ ઉમેદવારો મેદાનમાં છે જેઓનું ભાવિ સોમવારે સાંજે ઈવીએમમાં સીલ થઈ ગયું હતું. સાંજે પાંચ વાગ્યા સુધી ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૨.૩% મતદાન નોંધાયું હતું.



## અખિલેશ યાદવ, ગિરિરાજસિંહ, મહુઆ મોઈત્રા, અધીરરંજન ચૌધરી, અસદુદ્દીન ઓવૈસી, યુસુફ પઠાણ સહિતના દિગ્ગજ ઉમેદવારોના ભાવિ EVMમાં સીલ

તેલંગાણાની તમામ ૧૭ લોકસભા બેઠકો, આંધ્રપ્રદેશની તમામ ૨૫ બેઠકો, ઉત્તરપ્રદેશની ૧૩, બિહારની પાંચ, ઝારખંડની ચાર, મધ્યપ્રદેશની આઠ, મહારાષ્ટ્રની ૧૧, ઓડિશાની ચાર, પશ્ચિમ બંગાળની આઠ બેઠકો અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન સંપન્ન થયું હતું. શ્રીનગર લોકસભા મતવિસ્તારમાં ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી કાશ્મીરમાં આ પ્રથમ મોટી ચૂંટણી છે. આંધ્રપ્રદેશની તમામ ૧૭૫ વિધાનસભા બેઠકો પર અને ચોથા તબક્કામાં ઓડિશાની ૨૮ બેઠકો પર એક સાથે મતદાન યોજાયું હતું. આ રાઉન્ડમાં ૧૭.૭૦ કરોડથી વધુ પાત્ર મતદારો માટે ૧.૯૨ લાખ મતદાન મથકો પર ૧૯ લાખથી વધુ મતદાન અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ, કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ, ટીએમસીના ફાયરબ્રાન્ડ નેતા મહુઆ મોઈત્રા અને એમઆઈએમના અસદુદ્દીન ઓવૈસી, કોંગ્રેસ નેતા અધીરરંજન ચૌધરી, ટીએમસીના પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ, આંધ્રપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ વાય.એસ. શર્મિલા સહિતના અગ્રણી ઉમેદવારો મેદાનમાં છે. આ દરમિયાન જમ્મુ-કાશ્મીર એનસી પ્રમુખ ફારૂક અબ્દુલ્લાહે કહ્યું કે, તે દુઃખદ છે કે, તેઓ કહે છે કે, કોઈ હિંસા નથી થઈ અને બધું જ સામાન્ય છે, પરંતુ હું કહેવા માંગુ છું કે, અમારી પાર્ટીના કાર્યકરોને બે દિવસથી લોકઅપમાં બંધ રખાયા છે. હું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને પીએમ મોદીને પૂછવા માંગુ છું કે, અમારા કાર્યકરોથી ડર લાગે છે, તેઓ ચોક્કસપણે હારી જશે ? નેશનલ કોન્ફરન્સ (એનસી)એ શ્રીનગર લોકસભા સીટ પરથી આગા સૈયદ રૂહુલ્લા મેહદીને મેદાનમાં ઉતાર્યા છે, પીડીપીએ વહીદ-ઉર-રહેમાન પારા અને જમ્મુ-કાશ્મીર અપની પાર્ટીએ મોહમ્મદ અશરફ મીરને મેદાનમાં ઉતાર્યા છે. લોકસભાની ચૂંટણી ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી સાત તબક્કામાં યોજાઈ રહી છે. તમામ લોકસભા બેઠકોની ચૂંટણીના પરિણામ ૪ જૂને આવશે.

CELEBRATING EXCELLENCE 33 years GT

## ‘સીસીટીવી ૪૫ મિનિટ સુધી બંધ રહ્યા’ : સુપ્રિયા સુલેનો બારામતી ઈવીએમ સંગ્રહિત વેરહાઉસમાં ગેરરીતિનો આરોપ

(એજન્સી) બારામતી, તા. ૧૩

એનસીપી(શરદ પવાર)ના નેતા સુપ્રિયા સુલેએ સોમવારે બારામતીમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈવીએમ)ની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી જ્યાંથી તેઓ તેમના પિતરાઈ ભાઈ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારની પત્ની સુનેત્રા પવાર સામે લોકસભા બેઠકની ચૂંટણી લડી રહ્યા છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરતા સુપ્રિયા સુલેએ આરોપ લગાવ્યો હતો કે વોટિંગ પછી જે વેરહાઉસમાં ઈવીએમ સ્ટોર કરવામાં આવ્યા હતા ત્યાંના સુરક્ષા કેમેરા સોમવારે ૪૫ મિનિટ સુધી બંધ રહ્યા હતા. સુલેએ તેને ‘અત્યંત શંકાસ્પદ’ ઘટના તરીકે ગણાવી અને તેને ચૂંટણી પંચની એક મોટી ચૂક ગણાવી હતી. સુલેએ એક્સ પર પોસ્ટમાં લખ્યું કે, “બારામતી લોકસભા મતવિસ્તારના મતદાન પછી સોમવારે સવારે ૪૫ મિનિટ માટે એક ગોડાઉનમાં સીસીટીવી લગાવાયા હતા જ્યાં ઈવીએમ રાખવામાં આવ્યા હતા. જ્યાં ઈવીએમ જેવી અતિ મહત્વની વસ્તુ રાખવામાં આવી છે ત્યાં સીસીટીવી બંધ છે તે શંકાસ્પદ છે.



ઉપરાંત આ એક મોટી ચૂક છે.”

તેમણે ઉમેર્યું કે, “જ્યારે ચૂંટણી પ્રતિનિધિઓએ સંબંધિત સત્તાવાળાઓ અને વહીવટીતંત્રનો સંપર્ક કર્યો ત્યારે કોઈ સંતોષકારક જવાબો મળ્યા ન હતા. આ ઉપરાંત, ટેકનિશિયન પણ તે જગ્યાએ ઉપલબ્ધ નથી.” સુપ્રિયા સુલેએ આક્ષેપ કર્યો હતો કે તેમના ચૂંટણી પ્રતિનિધિઓને ત્યાં સંગ્રહિત ઈવીએમની સ્થિતિનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપવામાં આવી નથી. શરદ પવાર જૂથના નેતાએ જણાવ્યું કે, “ચૂંટણી પંચે તાત્કાલિક આની નોંધ લેવી જોઈએ અને સીસીટીવી શા માટે બંધ કરવામાં આવ્યા તે કારણો જાહેર કરવા જોઈએ. આ ઉપરાંત ઘટના માટે જવાબદાર લોકો સામે યોગ્ય પગલાં લેવા જોઈએ.” બારામતીના ઉમેદવાર સુપ્રિયા સુલેના ચૂંટણી પ્રતિનિધિ લક્ષ્મીકાંત ખાબિયાએ આક્ષેપ કર્યો હતો કે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનમાં સવારે ૧૦.૩૦થી ૧૧.૧૫ વાગ્યાની વચ્ચે સીસીટીવી બંધ કરી દેવામાં આવ્યા હતા જ્યાં મતવિસ્તારના ઈવીએમ સંગ્રહિત છે. ખાબિયાએ જણાવ્યું કે, “ચૂંટણી અધિકારીઓએ અમને કહ્યું કે સીસીટીવી ચોવીસ કલાક કામ કરશે. અમારા પક્ષના પ્રતિનિધિઓ નજર રાખવા માટે તૈનાત છે. સોમવારે અમને એલર્ટ મળ્યો કે લગભગ ૪૫ મિનિટ માટે સીસીટીવી બંધ હતા. અમે આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો. પોલીસ વહીવટીતંત્ર સ્પષ્ટતા સાથે આવ્યું છે પરંતુ અમે બારામતીના રિટર્નિંગ ઓફિસરને અરજી કરીશું.” જોકે, ચૂંટણી સત્તાવાળાઓએ સ્પષ્ટતા કરી હતી કે સવારે પરિસરમાં કેટલાક વિજકામ દરમિયાન થોડા સમય માટે કેમેરાના કેબલને દૂર કરવા પડ્યા હતા. બારામતીના રિટર્નિંગ ઓફિસર કવિતા દ્વિવેદીએ જણાવ્યું હતું કે પક્ષના દાવાની તપાસ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે ગોડાઉનમાં એક ઈલેક્ટ્રિશિયને એક કેબલ કાઢી નાખ્યો હતો, જેના કારણે ડિસ્પ્લે યુનિટ બંધ થઈ ગયું હતું.

### અચાનક આવેલા ધૂળના તોફાન અને વરસાદને પગલે દેશના અનેક ભાગોમાં લોકો સ્તબ્ધ

## મુંબઈમાં ધૂળના તોફાનમાં વિશાળ હોર્ડિંગ ધરાશાયી થતાં ૮નાં મોત, ૬૦ ઘાયલ

### ૬૦થી વધુ લોકો વિશાળ હોર્ડિંગ્સ પડવાને કારણે ઘાયલ થયા, અનેક કારો અને ગાડીઓને નુકસાન, હોર્ડિંગ્સ પડવાના અનેક વીડિયો વાયરલ થયા

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૩

મુંબઈના ઘાટકોપરમાં સોમવારે સાંજે ધૂળની ડમરીઓના જોરદાર વાવાઝોડા વચ્ચે ફ્યુઅલ સ્ટેશન પર તૂટી પડેલા વિશાળ બિલબોર્ડના કાટમાળ નીચે પડતાં ૮નાં મોત અને ૬૦ લોકો ઘાયલ થયા હતાં. પોલીસે જણાવ્યું કે ૬૦ લોકો ઘાયલ છે અને ૪૭ને બચાવી લેવામાં આવ્યા છે. બિલબોર્ડ ફ્યુઅલ સ્ટેશનની સામે આવેલ હતું. કેટલાક વીડિયોમાં રિફ્યુઅલિંગ સુવિધાની બરાબર વચ્ચે જ માળખું તૂટી પડ્યું હોવાનું દેખાઈ રહ્યું છે. બિલબોર્ડની મેટલ ફ્રેમે ફ્યુઅલ સ્ટેશન પર આવેલી ઘણી કારની છતો ચીરી નાખી હતી. પોલીસે જણાવ્યું કે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની ટીમો સ્થળ પર પહોંચી હતી અને કાટમાળ નીચે ફસાયેલા લોકોને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

ધૂળના જોરદાર વાવાઝોડાથી મુંબઈ ધમરોળાયું હતું જેના કારણે લોકો સાવચેતી રાખી રહ્યા હતા. જોરદાર પવનની ડમરીઓ અને વરસાદ કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, વૃક્ષો અને કાચા બાંધકામો ધસી ગયા હતા અને આર્થિક રાજધાનીના ઘણા જિલ્લાઓમાં વીજળી ડૂલ થઈ હતી. શહેરમાં ધૂળનું તોફાન આવતાં આકાશમાં છવાઈ ગયું હતું, લોકો સોશિયલ મીડિયા પર વિઝ્યુઅલ પોસ્ટ કરી રહ્યા હતા. લોકલ ટ્રેનો, મેટ્રો નેટવર્કનો એક ભાગ અને એરપોર્ટ સેવાઓ અસ્થાયી રૂપે અંધકારમય આકાશ વચ્ચે બંધ કરવામાં આવી હતી. મુંબઈ એરપોર્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘શહેરમાં પ્રતિકૂળ હવામાન અને ધૂળના વાવાઝોડાને કારણે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટે ઓછી વિઝિબિલિટી અને ઝડપી પવનને કારણે લગભગ ૬૬ મિનિટ માટે ફ્લાઈટ સંચાલનને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધું હતું.’’ સત્તાવાળાઓએ જણાવ્યું કે, ‘‘ઓપરેશન્સ ૧૭:૦૩ કલાકે ફરી શરૂ થયું હતું. આ સમય દરમિયાન એરપોર્ટે ૧૫ ડાયવર્ઝન કર્યા હતા. એરપોર્ટ સત્તાવાળાઓએ ગયા અઠવાડિયે સુરક્ષિત અને સરળ એરક્રાફ્ટ કામગીરી સુનિશ્ચિત કરીને તેના પ્રી-મોન્સૂન રનવેની જાળવણી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. કાર્યક્ષમતા અને મુસાફરોની સલામતી માટે પ્રતિબદ્ધ છે અને એરપોર્ટ અડગ છે, સીમલેસ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.’’ ભારતીય હવામાન વિભાગ મુંબઈએ થાણે, પાલઘર અને મુંબઈમાં વીજળીના કડાકા સાથે વાવાઝોડાની અને મધ્યમથી તીવ્ર વરસાદની આગાહી કરતી ‘‘ચેતવણી’’ જારી કરી છે. આરે અને અંધેરી ઈસ્ટ વચ્ચે બિલબોર્ડ ઓવરહેડ વાયર પર પડી ગયા બાદ મેટ્રોને રોકી દેવાઈ હતી. તેજ પવનને કારણે થાણે અને મુલુંડ વચ્ચેના ઓવરહેડ સાધનોના થાંભલા વળી ગયા હતા ત્યારબાદ ઉપનગરીય ટ્રેનોને અસર થઈ હતી. મધ્ય રેલવેના મુખ્ય પ્રવક્તાએ જણાવ્યું કે, મુખ્ય લાઈન પર ઉપનગરીય સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

## ‘EC કંઈપણ કરશે નહીં એવું ધારી શકીએ નહીં’ : દિલ્હી હાઈકોર્ટે PMના સાંપ્રદાયિક ભાષણો સામે FIR માટેની અરજી નકારી કાઢી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩


દિલ્હી હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ તેમના તાજેતરના ભાષણોના સાંપ્રદાયિક પ્રકૃતિને લઈને એફઆઈઆરની માંગ કરતી અરજીને ‘કવેળાની’ ગણાવી છે. બાર અને બેન્ચે અહેવાલ આપ્યો છે કે, જસ્ટિસ સચિન દત્તાએ અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, તે ‘ટકી શકે તેમ ન હતી’ કારણ કે, ચૂંટણી પંચ આ બાબતને પહેલેથી જ નકારી ચૂક્યું હતું. હાઈકોર્ટની બેન્ચે કહ્યું, ‘એ અમારા હાથમાં નથી કે ECIએ કોને નોટિસ જારી કરવી જોઈએ. અમે એવું માની શકતા નથી કે તેઓ કંઈ કરશે નહીં. તેઓ પહેલા તો એફઆઈઆર નોંધી શકતા નથી અને પછી જવાબ માંગી શકતા નથી.’ જસ્ટિસ દત્તાએ એમ પણ કહ્યું કે, કોર્ટ ECIનું માઈક્રોમેનેજ કરી શકે નહીં. જસ્ટિસ દત્તાએ એમ પણ કહ્યું હતું કે, કોર્ટ ‘ECIનું માઈક્રોમેનેજ કરી શકતી નથી.’ એપ્રિલના અંતમાં રાજસ્થાનના બાંસવાડાથી શરૂ કરીને વડાપ્રધાન તેમના ભાષણોમાં ખુલ્લેઆમ સાંપ્રદાયિક ટિપ્પણીઓ કરી રહ્યા છે કારણ કે, તેઓ ઓફિસમાં ત્રીજી ટર્મ

### ‘ECIએ કોને નોટિસ જારી કરવી તે અમે નક્કી કરી શકતા નથી’

મેળવવાની ઝુંબેશ ચલાવે છે. કોંગ્રેસ પર તેમની સંપત્તિ છીનવીને ભારતીય મુસલમાનોમાં વહેંચવાની યોજના ઘડવાનો આરોપ લગાવતા, તેમણે સમુદાયને ‘વધુ બાળકો ધરાવતા’ અને ‘ઘૂસણખોરો’ તરીકે ઓળખાવ્યા. અરજીમાં ૨૪ એપ્રિલે મધ્યપ્રદેશમાં મોદીના ભાષણની સાથે તેમજ ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના ભાષણો સાથે આ ભાષણનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જ્યાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, કોંગ્રેસ પાર્ટીએ ધર્મના આધારે આરક્ષણ આપ્યું છે. એડવોકેટ નિઝામ પાશા દ્વારા રજૂ કરાયેલ અરજદારોએ જણાવ્યું હતું કે, ચૂંટણી સંસ્થાએ ભારત રાષ્ટ્ર સમિતિના નેતા કે. ચંદ્રશેખર રાવ સામે કાર્યવાહી કરી હતી પરંતુ મોદીને નોટિસ પણ જારી કરી નથી. તેમણે કહ્યું, ‘આ વ્યક્તિ (મોદી) સાથે શા માટે અન્ય લોકોથી અલગ વર્તન કરવામાં આવે છે ? તેમની (ECI)નોટિસ રાજકીય પક્ષને છે. તે ભાષણનો ઉલ્લેખ પણ કરતું નથી.’ તેમણે ઉમેર્યું, ‘આ વ્યક્તિ માટે સલાહ અને અન્યો સામે કાર્યવાહી શા માટે ? કાયદાનું શાસન બધા માટે સમાન હોવું જોઈએ.’ EC માટે હાજર થયેલા એડવોકેટ સુરૂચિ સુરીએ જણાવ્યું હતું કે, ભાજપને નોટિસનો જવાબ આપવા માટે સમયમર્યાદામાં વધારો મળ્યો છે, જે હવે ૧૫ મે છે. તેમણે કહ્યું કે, ‘જો જરૂર પડશે તો કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.’

## ક્યા બાત હૈ ?!

મારી વાત માનો ને ૪૫ ટકા સરકારને આપીને આ કાળું નાણું સફેદ કરી નાખો !



- જામી

## લોકસભા ચૂંટણી માટે ૪૮ કલાકની અંદર મતદાનનો ડેટા જાહેર કરવા માટે NGOની અરજી પર સુપ્રીમ કોર્ટ ૧૭ મેએ સુનાવણી કરશે


### ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે જણાવ્યું હતું કે, NGO એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) તરફથી વકીલ પ્રશાંત ભૂષણે આ અરજીની તાકીદે સૂચિબદ્ધ કરવાની માગણી કર્યા બાદ શુક્રવારે આ કેસ લિસ્ટ કરવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

સર્વોચ્ચ અદાલત સોમવારે ૧૭ મેના રોજ એક એનજીઓની અરજી પર સુનાવણી કરવા સંમત થઈ હતી જેમાં ચૂંટણી પંચને લોકસભા ચૂંટણીના દરેક તબક્કા માટે મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાકની અંદર તેની વેબસાઈટ પર મથક વાર મતદાનનો ડેટા અપલોડ કરવાનો નિર્દેશ આપવાનો આદેશ આપવા માટે વિનંતી કરવામાં આવી છે. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે જણાવ્યું હતું કે, એનજીઓ એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) તરફથી વકીલ પ્રશાંત ભૂષણે આ અરજીની તાકીદે સૂચિબદ્ધ કરવાની માગણી કર્યા બાદ શુક્રવારે આ કેસ લિસ્ટ કરવામાં આવશે. આ એનજીઓએ ગયા અઠવાડિયે તેની ૨૦૧૯ પીઆઈએલમાં વચગાળાની અરજી દાખલ કરી હતી જેમાં મતદાન પેનલ માટે એવા નિર્દેશો માંગવામાં આવ્યા હતા કે, મતદાન પછી તરત જ તમામ મતદાન મથકોના ફોર્મ 17C ભાગ-૧ (મતોનું એકાઉન્ટ)ની સ્કેન કરેલી સુવાચ્ય નકલો અપલોડ કરવામાં આવે. NGOએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મતદાનના દરેક તબક્કા પછી ફોર્મ 17C ભાગ-૧માં નોંધાયેલા મતોની સંખ્યાના ચોક્કસ આંકડામાં મથક-વાર ડેટા પ્રદાન કરવા અને મતવિસ્તાર મુજબનું ટેબ્યુલેશન આપવા માટે નિર્દેશિત કરવામાં આવે. ચૂંટણીની અનિયમિતતાઓ દ્વારા લોકતાંત્રિક પ્રક્રિયા ખોરવાઈ ન જાય તેની ખાતરી કરવા માટે આ અરજી દાખલ કરવામાં આવી છે. ECI દ્વારા ૩૦ એપ્રિલના રોજ પ્રસિદ્ધ કરાયેલી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટેના મતદારોના મતદાનનો ડેટા ૧૯ એપ્રિલના રોજ યોજાયેલા પ્રથમ તબક્કાના મતદાનના ૧૧ દિવસ અને ૨૬ એપ્રિલના રોજ યોજાયેલા બીજા તબક્કાના મતદાનના ચાર દિવસ પછી પ્રકાશિત કરવામાં આવ્યો છે. ઈસીઆઈ દ્વારા ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તેની અખબારી યાદીમાં પ્રકાશિત કરવામાં આવેલ ડેટા મતદાનના દિવસે સાંજે ૭ વાગ્યા સુધીમાં ECI દ્વારા જાહેર કરાયેલ પ્રારંભિક ટકાવારીની તુલનામાં લગભગ ૫-૬% જેટલો વધારો દર્શાવે છે. આ પિટિશનમાં કહેવામાં આવ્યું છે કે, ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ મતદાન પેનલની પ્રેસનોટમાં પાંચ ટકાથી વધુના અસામાન્ય રીતે ઉચ્ચ સુધારા સાથે અંતિમ મતદાન ડેટામાં વિલંબને કારણે ચૂંટણીની પ્રમાણિક્તા અંગે લોકોમાં શંકા ઊભી થઈ છે. મતદાન કરાયેલા મતોની સંપૂર્ણ સંખ્યાને જાહેર ન કરવાને કારણે, મતદારોના મતના ડેટાના પ્રકાશનમાં ગેરવાજબી વિલંબ સાથે, મતદારોના મનમાં પ્રારંભિક ડેટા અને ૩૦ એપ્રિલના રોજ જાહેર કરાયેલા ડેટા વચ્ચે તીવ્ર વધારો થવાથી એક આશંકા ઊભી થઈ છે. આ આશંકાઓ પર ધ્યાન આપવું જોઈએ અને તેનું સમાધાન કરવું જોઈએ. મતદારોના વિશ્વાસને જાળવી રાખવા માટે ECIને તેની વેબસાઈટ પર તમામ મતદાનના ફોર્મ 17C ભાગ-I (મતોનું એકાઉન્ટ)ની સ્કેન કરેલી સુવાચ્ય નકલો જાહેર કરવા અને મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર મતોના પ્રમાણિત આંકડાઓ જાહેર કરવા માટે નિર્દેશિત કરવામાં આવે તે જરૂરી છે.

## હવે મારે જલ્દી લગ્ન કરવા પડશે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૧૩



તેમના નામાંકન પછી પ્રથમ વખત રાયબરેલી સંસદીય મતવિસ્તારમાં એક રેલીને સંબોધતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને ૧૩ મેના રોજ એક પરિચિત પ્રશ્નનો સામનો કરવો પડ્યો હતો. તે ક્યારે લગ્ન કરી રહ્યા છે ? તેમણે ખાતરી આપતા કહ્યું, ‘ટૂંક સમયમાં.’ ભાષણ પૂરું કરતાં જ રાહુલ ગાંધીએ તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાને મંચની આગળ બોલાવ્યા હતા. પ્રિયંકાના ખભા પર હાથ મૂકીને અને તેમના ચહેરાને પ્રેમથી સ્પર્શ કરીને રાહુલે રાયબરેલી અભિયાનમાં તેમના પ્રયત્નો માટે પ્રશંસા વ્યક્ત કરતા કહ્યું, ‘હું તો ચૂંટણીના કારણે દેશના વિવિધ ભાગોનો પ્રવાસ કરી રહ્યો છું અને અહીં મારી બહેન મારા માટે મહેનત કરી રહી

### રાહુલ ગાંધીએ રાયબરેલી પ્રચારમાં પ્રિયંકા ગાંધીની મહેનતની પ્રશંસા કરી હતી

છે, આ માટે તેનો ખૂબ આભાર.’ તે પછી પ્રિયંકા ગાંધીએ તેમને ભીડમાંથી કોઈએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપવા કહ્યું, ત્યારે થોડીવાર પછી રાહુલ ગાંધીએ ખાતરી આપીને હિન્દીમાં કહ્યું કે, હવે જલ્દી જ કરવી પડશે.

# VVPAT સ્લિપ સાથે EVM મતોની ૧૦૦% સંખ્યાને મેળવવા દેવાનો નકારતા SCના ચુકાદા સામે રિવ્યુ પિટિશન દાખલ

(એજન્સી) તા.૧૩

આ અરજી અરુણ કુમાર અગ્રવાલ નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવી છે. જેમણે દલીલ કરી હતી કે, સુપ્રીમ કોર્ટના એપ્રિલ ૨૦૨૪ના ચુકાદામાં ભૂલો અને ખામી દેખાઈ રહી છે.

SCના EVM VVPAT ચુકાદા સામે રિવ્યુ દાખલ કરવામાં આવી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)માં વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપીએટી) વડે કરાયેલા મતોના ક્રોસ વેરિફિકેશનને ફગાવી દેતા તેના ચુકાદાની સમીક્ષા કરવા માટે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે.

આ અરજી અરુણ કુમાર અગ્રવાલ નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવી છે, જેમણે દલીલ કરી હતી કે સુપ્રીમ કોર્ટના એપ્રિલ ૨૦૨૪ના ચુકાદામાં ભૂલો અને ખામી દેખાઈ રહી છે.

ચુકાદાના ભાગનો ઉલ્લેખ કરતા, જેમાં નોંધવામાં આવ્યું હતું કે, VVPAT સ્લિપની ગણતરી તેમાં લાગેલા સમય અને પરિણામો જાહેર કરવામાં વિલંબને કારણે મુશ્કેલ હશે, અરજીમાં કહેવામાં આવ્યું છે કે, "ઉમેદવાર મુજબ સોર્ટ કર્યા પછી સ્લિપની ગણતરી વાસ્તવમાં સામાન્ય કાગળની ગણતરી કરતાં વધુ સરળ છે. કારણ કે, VVPAT પેપર સ્લિપ રોલમાંથી થર્મલી પ્રિન્ટેડ હોવાને કારણે સહેજ વળાંકવાળી હોય છે."

અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, તમામ VVPAT મતોની ગણતરી બહુ જ ઓછા કર્મચારીઓ અને ઓછા ખર્ચે પર કરી શકાય છે. અગ્રવાલે એવી પણ દલીલ કરી છે કે, ભારતીય ચૂંટણી પંચ (ECI)નું એ કહેવું ખોટું છે કે સરેરાશ ૧,૦૦૦ મતો મતદાન થાય છે. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે, ECI દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટાના આધારે, તે નોંધવામાં આવ્યું છે કે ૨૦૧૯માં આશરે ૬૧.૪ કરોડ વ્યક્તિઓના મતો થયા હતા અને ૨૦૨૪માં આશરે ૯૭ કરોડ નોંધાયેલા મતદારો છે. તે જાણીતું છે કે, ૨૦૧૯માં ૯૨ કરોડ નોંધાયેલા મતદારો હતા. તેમાં કહેવામાં આવ્યું છેઃ "આમ, ૯૨ કરોડ નોંધાયેલા મતદારો સાથે ૬૧.૪ કરોડ મતદાન થયું હતું. તેથી, ૨૦૨૪ માં ૯૭ કરોડ નોંધાયેલા મતદારો સાથે, તે સુરક્ષિત રીતે અનુમાન લગાવી શકાય છે કે આશરે ૬૮ કરોડ લોકો ૨૦૨૪ની ચૂંટણીમાં તેમનો મત આપશે."

અરજી અનુસાર સર્વોચ્ચ અદાલતે એ હકીકતને ધ્યાનમાં લીધી ન હતી કે સિમ્બોલ લોડિંગ યુનિટ્સ (SLU)માં જરૂરી છબીઓ સિવાય વધારાની બાઈટ્સ છોડી શકે છે જેનો દુરુપયોગ થઈ શકે છે. આમ કોર્ટે એ હકીકતને ધ્યાનમાં લેવી જોઈએ કે, SLU સંવેદનશીલ છે અને તેનું ઓડિટ કરવાની જરૂર છે.

૨૬ એપ્રિલના રોજ સર્વોચ્ચ અદાલતે EVM મતોને VVPAT મતો સાથે ગણવાની અરજીને ફગાવી દીધી હતી. જો કે, તેણે ECIને EVMમાં વિશ્વાસ વધારવા માટે થોડા નિર્દેશો આપ્યા હતા.

ચુકાદામાં કહેવામાં આવ્યું છે કેઃ "એક રસ્તો એ છે કે સિમ્બોલ લોડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા પછી, સિમ્બોલ લોડિંગ યુનિટને સીલ કરવું જોઈએ. SLU ઓછામાં ઓછા ૪૫ દિવસના સમયગાળા માટે સંગ્રહિત હોવું જોઈએ. માઇક્રોકન્ટ્રોલર EVMમાં વપરાઇ ગયેલી મેમરીને એન્જિનિયરોની એક ટીમ દ્વારા તપાસવામાં આવશે. સીરીયલ નંબર ૨ અને ૩ માં ઉમેદવારોની વિનંતી પર પરિણામોની ઘોષણા પછી પરિણામ જાહેર થયા પછી ૭ દિવસની અંદર આવી વિનંતી કરવાની રહેશે."

# જગન રેડ્ડીની પાર્ટીના ધારાસભ્ય શિવકુમારે આંધ્રપ્રદેશમાં મતદાનની લાઈનમાં મતદારને લાફો માર્યો, તેણે વળતો લાફો ઝીંક્યો

(એજન્સી) તા.૧૩

YSRCP નેતા એ. શિવકુમાર સોમવારે આંધ્રપ્રદેશના ગુંટુરમાં એક મતદાન કેન્દ્ર પર એક મતદારને લાફો મારતા જોવા મળ્યા હતા.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટેના ચોથા તબક્કાના મતદાનની વચ્ચે YSRCP ધારાસભ્ય એ. શિવકુમારનો આંધ્રપ્રદેશના એક બૂથ પર મતદાનની કતારમાં એક મતદારને લાફો મારતો વીડિયો સોમવારે ૧૩ મેના રોજ વાયરલ થયો હતો. ગુંટુર શિવકુમાર અને મતદાર બંને એક બીજા પર હુમલો કરતા જોઈ શકાય છે, આંધ્રપ્રદેશના ધારાસભ્ય ગરમાગરમ થઈ રહેલા વ્યક્તિ તરફ ચાલે છે અને આખરે તેને લાફો મારે છે. મતદારે પણ શિવકુમારને લાફો અને મુક્કા મારીને બદલો લીધો હતો. આ પછી ધારાસભ્યના સમર્થકોએ મતદારને મારવાનું શરૂ કર્યું.

ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ પણ વીડિયો શેર કર્યો હતો, જેમાં વાય.એસ. જગન મોહન રેડ્ડીની પાર્ટીના ધારાસભ્યની કાર્યવાહીને 'ઘમંડ અને ગુંડાગીરી' ગણાવી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વીડિયો પોસ્ટ કરતા શહેઝાદ પૂનાવાલાએ લખ્યું કે, 'VVIP ઘમંડ અને ગુંડાગીરી સંપૂર્ણ પ્રદર્શનમાં છે. YSRCP ધારાસભ્ય એ. શિવકુમારે આંધ્રપ્રદેશના ગુંટુરમાં મતદારને લાફો માર્યો. તેલંગાણા કોંગ્રેસના નેતાએ મતદારને લાત મારી. કોંગ્રેસના રણદીપ સુરજેવાલાએ એક વખત જણાવ્યું હતું કે, જનતા રાક્ષસ છે ! જો તેઓ મતદાન મથક પર મતદારો સાથે આ રીતે વર્તે છે, તો કલ્પના કરો કે તેઓ ચૂંટણી પછી શું કરશે. આ પક્ષો અને નેતાઓને ફેંકી દેવાનો સમય આવી ગયો છે. આંધ્રપ્રદેશની તમામ લોકસભા બેઠકો માટે સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું હતું. લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા ઉપરાંત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી માટે પણ મતદાન થઈ રહ્યું છે.

દિવસની શરૂઆતમાં આંધ્રપ્રદેશમાંથી પણ ચૂંટણી હિંસાના અહેવાલો આવ્યા હતા, વિરોધ પક્ષ TDPએ શાસક YSRCP પર તેના ચૂંટણી એજન્ટોનું અપહરણ કરવાનો આરોપ મૂક્યો હતો. ટીડીપીએ તેના હરીફ પક્ષ પર મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ પાડવાનો અને તેના કેટલાક પોલિંગ એજન્ટોને માર મારવાનો પણ આરોપ લગાવ્યો હતો.

ચૂંટણી પંચની એક એપ્લિકેશને સોમવારે જણાવ્યું હતું કે, આંધ્રપ્રદેશમાં સવારે ૧૧ વાગ્યા સુધી ૨૫ લોકસભા બેઠકો માટે ૨૩.૧ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે ૧૭૫ બેઠકોની વિધાનસભામાં મતદાન ૨૩ ટકા મતદાન નોંધાયું હતું.

રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીર, મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી અને TDP સુપ્રીમો એન ચંદ્રબાબુ નાયડુ અને તેમના સંબંધિત પરિવારના સભ્યો સોમવારે આંધ્રપ્રદેશના પ્રારંભિક મતદારોમાં હતા.

# જો ૪ જૂન પછી ભારત બ્લોક સત્તામાં આવશે તો હું બીજા દિવસે પાછો આવીશ : કેજરીવાલ

## કેજરીવાલે આરોપ લગાવ્યો કે, તિહાર જેલમાં ન્યાયિક કસ્ટડી દરમિયાન તેમને તોડવાનો અને અપમાનિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા

(એજન્સી) તા. ૧૩

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે ગઈકાલે જણાવ્યું હતું કે, જો ચૂંટણી પરિણામો જાહેર થયા પછી ભારત બ્લોક સત્તામાં આવશે તો તેઓ ૫ જૂને તિહાર જેલમાંથી પાછા આવશે. દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા કેજરીવાલને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે સુપ્રીમ કોર્ટે ૧ જૂન સુધી વચગાળાના જામીન આપ્યા છે. તેણે આત્મસમર્પણ કરી ૨ જૂને પાછા જેલમાં જવું પડશે. સાત તબક્કાની ચૂંટણી ૧ જૂનના રોજ સમાપ્ત થશે અને મતોની ગણતરી ૪ જૂને થશે. તેમના આમ આદમી પાર્ટી (AAP) કાઉન્સિલરોને સંબોધતા, કેજરીવાલે આરોપ લગાવ્યો કે તિહારમાં ન્યાયિક કસ્ટડી દરમિયાન તેમને તોડવા અને અપમાનિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. કેજરીવાલે દાવો કર્યો કે, 'તિહારમાં મારા ખંડની અંદર બે સીસીટીવી કેમેરા હતા અને ૧૩ અધિકારીઓ દ્વારા તેમની દેખરેખ રાખવામાં આવી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે સીસીટીવીની ફૂટેજ PMOને પણ આપવામાં આવ્યું હતું. મોદીજી મારી દેખરેખ રાખતા હતા. હું નથી જાણતો કે મોદીજી શા માટે મારાથી ગુસ્સે છે.' તેમણે કહ્યું કે, AAPના નેતાઓને લોકો દ્વારા આદર અને પ્રેમ મળ્યુ છે અને 'અમારા કામને કારણે ભાજપ ડરે છે.' તેમણે પાર્ટીના કાઉન્સિલરોને કહ્યું કે, 'મારે ૨ જૂને પાછા જેલમાં જવું પડશે. હું ૪ જૂને જેલની અંદર ચૂંટણી પરિણામો જોઈશ. જો ભારત બ્લોક સત્તામાં આવશે, તો હું ૫ જૂને પાછો આવીશ.' રવિવારે, તેઓ પાર્ટીના ધારાસભ્યોને મળ્યા અને તેમની ધરપકડ પછી ભાજપના પ્રયાસો છતાં તૂટી ન જવા બદલ તેમની પ્રશંસા કરી હતી. કેજરીવાલે કહ્યું કે તેમની ધરપકડ બાદ AAP પાર્ટી 'તૂટવાને બદલે વધુ એક થઈ ગઈ છે.'

# માલદીવ્સે પાંચ કરોડ ડોલર બજેટ સહાય માટે ભારતનો આભાર માન્યો

(એજન્સી) તા. ૧૩

માલદીવના વિદેશમંત્રી, મૂસા ઝમીરે ગઈકાલે ભારત સરકારને માલદીવ રાષ્ટ્રને ૫ કરોડ ડોલરનું બજેટ સમર્થન આપવા બદલ આભાર વ્યક્ત કર્યું હતું, આ ચીન તરફી મોહમ્મદ મુઈઝુએ રાષ્ટ્રપતિ તરીકે પદ સંભાળ્યું ત્યારથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં મંદી વચ્ચે લેવામાં આવેલ નિર્ણય છે. ઝમીરે સોશિયલ પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું કે, 'હું EAM @DrSJaishankar અને #ભારત સરકારનો ૫ કરોડ ડોલર ટ્રેઝરી બિલના રોલઓવર સાથે માલદીવને મહત્વપૂર્ણ બજેટની સહાય આપવા બદલ આભાર માનું છું. આ સદ્ભાવનાનો સાચો સંકેત છે જે ઈમાલદીવ્સ અને #ભારત વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતાને દર્શાવે છે.' ઝમીર, જેઓ તેમની પ્રથમ દ્વિપક્ષીય સત્તાવાર મુલાકાતમાં ૮થી ૧૦ મે દરમિયાન ભારતની મુલાકાતે આવ્યા હતા. માલદીવ સરકારના વિદેશ કાર્યાલયે જણાવ્યું હતું કે, ભારતનું અંદાજપત્રીય સમર્થન ૧૩ મે ૨૦૨૪થી માલેમાં, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વધારાના વર્ષ માટે ૫ કરોડ ડોલર ટ્રેઝરી બિલના રોલઓવરના સ્વરૂપમાં હતું. માલદીવ સરકારે કહ્યું કે, 'તેઓ ભારત સરકારએ માલદીવને ઉદાર સમર્થન માટે આપેલ બજેટ સહાય બદલ તેમના આભારી છે.' મુઈઝુ સરકારના નિવેદનમાં ઉમેર્યું કે, "ભારત સરકારની સહાયથી મોટી સંખ્યામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ અને હાઈ ઈમ્પેક્ટ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જેમાં ગ્રાન્ટ સહાય તરીકે નોંધપાત્ર ભાગનો સમાવેશ થાય છે. માલદીવ સરકાર તેમના લોકોના પરસ્પર લાભ અને સમૃદ્ધિ માટે આ સહયોગી ભાગીદારી ચાલુ રાખવા માટે ઉત્સુક છે." ગયા અઠવાડિયે, માલદીવના વિદેશમંત્રીએ કહ્યું હતું કે, ૭૬ ભારતીય સૈન્ય કર્મચારીઓને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના નાગરિક કર્મચારીઓ દ્વારા બદલવામાં આવ્યા હતા, જેમણે ભારત દ્વારા ભેટમાં આપેલા બે હેલિકોપ્ટરનું નિર્માણ કર્યું હતું, આમ પુરૂષોના આગ્રહથી પરત ફરેલા લોકોની ચોક્કસ સંખ્યા અંગેના સસ્પેન્સનો પણ અંત આવ્યો હતો. ટાપુ રાષ્ટ્રમાં ત્રણ લશ્કરી પ્લેટફોર્મનું સંચાલન કરતા ભારતીય સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચવાનો આગ્રહ મુઈઝુના દૃષ્ટિકોણથી બંને દેશો વચ્ચેના સંબંધો ગંભીર તણાવ હેઠળ આવ્યા હતા.

# મોદીએ બિહારમાં ગુરૂદ્વારા પટના સાહિબની મુલાકાત લીધી, પાઘડી પહેરી 'લંગર'માં ભોજન પીરસ્યું

## વડાપ્રધાન લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે બિહારમાં પ્રચાર કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે બિહારમાં પટના સાહિબ તરીકે ઓળખાતા તખ્ત શ્રી હરિમંદિરજીની મુલાકાત લીધી હતી અને ભક્તોને 'લંગર' પીરસ્યું હતું. ભગવા રંગની પાઘડી પહેરીને મોદી પટનાના ગુરૂદ્વારામાં પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. તેમણે 'સેવા' પણ કરી અને 'લંગર' (ગુરૂદ્વારાનું સામુદાયિક રસોડું જે બધાને વિનામૂલ્યે ભોજન પીરસે છે)માં ભોજન પીરસ્યું હતું. ન્યૂઝ એજન્સી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં વડાપ્રધાન લંગર તૈયાર કરવામાં મદદ કરતા જોવા મળે છે. તેમણે ઉપસ્થિત ભક્તો સાથે શુભેચ્છાની આપ-લે કરી અને 'લંગર'માં પ્રસાદ લીધો. પટના સાહિબને બીજા સૌથી પવિત્ર તખ્ત માનવામાં આવે છે. શ્રી ગુરૂ ગોવિંદસિંહજી મહારાજના જન્મસ્થળ તરીકે આદરણીય, તે શીખોની અસ્થાયી સત્તાની પાંચ બેઠકોમાંથી એક છે અને તેને ત્રણ શીખ ગુરૂઓ દ્વારા પવિત્ર કરવામાં આવી છે. વડાપ્રધાન બિહારમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પ્રચાર કરી રહ્યા છે. રાજ્યમાં ૩૯ બેઠકો છે અને પ્રધાનમત્રીએ આ વખતે તમામ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. ૨૦૧૯માં ભાજપની આગેવાની હેઠળના NDAએ રાજ્યમાં ૩૮ બેઠકો જીતી હતી. પટનામાં મોદીના એક વિશાળ રોડ શો કાર્યક્રમના એક દિવસ પછી તેમણે ગુરૂદ્વારાની મુલાકાત લીધી હતી. બિહારમાં રોડ શો કરનાર તેઓ પ્રથમ વડાપ્રધાન હોવાનું કહેવાય છે. ગુરૂદ્વારાની ટૂંકી મુલાકાત બાદ મોદી ચૂંટણી રેલીને સંબોધવા હાજીપુર ગયા હતા. તેમના સંબોધન દરમિયાન વડાપ્રધાને આરોપને પુનરોચ્ચાર કર્યો હતો કે, કોંગ્રેસ અને આરજેડી જેવા પક્ષો 'તેમની મત બેંકની રાજનીતિને અનુસરવા' માટે 'મુસ્લિમોને અનામત આપશે.' આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદની ટિપ્પણીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે, 'આરજેડી અને કોંગ્રેસની પ્રાથમિકતા લોકો નથી, પરંતુ તેમની પોતાની વોટ બેંક છે. બિહારમાં 'જંગલ રાજ' લાવનાર વ્યક્તિ (લાલુ પ્રસાદ), જેને ચારા કૌભાંડમાં કોર્ટે દોષિત ઠેરવ્યો હતો, તેમણે કહ્યું કે, મુસ્લિમોને સંપૂર્ણ અનામત આપવી જોઈએ. તેઓ દલિતો, પછાતવર્ગો, આદિવાસીઓને અને મુસ્લિમોને અનામત આપવા માંગે છે. બાદમાં આજે મોદી મુઝફ્ફરપુર અને સારણ મતવિસ્તારમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે.

# યુપીમાં ગુંડાગીરી, ધાકધમકી અને પ્રોક્સી મતદાનની ઘટનાઓ; સમાજવાદી પાર્ટીએ નારાજગી વ્યક્ત કરી હતી

(એજન્સી) લખનૌ, તા.૧૩

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે ત્યારે સમાજવાદી પાર્ટીએ યુપીમાં ગેરરીતિ, ધાકધમકી અને પ્રોક્સી વોટિંગના ગંભીર આરોપો લગાવ્યા છે. ટ્વિટર પર પોસ્ટ્સમાં પક્ષે ભારતના ચૂંટણી પંચ પર પ્રોક્સી વોટિંગ અને ચૂંટણી અધિકારીઓને ધાકધમકી આપવાની ઘટનાઓ પ્રત્યે આંખ આડા કાન કરવાનો આરોપ લગાવ્યો હતો. સમાજવાદી પાર્ટીએ પોસ્ટ કર્યું છે કે, શાહજહાંપુર લોકસભાના કટરામાં બૂથ નં.૧૪૪માં ભાજપના કાર્યકરો કથિત રીતે તમામ મતદારોના મત નાંખી રહ્યા છે. અન્ય પોસ્ટમાં સમાજવાદી પાર્ટીએ કહ્યું કે, મતદારોને અલીગંજ, ફર્રૂખાબાદ લોકસભા મતવિસ્તારમાં મતદાન મથક ૩૭૮ પર તેમના મત આપવાથી અટકાવવામાં આવ્યા હતા. રાજકીય પક્ષે દાવો કર્યો હતો, મિસરિખ લોકસભા મતવિસ્તારના બિલહૌરમાં બૂથ નં.૩૧૯ પર સમાજવાદી પાર્ટીના કાર્યકરો પર યુપી પોલીસે તેમના ઘરોમાં લાઠીચાર્જ કર્યો હતો. સમાજવાદી પાર્ટીએ દાવો કર્યો હતો કે, કન્નૌજ લોકસભા મતવિસ્તારના છિબ્રામૌ વિધાનસભા ક્ષેત્રમાં બૂથ નં.૫૦૨ પર બીજેપી એજન્ટો દ્વારા તેમના એજન્ટો દ્વારા દાદાગીરી કરવામાં આવી હતી. કટરા, શાહજહાંપુર લોકસભા મતવિસ્તારમાં સમાજવાદી પાર્ટીએ આરોપ લગાવ્યો કે, ભાજપના કાર્યકર્તાઓ બૂથની અંદર બેઠા હતા અને નાગરિકોને મતદાન કરવા દીધું ન હતું. આ ઘટના બૂથ નં.૧૬૭માં બની હતી. કનૌજ લોકસભા મતવિસ્તારની રસુલાબાદ વિધાનસભામાં બોગસ મતદાનની જાણ થઈ હતી. કાનપુર લોકસભા મતવિસ્તારના આર્યનગરમાં સમાજવાદી પાર્ટીએ દાવો કર્યો છે કે, બૂથ નં.૧૧૦ પર EVM મશીને કામ કરવાનું બંધ કરી દીધું છે. યુપીના લખીમપુરી ખીરીમાં થોડા મતદારોએ દાવો કર્યો હતો કે, સમાજવાદી પાર્ટીના પ્રતીક (સાઈકલ)ને દબાવવા પર ભાજપ (કમળ)ની સ્લિપ જારી કરવામાં આવી હતી. એક મહિલાએ એક પત્રકારને કહ્યું, મેં સમાજવાદી પાર્ટીને મત આપ્યો હતો, પરંતુ જ્યારે મને VVPAT (વોટર વેરિફાયેબલ પેપર ઑડિટ ટ્રેઈલ) મળ્યું, ત્યારે મેં જે દબાવ્યું હતું તેના બદલે મેં લોટસ (BJP) જોયું. ઘણાને એવી જ ફરિયાદો હતી કે તેઓને તેમના ઈચ્છિત રાજકીય પક્ષનું VVPAT મળતું ન હતું જેને તેમણે મત આપ્યો હતો.

# CBSEનું ધોરણ-૧૨નું દેશનું ૮૭.૯૮ ટકા, રાજ્યનું ૯૨.૦૩ ટકા પરિણામ

## રાજ્યમાં ધોરણ-૧૨ના ૨૯ હજાર વિદ્યાર્થી પૈકી ૨૬ હજાર વિદ્યાર્થીઓ પાસ થયા

(એજન્સી) તા.૧૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરાયું છે. જેમાં રાજ્યનું પરિણામ ૯૨.૦૩ ટકા આવ્યું છે. સમગ્ર દેશનું પરિણામ ૮૭.૯૮ ટકા આવ્યું છે. રાજ્યમાં છોકરાઓ કરતા છોકરીઓનું પરિણામ ૩.૭૮ ટકા જેટલું વધુ આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ સોમવારના રોજ જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ-૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૨ એપ્રિલ દરમિયાન લેવામાં આવી હતી. જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ ખુબ જ સારો દેખાવ કર્યો હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૨માં સમગ્ર રાજ્યમાંથી ૧૬,૯૩૩ છોકરાઓ અને ૧૨,૧૮૯ છોકરીઓ મળી કુલ ૨૯,૧૨૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૧૬,૮૬૭ વિદ્યાર્થીઓ અને ૧૨,૧૫૯ છોકરીઓ મળી કુલ ૨૯,૦૨૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન, સોમવારે જાહેર કરાયેલા પરિણામમાં ૧૫૨૫૭ છોકરાઓ અને ૧૧,૪૫૭ છોકરીઓ મળી કુલ ૨૬,૭૧૪ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, છોકરાઓનું પરિણામ ૯૦.૪૫ ટકા, છોકરીઓનું પરિણામ ૯૪.૨૩ ટકા અને રાજ્યનું એકંદરે પરિણામ ૯૨.૦૩ ટકા આવ્યું છે. સમગ્ર દેશની વાત કરીએ તો, ૧૬.૩૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા, જેમાંથી ૧૬.૨૧ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન આ વિદ્યાર્થીઓ પૈકી ૧૪.૨૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, ધોરણ-૧૨નું સમગ્ર દેશનું એકંદરે પરિણામ ૮૭.૯૮ ટકા આવ્યું છે. ગતવર્ષની સરખામણીમાં આ વખતનું પરિણામ ૦.૬૫ ટકા જેટલું વધુ આવ્યું છે. ગતવર્ષે ધોરણ-૧૨નું પરિણામ ૮૭.૩૩ ટકા આવ્યું હતું. રાજ્યની સરકારી સ્કૂલોનું પરિણામ ૯૭.૧૫ ટકા, ખાનગી સ્કૂલોનું પરિણામ ૯૧.૫૦ ટકા, જવાહર નવોદય વિદ્યાલયનું પરિણામ ૯૯.૫૨ ટકા અને કેન્દ્રીય વિદ્યાલયનું પરિણામ ૯૯.૦૬ ટકા જેટલું આવ્યું છે. અમદાવાદ શહેરની સ્કૂલોનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હોવાનું જાણવા મળે છે. ઉદગમ સ્કૂલ, ઝેબર સ્કૂલ, ડીપીએસ બોપલ, મહારાજા અગ્રસેન, નિર્માણ સ્કૂલ સહિતની તમામ સ્કૂલોનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હોવાનું જાણવા મળે છે. જેમાં ૯૦ ટકા કરતા વધુ ગુણ લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ખુબ જ વધુ હોવાનું સામે આવ્યું છે.

# CBSE પરિણામ ૨૦૨૪: CBSE બોર્ડ ધોરણ-૧૦ના પરિણામ ૨૦૨૪ cbseresults.nic.in પર જારી, ૯૩.૬ ટકા પાસ

(એજન્સી) તા.૧૩

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે આજે ૧૩ મે ૨૦૨૪એ ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષા પરિણામ જારી કરી દીધા છે. સીબીએસઈ ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષામાં પાછલા વર્ષની સરખામણીમાં કુલ પાસ ટકાવારીમાં નજીવી વૃદ્ધિ જોવા મળી. ૯૩.૬૦ ટકાના પાસ ટકાવારી સાથે ૨૦૨૩માં દાખલ ૯૩.૧૨ ટકાથી નજીવી વૃદ્ધિની સાથે, વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં પ્રશંસનીય પ્રદર્શન કર્યું છે. ડેટાથી પરીક્ષા આયોજીત કરવા માટે માળખામાં વિસ્તારની પણ જાણ થઈ છે. જેમાં સ્કૂલો અને પરીક્ષા કેન્દ્રોની સંખ્યામાં ઘણી વૃદ્ધિ જોવા મળી છે. ૨૦૨૩માં ૨૪,૪૮૦ સ્કૂલ અને ૭,૨૪૧ પરીક્ષા કેન્દ્ર હતા, જ્યારે ૨૦૨૪માં આ આંકડો વધીને ૨૫,૭૨૫ સ્કૂલ અને ૭,૬૦૩ પરીક્ષા કેન્દ્ર થઈ ગયા. પરિણામે તે વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ અને રાહતની ભાવના લાવે છે. જે ૧૫ ફેબ્રુઆરી અને ૧૩ માર્ચ ૨૦૨૪ની વચ્ચે આયોજીત પરીક્ષાઓમાં સામેલ થયા હતા. ૨૦૨૩ અને ૨૦૨૪ બંને સીબીએસઈ ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષાઓમાં લિંગના આધારે ઉત્તીર્ણ ટકાવારીમાં અલગતાઓ હતી. ૨૦૨૩માં યુવતીઓએ ૯૪.૨૫ ટકા પાસ દર મેળવ્યો જે ૨૦૨૪માં વધીને ૯૪.૭૫ ટકા થઈ ગયો. આજ રીતે યુવકોનો પાસ દર ૨૦૨૩માં ૯૨.૨૮ ટકા નજીવી વૃદ્ધિ જોવા મળી અને ૨૦૨૪માં ૯૨.૭૧ ટકા થઈ ગયો. ટ્રાંસજેંડર ઉમેદવારોએ પણ પાસ દરોમાં વૃદ્ધિનો અનુભવ કર્યો. ૨૦૨૩માં ૯૦ ટકાથી વધીને ૨૦૨૪માં ૯૧.૩૦ ટકા થઈ ગઈ. ખાસ કરીને યુવતીઓએ સતત ૨.૪ ટકા યુવકો કરતા સારૂ પ્રદર્શન કર્યું. જે મહિલા વિદ્યાર્થીઓની વચ્ચે ઉચ્ચ શૈક્ષણિક ઉપલબ્ધિની સતત પ્રવૃતિને ઉજાગર કરે છે.

# CBSE પરિણામ ૨૦૨૪ : ધોરણ-૧૦માં ગણિતમાં પૂર્ણ ગુણ મેળવનારાઓની સંખ્યા સૌથી વધુ, ધોરણ-૧૨માં પેઈન્ટિંગમાં

(એજન્સી) તા.૧૩

CBSE ધો.૧૦ અને ૧૨ના પરિણામ આજે જાહેર થઈ ગયા છે. ધો.૧૦માં ગણિત અને ધો.૧૨માં પેઈન્ટિંગમાં સૌથી વધુ ગુણ મેળવ્યા. સીબીએસઈએ સોમવારે જણાવ્યું કે, ધો.૧૦ના ૧૧ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ગણિતમાં ૧૦૦ ગુણ મેળવ્યા. જ્યારે ધો.૧૨માં પૂર્ણ ગુણ મેળવનારાઓમાં સૌથી વધુ સંખ્યાની સાથે ચિત્રકલા વિષય શ્રેણીમાં ટોચ પર રહ્યો. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ ધો.૧૦ અને ૧૨ના બોર્ડ પરીક્ષા પરિણામ સોમવારે જાહેર કરવામાં આવ્યા. ધો.૧૦માં કુલ ૧૧,૨૫૩ વિદ્યાર્થીઓએ ગણિતમાં કુલ ગુણ મેળવ્યા. ત્યારબાદ સંસ્કૃત અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં ક્રમશઃ ૬૭૦૦ અને ૬૨૬૯ ઉમેદવારોએ પૂર્ણ ૧૦૦ ગુણ મેળવ્યા. આ જ રીતે ધો.૧૨માં પૂર્ણ ગુણ મેળવનારાઓની સૌથી વધુ સંખ્યા પેઈન્ટિંગમાં ૧૦,૪૦૨ હતી. ત્યારબાદ રસાયણ વિજ્ઞાનમાં ૨૧૫૨ અને મનોવિજ્ઞાનમાં ૨૧૩૪ હતા. બોર્ડ પરીક્ષાઓમાં છોકરીઓ-છોકરાઓથી આગળ રહી જ્યારે પાસ ટકાવારી ૯૦ અને ૯૫ ટકાથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પાછલા વર્ષની સરખામણીમાં નજીવી વૃદ્ધિ જોવા મળી. ૧૦માં ધોરણમાં પાસ ટકાવારી ૯૩.૬૦ રહી જે પાછલા વર્ષથી ૦.૪૮ ટકા વધુ છે. ૧૨માં ધોરણની પરીક્ષામાં પાસ ટકાવારી પાછલા વર્ષથી ૦.૬૫ ટકા ગુણની નજીવી વૃદ્ધિની સાથે ૮૭.૯૮ થઈ ગઈ.

# 'રેલીમાં ભાગ લેવા માટે પૈસા આપ્યા' હોવાનું કહી રહેલી મહિલાઓનું રેકોર્ડિંગ કર્યા બાદ યુપીમાં અમિત શાહની રેલીમાં પત્રકારને માર મારવામાં આવ્યો

(એજન્સી) તા.૧૩

દિલ્હી સ્થિત પત્રકાર; ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં અમિત શાહની રેલીમાં રાઘવ ત્રિવેદીને ભાજપના કાર્યકરોએ માર માર્યો હતો. પત્રકારને માર મારવામાં આવ્યો હતો કારણ કે કામદારોએ તેને મુસ્લિમ હોવાનું માની લીધું હતું. યુ ટ્યુબ ન્યૂઝ ચેનલ મોલિટિક્સ સાથેના એક પત્રકાર રાઘવ ત્રિવેદી પર યુપીના રાયબરેલીમાં અમિત શાહની રેલી દરમિયાન ભાજપના કાર્યકરોના જૂથ દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો અને તેને શેડમાં બંધ કરી દેવામાં આવ્યો હતો. ૨૭ વર્ષીય પત્રકાર પર કથિત રીતે શારીરિક હુમલો કરવામાં આવ્યો હતો અને તેને વેઈટિંગ રૂમમાં બંધ કરી દેવામાં આવ્યો હતો, ત્યારબાદ તે તેની ઈજાઓને કારણે બેહોશ થઈ ગયો હતો. મીડિયાના એક અહેવાલ મુજબ, ભાજપના કાર્યકરો તેમને "મુલ્લા" અને "અટ્ટંકી" પણ કહેતા હતા. તે સ્થાનિક મહિલાઓ સાથે વાત કરી રહ્યો હતો જેમણે તેને વીડિયો પર જણાવ્યું હતું કે તેમને રેલીમાં ભાગ લેવા માટે ૧૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. જ્યારે પત્રકારે પક્ષના કાર્યકરોને જાણ કરી કે તેમની પાસે આ દાવાઓના વીડિયો પુરાવા છે, ત્યારે તેમને ફૂટેજ કાઢી નાખવાનો આદેશ આપવામાં આવ્યો, જેના પછી તેમની સામે ઘાતકી હુમલો શરૂ થયો. ત્રિવેદીની એક વીડિયો ક્લિપ, મહિલાઓ સાથે વાત કરી રહી છે, જેઓ કહે છે કે તેઓને રેલીમાં ભાગ લેવા માટે ચૂકવણી કરવામાં આવી હતી, આજે X પર પોસ્ટ કરવામાં આવી હતી, જે અગાઉ ટ્વિટર હતું, જે પત્રકાર હિંસા પછી તબીબી સારવાર લઈ રહ્યો હતો. ક્લિપમાંની મહિલા કબૂલે છે કે દરેકને કહેવામાં આવ્યું છે કે તેઓ હાજરી માટે ૧૦૦ રૂપિયા મેળવશે. જો કે, જ્યારે ત્રિવેદીએ તેણીને પૂછ્યું કે શું તેણી અમિત શાહને ઓળખે છે, જેની રેલીમાં ભાગ લેવા માટે તેણીને કથિત રીતે ચૂકવણી કરવામાં આવી છે, ત્યારે તેણી કહે છે કે ના. પત્રકારે જણાવ્યું છે કે પોલીસ તેમની નજીકના સ્થળ પર તૈનાત હતી પરંતુ જ્યારે હુમલો થઈ રહ્યો હતો ત્યારે તેઓએ કંઈ કર્યું ન હતું.

**પત્રકારો અને રાજકારણીઓ દ્વારા આ ઘટનાની નિંદા**

આ હુમલાની ખાસ કરીને મીડિયા સમુદાય તરફથી ઘણી ટીકા થઈ છે. પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયાએ આ ઘટનાની નિંદા કરતા જણાવ્યું છે કે "લોકશાહીના ચોથા સ્તંભ તરીકે આવી વસ્તુઓ ભારતને નબળી પાડે છે." સંસ્થાએ ECI અને સત્તાવાળાઓને ફરિયાદ પર ઝડપથી કાર્યવાહી કરવા અને કડક પગલાં લેવા વિનંતી કરી છે. કોંગ્રેસ પાર્ટી અને યુપી સ્થિત સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષોએ પણ તેમના સોશિયલ મીડિયા પર આ સમાચાર શેર કરવાનું શરૂ કર્યું છે. કોંગ્રેસના નેતા ભૂપેશ ભાગેલે તો મીડિયા સમક્ષ કહ્યું હતું કે ત્રિવેદીને માર મારવામાં આવ્યો હતો કારણ કે ભીડ "તેને મુસ્લિમ માનતી હતી." સ્ક્રોલ અનુસાર, કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ, નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયાના સભ્યોએ પણ હોસ્પિટલમાં તેમની મુલાકાત લીધી હતી. આ ઘટનાની નિંદા કરવા માટે સોશિયલ મીડિયા પર હજારો લોકો આવ્યા છે. યુટ્યુબ પર ઈન્દ્રજીત ત્રિપાઠી૨૪ નામના એક યુઝર લખે છે, "ગુંડારાજમાં આ ગુંડાગીરી છે." X પર રાઘવ ત્રિવેદીની પોસ્ટ હેઠળ વરૂણ ચૌધરી નામના અન્ય યુઝર લખે છે કે આ સત્ય કહેવાની કિંમત છે, "સાચું બોલવા બદલ તમારી જીભ કાપવામાં આવી છે. આ ફાસીવાદ છે." અત્યાર સુધીમાં, ઘટના સમયે ત્રિવેદી સાથે હતા તેવા કેમેરા પર્સન સંજીત સાહની દ્વારા અજાણ્યા લોકો સામે ભારતીય દંડ સંહિતની કલમ ૧૪૭ (હુલ્લડ), ૩૨૩ (સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી), અને ૫૦૪ (ઉશ્કેરવાના ઈરાદાથી ઈરાદાપૂર્વક અપમાન) હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

# બેંગ્લુરૂ કોર્ટે અપહરણ કેસમાં એચ.ડી. રેવન્નાને શરતી જામીન આપ્યા

(એજન્સી) તા.૧૩

કોર્ટે પ્રજ્વલ રેવન્નાના પિતા એચ.ડી. રેવન્નાને જામીન આપી દીધા છે. કોર્ટે તેમને રૂા.૫ લાખના અંગત બોન્ડ પર જામીન આપ્યા છે. કર્ણાટકના અપહરણ કેસમાં ધરપકડ કરાયેલા જનતા દળ (સેક્યુલર) ધારાસભ્ય એચ.ડી. રેવન્નાને સોમવારે બેંગ્લુરૂ કોર્ટે જામીન આપ્યા હતા. રેવન્નાનો કસ્ટડીનો સમયગાળો આવતીકાલે પૂરો થઈ રહ્યો છે. આપને જણાવી દઈએ કે, JD(S) ધારાસભ્ય રેવન્નાની કર્ણાટક સેક્સ સ્કેન્ડલ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સોમવારે જનપ્રતિનિધિ અદાલતે અપહરણ કેસમાં શરતી જામીન આપતા નિર્દેશ આપ્યો કે એચડી રેવન્નાએ SIT તપાસમાં સહકાર આપવો પડશે. ઉપરાંત કોઈએ પુરાવાનો નાશ કરવાનો કે તેની સાથે ચેડાં કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. બે જામીન રજૂ કરવાની સાથે જેડીએસ નેતાએ કોર્ટમાં ૫ લાખ રૂપિયાના બોન્ડ પણ ભરવા પડશે. યાદ અપાવી દઈએ કે, એસઆઈટીએ ૪ મેના રોજ એચડી રેવન્નાની ધરપકડ કરી હતી. આ પછી રેવન્ના ૩ દિવસ સુધી SIT કસ્ટડીમાં હતી. એચડી રેવન્ના પર તેના પુત્ર પ્રજ્વલ રેવન્ના સહિત જાતીય શોષણ પીડિતાના અપહરણમાં કથિત રીતે મુખ્ય ભૂમિકા ભજવવાનો આરોપ છે. ઉલ્લેખનીય છે કે, કર્ણાટક સેક્સ સ્કેન્ડલ કેસના મુખ્ય આરોપી પ્રજ્વલ રેવન્નાને JDS દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. પ્રજ્વલ રેવન્ના અને તેના પિતા એચડી રેવન્ના પર એક મહિલાએ જાતીય સતામણીનો ગંભીર આરોપ લગાવ્યો છે. અહેવાલો અનુસાર મહિલાએ દાવો કર્યો છે કે, હસન સાંસદ પ્રજ્વલ રેવન્નાએ ૪-૫ વર્ષ પહેલા બેંગ્લુરૂમાં તેના ઘરે તેની માતા પર બળાત્કાર કર્યો હતો. તેમણે આ ઘટનાની સંપૂર્ણ માહિતી SITને આપી છે. આ સિવાય મહિલાએ દાવો કર્યો હતો કે, તેને પણ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં વીડિયો કોલ દ્વારા તેના કપડા ઉતારવાની ફરજ પાડવામાં આવી હતી. મહિલાએ એવો પણ દાવો કર્યો હતો કે, રેવન્નાના પરિવારે તેને આ ઘટનાઓ વિશે જાણ્યા પછી તેને ટેકો આપ્યો હતો, જેના પગલે તેણે ફરિયાદ નોંધાવી હતી.

# જર્મનીથી રેવન્નાને પાછો લાવો પીએમ મોદી સમક્ષ કોંગ્રેસની માંગ

(એજન્સી) તા.૧૩

કોંગ્રેસે સોમવારે માંગ કરી હતી કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કર્ણાટકના JD(S) નેતા પ્રજ્વલ રેવન્નાને પરત લાવવા માટે તમામ પ્રયાસો કરે. પ્રજ્વલ સામે જાતીય શોષણના આરોપો સામે આવ્યા બાદ તે દેશ છોડીને ભાગી ગયા હતા. જેડીએસ કર્ણાટકમાં ભાજપનો સહયોગી છે. પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસની મહિલા પાંખના પ્રમુખ અલકા લાંબાએ કહ્યું કે, પાર્ટી ૧૫ અને ૧૭ મેના રોજ મુંબઈમાં મોદીની રેલી અને રોડ શો દરમિયાન તેમને કાળા ઝંડા બતાવશે. તેમનો જોરદાર વિરોધ કરવામાં આવશે. અમે માગ કરીએ છીએ કે, પીએમ મોદી તાત્કાલિક ધોરણે પ્રજ્વલને દેશ પરત લાવે. લાંબાએ કહ્યું હતું કે, તમારે પ્રજ્વલ રેવન્નાને પરત લાવીને કર્ણાટક સરકારને સોંપવો જોઈએ. વડાપ્રધાન અને ભાજપના નેતાઓનું મૌન એ આરોપીઓને સમર્થન આપવા જેવું છે. રેવન્નાને પરત લાવવા માટે કેન્દ્રએ જર્મની સાથે વાત કરવી જોઈએ. જાતીય શોષણના આરોપો સામે આવ્યા બાદ રેવન્ના જર્મની ભાગી ગયો હતો. લાંબાએ ચેતવણી ઉતરતા કહ્યું હતું કે, જો તમે અમારી ધરપકડ કરશો તો પણ અમે તમને (મોદીને) કાળા ધ્વજ બતાવીશું અને ઘેરાવો કરીશું. યૌન શોષણના આરોપોના સંબંધમાં એનડીએના હસન લોકસભા મતવિસ્તારના ઉમેદવાર રેવન્ના અને તેના પિતા એચડી રેવન્ના સામે હસન, મૈસુર અને બેંગ્લુરૂમાં અત્યાર સુધીમાં ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી છે.

# છત્તીસગઢ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ૧૨ લોકો માઓવાદી ન હતા : સ્થાનિકો

## પોલીસે આ દાવાઓને નકારી કાઢ્યા છે, અધિકારીઓનો દાવો છે કે એન્કાઉન્ટરમાં માત્ર માઓવાદીઓ માર્યા ગયા હતા અને જંગલમાં પોલીસને જોઈને તેઓએ સ્થાનિક લોકોની જેમ પોશાક પહેર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો દ્વારા ૧૨ કથિત માઓવાદીઓને માર્યા ગયાના બે દિવસ પછી ગ્રામીણો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા લોકો નક્સલવાદીઓ નહીં પરંતુ સ્થાનિક રહેવાસીઓ હતા.

મીડિયાના અહેવાલ મુજબ, મૃતદેહોની માંગ કરવા માટે બીજાપુર જિલ્લા કલેક્ટર કચેરીની બહાર એકઠા થયેલા ગ્રામવાસીઓએ કહ્યું કે તેમના પરિવારના સભ્યોને સુરક્ષા દળોએ 'બનાવટી એન્કાઉન્ટર'માં માર્યા છે.

પોલીસે આ દાવાઓને નકારી કાઢ્યા છે. અધિકારીઓનો દાવો છે કે એક્કાઉન્ટરમાં માત્ર માઓવાદીઓ માર્યા ગયા હતા, અને જંગલમાં પોલીસને જોઈને તેઓએ સ્થાનિક લોકોની જેમ પોશાક પહેર્યો હતો.

**ગ્રામજનોના દાવા**

ગ્રામજનોનો આરોપ છે કે સુરક્ષા દળોએ વિસ્તારના રહેવાસીઓને મારી નાખ્યા છે અને એન્કાઉન્ટર નકલી હતું.

મીડિયા અનુસાર તેમણે જણાવ્યું હતું કે, એન્કાઉન્ટરના સાક્ષી પેડિયા ગામના રહેવાસી ગુરૂનંદે જણાવ્યું કે કેટલાક ગ્રામીણો જંગલમાંથી તેંદુના પાંદડા તોડવા ગયા હતા જ્યારે સુરક્ષા દળો તેમની તરફ આવ્યા. આ જોઈને ગામલોકો ભાગવા લાગ્યા. 'તેઓ ભય અને આશ્ચર્ય ના કારણે દોડી રહ્યા હતા ત્યારે દળો દ્વારા તેઓને ઠાર કરવામાં આવ્યા હતા.' કોરચુલી ગામના અન્ય એક ગ્રામીણ રાજુએ કહ્યું કે તેઓ તેમના સંબંધીઓના મૃતદેહ લેવા આવ્યા છે. રાજુએ કહ્યું, જે લાલુ કુંજમ માર્યા ગયા તે માઓવાદી ન હતા પરંતુ ખેડૂત હતા. તે ઘરે હતો અને પોલીસને જોઈને ભાગી રહ્યો હતો ત્યારે તેને ગોળી મારી દેવામાં આવી હતી. પીડિયા ગામના રાકેશ અલવમે જણાવ્યું કે તેમના નાના ભાઈ મોટો અલ્વમ જ્યારે તેંદુના પાંદડા તોડવા જંગલમાં ગયા હતા ત્યારે ગોળી વાગી હતી. તેણે કહ્યું, "પોલીસે પીડિયા ગામ અને અન્ય એક ગામ ઈટાવરને ઘેરી લીધું છે. મારો ભાઈ જંગલમાં પાંદડા તોડી રહ્યો હતો અને પોલીસ દળની ગોળીથી માર્યો ગયો. એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા તમામ લોકો માઓવાદી ન હતા અને તેઓને આ બે ગામમાંથી ઉઠાવીને મારી નાખવામાં આવ્યા હતા." રાકેશ આલ્વમે એમ પણ કહ્યું કે તેમણે બીજાપુર પોલીસ દ્વારા જારી કરાયેલી પ્રેસનોટમાં ઉલ્લેખિત તમામ મૃતકોની ઓળખ કરી લીધી છે અને તેઓ બધા ઈટાવર અને પીડિયા ગામના રહેવાસી હતા.

**પોલીસ નિવેદન**

સુરક્ષા દળોએ પ્રતિબંધિત કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી)ની આર્મી કંપની નંબર બેના સભ્યો બુધુ ઓયમ અને કલ્લુ પુનમ સહિત ૧૨ માઓવાદીઓને મારી નાખવાનો દાવો કર્યો હતો. બુધુ ઓયમ અને કલ્લુ પુનમને પકડવા પર ૮ લાખ રૂપિયાનું ઈનામ હતું.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા અન્યોમાં માઓવાદીઓની ગંગાલુર વિસ્તાર સમિતિના સભ્ય લાખે કુંજમ અને આર્મી પ્લાટૂન નંબર ૧૨ના સભ્ય ભીમા કરમનો સમાવેશ થાય છે. બંનેના માથા સાટે ૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. બીજાપુર જિલ્લા પોલીસ અધિક્ષક જિતેન્દ્ર યાદવે દાવો કર્યો હતો કે અન્ય મૃતક, પ્લાટૂન કમાન્ડર સન્નુ લાકોમ અને જનતા સરકારના ઉપપ્રમુખ અવલમ પર ૨ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

# બંગાળની મહિલાઓના આત્મસન્માન અને ગરિમા સાથે ખીલવાડ ન કરશો : મમતા બેનરજીએ પીએમ મોદીને કહ્યું

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જાહેર સભામાં કહ્યું હતું કે, તૃણમૂલ કોંગ્રેસ ભૂતકાળમાં સંદેશખાલીમાં તેના કરેલા કુકર્મોને છૂપાવવાનો પ્રયાસ કરી રહી છે, અહીંના TMC નેતા સામે જાતીય સતામણી અને જમીન પર કબજા કરવાનો આરોપ લાગ્યો હતો

(એજન્સી) તા.૧૩

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અત્યાચાર વિશે ''ખોટા દાવાઓ'' કરીને રાજ્યની મહિલાઓના સ્વાભિમાન અને ગૌરવ સાથે રમત ન કરવા જણાવ્યું હતું. મમતા બેનરજીએ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહિલાઓના આત્મસન્માન અને ગરિમા સાથે ખીલવાડવું જોઈએ.

બોનગાંવમાં એક ચૂંટણી રેલીને સંબોધતા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વડા બેનરજીએ કહ્યું કે, મોદીએ ધ્યાનમાં રાખવું જોઈએ કે, પશ્ચિમ બંગાળની સ્થિતિ ભાજપ શાસિત રાજ્યો જેવી નથી. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જાહેર સભામાં કહ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસ ભૂતકાળમાં સંદેશખાલીમાં તેના કરેલા કુર્કમોને છુપાવવાનો પ્રયાસ કરી રહી છે, અહીંના ટીએમસી નેતા સામે જાતીય સતામણી અને જમીન પર કબજા કરવાનો આરોપ લાગ્યો હતો.

''મહિલાઓના સ્વાભિમાન સાથે રમત ન કરો, અમારી માતાઓ અને બહેનોની ગરિમા સાથે રમવાનું ષડયંત્ર ન કરો'' તેમણે રવિવારે તેમની જાહેર સભાઓમાં વડા પ્રધાને આરોપ લગાવ્યો કે TMC પ્રયાસ કરી રહી છે સંદેશખાલીમાં તેના દુષ્કૃત્યોને છુપાવવા માટે જ્યાં TMC નેતાઓ પર જાતીય સતામણી અને જમીન હડપ કરવાનો આરોપ છે.

જો કે, તાજેતરમાં સામે આવેલા એક કથિત વીડિયોમાં સંદેશખાલીના એક બીજેપી નેતાને એમ કહેતા સાંભળવામાં આવ્યા હતા કે, વિપક્ષના



નેતા સુભેન્દુ અધિકારીના કહેવા પર મહિલાઓએ વિરોધ કર્યો હતો અને ''સમગ્ર ષડયંત્ર''માં તેમનો હાથ હતો. આવા અન્ય એક વીડિયોમાં અગાઉ બળાત્કારની ફરિયાદ નોંધાવનાર મહિલાઓના એક વિભાગે દાવો કર્યો હતો કે ભાજપના નેતાઓએ તેમને કોરા કાગળ પર સહી કરાવી અને પોલીસ સ્ટેશન જવા દબાણ કર્યું. જો કે, અમે આ વીડિયોની સત્યતાની પુષ્ટિ કરતાં નથી. બેનરજીએ કહ્યું, ''અમારી મહિલાઓને સ્પર્શ કરશો નહીં, આ તમારો ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ નથી. બંગાળમાં મહિલાઓ સન્માન અને સન્માન સાથે જીવે છે.''

# હૈદરાબાદના ભાજપના ઉમેદવાર માધવી લથાએ મુસ્લિમ મહિલાઓને ઓળખ ચકાસવા માટે બુરખા ઉતારવા કહ્યું, FIR નોંધાઈ

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૩

પરિચિત લોકો જેમને આ બાબતે જાણતા હતા. તેમણે જણાવ્યું હતું કે, હૈદરાબાદ પોલીસે સોમવારના રોજ ભારતીય જનતા પાર્ટી (BJP)ના હૈદરાબાદ સંસદીય મતવિસ્તારના ઉમેદવાર માધવી લથા વિરુદ્ધ મતદાન મથકમાં કથિત રીતે ઘૂસી અને કેટલીક મુસ્લિમ મહિલા મતદારોને તેમના બુરખા ઉતારવા અને તેમની ઓળખ જાહેર કરવા માટે કહેવાનો કેસ નોંધ્યો છે. બૃહદ હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર રોનાલ્ડ રોઝની સૂચનાના આધારે જે હૈદરાબાદ લોકસભા મતવિસ્તારના રિટર્નિંગ ઓફિસર પણ છે, તેમણે મલકપેટ પોલીસે ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૧૭૧-ક(સ્વેચ્છાએ ચૂંટણી અધિકારનો ઉપયોગ કરીને દખલ કરવી),૧૮૬ (લોકસેવક ને તેની ફરજો નિભાવવામાં સ્વૈચ્છિક રીતે અવરોધવું) અને ૫૦૫(૧)-ક (કોઈપણ વર્ગ અથવા સમુદાયને ઉશ્કેરવાના ઉદ્દેશ્ય સાથે નિવેદનનો પ્રસાર કરવો) અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૩૨ હેઠળ માધવી લતા વિરુદ્ધ FIR નોંધી છે.

અગાઉના દિવસે, ભાજપના ઉમેદવારે મલકપેટ વિધાનસભા ક્ષેત્રમાં આઝમપુરા ખાતે એક મતદાન મથક (નં.૧૨૨)ની મુલાકાત લીધી અને મુસ્લિમ મહિલા મતદારોને તેમની ઓળખ વિશે પૂછપરછ કરવાનું શરૂ કર્યું. માધવી લથા નો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જે મહિલા મતદારોને તેમની ઓળખ જાહેર કરવા માટે તેમના બુરખા ઉતારવા કહે છે. તે દેખીતી રીતે ચકાસવા માંગતી હતી કે શું મહિલા મતદારોના ચહેરાઓ તેમના ઈલેક્ટોરલ ફોટો આઈડેન્ટિટી કાર્ડ્સ (EPIC) પરના ફોટા સાથે મળે છે.

ખાતરી કરવા માટે ઉમેદવારોને બુરખા પહેરેલી મહિલાઓ સહિત મતદારોની ઓળખ તપાસવાનો અધિકાર નથી. આ જવાબદારી મતદાન અધિકારીઓની છે જેમણે બુરખા પહેરેલા મતદારોની ઓળખ કરવી જરૂરી છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે, મતદાર યાદીમાં ઘણી વિસંગતતાઓ છે અને તેથી, તે તેની ચકાસણી કરવા માટે ત્યાં આવી હતી.તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર ટ્વિટ કર્યું, પોલીસ કર્મચારીઓ ખૂબ જ નિસ્તેજ લાગે છે, તેઓ સક્રિય નથી, તેઓ કંઈપણ તપાસી રહ્યા નથી.

તેમણે કહ્યું કે, વરિષ્ઠ નાગરિક મતદાતાઓ અહીં આવે છે. પરંતુ



તેમના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવે છે. તેમાંથી કેટલાક ગોશામહાલના રહેવાસી છે, પરંતુ તેમના નામ રંગારેડ્ડીની યાદીમાં છે.

માધવી લથાએ તેમના નિર્ણય પર વળગી રહ્યા અને કહ્યું કે, કેટલીક મહિલા મતદારોને તેમની ઓળખ ચકાસવી એ કંઈ ખોટું નથી. તેમણે પત્રકારોને કહ્યું, હું એક ઉમેદવાર છું અને દરેક ઉમેદવારને ફેસ માસ્ક અથવા બુરખા પહેરેલા મતદારોના ઓળખપત્ર ચકાસવાનો અધિકાર છે. તેમણે કહ્યું કે, પોતે એક મહિલા હોવાને કારણે તેમને તમામ મહિલાઓ માટે સન્માન છે. મેં તેમને ફક્ત તેમની ઓળખ જાહેર કરવા વિનંતી કરી હતી. જો કોઈ તેને મોટો મુદ્દો બનાવે છે, તો તે સ્પષ્ટ છે કે, તેઓ તેમની ગેરરીતિઓના ખુલાસાથી ડરતા હોય છે. માધવી લથાએ આક્ષેપ કર્યો હતો કે, ઘણાં મતદાન મથકો પર મોટા પાયે બોગસ મતદાન થયું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં મૃત્યુ પામેલા લોકોના મત પણ લેવામાં આવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે, તે આઝમપુરા અને ગોશામહલમાં ગેરરીતિઓ સામે ભારતના ચૂંટણી પંચને ફરિયાદ કરશે.

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)એ આ ઘટનાક્રમ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ હૈદરાબાદના કલેક્ટરનું ટ્વિટ શેર કર્યું છે જેમાં જણાવ્યું હતું કે માધવી લથા સામે ફોજદારી કેસ નોંધવામાં આવ્યો છે. માધવી લથા AIMIMના ઉમેદવાર અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસી સામે ચૂંટણી લડી રહ્યા છે.

# તિહારમાં મારા સેલમાં બે CCTV કેમેરા હતા; અરવિંદ કેજરીવાલે દાવો કર્યો કે, PM મોદી અને ૧૩ અધિકારીઓ મારા પર નજર રાખતા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે પાર્ટી કાર્યાલયમાં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ના AAP કાઉન્સિલરો સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન તેમણે કાઉન્સિલરોને સંબોધતા કહ્યું કે, મારા પર હનુમાનજીના આશીર્વાદ છે. તેમણે કહ્યું, મને એમ વિચારીને જેલમાં મોકલી દીધા હતા કે તેમની પાર્ટી તૂટી જશે. કાઉન્સિલરોને તોડીને તેઓ એમસીડીમાં સરકારને ઉથલાવી દેશે પરંતુ થયું ઊલટું. આમ આદમી પાર્ટી એક પરિવાર છે. સૌથી મોટી આફત ત્યારે આવી જ્યારે મારી ધરપકડ કરવામાં આવી, અમે કાં તો છૂટાછવાયા થઈ ગયા હોત પરંતુ અમે આ સંકટનો




મજબૂતીથી સામનો કર્યો અને જે હેતુ માટે તેઓએ અમને જેલમાં ધકેલી દીધા હતા તે સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયો. તિહાર જેલનો ઉલ્લેખ કરતા અરવિંદ કેજરીવાલે કહ્યું, મારી જેલની સેલમાં બે સીસીટીવી લગાવવામાં આવ્યા હતા. હું કયા સમયે જાગી જાઉં છું, કયા સમયે ખાઉં છું, કઈ ટીવી ચેનલ જોઉં છું, દરેક મિનિટ પર નજર રાખવામાં આવતી હતી. ૧૩ અધિકારીઓ મારા સીસીટીવી પર નજર રાખતા હતા. તેઓ એ પણ મોનિટર કરતા હતા કે હું બાથરૂમ જવા માટે રાત્રે કયા સમયે જાગી જાઉં છું. કેજરીવાલ અહીં જ ન અટક્યા, તેમણે આગળ કહ્યું, એવું કહેવામાં આવી રહ્યું છે કે, વડાપ્રધાન કાર્યાલયને ફીડ આપવામાં આવ્યું હતું. મોદીજી મારા સીસીટીવી કેમેરા પર નજર રાખતા હતા શા માટે ? તે જોવા માંગતા હતા કે કેજરીવાલ તૂટી ગયા છે કે નહીં. કેજરીવાલ ડિપ્રેશનમાં નથી. હું તેમને કહેવા માંગુ છું કે, મારા પર ભગવાન હનુમાનજીના આશીર્વાદ છે. તેમને લાગે છે કે, કેજરીવાલ આ રીતે તૂટશે, કેજરીવાલ આ રીતે તૂટવાના નથી. આ અંગત ખોદનારા હતા પણ મોદીજી ભગવાન નથી.

# મતદારોને પ્રભાવિત કરવા માટે ઉપયોગમાં લેવાતા ડમી EVM કબજે કરવા બદલ માધવી લથા સામે નવો કેસ નોંધવામાં આવ્યો


(એજન્સી) હૈદરાબાદ, તા.૧૩

મંગલહાટ પોલીસે આ વિસ્તારમાં મતદારોને પ્રભાવિત કરવા માટે ડમી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)નો ઉપયોગ કરવા બદલ ભાજપ ઉમેદવાર માધવી લથા અને ભાજપના સમર્થકો સામે વધુ એક કેસ નોંધ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓએ શરૂઆતમાં નકલી EVM વડે મતદારોને પ્રભાવિત કરવાના આરોપમાં ભાજપના બે કાર્યકરોની અટકાયત કરી હતી. જો કે માધવી લથા પોલીસ સ્ટેશને પહોંચી લોકોને બચાવવામાં સફળ રહ્યા હતા અને જપ્ત કરાયેલ ડમી EVM પણ લઈ ગયા હતા. ગોશામહાલના SP કે.વેંકટ રેડ્ડીએ કહ્યું કે, ભાજપ કાર્યકર્તા રાકેશ ગૌર અને બાની વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે, પાછળથી માધવી લથા પર પોલીસના કાર્યને અવરોધિત કરવા અને પોલીસ કસ્ટડીમાંથી જપ્ત કરાયેલા EVM છીનવી લેવાનો પણ કેસ કરવામાં આવ્યો હતો. દરમિયાન, ટોચના અધિકારીઓએ કહ્યું કે, આ સંબંધમાં મંગલહાટ પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. મંગલહાટ ગોશામહાલ વિધાનસભા મતવિસ્તારમાં આવે છે અને તે ભાજપના ધારાસભ્ય ટી. રાજા સિંહનો ગઢ માનવામાં આવે છે.

# ભારતના સૌથી જૂના બિઝનેસમાંની એક મહિલા વારસદાર, રતન ટાટાના સાવકા ભાઈની પુત્રવધૂ...

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

માનસી નેવિલ ટાટા કિર્લોસ્કર ગ્રુપના વારસદાર છે. તે સ્વર્ગસ્થ વિક્રમ કિર્લોસ્કરની પુત્રી અને કિર્લોસ્કર સામ્રાજ્યની પાંચમી પેઢીની સંતાન છે. તેણે રતન ટાટાના સાવકા ભાઈ નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટા સાથે લગ્ન કર્યા છે. માનસી કિર્લોસ્કર જોઈન્ટ વેન્ચર કંપનીઓની ડિરેક્ટર છે. માનસી ટાટા ટોયોટા કિર્લોસ્કર હેઠળ વિવિધ સાહસોનું નેતૃત્વ કરે છે. માનસી ટોયોટા કિર્લોસ્કર મોટર (TKM)ના વાઈસ ચેરપર્સન અને કિર્લોસ્કર સિસ્ટમ્સ લિમિટેડની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પણ છે. માનસીએ યુએસની રોડ આઈલેન્ડ સ્કૂલ ઓફ ડિઝાઈનમાંથી સ્નાતક કર્યું છે. તેણે ટોયોટા કિર્લોસ્કર મોટરમાં ત્રણ વર્ષ સુધી સખત તાલીમ લીધી અને હવે તે ટોયોટા કિર્લોસ્કરના લેક્સસ વિભાગ સાથે કામ કરી રહી છે. આ ઉપરાંત તેણે રિયલ એસ્ટેટ શાખાની સ્થાપના કરી છે અને તેની માતા ગીતાંજલિ કિર્લોસ્કર સાથે તેના નાણાંકીય સેવા વિભાગની સ્થાપના માટે કામ કર્યું છે. તેના વ્યાવસાયિક જીવન ઉપરાંત તે એક પ્રશિક્ષિત ચિત્રકાર, ઊંડા સમુદ્રમાં મરજીવા, પર્વતારોહક અને ઉત્સુક ટેનિસ ખેલાડી પણ છે. તે કેરિંગ વિથ કલર નામની એનજીઓ પણ ચલાવે છે. માનસીને નવેમ્બર ૨૦૨૨માં ટોયોટા કિર્લોસ્કર મોટરના પૂર્વ વાઈસ ચેરમેન તેના પિતા વિક્રમ કિર્લોસ્કરના આકસ્મિક અવસાન પછી કિર્લોસ્કર જોઈન્ટ વેન્ચર (JV)ના બોર્ડમાં નિયુક્ત કરવામાં આવી હતી. માનસી ટાટાને ટોયોટા એન્જિન ઈન્ડિયા લિમિટેડ (TIEI),



કિર્લોસ્કર ટોયોટા ટેક્સટાઈલ પ્રાઈવેટ લિમિટેડ (KTTM), ટોયોટા મટિરિયલ હેન્ડલિંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (TMHIN) અને ડેનો કિર્લોસ્કર ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ (DNKI)ની જવાબદારી સોંપવામાં આવી હતી.

# અભિનેત્રીના પરિવારે પૈસા ગુમાવ્યા, અડધી રાત્રે તેના મિત્રના ઘરેથી કાઢી મૂકાઈ, પછી સુપરસ્ટાર બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ટેલિવિઝનની જગતમાં દીપિકા સિંહને કોઈ પરિચયની જરૂર નથી. અભિનેત્રીએ ૨૦૧૧માં સ્ટાર પ્લસની દિયા ઔર બાતી હમમાં સંધ્યા રાઠી તરીકે તેની શરૂઆત કરીને નામના મેળવી હતી અને ટીવી જગતમાં તેને સુપરસ્ટાર માનવામાં આવે છે. પરંતુ દીપિકા સિંહની સફળતા પાછળ પણ ઘણો સંઘર્ષ છે. અભિનેત્રીએ બાળપણમાં ગરીબીનો સામનો કર્યો હતો પરંતુ તેની મહેનતના આધારે તે હવે ટીવી પરના સૌથી લોકપ્રિય ચહેરાઓમાંની એક છે. એક ઈન્ટરવ્યુમાં દીપિકા સિંહે પોતે જ તેના સંઘર્ષ વિશે ખુલાસો કર્યો હતો અને ખુલાસો કર્યો હતો કે, એક વખત તેને તેના મિત્રના ઘરેથી અડધી રાત્રે બહાર કાઢી મૂકાઈ હતી. દીપિકાએ પિંકવિલાને એ પણ જણાવ્યું કે, કેવી રીતે ગરીબીને કારણે તેને બાળપણમાં ઘણાં ખરાબ અનુભવો થયા. તેણે કહ્યું કે, જ્યાં સુધી તેના પિતાના વ્યવસાયને ભારે નુકસાન ન થયું ત્યાં સુધી તેઓ એક સમૃદ્ધ કુટુંબ હતા. પરંતુ નુકસાનના કારણે તેના પરિવારને આર્થિક તંગીનો સામનો કરવો પડ્યો હતો. દીપિકા સિંહે ખુલાસો કર્યો કે, તેના માતા-પિતાએ તેની સ્કૂલની ફી ભરવા માટે સંઘર્ષ કર્યો જેના કારણે તેને અપમાનનો પણ સામનો કરવો પડ્યો. શાળાના પ્રિન્સિપાલે તો ત્યાં સુધી કહ્યું હતું કે જો તમે સક્ષમ નથી તો પછી તમે શાળામાં કેમ ભણો છો. આ ઘટના બાદ દીપિકા સિંહે પોતાનું નામ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો.



દીપિકા સિંહે કહ્યું કે, પરિવારમાં આર્થિક તંગી હોવા છતાં તેણીએ અભિનેત્રી બનવાનું સ્વપ્ન જોયું અને તેથી જ તે પરિવારની ઈચ્છા વિરૂદ્ધ મુંબઈ આવી. દીપિકા સિંહે જણાવ્યું હતું કે, હું મારા મિત્ર સાથે મુંબઈમાં રહેતી હતી. આ સંઘર્ષના દિવસો હતા. એક દિવસ મારા મિત્રએ અચાનક મને અડધી રાત્રે તેના ઘરની બહાર કાઢી મૂકી. દીપિકા સિંહ કહે છે કે તે આજ સુધી તે રાત ભૂલી નથી. જો કે, આ પડકારો હોવા છતાં દીપિકા સિંહે પોતાનું સ્વપ્ન છોડ્યું ન હતું અને સ્ટાર પ્લસ પર દિયા ઔર બાતી હમમાં સંધ્યા રાઠી/કોઠારી IPSના પાત્ર તરીકે મુખ્ય ભૂમિકા મેળવી હતી. સપ્ટેમ્બર ૨૦૧૬માં શો બંધ થયો ત્યાં સુધી તેણે ૫ વર્ષ સુધી ભૂમિકા ભજવી. દીપિકા સિંહે તેના ટેલિવિઝન શોના નિર્દેશક રોહિત રાજ ગોયલ સાથે ૨૦૧૪માં લગ્ન કર્યા. મે ૨૦૧૭માં દંપતીએ તેમના પ્રથમ બાળકનું સ્વાગત કર્યું.

# દ્રષ્ટિની ખામીને કારણે IITમાં પ્રવેશ મળ્યો નહીં, રાજકુમાર રાવની ફિલ્મ પાછળની પ્રેરણા, હવે ૫૦૦ કરોડ રૂપિયાની કંપનીના માલિક છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

શ્રીકાંત બોલાનો અદ્ભુત નિશ્ચય અને સ્થિતિસ્થાપકતા તેમની સિદ્ધિની વિશેષતા છે. તેમનો જન્મ ભારતના એક નાનકડા ગામમાં દ્રષ્ટિની ખામી સાથે થયો હતો અને તેમણે સામાજિક પૂર્વગ્રહોનો સામનો કર્યો હતો. બોલાના માતા-પિતાએ તેમનામાં એવી માન્યતા પ્રસ્થાપિત કરી કે આ મુશ્કેલીઓ હોવા છતાં વિકલાંગતા તેમની સિદ્ધિમાં અવરોધરૂપ ન હોવી જોઈએ.

જ્યારે શ્રીકાંતનો જન્મ એક ખેડૂત પરિવારમાં થયો હતો ત્યારે કોઈ જાણતું ન હતું કે તે એક દિવસ વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત શાળાઓમાં શિક્ષણ મેળવવા માટે અભૂતપૂર્વ ઊંચાઈ પર પહોંચશે અને ઉદ્યોગપતિ બનશે અને સેંકડો લોકોને રોજગારી આપશે. પરંતુ તેમના અંધત્વ અને સંસાધનોની અછતને કારણે, સિદ્ધિનો માર્ગ સંઘર્ષોથી મોકળો થયો.

શ્રીકાંતનો જન્મ ૧૯૯૨માં આંધ્ર પ્રદેશના માછલીપટ્ટનમના સીતારામપુરમ ગામમાં થયો હતો. ૨૯ વર્ષીય ઉદ્યોગપતિની સમાજ અને તેમના શિક્ષકો બંને દ્વારા બાળપણમાં અવગણના કરવામાં આવી હતી. શ્રીકાંતે એકવાર એક મુલાકાતમાં યાદ કર્યું, મારા માતા-પિતા, દામોદર રાવ અને વેંકટમ્મા એ વાતથી દુ:ખી થઈ ગયા હતા કે તેમનું બાળક અંધ જન્મ્યું હતું. પરંતુ દરેક તબક્કે, તેઓએ મને ગ્રામ્ય વિસ્તારની શાળામાં પ્રવેશ અપાવ્યો ત્યારથી, તેઓએ સિસ્ટમ સામે લડવું પડ્યું. મારા શિક્ષણ દરમિયાન દરેક તબક્કે પડકારોનો સામનો કર્યા પછી, મને હંમેશા કંઈક અલગ કરવાની ઈચ્છા હતી.

વિજ્ઞાન પ્રવાહ માં ભણવા માટે તેને સરકાર સાથે લડવું પડ્યું. તેને પોતાના જોખમે વિજ્ઞાનનો અભ્યાસ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. છ મહિનાની રાહ જોયા પછી, જ્યારે શ્રીકાંતે ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં ૯૮% હાંસલ કર્યા, ત્યારે તેમણે દરેકની અપેક્ષાઓ વટાવી દીધી. તેમ છતાં, સમાજે તેમની ક્ષમતા જોઈ ન હતી.

શ્રીકાંતે તેમની પ્રિ-યુનિવર્સિટી પરીક્ષાઓ પૂરી કર્યા પછી IITમાં પ્રવેશ મેળવવાના તેમના સ્વપ્નને અનુસરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોચિંગ સેન્ટર્સ દ્વારા તેમને નકારી કાઢવામાં આવ્યા જે IIT-JEE પ્રવેશ પરીક્ષાને પાસ કરવા માટે જરૂરી છે. ક્યારેય પરાજિત ન થવા માટે, શ્રીકાંતે માનનીય મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનિકલ (MIT), યુએસ સ્થિત ટોચની તકનીકી શાળાઓમાં અરજી કરી અને પસંદગી પામી. તેઓ MITમાં હાજરી આપનાર તેમજ વિદેશમાંથી પ્રથમ અંધ



વિદ્યાર્થી બન્યા હતા. શ્રીકાંતને તેમનું શિક્ષણ પૂરૂં કર્યા પછી યુ.એસ.માં રહેવાની અને પોતાના માટે આરામદાયક જીવન બનાવવાની તક મળી. પરંતુ તેઓ પાછાં ફરવા અને તેમના રાષ્ટ્ર માટે કંઈક કરવા મક્કમ હતા.

૨૦૧૨ માં, ભારત પરત ફર્યા પછી, શ્રીકાંતે બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. રતન ટાટાએ શ્રીકાંતની ક્ષમતા અને ઉદ્યોગસાહસિકતા માટેનો ઉત્સાહ જોયો અને તેમને માત્ર માર્ગદર્શન માટે પોતાની પાંખ હેઠળ લીધા એટલું જ નહીં પરંતુ તેમના વ્યવસાયમાં રોકાણ પણ કર્યું. પેકેજિંગ સોલ્યુશન ઉત્પાદક, બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝે વિસ્તરણ કરવાનું ચાલુ રાખ્યું. દર મહિને સરેરાશ ૨૦%ની વૃદ્ધિ સાથે, કંપની ૨૦૧૮ સુધીમાં ૧૫૦ કરોડ રૂપિયાની આવક પર પહોંચી ગઈ હોવાનું કહેવાય છે. પાંચ ઉત્પાદન સુવિધાઓ અને ૬૫૦થી વધુ કર્મચારીઓ સાથે, શ્રીકાંતનું ઔદ્યોગિક સામ્રાજ્ય મુખ્યત્વે વિકલાંગ લોકોનું બનેલું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કંપનીનો બિઝનેસ ૫૦૦ કરોડ રૂપિયાથી વધુ છે અને શ્રીકાંતની સંપત્તિ લગભગ ૫૦ કરોડ રૂપિયા છે. ૨૦૧૬માં, શ્રીકાંત બોલા સર્જ ઈમ્પેક્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર બન્યા અને વર્ષ ૨૦૧૮માં કંપનીનું ટર્નઓવર લગભગ ૧૮૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું. વર્ષ ૨૦૧૭ માં શ્રીકાંતનું નામ ફોર્બ્સ મેગેઝિનના અંડર ૩૦ એશિયામાં આવ્યું હતું. સત્ય ઘટના પર આધારિત રાજકુમાર રાવની ફિલ્મ શ્રીકાંત બોલા ૧૦ મેના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મ તેજસ્વી વ્યક્તિત્વના જીવન પરથી પ્રેરિત છે. શ્રીકાંત બોલાનું પાત્ર ભજવતા રાજકુમાર રાવ ઉપરાંત, જ્યોતિકા અને શરદ કેલકર ફિલ્મમાં મહત્વની ભૂમિકાઓ ભજવે છે. ૧૦ મેના રોજ તુષાર હિરાનંદાનીની બાયોગ્રાફિકલ ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે.

# રોયલ એનફિલ્ડને બચાવનાર સિદ્ધાર્થ લાલ હવે CEO તરીકે ૧,૨૭,૦૦૦ કરોડ રૂપિયાની કંપની ચલાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

રોયલ એનફિલ્ડ એ ભારતમાં સૌથી વધુ લોકપ્રિય મોટરસાઈકલ બ્રાન્ડ્સમાંની એક છે. આ બાઈક હજુ પણ બજારમાં ધૂમ મચાવે છે અને તેની વિશિષ્ટતા અને પ્રીમિયમ ગુણવત્તા માટે જાણીતી છે. જો કે, એક સમય એવો હતો જ્યારે આ બ્રાન્ડ તેના મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી હતી. તે સમયે સિદ્ધાર્થ લાલે ૨૬ વર્ષની ઉંમરે રોયલ એનફિલ્ડની લગામ સંભાળી હતી. તેમણે કંપનીને પુનઃ સક્રિય કરવામાં મદદ કરી હતી. હવે રોયલ એનફિલ્ડે ચોથા ક્વાર્ટરમાં ૨,૨૭,૯૨૫ મોટર સાઈકલનું વેચાણ નોંધાવ્યું છે, જે એક વર્ષ અગાઉના ગાળામાં ૨,૧૪,૬૮૫ એકમોથી ૬ ટકા વધુ છે.

સિદ્ધાર્થે ખર્ચને સુવ્યવસ્થિત કરીને નવી ટેક્નોલોજી લાવી અને બાઈકને વધુ વિશ્વસનીય અને યુઝર ફ્રેન્ડલી બનાવીને કંપનીને આકાર આપ્યો.સિદ્ધાર્થ ચાર વર્ષ (૨૦૦૦-૨૦૦૪) માટે રોયલ એનફિલ્ડના મુખ્ય કાર્યકારી અધિકારી હતા. પછી, તેમને આઈશર મોટર્સના ચીફ ઓપરેટિંગ ઓફિસર (COO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. મે ૨૦૦૬માં તેમણે આઈશર મોટર્સના CEO અને MD તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ત્યારથી તેઓ રોયલ એનફિલ્ડની પેરેન્ટ કંપની આઈશર મોટર્સ લિમિટેડના MD અને CEO તરીકે કંપનીનું નેતૃત્વ કરી રહ્યા છે. આજે આઈશર મોટર્સ લિમિટેડ ૧,૨૭,૦૦૦ કરોડ રૂપિયાનું માર્કેટ કેપ ધરાવે છે. સિદ્ધાર્થે ઈંગ્લેન્ડની યુનિવર્સિટી ઓફ લીડ્સમાંથી ઓટોમોટિવ એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. તે




ક્રેનફિલ્ડ યુનિવર્સિટીના લાયકાત ધરાવતા મિકેનિકલ એન્જિનિયર છે. સિદ્ધાર્થ દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રના સ્નાતક અને દૂન સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી પણ છે. સિદ્ધાર્થ જુલાઈ ૨૦૦૮થી જુલાઈ ૨૦૧૦ સુધી વોલ્વો ગ્રુપ અને આઈશર મોટર્સ લિમિટેડ (EML) વચ્ચેના સંયુક્ત સાહસ ફઈ કોમર્શિયલ વ્હીકલ્સ (VECV)ના ચેરમેન પણ રહી ચૂક્યા છે. શનિવારે, તેમની આઈશર મોટર્સે માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થતા ચોથા ક્વાર્ટરમાં કર પછીના એકીકૃત નફામાં ૧૮ ટકાનો વધારો નોંધાવ્યો હતો અને તે ૧,૦૭૦ કરોડ રૂપિયા થયો હતો.

# ગુજરાત પોલીસ ઉપર મને ગર્વ : વિકાસ સહાય

## રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે વડોદરાની સરપ્રાઈઝ વિઝિટ કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય આજે સોમવારે વડોદરાની એકાએક મુલાકાત લીધી હતી. વડોદરા પોલીસ કમિશનર કચેરી ખાતે ડીજીપીનું ગાર્ડ ઓફ ઓનર સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું. બાદમાં તેમણે શહેર પોલીસ તથા વડોદરા રેંજના ઉચ્ચ અધિકારીઓ સાથે મીટિંગ કરી હતી.

વડોદરાની ઓચિંતી મુલાકાતે આવેલા ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું કે, રાજ્યમાં લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. ચૂંટણીમાં મતદાનના દિવસે પોલીસની અલગ-અલગ શહેરમાં અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કામગીરી કરાઈ છે. ચૂંટણી કમિશનની માર્ગદર્શિકાના આદેશોને અનુસરીને પોલીસ દ્વારા જે કામગીરી કરાઈ જેનાથી હું ગુજરાત પોલીસના વડા તરીકે ગર્વ અનુભવું છું. ચૂંટણી દરમિયાન અલગ-અલગ પ્રકારના પડકારોનો સામનો કરવો પડતો હોય છે. તેના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને માટે પોલીસે કામગીરી છે. આજે વડોદરા શહેર અને રેંજના પોલીસ અધિકારીઓ સાથે મીટિંગ થઈ હતી. જેમાં લોકસભા ચૂંટણી અનુસંધાને સારી અને પ્રશંસનીય કામગીરી કરાતા ચૂંટણીની પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. તે બદલ વડોદરા શહેર પોલીસ અને વડોદરા રેંજના તમામ અધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી અને અધિકારીઓનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. મતદાનના દિવસે તેમને થયેલા અનુભવોનું ફિડબેક લેવામાં આવ્યું છે અને અનુભવ શેરિંગનું સેશન રાખવામાં આવ્યું હતું, જેમાં અલગ-



આજે વડોદરાની મુલાકાતે આવેલા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયનું પોલીસ ભવન ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું. **(તસવીર :- અતિક શેખ, વડોદરા)**

અલગ મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી. વધુમાં વિકાસ સહાયે ઉમેર્યું હતું કે, પોલીસ વતી હું રાજકીય પક્ષો અને મતદારોનો આભાર માનું છું. મતદાનના દિવસે ગુજરાત પોલીસને મતદારો તરફથી જે સાથ, સહયોગ અને સહકાર મળ્યો છે. તે બદલ તમામનો પોલીસ વતી આભાર વ્યક્ત કરૂં છું. ખાસ કરીને લોકસભાની ચૂંટણીમાં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ મોટી સંખ્યમાં ગુજરાતમાં આવ્યા હતા. અલગ-અલગ જગ્યાઓએ ડિપ્લોયમેન્ટ કરાઈ હતી. ગરમીના સમયમાં મતદાનના દિવસે પોલીસ અધિકારી અને કર્મચારીઓને ફૂડ પેકેટ, ઓઆરએસ, હાઈડ્રેશન માટે પણ ચિંતા કરવામાં આવી અને તેના માટે અલગથી ફંડ પણ મળ્યું હતું. ગુજરાત પોલીસે તેમના માટે રહેવા, જમવા, વાહનની સારી વ્યવસ્થા કરી હતી.

# ભાજપના લોકસભાના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાના પૂર્વ P.A.એ મહિલા પર દુષ્કર્મ આચરતા ચકચાર

## મકાનના ફોટા લેવાના બહાને મકાને જઈ મહિલા કરગરતી રહી હોવા છતાં નરાધમે દુષ્કર્મ આચર્યું, મહિલાના દીકરી જમાઈ આવતા ભાગી ગયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

વાઘોડિયા પૂર્વ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના પૂર્વ પીએ રાજેશ ગોહિલ સામે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં મહિલા પર દુષ્કર્મ ગુજાર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. રાજેશ મહિલાના ઘરે તેમના મકાનના ફોટા લેવા જવાના બહાને ગયો હતો. ત્યારબાદ મહિલા કરગતરતી રહી કે સાહેબ આવુ ના કરો તેમ છતા રાજેશે બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. દીકરી જમાઈ આવી જતા તમારાથી થાય તે કરી લેજો અને કોઈને જાણ કરી છે તો તમને લોકોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. વડોદરા શહેરના રણોલી વિસ્તારમાં રહેતી મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે વર્ષ ૨૦૨૦માં પતિ સાથે છુટાછેડા લઈ લીધા બાદ હોટલ ચલાવી ગુજરાન ચલાવતી હતી. પોતાની દીકરી સાથે એકલી રહેતી હતી. બેન્ક ઓફ બરોડામાંથી ૧૫ લાખની લોન લઈને મકાન ખરીદ કર્યું હતું. પરંતુ વર્ષ ૨૦૨૩માં ટીબીની બીમારી થતા હોટલ બંધ કરવી પડી હતી. જેથી મકાનના ત્રણ હપ્તા ચડી ગયા હતા. જેથી બેન્ક તરફથી ૩૬ દિવસમાં હપ્તા ભરવા માટે નોટિસ પાઠવી હતી અને નહી ભરોતો મકાનને તાળુ મારવામાં આવશે. જેથી હુ મારા પિતાના મિત્રને મળતા તેમણે મને સલાહ આપી કે બાપુને વાત કરો, જો તેઓ બેન્કમાં વાત કરશે તો બેન્કવાળા માની જશે. જેથી હું મારી દીકરી સાથે બાપુની નિઝામપુરા ખાતેની ઓફિસ પર ગઈ હતી. ત્યારે બાપુ મળ્યા ન હતા, પરંતુ ધર્મેન્દ્રસિંહ વાઘેલાનો તે સમયનો પીએ રાજેશ ગોહિલ મળ્યો હતો. તેણે બેન્કના કર્મચારીઓ સાથે વાત કરવાનું કહ્યું હતું. થોડા દિવસો પછી ફોન કરી કહ્યું હતું હવે કોઈ બેન્કવાળા તમારા ઘરે આવશે નહી. બાદમાં મે તેમને મકાન ૨૨ લાખમાં વેચવાની વાત કરી હતી ત્યારે તેણે મકાનના ફોટા મંગાવ્યા હતા. જેથી મે તેને ફોટા મારા મોબાઈલ પરથી મોકલ્યા હતા. રાજેશ ગોહિલે જણાવ્યું હતુ કે ફોટા બરાબર નથી, હું તમારા ઘરે આવી મકાન જોઈ જઈશ. ત્યારબાદ ગત ૪-૨૦૨૪ના મેના રોજ સવારે રાજેશ ગોહિલે મને ફોન કરી જણાવ્યું હતુ કે મારા મોબાઈલ ફોનમાંથી તમારા ફોટા નીકળી ગયા છે. હુ તમારા ઘર બાજુ છું તમે ઘરે હાજર રહેજો. ત્યારબાદ સાંજના ૬થી સાત વાગ્યાના અરસામાં તે મારા ઘરે આવ્યો હતો અને તેમના માટે પાણી લેવા ગઈ હતી ત્યારે દરવાજો બંધ કર્યો હતો ત્યારે મે તેમને આ શુ કરો છો તેવું કહેતા રાજેશ ગોહિલે બળજબરીપૂર્વક મારા પર દુષ્કર્મ ગુજાર્યું હતુ. હું કરગરતી રહી હતી કે સાહેબ આવું ના કરશો. તેમ છતાં બળાત્કાર ગુજાર્યો હતો. દરમિયાન મારા દીકરી જમાઈ આવી જતા ભાગી ગયા હતા. જતા જતા રાજેશ ગોહિલે તમારાથી થાય તે કરી લેજો. જે થયુ તેની કોઈને જાણ કરી છે તો તમને લોકોને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. તમારાથી કાઈ થવાનું નથી તેમ કહી ભાગી ગયો હતો. જવાહનગર પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી રાજેશ ગોહિલને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### રાજેશ ગોહિલને જમાઈએ લાફો મારતા ટુવાલ ભેર ભાગ્યો

મહિલાની દીકરી અને જમાઈ દર્શન કરવા માટે ગયા હતા ત્યારે રાજેશ ગોહિલ તેમના ઘરે આવી જબરજસ્તી શરીર સંબંધ બાંધતો હતો. તે દરમિયાન મહિલાના દીકરી અને જમાઈએ આવી દરવાજો ખખડાવ્યો હતો. જેથી મહિલાએ દરવાજો ખોલ્યો હતો ત્યારે રાજેશ ગોહિલ કઢંગી હાલતમાં હતો. ત્યારે જમાઈ આ બધુ શું છે તેમ કહી રાજેશ ગોહિલને લાફા મારી દીધા હતા. ત્યારબાદ તે કપડા પહેર્યા વિના માત્ર ટુવાલ પર મકાનના પાછળના ભાગે ભાગી ગયો હતો.

### રાજેશ ગોહિલને ચાર મહિના પહેલો છૂટો કર્યો છે : ધર્મેન્દ્રસિંહ વાઘેલા

રાજેશ ગોહિલે મહિલા પર બળાત્કાર ગુજાર્યો હોવા બાબતે વાઘોડિયા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે રાજેશ ગોહિલને છેલ્લા ચાર મહિનાથી મે કાઢી મૂક્યો છે. હાલમાં અમારે કોઈ લેવા નથી. લોકોને વ્યવસ્થિત જવાબ આપતો ન હોવા સહિતના અનેક ફરિયાદો મળતા તેને કાઢી મૂક્યો છે. મહિલા પર બળાત્કાર ગુજાર્યો હોવા બાબતે મને કોઈ માહિતી નથી.

# ભરૂચમાં જાહેર માર્ગો પર આડેધડ પાર્ક કરેલા વાહનો-લારીઓ પર પોલીસની તવાઈ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૩

ભરૂચ શહેરમાં વધતી જતી ટ્રાફિક એ, બી અને સી ડિવિઝન પોલીસ મથક દ્વારા જાહેર માર્ગો પર આડેધડ પાર્ક કરેલા વાહનો લારીઓ ઉપર તવાઈ બોલાવી હતી. પોલીસે પાલિકા ટીમની મદદ મેળવી ટ્રાફિકને અડચણરૂપ લારીઓ જમા કરાવી હતી.



ભરૂચ જિલ્લામાં જ્યાંથી દહેગામ નજીક નવો હાઈવે શરૂ થયો છે ત્યારથી શહેરમાં ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. એક તરફ શ્રવણ ચોકડી પાસે ચાલતી બ્રિજની કામગીરીના કારણે નાના વાહન ચાલકો સિટી તરફ વળ્યા છે. જ્યાંથી તેઓ અન્ય હાઈવે પકડી રહ્યા છે જેથી શહેરમાં ટ્રાફિક ભારણ વધ્યું છે. ત્યારે શહેરમાં વાહનચાલકો દ્વારા આડેધડ વાહન પાર્કિંગ કરતા ટ્રાફિક પણ વધતો હતો. જેની ગંભીરતા જાણી જિલ્લા એસ.પી. મયુર ચાવડાએ એ, બી અને સી-ડિવિઝનના પોલીસ અધિકારીઓને શહેરમાં જાહેર માર્ગો પર આડેધડ પાર્કિંગ કરેલા વાહનચાલકો સામે દંડનીય અને ડિટેઈનની કામગીરી કરવા આદેશ આપ્યા છે.

ભરૂચ જિલ્લાના એસપી દ્વારા મળેલા આદેશ મુજબ ભરૂચ એ, બી અને સી-ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે પાલિકાની મદદ મેળવી ટ્રાફિક હટાવ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઈ વી.યુ. ગડરિયાએ બે અલગ-અલગ ટીમો બનાવી એક ટીમ બિટીઈ મીલથી લઈને સ્ટેશન સુધી દબાણ હટાવો કામગીરી સાથે ટ્રાફિકને અડચણરૂપ વાહનો લોક કરી દંડનીય કામગીરી સાથે વાહન ડિટેઈનની કામગીરી હાથ ધરી હતી. પોલીસે પાલિકાની ટીમોને પણ સાથે રાખી દબાણરૂપ લારીઓ પણ હટાવી હતી. પોલીસની કામગીરી જોઈને દબાણકારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ કામગીરી એક અઠવાડિયા સુધી ચાલનાર હોય લોકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા પોલીસ દ્વારા અપીલ કરાઈ છે.

વડોદરા શહેર સહિત જિલ્લામાં

# ઊંચા પરિણામના લીધે ધો.૧૧માં પ્રવેશની સમસ્યા સર્જાવાની શક્યતા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

ધો.૧૦ના ઊંચા પરિણામના કારણે વડોદરા શહેર જિલ્લામાં ધો.૧૧માં પ્રવેશની સમસ્યા સર્જાઈ શકે છે તેવી આશંકા શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞો વ્યક્ત કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેર અને જિલ્લાનું ૭૭.૨૦ ટકા પરિણામ આવ્યું છે. આચાર્ય પરેશભાઈ શાહનું કહેવું છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી ધો.૧૦ના પરિણામમાં ખાસ વધારો જોવા મળ્યો નહોતો. ઉલટાનું પરિણામ ઘટતું હોવાથી ધો.૧૧માં વર્ગો અને શિક્ષકોની સંખ્યા ઘટી હતી. હવે અચાનક જ પરિણામ વધ્યું છે અને તેના કારણે ધો.૧૧ના કોમર્સ તેમજ સાયન્સમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધશે. જેના કારણે સ્કૂલોમાં પ્રવેશની સમસ્યા સર્જાય તેમ લાગી રહ્યુ છે.

તેમના જણાવ્યા પ્રમાણે ગ્રાન્ટેડ સ્કૂલોને તો વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જ વર્ગો રાખવા પડતા હોય છે પણ હવે તો ખાનગી સ્કૂલો પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધે તો રાતોરાત વર્ગો વધારી શકતી નથી. કારણ કે બોર્ડ દ્વારા બોર્ડ પરીક્ષા માટે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન જે તે સ્કૂલના વર્ગોની સંખ્યા અને તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જ કરવામાં આવે છે. નવા શૈક્ષણિક વર્ષ માટે વર્ગ વધારાની દરખાસ્તની મુદત તો ક્યારનીય પૂરી થઈ ગઈ છે ત્યારે ધો.૧૧માં સ્કૂલો માટે પણ પ્રવેશને લઈને માથાના દુઃખાવારૂપ સ્થિતિ ઉભી થશે.

# સાયલા-ચોટીલા હાઈવે પર કારની અડફેટે ભાજપ હોદ્દેદારના ભાઈનું મોત

સુરેન્દ્રનગર, તા.૧૩

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા-ચોટીલા હાઈવે ઉપર ફરી એક વખત અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં એક યુવકનું મોત નિપજવા પામ્યું છે. રાજકોટ ભાજપ યુવા મોરચાના પ્રમુખના ભાઈ હિતેશભાઈ ટીલવાનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. મળતી વિગત અનુસાર સાયલા-ચોટીલા હાઈવે ઉપરથી હિતેશભાઈ ટીલવા ચાલીને પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલી ઈકો કારચાલકે હિતેશભાઈ ટીલવાને અડફેટે લીધા હતા. હિતેશભાઈને માથાના ભાગે તથા શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા આજુબાજુના લોકો એકત્રિત થઈ ગયા હતા અને હોસ્પિટલે તેમને પહોંચાડવામાં આવે તે પહેલાં તેમનું મોત નિપજવા પામ્યું હતું. આ અંગે તેમના પરિવારજનોને પણ જાણ કરવામાં આવી હતી. અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે હિતેશભાઈ ટીલવાના મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે આ સંદર્ભે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સંદર્ભે ગુનો દાખલ કરી પોલીસ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે હિતેશભાઈના મૃતદેહને પીએમ કરાવી પરિવારજનોને સોંપવામાં આવ્યો છે.

# ઈન્ટર ડિસ્ટ્રીક્ટ માટે ભરૂચ જિલ્લાની અન્ડર-૧૯ ટીમની જાહેરાત

ભરૂચ, તા.૧૩

ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ રમાનાર આંતર જિલ્લા અન્ડર-૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ભરૂચ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ દુષ્યંતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લાની ટીમ બનાવવા માટે વિવિધ ગ્રાઉન્ડો ઉપર સિલેક્શન મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.



સિલેકશન મેચના આયોજનમાં રોયલ સ્પોર્ટ્સ ક્લબ નવી દીવીના હરપાલભાઈ રાણા, બલેશ્વરના ચંદ્રકાંતભાઈ વસાવા અને કિમાંમલી ગ્રાઉન્ડના વિરાજભાઈ ઠાકોરે સહકાર આપ્યો હતો. અન્ડર-૧૯ સાથે હીરક પટેલ કોચ તરીકે હાજર રહેશે.

આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ અન્ડર-૧૯ ટીમ સુરત ખાતે રમાશે. ભરૂચ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ દુષ્યંતભાઈ પટેલ, ઉપપ્રમુખ મનીષ નાયક, ઉપપ્રમુખ ઈસ્માઈલ મતાદાર, માનદ મંત્રી ઈશ્તિયાક પઠાણ, સહમંત્રી વિપુલ ઠક્કર અને પિન્નું બાલા તથા સિલેકશન કમિટીના ચેરમેન નાઝીમભાઈ સિલેકશન કમિટીના અન્ય સભ્યો શોકત જીનવાલા, સરોશ જીનવાલાએ સિલેક્ટ થયેલ દરેક ખેલાડીને શુભેચ્છા પાઠવી હતી.

અન્ડર-૧૯ ટીમ, ભાર્ગવ દવે (કેપ્ટન), ઉજ્જવલ ઠાકર (વા. કેપ્ટન), જૈનીલ રાણા, મંથન સોલંકી, ઝાહિદ પટેલ, સ્લોક ભાવ, હર્ષિત જૈન, ધ્રુવ જાદવ, હર્ષ પ્રજાપતિ, ઋષિકેશ ઝા, શુભમ પટેલ, અબ્દુલ્લાહ પટેલ, હર્ષ બોલીવાલ, રાજશેખર રાવ, પ્રિન્સ માવી, રાજવીર રાઠોડ.

# કલોલ ખાતે રાજ્યના ૧૦૦ શિક્ષકોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાયા

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૩

આજરોજ જાયન્ટસ ગ્રુપ ઓફ કલોલના મનિષભાઈ કે. ગાંધી (મંત્રી) અને રાકેશભાઈ કે. પંડયા (પ્રમુખ)ના માર્ગદર્શન હેઠળ ગૌરવ સન્માન સમારોહ-૨૦૨૪ ગુરૂકુળ વિદ્યાલય કલોલ ખાતે યોજાયો હતો. જેમાં દેશનું ઘડતર કરનારા ઘડવૈયાઓનુ ઉષ્મા ભર્યા સ્વાગત સાથે સંસ્થાના અગ્રણીઓ તથા સ્વામીજીના સાનિધ્યમાં દબદબાભેર શિક્ષકોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત ભરમાંથી ૧૦૦ શિક્ષકોને ગૌરવ પુરસ્કારમાં પ્રમાણપત્ર અને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ગૌરવ પુરસ્કારમાં સુરતનાં શિક્ષિકા નયના જગદીશકુમાર સોલંકી "આંખો"નું પુલકિત જોશી જેઓ મદદનીશ સચીવ, ગુજરાત અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના હસ્તે પુરસ્કાર અને ટ્રોફીથી સન્માન કરવામાં આવ્યું છે જે ખરેખર પ્રશંસનીય છે.

# ધોળકામાં ફ્રી હિજામા કેમ્પ યોજાયો



ધોળકા ખાતે ધોળકા અંજુમન નવજવાન દ્વારા ટાવર બજાર નજીક આવેલ અંજુમન ક્લિનિકમાં ફ્રી હિજામા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હિજામા કેમ્પનો ૧૫૦ દર્દી ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. ડૉ.એજાજ મલેક અને ડૉ.નઝરાના મલેકે આ હિજામા કેમ્પમાં પોતાની સેવા આપી હતી. આ હિજામા કેમ્પને સફળ બનાવવા માટે અંજુમનની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

સ્માર્ટ મીટર હટાવી જૂના મીટર નાંખવા રજૂઆત

# વડોદરામાં સ્માર્ટ વીજ મીટરમાં અધધધ.. બિલ આવતા ગ્રાહકોનો વીજ કચેરીમાં હલ્લાબોલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વડોદરા શહેરમાં સ્માર્ટ વીજ મીટરો લગાવવામાં આવી રહ્યા છે. જો કે શહેરના કેટલાક ગ્રાહકોને સ્માર્ટ મીટરના કારણે વધુ વીજ બિલ આવતું હોય રોષે ભરાયા હતા. ગ્રાહકોએ એમજીવીસીએલની પેટા વિભાગીય કચેરી ખાતે પહોંચી હલ્લો મચાવ્યો હતો અને સ્માર્ટ મીટર કાઢી નાખવા માંગ કરી હતી.

એમજીવીસીએલ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી સ્માર્ટ મીટર નાખવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, ત્યારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં સ્વામી વિવેકાનંદ હાઈટ્સમાં પણ થોડા સમય પહેલા સ્માર્ટ મીટરો લગાવી દેવામાં આવ્યા હતા. જો કે, લોકોનું રિચાર્જ દર બે-ત્રણ દિવસમાં પતિ જતું હોય એવરેજ દર મહિને બેથી ત્રણ હજાર બિલ આવતા લોકો રોષે ભરાયા હતા અને ગોરવા વીજ કંપનીની પેટા વિભાગીય કચેરી ખાતે પહોંચી હલ્લો મચાવ્યો હતો, જેના કારણે પોલીસ બોલાવાની અધિકારીને ફરજ પડી હતી.

રજૂઆત કરવા પહોંચેલા એક રહીશે જણાવ્યું હતું કે, હાલની તારીખે જે સ્માર્ટ મીટર લગાવ્યું છે. આ પહેલા ત્રણ મહિનાનું બિલ મારૂ દર બે મહિને રૂા.૧૦૦૦ બિલ પહેલા આવતું હતું. હાલની તારીખે દસ દિવસમાં રૂા.૧૦૦૦નું રિચાર્જ કરાવવું પડે છે. એમ જોવા જઈએ તો મારૂ બે મહિનાનું જે બિલ ૧ હજાર આવતું હતું. જે અત્યારે બિલ ૬ હજાર રૂપિયા આવશે અને દર ૧૦ દિવસે રિચાર્જ કરાવવું પડશે. દરરોજ ૮૦-૯૦ રૂપિયાનું રિચાર્જ કરવું પડે છે. ૩૦૦ રૂપિયા સુધીની છૂટ આપે છે પણ એનાથી માઈનસમાં થાય તો ઓટોમેટિક કનેક્શન કટ થાય છે અને જે બિલ અમારૂં ૧૨૦૦થી ૧૫૦૦ આવતું હતું. ઉનાળાની અંદર એ હાલની તારીખે ૬ હજાર રૂપિયા આવે છે. અમારી એક જ માંગ છે કે, જે સ્માર્ટ મીટર લગાવ્યા છે એ કાઢી નાખો જે જૂના મીટરો હતા એ લગાવી આપો.

મહિલા ગ્રાહકે જણાવ્યું હતું કે, મારો દીકરો બીમાર છે અઠવાડિયાથી અને મારૂ બિલ રિચાર્જ હોવા છતાં પણ મારૂ કનેક્શન સવારથી કપાઈ ગયું છે. હું તાવમાં મારા બાબાને લઈને આવી છું, તો પણ અધિકારી દરવાજો ખોલતા નથી. અમને એમના સ્માર્ટ મીટર નથી જોઈતા. અમને પૂછ્યા વિના આ સ્માર્ટ મીટરો નાખ્યા છે. રિચાર્જ કરવા છતાં પણ જો કનેક્શન કપાઈ જતું હોય તો શું મતલબ ?

# ભરૂચ અને નર્મદા જિલ્લાના હાજીઓ માટે હજ ટ્રેનિંગ કેમ્પ-૨૦૨૪ અંકલેશ્વર ખાતે યોજાશે

અંકલેશ્વર, તા.૧૩

ગુજરાત રાજ્ય હજ સમિતિ, ગાંધીનગર દ્વારા આયોજિત ભરૂચ-નર્મદા જિલ્લાના સિલેક્ટ થયેલા અને ટુરમાંથી જનાર હાજી હજીયાણીઓ માટેનો હજ ટ્રેનિંગ કેમ્પ અંકલેશ્વર કાગદીવાડ ખાતે જમાતખાના સુરતીભાગોળ પાસે તા.૧૯/૫/૨૦૨૪ના રોજ સવારે ૮:૦૦ કલાકથી સાંજે ૫:૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. જેમાં ભરૂચ જિલ્લા અને નર્મદા જિલ્લાના હાજીઓએ ફરજિયાત હાજરી આપવા વિનંતી કરાઈ છે.

હજ ટ્રેનિંગ કેમ્પમાં હજના વિવિધ અરકાનો, હજયાત્રાની કાર્ય પ્રણાલી તથા દિની-દુન્યવી બાબતોની સંપૂર્ણ જાણકારી, મક્કા મદીનાની ઝિયારત વિશે હજ કમિટીના માસ્ટર ટ્રેઈનર, ફીલ્ડ ટ્રેનર તથા અનુભવી આલીમે દીન દ્વારા સંપૂર્ણ માહિતી આપવામાં આવશે ઈન્શાઅલ્લાહ... જે થકી આપની હજયાત્રા મકબુલ બને અને આપ સરળતાપૂર્વક હજયાત્રાની તમામ વિધિઓ સારી અને યોગ્ય રીતે અદા કરી શકો તેવી દિલી તમન્નાઓ સાથે આપ સર્વને હાર્દિક આમંત્રણ છે. હજ ટ્રેનિંગ કેમ્પમાં કવરમાં સિલેક્ટ થયેલ તમામને હાજરી આપવી આવશ્યક અને ફરજિયાત છે આ ટ્રેનિંગ કેમ્પમાં દરેક હાજીઓની હાજરીની નોંધ લેવામાં આવશે જે હાજીઓ ટ્રેનિંગમાં હાજર નહીં રહે તેઓના કાર્ડ ભરવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી હાજી-હજીયાણીની રહેશે જેમ જિલ્લાના ફિલ્ડ ટ્રેનર દ્વારા જણાવાયું છે.

# સમગ્ર રાજ્યમાં ગુજકેટમાં પ્રથમ ક્રમાંક મેળવનાર મો.રૂહાન કુરેશીનું સન્માન કરાયું

જૂનાગઢ, તા.૧૩

કચ્છ જિલ્લામાં ભૂજ ખાતે રહેતો મો.રૂહાન આરીફભાઈ કુરેશી જેણે ગુજકેટમાં ૧૨૦માંથી ૧૨૦ માર્ક મેળવી ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવી સમગ્ર સમાજનું નામ રોશન કર્યું છે. જૂનાગઢ સ્થિત મુસ્લિમ અગ્રણી ઈમ્તિયાઝ પઠાણ દ્વારા ભૂજ ખાતે કુરેશી પરિવારની રૂબરૂ મુલાકાત લઈ કચ્છી પરંપરાગત અજરક ઓઢાડી રૂહાનનું સન્માન કરાયું હતું અને કચ્છીઓની પરંપરાગત ઓળખ અજરક આપી સન્માનિત કર્યા હતા. રૂહાનના પિતા પીજીવીસીએલના કર્મચારી છે. મો.રૂહાન ગુજકેટ સાથે ધો.૧૨ બોર્ડમાં કેમેસ્ટ્રી વિષયમાં પણ ગુજરાતમાં પ્રથમ આવેલ છે. આ બંને સિદ્ધિઓ ગુજરાત માટે ગર્વ લેવા જેવી બાબત હોય મુસ્લિમ અગ્રણી ઈમ્તિયાઝ પઠાણ દ્વારા ભૂજ ખાતે રૂબરૂ જઈ રૂહાન કુરેશી અને તેના પરિવારની મુલાકાત કરી હતી. રૂહાન જીવનમાં શિક્ષણ ક્ષેત્રે વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# વડોદરામાં IPL મેચ પર સટ્ટો રમતો સટોડિયો ઝડપાયો, સાત વોન્ટેડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૩

વાઘોડિયા રોડ પર આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક સટોડિયાને પીસીબીએ ઝડપી પાડ્યો હતો. જ્યારે તેની સાથે આઈડી મારફતે સટ્ટો રમતા અન્ય સાત જણાને વોન્ટેડ જાહેર કર્યા છે. સટોડિયા પાસેથી સાત મોબાઈલ અને રોકડ રકમ મળી રૂા.૧.૮૨ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

પીસીબી પોલીસની ટીમ રવિવારે રાત્રિના સમયે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, કમલેશ ઉર્ફે કાલુ ખુબચંદાણી જે કલાદર્શન ચાર રસ્તા પાસે આવેલા સાઈકૃપા ફ્લેટ મકાન નં.૪માં રહે છે. આ કમલેશ ઉર્ફે કાલુ હાલમાં ચાલતી આઈપીએલ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમ્યાન ક્રિકેટ મેચનો સટ્ટો રમવા માટે તેણે ઓનલાઈન આઈડી લીધું છે અને આ આઈડી ઉપર તે પોતાના ગ્રાહકો સાથે રાજસ્થાન રોયલ્સ તથા ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ રહલી મેચ પર પોતાના ઘરે બેસી સટ્ટો રમે છે. જેના આધારે બાતમી મુજબના મકાનમાં પીસીબી પોલીસે રેડ કરી હતી. ત્યારે મકાનમાંથી કમલેશ ઉર્ફે કાલુ ખુબચંદાણીને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી પીસીબીએ સાત મોબાઈલ અને રોકડ રકમ મળી ૧.૮૨ લાખના મુદ્દામાં સાથે એક સટોડિયાની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે પાણીગેટ પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કરવામાં આવ્યો છે. જ્યારે આઈડી દ્વારા સટ્ટો રમતા અન્ય સાત સટોડિયા અજય ગીરધારીલાલ તોલાણી (રહે.વારસિયા વડોદરા શહેર), અરૂણ ઉર્ફે કેપી, પ્રેમ, દિલીપ, રોશન, ધ્રુવીલ, ધ્રુવીલની માતાને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### પીરાણાની હઝરત ઈમામશાહ બાવાની દરગાહનો મામલો

# ધરપકડ કરાયેલા ૬૦ આરોપીઓની જામીન અરજી અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી દીધી

## એક વકીલે PI અને DySP પર કસ્ટડીમાં માર માર્યાનો આક્ષેપ કર્યો

અમદાવાદ, તા.૧૩

અમદાવાદના પીરાણાની હઝરત ઈમામશાહ બાવાની દરગાહમાં ૧૪ જેટલી મજારો શહીદ કરવા મામલે થયેલા હોબાળા બાદ ૬૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. દરમિયાન આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં કોર્ટે તમામની જામીન ફગાવી દીધી હતી. જેમાં એક વકીલ પણ સામે છે. વકીલે કસ્ટડીમાં PI અને DySPએ માર માર્યાનો આક્ષેપ કર્યો હતો. પીરાણામાં હઝરત ઈમામશાહ બાવાની દરગાહમાં ૧૪ મજારોને શહીદ કરવાના મામલે મુસ્લિમ સમાજે તેનો વિરોધ કર્યો હતો. જેમાં બંને પક્ષ દ્વારા સામસામે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં પોલીસે ૬૦ જેટલા આરોપીઓની ધરપકડ કરી હતી. આજે આ આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાયા હતા. જેમાં તમામ આરોપીઓને કોર્ટ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. આગામી સમયમાં તેમની જામીન અરજીઓ કોર્ટમાં મૂકવામાં આવશે. ત્યારે મહત્વની બાબત છે કે બને પક્ષના વકીલો જેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમની પણ પોલીસે ધરપકડ કરી હતી. જેથી એક વકીલે અસલાલી PI અને DySP સામે માર મારવાનો આક્ષેપ કર્યો છે. કોર્ટે તેની મેડિકલ તપાસના આદેશ આપ્યા છે. જેના રિપોર્ટ બાદ વધુ કાર્યવાહી હાથ ધરાશે. ધરપકડ કરાયેલા બંને પક્ષના વકીલોએ કહ્યું હતું કે, તેઓ ત્યાં પોતાની ફરજ બજાવવા ગયા હતા. આજે એક પક્ષના વકીલે જામીન મૂક્યા હતા. જો કે, કોર્ટે તેને નકારી નાખ્યા હતા. પોલીસે એક પણ આરોપીની વધુ રિમાન્ડની માગ કરી નહોતી. એક સાથે ૬૦ જેટલા આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય કોર્ટ સંકુલમાં લવાતા તે ચર્ચાનો વિષય બન્યો હતો. જો કે પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે આરોપીઓને લાવવામાં આવ્યા હતા. વળી ચૂંટણીને લઈને માહોલ ના બગડે તેને લઈને ઘટના સ્થળે પણ લોકોને સમજાવીને પરત મોકલવામાં આવ્યા હતા.

### રાજ્યના ઘણા નેતાઓના લિસ્ટમાં નામ હોવાની શકયતા

# ચૂંટણીમાં ગદ્દારી કરનારા નેતાઓ સામે કાર્યવાહી કરવા ભાજપે બનાવી યાદી

## ચૂંટણીમાં ભાજપના જ ઘણાં નેતાઓએ પાછલે બારણે કોંગ્રેસને મદદ કર્યાના અહેવાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

લોકસભા ચૂંટણીમાં ભાજપના જ ઘણાં નેતાઓએ પાછલે બારણે કોંગ્રેસને મદદ કરી હોવાના અહેવાલોને લઈ ભાજપ કડક પગલાં માટે કટિબદ્ધ બન્યું છે. લોકસભા ચૂંટણીનું પરિણામ જાહેર થતાંની સાથે જ ભાજપ પોતાના જ પક્ષમાં રહીને ગદ્દારી કરનારા વિભીષણોનો વારો પાડશે. ગુજરાતના ઢગલાબંધ નેતાઓના આ લીસ્ટમાં નામ હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. લોકસભાની ચૂંટણ પૂર્ણ થતાં ભાજપ આંતર કલહ મુદ્દે કડક બન્યું છે. જે પરિણામ આવવા હોય તે આવે પરંતુ ભાજપમાં જેમણે નિષ્ક્રિય રહીને પાર્ટીના ઉમેદવારોને નડવાનું કામ કર્યું છે તેવા લોકોને શોધીને પાઠ ભણાવવાનો ઉપલી કક્ષાએથી આદેશ થતાં પાર્ટીની અંદર રહેલા વિભિષણોને શોધવાની જવાબદારી વહેંચવામાં આવી છે. ખાસ કરીને રાજકોટ, અમરેલી, વડોદરા, સાબરકાંઠા, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને સુરેન્દ્રનગરની બેઠકમાં પાર્ટીના હાઈકમાન્ડને શંકા છે કે સત્તાવાર ઉમેદવારો સામે ષડયંત્રો થયાં છે. ભાજપે જે વર્તમાન સાંસદોને ટિકિટ આપી નથી તેમની પર પણ શંકાની સોય તકાઈ છે, જેમાં અમરેલી અને સાબરકાંઠાની બેઠક મુખ્ય છે. પ્રાથમિક અહેવાલો વચ્ચે આ કામ સરકાર અને સંગઠનને અલગ રીતે અપાયું છે, જેમાં સરકારે સ્થાનિક પોલીસ અને આઈબીનો સહારો લીધો છે, જ્યારે સંગઠને ફેક્ટ ફાઈન્ડિંગના કેટલાક નેતાઓ તેમજ વિવિધ મોરચાના હોદ્દેદારોને આ કામગીરી સોંપી છે. કેટલાંક ઠેકાણે તો ભાજપ સિનિયર પત્રકારો પાસેથી પણ માહિતી એકઠી કરી રહ્યું હોવાની વાત હાલ ચર્ચામાં છે.

### મુસાફરે ભાડું ન ચૂકવી સાગરિતોને બોલાવ્યા

# શાહઆલમ ટોલનાકા પાસે અસામાજિક તત્ત્વો દ્વારા રિક્ષાચાલક પર જીવલેણ હુમલો કરાયો

## રિક્ષાચાલકના કપડાં ફાડી નખાયા : બચાવવા જનાર અન્ય બેને પણ માર માર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

શહેરમાં પોલીસ અને કાયદાનો ડર જ ન હોય તેમ અસામાજીક તત્વો બેફામ બન્યા છે. લુખ્ખા તત્ત્વો નજીવી બાબતે છરીની અણીએ લોકોને ડરાવી ધમકાવી રહ્યા છે. ત્યારે આવી જ એક ઘટના શાહઆલમ ટોલનાકા પાસે સામે આવી છે. રિક્ષામાંથી ઉતર્યા બાદ મુસાફરે રિક્ષાચાલકને પૈસા ન આપી સાગરિતોને બોલાવી તેને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. તદ્દુપરાંત તેના કપડા પણ ફાડી નાખ્યા હતા. ત્યારે અન્ય બચાવનાર રાહદારીને પણ માર માર્યો હતો. ત્રણ લોકોને ઈજાઓ થતા તેમને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાયા છે. આ અંગે એસડીપીઆઈ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગત મુજબ અશરફભાઈ રિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. રવિવારની રાત્રે તેઓ એસ.ટી. ગીતા મંદિરથી એક પેસેન્જરને બેસાડીને શાહઆલમ ટોલનાકા પર



ઉતાર્યો હતો. ત્યારે અશરફભાઈએ પૈસા માગતા પેસેન્જરે ઉશ્કેરાઈ જઈ તેના ૪થી ૫ સાગરિતોને બોલાવી અશરફભાઈને ઢોરમાર મારી, મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ કપડા પણ ફાડી નાખ્યા હતા. ત્યાંથી પસાર થતા અન્યએ બચાવવા જતા તેઓને પણ માર માર્યો હતો. અશરફભાઈને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમજ રિક્ષાચાલક સહિત ત્રણ ઘાયલ લોકોને એલ.જી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. એસડીપીઆઈ ટીમ પણ હોસ્પિટલ પહોંચી હતી અને જે કાનૂની સહાય જરૂર પડશે તે એસડીપીઆઈ કરશે તેવી એસડીપીઆઈએ બાંહેધરી આપી હતી. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### નિકોલ પોલીસ સ્ટેશનના PI પર આક્ષેપનો મામલો

# PI સામે કાર્યવાહીને બદલે આક્ષેપ કરનાર બે PSIની બદલીથી પોલીસ બેડામાં ખળભળાટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ શહેરના નિકોલ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.ડી. જાટ સામે પોલીસ સ્ટેશનના જ બે પીએસઆઈએ માનસિક ત્રાસ અને ખરાબ વર્તનના આક્ષેપ કર્યા હતા. જેમાં એક પીએસઆઈએ અમદાવાદના પોલીસ કમિશનર તેમજ ગૃહ રાજ્યમંત્રીને પત્ર લખ્યો હતો. જેને પગલે પીઆઈ કે.ડી. જાટ વિરુદ્ધ ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી.

જો કે, પીઆઈ જાટ સામે કાર્યવાહી કરવાને બદલે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે આક્ષેપ કરનાર બે પીએસઆઈની જ બદલી કરી દેતા પોલીસ બેડામાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે.

નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ જે.બી. શિયાળે શહેર પોલીસ કમિશનર તથા ગૃહ રાજ્યમંત્રીને લેખિત અરજી કરી હતી. જેમાં જણાવ્યું હતું કે, નિકોલ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.ડી. જાટ વારંવાર ચોક્કસ પીએસઆઈને જ બંદોબસ્ત ફાળવે છે. ઉપરાંત જ્યારે કોઈપણ વિષયને લઈને રજૂઆત કરવા જાય ત્યારે પીઆઈ જાટ અપશબ્દોનો પ્રયોગ કરીને અપમાનિત કરે છે. ઉપરાંત એક વર્ષ અગાઉ નિકોલ પોલીસ સ્ટેશનના સાતથી આઠ પોલીસકર્મીઓએ પણ પીઆઈ જાટના ગેરવર્તન અને ત્રાસથી કંટાળીને બદલી કરાવી લીધી હતી. પીઆઈ જાટ ચોકીઓ બદલી નાખીને યોગ્ય રીતે નોકરી પણ કરવા ન દેતા હોવાનો આક્ષેપ કરાયો હતો. દરમિયાન રાજેશ યાદવ નામના પીએસઆઈએ પણ પોલીસ કંટ્રોલમાં ફોન કરીને ફરિયાદ કરી હતી કે, પીઆઈ કે.ડી. જાટના ત્રાસથી કંટાળી ગયો છું વારંવાર અભદ્ર શબ્દોનો પ્રયોગ કરીને અપમાનિત કરે છે. જેથી માનસિક તણાવ અનુભવું છું અને કંટાળી ગયો છું.

### અમદાવાદના ભાડજ સર્કલ પાસે પોલીસની રેડ

# પોલીસ દારૂ પકડવા ગઈ ને ત્યાં IPL પર સટ્ટો રમાડતો યુવક પણ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

પોલીસના દરોડામાં બુટલેગરની સાથે આઈપીએલનો સટ્ટો અને વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. આધુનિક ટેકનોલોજીના યુગમાં ફાસ્ટ અપડેટ થવાની સાથે વસ્તુ ઝડપી બનીને તૈયાર થઈ જાય છે. એવીજ રીતે ઝડપી પૈસા કમાઈને વહેલા માલદાર બનવાની ઘેલછા આજની યુવા પેઢીને ગેરમાર્ગે દોરી જતી હોય છે,એવા કેટલાય બનાવો રોજ બરોજ સામે આવતા હોય છે. તાજેતરમાં જ બનાવ બન્યો જેમાં શહેરના ભાડજ સર્કલ પાસે આવેલા વિવાન્તા હાઈટ્સમાંથી પોલીસને દારૂનો જથ્થો મળી આવ્યો હતો. સૂત્રો દ્વારા પીસીબીના સ્ટાફને બાતમી મળી હતી કે ભાડજ સર્કલ પાસે આવેલા વિવાન્તા હાઈટ્સમાં ૧૦૨ નંબરની શોપમાં દારૂનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે. જેના આધારે તપાસ કરતા પાંચ બોટલ દારૂ મળી આવ્યો હતો. જે અંગે જીગર પટેલની પુછપરછ કરતા તે દારૂનો જથ્થો છારાનગરમાંથી લાવ્યો હોવાનું જાણવા મળ્યું હતુ. જીગરની સાથે પોલીસને કામેશ દરજી નામનો યુવક હાજર હતો. શંકાને આધારે તેનો મોબાઈલ ફોન તપાસતા તે આઈપીએલ પર સટ્ટો રમાડતો હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં તે ગ્રાહકોની યાદી સાથે સોદો કરતો હતો. સટ્ટા માટેનું આઈડી તેણે સોશિયલ મિડીયાથી સંપર્કમા આવેલા વ્યક્તિ પાસેથી ખરીદી કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે સોલા પોલીસ મથકે ગુનો નોંધીને પોલીસે તપાસ શરૂ કરી છે.

# CBSEનું ધોરણ-૧૦નું રાજ્યનું ૯૭.૭૩ ટકા, દેશનું ૯૩.૬૦ ટકા પરિણામ

## રાજ્યના વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧.૧૪ ટકા જેટલું વધુ આવ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ-૧૦નું પરિણામ પણ જાહેર કરાયું છે. જેમાં રાજ્યનું પરિણામ ૯૭.૭૩ ટકા આવ્યું છે. સમગ્ર દેશનું પરિણામ ૯૩.૬૦ ટકા આવ્યું છે, જેની સરખામણીમાં રાજ્યનું પરિણામ ૪.૧૩ ટકા પરિણામ વધુ આવ્યું છે. રાજ્યમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧.૧૪ ટકા જેટલું ઊંચુ આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા ધોરણ-૧૨ના પરિણામ સાથે ધોરણ-૧૦નું પરિણામ પણ સોમવારે જાહેર કરાયું છે. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. ધોરણ-૧૦માં સમગ્ર રાજ્યમાંથી ૨૨૪૮૫ વિદ્યાર્થીઓ અને ૧૬૪૬૧ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૩૮૯૪૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષા વખતે ૨૨૪૨૫ વિદ્યાર્થીઓ અને ૧૬૪૧૯ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૩૮૮૪૪ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન, સોમવારે જાહેર કરાયેલા પરિણામમાં ૨૧૮૦૮ વિદ્યાર્થીઓ અને ૧૬૧૫૫ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૩૭૯૬૩ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, વિદ્યાર્થીઓનું પરિણામ ૯૭.૨૫ ટકા, વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૮.૩૯ ટકા અને રાજ્યનું એકંદરે પરિણામ ૯૭.૭૩ ટકા આવ્યું છે. ધોરણ-૧૦ના પરિણામમાં રાજ્યની સરકારી સ્કૂલોનું પરિણામ ૯૫.૫૬ ટકા, ખાનગી સ્કૂલોનું પરિણામ ૯૭.૫૬ ટકા, જવાહર નવોદય વિદ્યાલયનું પરિણામ ૯૯.૬૩ ટકા અને કેન્દ્રીય વિદ્યાલયનું પરિણામ ૯૯.૨૩૦ ટકા જેટલું આવ્યું છે. અમદાવાદ શહેરની મોટાભાગની સ્કૂલોનું ધોરણ-૧૦નું પરિણામ પણ ૧૦૦ ટકા જેટલું રહેવા પામ્યું છે. ઘણા વિદ્યાર્થીઓ ૯૦ ટકા કરતા વધુ ગુણ લાવવામાં સફળ રહ્યા હોવાનું પણ જાણવા મળે છે.

### રાજ્યના કાર્યકારી મુખ્ય સચિવને

# વરસાદથી સર્જાયેલી સ્થિતિની સમીક્ષા હાથ ધરવા દિશાનિર્દેશ આપતા મુખ્યમંત્રી

અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે અચાનક વાતાવરણમાં પલટો આવતા વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડયો હતો. જ્યારે આગામી ૧૬મી સુધી અનેક સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે વરસાદ અને પવન ફુંકાવાથી સર્જાયેલી સ્થિતિની સમીક્ષા તાત્કાલિક હાથ ધરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાર્યકારી મુખ્ય સચિવ સુનયના તોમરને દિશાનિર્દેશ આપ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં આજે સાંજે વરસાદ અને પવન ફુંકાવાથી સર્જાયેલી સ્થિતિની સમીક્ષા તાત્કાલિક હાથ ધરવા કાર્યકારી મુખ્ય સચિવ સુનયના તોમરને દીશાનિર્દેશ આપ્યા હતા.

મુખ્યમંત્રીના આ દિશાનિર્દેશને પગલે સુનયના તોમરે અસરગ્રસ્ત જિલ્લાના કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સ યોજીને તેમના જિલ્લામાં થયેલા વરસાદ, પવન અને વીજળીની સ્થિતિ વગેરેની તલસ્પર્શી મહિતી મેળવી હતી. તેમણે જિલ્લા તંત્રવાહકોને એલર્ટમોડ પર રહેવા અને હવામાન વિભાગની આગાહી અનુસાર આગોતરા આયોજન માટે પણ માર્ગદર્શન આપ્યુ હતું. રાહત કમિશનર આલોક પાંડેએ આ સમિક્ષા બેઠકની વિગત આપતા કહ્યું કે, રાજ્યમાં કુલ ૪૧ તાલુકાઓમાં બે (૨) મિલિમીટર થી લઈને ૩૮ મિલિમીટર જેટલો વરસાદ વરસ્યો છે. વરસાદ સાથે પવનની ગતિ પણ વધી હતી અને વીજળી પડવાને કારણે રાજ્યમાં બે માનવ મૃત્યુ નોંધાયા છે. પવનને કારણે ૨૪૯ ગામોમાં વીજ પુરવઠાને અસર પડી હતી, તે તાત્કાલિક પૂર્વવત કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તથા જિલ્લાઓના કંટ્રોલરૂમ સતત કાર્યરત રહે તેમજ ક્યાંય જાનહાની ન થાય અને માલ-મિલકતને ઓછામાં ઓછું નુકશાન થાય તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા પણ કાર્યકારી મુખ્ય સચિવને સુચના આપી છે.

### ભાજપની અમદાવાદ શહેરમાં ચોમાસામાં પાણી નહીં ભરાય તેવી વાતો માત્ર જુમલા : વિપક્ષ નેતા


# ૧૪૬ વોટર લોગિંગ સ્પોટ પૈકી એક પણ સ્પોટ ઉપર પાણી ભરાશે તો કોંગ્રેસ મેયરનું રાજીનામુ માંગશે

## ચોમાસામાં વ્હાઈટ ટોંપિગ રોડ પાણી ભરાવવાનું મુખ્ય કારણ બની રહે તેવી પૂરેપૂરી સંભાવના

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં ચોમાસા દરમ્યાન પ્રજાને પડતી મુશ્કેલીઓ તેમજ તેમની ફરિયાદોના નિકાલ માટે પ્રી-મોન્સુન એકશન પ્લાન દર વર્ષે તૈયાર કરવામાં આવે છે. છતાં કોઈ અસરકારક પરિણામ આવતુ નથી આવી પરિસ્થિતિનો કારણે પ્રિ-મોન્સુન એકશન પ્લાન કાગળ પર જ રહેવા પામે છે. અથવા નિષ્ફળ જાય છે આવી જ પરિસ્થિતિનું દર વર્ષે પુનરાવર્તન થાય છે તેમ આ વખતે પણ પાણી નહીં ભરાય તેવી ભાજપના સત્તાધીશોની વાતો માત્ર જુમલા સમાન બની રહેવા પામશે તેવી પૂરેપૂરી સંભાવના છે. ભાજપના સત્તાધીશો દ્વારા અમદાવાદ શહેરમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યાના કાયમી ઉકેલ બાબતે રૂા.૩૦૦૦ કરોડની વર્લ્ડ બેંક પાસેથી લોન લીધેલ અને તે સમયે ખોટા બણગા ફુંકીને પોકળ દાવા કરેલ કે, આ કામો થવાથી હવે અમદાવાદ શહેરમાં વોટર લોગિંગની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેવા ખોટા બણગા ફુંકેલ હતા તેમજ આ વર્ષે ચોમાસા દરમ્યાન વ્હાઈટ ટોંપિંગ રોડ પાણી ભરાવવા બાબતનું મુખ્ય કારણ બની રહે તેની નવાઈ નહીં. વરસાદ દરમ્યાન કોંગ્રેસ પક્ષ ૧૪૬ વોટર લોગિંગ સ્પોટની મુલાકાત લઈ સ્થળ તપાસ કરશે જો ત્યાં પાણી ભરાયેલા હોવાનું માલુમ પડશે તો કોંગ્રેસ પક્ષને મેયરનું રાજીનામું માગવાની ફરજ પડશે હજુ તો ચોમાસાની સીઝન શરૂ થવાની વાર છે ત્યારે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કાર્યવાહી કરી આગામી ચોમાસાની સીઝનને તેમજ પાણી ના ભરાય તે બાબતને ધ્યાનમાં રાખી પ્રિ-મોન્સુન એકશન પ્લાનની નક્કર કામગીરી તાકીદે કરવા કોંગ્રેસ પક્ષની માગણી છે. આ બાબતે દુ:લક્ષ સેવવામાં આવશે તો કોંગ્રેસ પક્ષ ઉગ્ર આંદોલન કરશે એમ વિપક્ષ નેતાએ જણાવ્યું હતું.

### એફ.ડી. હાઈસ્કૂલ ફોર બોયઝના ચિત્ર શિક્ષકનું સુરત મુકામે સન્માન



અમદાવાદ,તા.૧૩

એફ.ડી. હાઈસ્કૂલ ફોર બોયઝના ચિત્ર શિક્ષક એસ.એ. પઠાણનું કલા શિક્ષક સંઘ ગુજરાત રાજય તરફથી સંનિષ્ઠ ચિત્ર શિક્ષક તરીકે પ્રફુલભાઈ સી. પાનસેરીયા (રાજય કક્ષાના મંત્રી, સંસદીય બાબતો) દ્વારા કામરેજ, સુરત મુકામે સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં એફ.ડી. શાળા પરિવારનું નામ રોશન કરનાર એસ.એ. પઠાણને એફ.ડી. હાઈસ્કૂલ ફોર બોયઝના આચાર્ય ઝેડ.એમ. મન્સુરી તેમજ સમગ્ર શિક્ષક ગણોએ બિરદાવ્યા હતા.

# એસજી હાઈવે પર કારે અડફેટે લેતા ૧૫ વર્ષીય કિશોરનું મોત

## રોડ પર ઊભો હતો ત્યારે ઈકો કાર ૨૦૦ મીટર ઢસડી ગઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં અવારનવાર અકસ્માતો સર્જાતા રહે છે. તેમાં પણ એસજી હાઈવે પર વધુ અકસ્માતો થાય છે. અગાઉ ૧૦ મેના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે થયેલા અકસ્માતમાં ૧૫ વર્ષીય વિદ્યાર્થી અમનનું મોત નીપજ્યું હતું. જેમાં પૂરઝડપે જઈ રહેલી એક ઈકો ગાડીએ અમનને ૨૦૦ મીટર જેટલો ઢસડતા તે ગંભીરપણે ઘાયલ થયો હતો. સોલા સિવિલ હોસ્પિટલની બનેલા આ બનાવમાં માતા-પિતા વગરના અમનનું સોલા સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પરિવારે હોસ્પિટલમાં પુરતી સુવિધા ન હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે.બીજીતરફ પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. જેમાં પોલીસે ઈકો કાર કબ્જે કરી છે, જ્યારે તેનો ચાલક ફરાર છે. પોલીસે તેની શોધખોળ કરી રહી છે.

અમદાવાદના રબારી કોલોની વિસ્તારમાં રહેતો અમન સવારે ૯ વાગ્યે ઘરેથી નીકળી મેટ્રોમાં એસજી હાઈવે ઉપર આવેલી આરસી ટેક્નિકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે જતો હતો. રોજની જેમ શુક્રવારે સવારે પણ કોલેજ પહોંચ્યો હતો. આ દરમિયાન અમન મિત્ર સાથે હાઈવે સાઈડની બાજુ રોડ પર કરવામાં આવેલા સફેદ પટ્ટાની અંદરની સાઈડ ઊભો હતો. તે સમયે પૂરપાટ ઝડપે એક ઈકો ગાડી અમનને ઢસડીને ૨૦૦ મીટર દૂર સુધી લઈ ગઈ હતી. બમ્પ આવતાં ગાડી ઊછળતા આગળ અને પાછળના ટાયર અમનની છાતી પરથી ફરી વળ્યાં હતાં. જેમાં અમનના પીઠના ભાગની ચામડી ઊખડી ગઈ હતી.

આ બનાવ નજીકના એક ઢાબા પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. અકસ્માત થતા લોકો દોડી આવ્યા હતા અને અમનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. તેના મિત્રને પણ સામાન્ય ઈજા પહોંચી હતી. ઈકો ગાડીના ચાલકે ફક્ત અમન અને તેના મિત્રને જ નહીં પરંતુ અન્ય બાઈકચાલકને પણ અડફેટે લીધો હતો. આ દરમિયાન અમન સંપૂર્ણ ભાનમાં હતો, પરંતુ સોલા સિવિલ હોસ્પિટલમાં ૪૫ મિનિટ સુધી ગ્લુકોઝની બોટલ ચઢાવવામાં આવી હતી. બાદમાં પૂરતાં સાધનોના અભાવે તેને અસારવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવા આવ્યો હતો. આવું અમનની પિતરાઈ બહેન મયૂરી ચિતારાનું કહેવું છે.

# દાંડીના દરિયામાં લાપતા બનેલ એક જ પરિવારના ચાર સભ્યોની લાશ મળી આવી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૩

નવસારીના દાંડીના દરિયાકાંઠે રવિવારની રજામાં ફરવા આવેલા ત્રણ પરિવારના ૭ લોકો દરિયાના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પોલીસ જવાનો અને હોમગાર્ડે ગઈકાલે ૩ લોકોને ઉગારી લીધા હતા. જ્યારે માતા અને બે પુત્રો સહિત એક જ પરિવારના ચાર લોકો લાપતા હતા. જે તમામના આજે મૃતદેહ હાથ લાગ્યા છે. એક જ પરિવારના ચાર લોકોનાં મોત થતાં શોકનો માહલો છવાયો છે. બીજી તરફ આ પરિવારનો મોત પહેલાંનો અંતિમ વીડિયો સામે આવ્યો છે. દરિયામાં મોજ માણવા આવેલા પરિવારના સભ્યોને ક્યાં ખબર હતી કે, આ તેની જિંદગીનો અંતિમ દિવસ છે. પરિવારના સભ્ય મહેન્દ્ર ભાટીએ જણાવ્યું કે, દાંડીના દરિયામાં ડૂબી ગયેલા ચાર પૈકી ત્રણ બાળકો તરૂણ વયના છે. જેમાં યુવરાજ બે દિવસ અગાઉ ધો.૧૨ના બોર્ડની પરીક્ષામાં ૭૦ ટકા ડિસ્ટ્રિક્શન ગુણ મેળવી પાસ થયો હતો. તેનો નાનો ભાઈ દેવરાજ ધો.૮માં અભ્યાસ કરતો હતો. જ્યારે તેની માતા સુશીલાબેન ઘર અને કરિયાણાની દુકાન સંભાળતા હતા. સુશીલાબેનની બહેનની બે પુત્રી પૈકી દુર્ગા કે જેઓ માસીના ઘરે રાજસ્થાનના ભીલવાડાથી વેકેશનમાં ફરવા આવી હતી. આ ચારેય જણા લાપતા બન્યા બાદ બેના મૃતદેહ દાંડીની ખાડીમાં તો બે લોકોના મૃતદેહ નદીની ખાડીમાંથી મળી આવ્યા છે. દુર્ગાની મોટી બહેન રેખા પરિણીત છે. બંને બહેનો વતન પરત જવાની હોવાથી તેઓ દાંડી ફરવા આવ્યા હતા. જ્યારે રેખા અને તેના માસા ગોપાળભાઈનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વધુમાં જણાવ્યું કે, ગોપાલભાઈના બંને બાળકો ખૂબ હોશિયાર હતા. તેમાંથી મોટો યુવરાજ રાજસ્થાન ભણતો હતો અને વેકેશન કરવા આવ્યો હતો. એના પિતાના સપના સાકાર કરવાની એ વાત કરતો હતો. નાનો પુત્ર દેવરાજ આઠમાં ધોરણમાં ભણતો હતો. પરિવારની ગરીબ સ્થિતિ છે. ગોપાલભાઈ નાનકડી કરિયાણાની દુકાન અને દૂધ ડેરીનો ટેમ્પો ચલાવે છે. નાનકડો રોજગાર કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. બંને બાળકોને પોતાના માતા-પિતા પ્રત્યે બહુ લાગણી હતી. વધુમાં પ્રાંત અધિકારી જનમ ઠાકોરે જણાવ્યું કે, દાંડી બીચ ખાતે એક દોઢથી પોણા બે વાગ્યાના અરસામાં સાત લોકો દરિયામાં તણાઈ ગયા હતા. તે પૈકી ૪ ડૂબી ગયા છે તેવા સમાચાર આવ્યા હતા. આ ખબર મળતા જ ત્યાં જે હોમગાર્ડ ડ્યુટી પર હતા તે લોકો દરિયામાં બચાવની કામગીરીમાં જોતરાયા હતા. ચાર લોકોમાં ખડસૂપા ખાતે રહેતા એક જ કુટુંબના પત્ની અને બે બાળકો ડૂબી ગયા હતા, તેમને શોધવા માટે નવસારી વિજલપુર નગરપાલિકાના ફાયર વિભાગ તેમજ સ્થાનિક પોલીસની ટીમ કામે લાગી હતી. સ્ટેટ ડિઝાસ્ટરની ટીમ પણ ગાંધીનગરથી વહેલી સવારે નવસારી પહોંચી હતી. તેમણે પણ મૃતદેહને શોધવા માટેની કામગીરી આરંભી હતી. રાતભર શોધખોળ કરવા છતાં પણ મૃતદેહ મળ્યા ન હતા. જે બાદ વહેલી સવારે ચાર વાગ્યાથી લઈને ૯:૦૦ વાગ્યાની વચ્ચે ચારેયના મૃત્યદેહ મળી આવ્યા છે. તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવીને પોસ્ટમોર્ટમની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારબાદ તમામ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

# ઈઝરાયેલી અધિકારીઓ માટે ધરપકડ વોરંટ જારી કરવા ICCની વિચારણા

(એજન્સી) તા.૧૩

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ, યુદ્ધ પ્રધાન યોવ ગાલાન્ટ અને ચીફ ઑફ સ્ટાફ હરઝી હલેવી જેવા ઝાયોનિસ્ટ અધિકારીઓ માટે ધરપકડ વોરંટ જારી કરવા પર વિચાર કરી રહી છે. ઈઝરાયેલી અધિકારીઓ ધરપકડ વોરંટ, તેમજ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ) દ્વારા નવા યુદ્ધવિરામના આદેશથી ચિંતિત છે, જે દક્ષિણ ગાઝા શહેર રાફાહમાં નરસંહાર કરવાની તેમની યોજનાઓને અસર કરશે. સમાચાર મુજબ "ઈઝરાયેલમાં ધારણા એ છે કે હેગમાં આવેલી ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ રાફાહમાં ઈઝરાયેલ સંરક્ષણ દળોની કામગીરી માટે યુદ્ધવિરામનો આદેશ આપશે અને તેથી ઈઝરાયેલી અધિકારીઓ આ પગલાને રોકવા માટે લડી રહ્યા છે." ઈઝરાયેલી આઉટલેટે જણાવ્યું કે, "લગભગ અડધા ન્યાયાધીશોએ રાફાહમાં ઓપરેશન પહેલા જ આદેશ જારી કરવાનું વિચાર્યું હતું, પરંતુ તેને કોઈ અમેરિકન સમર્થન નથી," ઈઝરાયેલી આઉટલેટે જણાવ્યું હતું. દક્ષિણ આફ્રિકાએ શુક્રવારે ICJને શાસન વિરૂદ્ધ વધારાના આદેશો જારી કરવાની વિનંતી કરી, કારણ કે કોર્ટ દ્વારા પહેલાથી જ લીધેલા પગલાં ગાઝાના સંજોગોને સંબોધતા નથી. આફ્રિકન દેશે ચેતવણી આપી કે રાફાહ શહેર સામે ઈઝરાયેલી શાસનની ઝુંબેશ ગાઝામાં માનવતાવાદી પુરવઠો અને મૂળભૂત સેવાઓ, પેલેસ્ટીની તબીબી પ્રણાલીના અસ્તિત્વ અને પેલેસ્ટીનીઓના અસ્તિત્વ માટે ભારે ખતરો છે. ગાઝા પટ્ટીમાં શાસનના યુદ્ધના સંબંધમાં ઈઝરાયેલી શાસન સામે દક્ષિણ આફ્રિકાના નરસંહારનો કેસ પ્રથમ વખત ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ICJ સમક્ષ લાવવામાં આવ્યો હતો.




# લેબેનોનના હિઝબુલ્લાહનું કહેવું છે કે ઘાતક હુમલા પછી ઈઝરાયેલ પર રોકેટ છોડવામાં આવ્યા

(એજન્સી) તા.૧૩

લેબેનોનના ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ સમૂહે જણાવ્યું કે તેણે શુક્રવારે ઈઝરાયેલ પર કત્યુશા રોકેટ છોડ્યા જે હુમલાના જવાબમાં રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે દેશના દક્ષિણમાં બે લોકો મૃત્યુ પામ્યા છે.

૭ ઑક્ટોબરના રોજ પેલેસ્ટીની સમૂહે દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો કર્યો ત્યારથી ઈઝરાયેલ અને હમાસના સાથી હિઝબુલ્લાહ વચ્ચે લગભગ દરરોજ ક્રોસ બોર્ડર ગોળીબાર થાય છે.

જૂથે એક નિવેદનમાં જણાવ્યું કે, હિઝબુલ્લાહ લડાકુઓએ ઈઝરાયેલના દુશ્મન દ્વારા નાગરિકો પરના હુમલાના જવાબમાં "ઈઝરાયેલની ઉત્તરે" કાત્યુશા રોકેટની શ્રેણીબદ્ધ ફાયરિંગ કર્યું હતું, જે તાજેતરમાં તાયર હાર્ફામાં છે.

એક અલગ નિવેદનમાં, સમૂહે ઉત્તર ઈઝરાયેલમાં લશ્કરી થાણા પર રોકેટ હુમલાનો પણ દાવો કર્યો હતો, બાદમાં જણાવ્યું કે તેના લડાકુઓએ બેઝ પરના નુકસાનનું મૂલ્યાંકન કરતા સૈનિકો પર "ડઝનેક કત્યુશા રોકેટ" વડે બીજો હુમલો કર્યો હતો. અગાઉ શુક્રવારે, લેબેનોનની નેશનલ ન્યૂઝ એજન્સી (NNA) એ જણાવ્યું કે હિઝબુલ્લાહ-સાથી ચળવળ સાથે જોડાયેલા બચાવ સમૂહમાંથી પ્રથમ પ્રતિસાદ આપનાર અને ટેલિકોમ્યુનિકેશન ટેકનિશિયનનું મૃત્યુ થયું હતું "ટાયર હાર્ફા પર ઈઝરાયેલી આક્રમણના પરિણામે." બચાવકર્તા રિસાલા સ્કાઉટ એસોસિએશનના હતા, જે શિયા અમલ ચળવળ સાથે જોડાયેલા હતા, જ્યારે ટેકનિશિયન પાવર ટેક માટે કામ કરતા હતા, જે ખાનગી મોબાઈલ સેવા પ્રદાતા ટચ માટે જાળવણી પૂરી પાડે છે. એનએનએએ જણાવ્યું કે, તેઓએ લેબેનોનમાં યુનાઈટેડ નેશન્સ પીસકીપિંગ મિશન અથવા UNIFIL પાસેથી પરવાનગી માંગી હતી. રિસાલા સ્કાઉટ એસોસિએશન



જે દક્ષિણ લેબેનોનમાં કાર્યરત છે, જણાવ્યું કે બચાવ કાર્યકર ત્યારે મૃત્યુ પામ્યા જ્યારે તેની ટીમે ઈઝરાયેલી બોમ્બમારો હેઠળ આવી ગયેલી સાઈટની મુલાકાત લીધી. એક નજીકના સૂત્રએ જણાવ્યું કે આ હુમલો ટાયર હાઈફા ખાતે જાળવણી કાર્ય હાથ ધરતી ટીમ પર થયો હતો. અમે તેમની સાથે સંપર્ક ગુમાવી દીધો કારણ કે સ્ટેશન પર હુમલો કરવામાં આવ્યો હતો. લેબેનોનમાં સાત મહિનાની સીમાપાર હિંસામાં ઓછામાં ઓછા ૪૦૨ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગે આતંકવાદીઓ છે પરંતુ ૭૯ નાગરિકો પણ છે.

ઈઝરાયેલનું કહેવું છે કે તેની સરહદની બાજુએ ૧૪ સૈનિકો અને નવ નાગરિકો મૃત્યુ પામ્યા છે. આ અઠવાડિયે ત્રણ સૈનિકો મૃત્યુ પામ્યા. બંને બાજુથી હજારો લોકો વિસ્થાપિત થયા છે.

# સ્પેન અને આયરલેન્ડ ૨૧ મેએ પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપશે

(એજન્સી) તા.૧૩

યુરોપીય સંઘના વિદેશ નીતિ પ્રમુખ જોસેપ બોરેલે જણાવ્યું કે સ્પેન, આયરલેન્ડ અને અન્ય યુરોપીય સંઘના સભ્ય દેશ ૨૧ મેએ પેલેસ્ટીન રાજયને માન્યતા આપવાની યોજના બનાવી રહ્યું છે. આ પૂર્ણ સભ્ય બનવા માટે પેલેસ્ટીની પ્રયાસ પર શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રમાં સંભવિત મતદાન પહેલા આવ્યું છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેજે જણાવ્યું હતું કે સ્લોવેનિયા અને માલ્ટાની સાથે સ્પેન અને આયરલેન્ડ કાયમી શાંતિ માટે બે રાજય સમાધાનને જરૂરી માન્યતા ઈઝરાયેલની સાથે પેલેસ્ટીની રાજયની માન્યતાની દિશામાં પ્રથમ પગલું ભરવા પર સંમત થયા હતા. સ્થાનિક સ્પેનિશ રેડિયો સ્ટેશન આરએનઈ પર આ પૂછવા પર કે શું ૨૧ મે તે દિવસ છે જયારે સ્પેન, આયરલેન્ડ અને અન્ય યુરોપીય સંઘના દેશ પેલેસ્ટીન રાજયને માન્યતા આપશે. બોરેલે સ્લોવેનિયાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ રાજનૈતિક પ્રકૃતિનું એક પ્રતિકાત્મક કાર્ય છે. એક રાજયથી વધુ આ તે રાજયના અસ્તિત્વની ઈચ્છાને માન્યતા આપે છે. તેમણે જણાવ્યું કે બેલ્જિયમ અને અન્ય દેશ કદાચ તેનું અનુસરણ કરશે. આ પહેલા સ્પેનના વિદેશ મંત્રી જોસ મેનુઅલ અલ્બેરેસે જણાવ્યું હતું કે માન્યતા પર નિર્ણય થઈ ચુકયો છે. જો કે તેમણે કોઈ તારીખ બતાવી નથી. ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં મૃત્યુ પામનારાઓની સંખ્યાની સાથે સાથે ગાઝા પર યુદ્ધવિરામ અને યુદ્ધને કાયમી રીતે સમાપ્ત કરવા માટે આંતરરાષ્ટ્રીય આહવાન પણ વધી ગયું છે.



# સંયુક્ત રાષ્ટ્ર નિષ્ણાતોએ ઈઝરાયેલને રફાહ પર આક્રમણ બંધ કરવાનો આગ્રહ કર્યો

(એજન્સી) તા.૧૩

સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતોના એક સમૂહે શુક્રવારે ઈઝરાયેલને પોતાના રફાહ ગ્રાઉન્ડ ઓપરેશનને રોકવાનું આહવાન કર્યું. ચેતવણી આપી કે લોકોને બળજબરીપૂર્વક સ્થળાંતરણ પેલેસ્ટીનીઓને ગંભીર રીતે હતાશ માનવીય પરિસ્થિતિઓમાં ધકેલી દે છે.

નિષ્ણાતોએ એક નિવેદનમાં જણાવ્યું કે લાંબા સમયથી જોખમમાં રહેલા આક્રમણને પહેલાંથી નક્કી તારણ તરીકે જોવું જોઈએ નહીં. ઈઝરાયેલે આ હુમલા રોકવા પડશે.

નિષ્ણાંતોએ આ વાત પર ભાર આપ્યો કે રફાહ ઘૂસણખોરી એક કબજાવાળી શક્તિ તરીકે ઈઝરાયેલની ફરજોનું વધુ પ્રમુખ ઉલ્લંઘન હતું.

તેમણે જણાવ્યું કે ઈઝરાયેલ દ્વારા જારી કરવામાં આવેલા કોઈપણ નિકાસી આદેશો આંતરરાષ્ટ્રીય માનવીય કાયદા તરીકે ના માની શકાય અને જણાવ્યું કે નિકાસી આદેશો અથવા સૈન્ય અભિયાનોના માધ્યમથી ગાઝાની વસ્તીનું વિસ્થાપિત આંતરરાષ્ટ્રીય ન્યાયાલય દ્વારા ઈઝરાયેલ પર લગાવવામાં આવેલા અડચણ સ્વરૂપ અંતિમ ઉપાયોનું ઉલ્લંઘન છે. નિષ્ણાંતો મુજબ અલ મવાસીનું તથાકથિત વિસ્તારિત માનવીય ક્ષેત્ર જ્યાં ઈઝરાયેલી સેનાએ વિસ્થાપિતોને જવાના નિર્દેશ આપ્યા છે. પહેલાથી જ પૂરતા ભોજન, પાણી, દવા, સ્વચ્છતા, ઉત્પાદન, વીજળી, ઘર અને શિક્ષણ સુધી પહોંચ વિના રહે છે. તેમણે ચેતવણી આપી કે આ વસ્તી મુશ્કેલીઓનો સામનો નથી કરી શકતી રફાહના નાગરિકો વધુ પડતી મહિલાઓ અને ૬,૦૦,૦૦૦થી વધુ બાળકો જેમાં ઘાયલ બાળકો પણ સામેલ છે. તેનું બળજબરીપૂર્વક સ્થળાંતરણ સંપૂર્ણ ગાઝામાં પેલેસ્ટીનીઓ ગંભીર રીતે હતાશ માનવી પરિસ્થિતિમાં ધકેલી દે છે.



# સંયુક્ત રાષ્ટ્ર એજન્સીઓએ ચેતવણી આપી કે ગાઝા સહાય થોડા દિવસોમાં અટકી શકે છે

(એજન્સી) લંડન, તા.૧૩

સંયુક્ત રાષ્ટ્ર સહાય એજન્સીઓએ શુક્રવારે ચેતવણી આપી કે ખાદ્ય અને બળતણના ઘટતા પુરવઠાને કારણે ગાઝામાં સહાયની કામગીરી થોડા દિવસોમાં બંધ થઈ શકે છે. કારણ કે, મહત્ત્વપૂર્ણ ક્રોસિંગ બંધ રહે છે, હોસ્પિટલોને બંધ કરવાની ફરજ પડે છે અને કુપોષણમાં વધારો થાય છે.

માનવતાવાદી કાર્યકરોએ આ અઠવાડિયે રફાહ અને કેરેમ શાલોમ ક્રોસિંગને રફાહમાં ઈઝરાયલની લશ્કરી કાર્યવાહીના ભાગરૂપે મદદ કરવા અને લોકોને બંધ કરવા અંગે ચિંતા વ્યક્ત કરી છે, જ્યાં ૧૦ લાખથી વધુ વિસ્થાપિત લોકો આશ્રય આપી રહ્યા છે.

રફાહમાં મર્યાદિત ઓપરેશનમાં ઈઝરાયેલી સૈન્યની સહાયનો હેતુ લડાકુઓને મારવા અને ઘેરાયેલા પેલેસ્ટીની પ્રદેશને નિયંત્રિત કરતા હમાસ દ્વારા ઉપયોગમાં લેવાતા માળખાકીય સુવિધાઓનો નાશ કરવાનો છે.

ગાઝા પટ્ટીમાં સંયુક્ત રાષ્ટ્ર ICEFના વરિષ્ઠ કટોકટી સંયોજક હેમિશ યો ઉંગે જણાવ્યું કે, 'પાંચ દિવસથી ગાઝા પટ્ટીમાં કોઈ બળતણ અને વર્ચ્યુઅલ રીતે કોઈ માનવતાવાદી સહાય આવી નથી અને અમે બેરલના તળિયાને સમાપ્ત કરી રહ્યા છીએ.'

તેમણે જણાવ્યું કે, વસ્તી અને તમામ માનવતાવાદી કામદારો માટે આ પહેલેથી જ એક મોટો મુદ્દો છે, પરંતુ થોડા દિવસોમાં જો સંબોધવામાં ન આવે તો બળતણની અછત માનવતાવાદી કામગીરીને અટકાવી શકે છે.

તેમણે જણાવ્યું કે, પાછલા પાંચ દિવસમાં ૧,૦૦,૦૦૦થી વધુ લોકો રફાહમાંથી ભાગી ગયા છે. મુખ્ય ઈઝરાયેલી સમર્થક યુનાઈટેડ સ્ટેટ્સ સહિત વિશ્વભરના દેશોએ ઈઝરાયેલને વિનંતી કરી છે કે, તેઓ મોટા નાગરિકોના નુકસાનની આશંકા દર્શાવીને રફાહમાં તેના ગ્રાઉન્ડ આક્રમણને લંબાવશે નહીં.

ગાઝા પટ્ટીમાં યુનિસેફના વરિષ્ઠ કટોકટી સંયોજક હેમિશ યંગે આગ્રહ કર્યો કે, રફાહ પર 'આક્રમણ ન કરવું જોઈએ' અને



ગાઝા પટ્ટીમાં તાત્કાલિક બળતણ અને સહાય માટે આહ્વાન કર્યું. તેમણે જણાવ્યું કે, આશ્રયસ્થાનો પહેલાથી જ અલ-માવાસીના રેતીના ટેકરાઓ પર લાઈન લગાવે છે અને હવે તંબુઓ અને તાડપત્રીઓ વચ્ચે ખસેડવું મુશ્કેલ બની રહ્યું છે.

શુક્રવારે વહેલી સવારે ગાઝા પટ્ટીમાં એએફપીના પત્રકારોએ ઈજિપ્ત સાથેની પ્રદેશની દક્ષિણ સરહદ પર રફાહ પર તોપખાનાના હુમલા જોયા.

# ૨૧મી સદીનું સૌથી મોટું વિદ્યાર્થી આંદોલન : વૈશ્વિક કેમ્પસમાં પેલેસ્ટીન તરફી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે

## પેલેસ્ટીનના સમર્થનમાં વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના સામૂહિક વિરોધ લગભગ તમામ ખંડોમાં થઈ રહ્યો છે

(એજન્સી) તા.૧૩

વિશ્વભરના કોલેજ કેમ્પસ ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધ સામે વિરોધનું કેન્દ્ર બની ગયા છે. યુ.એસ. અને કેનેડાથી માંડીને યુરોપીયન રાષ્ટ્રો અને ઑસ્ટ્રેલિયા અને જાપાન જેવા દેશો અને વિશ્વના દરેક ખૂણામાં આ વિરોધ થઈ રહ્યો છે. છેલ્લા ઑક્ટોબરથી ઈઝરાઈલના યુદ્ધ સામે સતત વિરોધ થઈ રહ્યો છે, અને પેલેસ્ટાઈનના સમર્થનમાં વિદ્યાર્થીઓની આગેવાની હેઠળ સામૂહિક વિરોધ વધી રહ્યો છે. ન્યુ યોર્ક યુનિવર્સિટીના પ્રોફેસર રોબર્ટ કોહેને તેને '૨૧મી સદીની સૌથી મોટી વિદ્યાર્થી ચળવળ' ગણાવી હતી. તેમણે કહ્યું કે, આ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આ યુદ્ધ વિદ્યાર્થીઓને પરેશાન કરી રહ્યું છે તેનું પ્રતિબિંબ છે, યુએસએ તેની લશ્કરી સહાય અંગે વધુ સાવચેત રહેવું જોઈએ.

આ વિશાળ વિદ્યાર્થી ચળવળ યુ.એસ.ની કોલંબિયા યુનિવર્સિટીમાં શરૂ થઈ હતી, જ્યાં વિદ્યાર્થીઓએ ગાઝા પર ઈઝરાયેલના ઘાતક હુમલાની નિંદા કરવા અને યુનિવર્સિટી વહીવટીતંત્રને ઈઝરાયેલ સાથે જોડાયેલી તમામ કંપનીઓમાંથી છૂટા કરવાની માંગ કરવા એપ્રિલમાં છાવણીઓ ગોઠવી હતી. ત્યારથી, દેશભરની ૧૩૦ થી વધુ યુનિવર્સિટીઓમાં આ છાવણીઓ છે. તેમાં હાર્વર્ડ, યેલ, સ્ટેનફોર્ડ, એમઆઈટી અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, લોસ એન્જલસ જેવી ડઝનેક કોલેજો અને યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. યુએસ સત્તાવાળાઓએ શાંતિપૂર્ણ વિરોધ કરનારાઓ પર હિંસક કાર્યવાહી શરૂ કરી છે, જેના કારણે હજારો લોકોની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર યુ.એસ.માં ઓછામાં ઓછા ૬૧ કોલેજ કેમ્પસ પર વિરોધ પ્રદર્શનમાં ૨,૯૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. યુનિવર્સિટીના અધ્યાપકો અને વહીવટીતંત્રો વચ્ચે પણ વિભાજન વધી રહ્યું છે, ઘણા પ્રોફેસરો અને વ્યાખ્યાતાઓ વિદ્યાર્થીઓના સમર્થનમાં આવી રહ્યા છે. દેશભરમાં ઓછામાં ઓછી સાત યુનિવર્સિટીઓ પેલેસ્ટાઈનમાં ઈઝરાયેલની હિંસા સાથે સંકળાયેલી વિદ્યાર્થીઓની માંગણીઓ માટે સંમત થઈ છે. તાજેતરમાં, વિદ્યાર્થીઓએ કેનેડામાં યુનિવર્સિટી કેમ્પસમાં પેલેસ્ટીન તરફી વિરોધ શરૂ કર્યો છે. યુનિવર્સિટી ઓફ કેલગરી, યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો, યુનિવર્સિટી ઓફ ઓટાવા, યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા સહિત અન્ય ઘણી યુનિવર્સિટીઓમાં પણ પ્રદર્શનો યોજવામાં આવ્યા છે. મેક્સિકોમાં દક્ષિણમાં, વિદ્યાર્થીઓએ દેશની સૌથી મોટી સાર્વજનિક યુનિવર્સિટી, મેક્સિકોની ઓટોનોમસ યુનિવર્સિટી (UNAM) ખાતે છાવણીની સ્થાપના કરી છે. વિદ્યાર્થીઓ યુનિવર્સિટી અને મેક્સીકન સરકાર બંનેને ઈઝરાયેલ સાથેના સંબંધો તોડવા માટે હાકલ કરી રહ્યા છે, અને ગાઝામાં સામ્રાજ્યવાદી નરસંહારને વખોડી રહ્યા છે અને વેપાર, ગુપ્તચર અને સંરક્ષણમાં તેલ અવીવ સાથે દેશના ગાઢ સંબંધોની ટીકા કરી રહ્યા છે. ઘણા યુરોપિયન રાષ્ટ્રોમાં કેમ્પસમાં છાવણીઓ સાથે સામૂહિક રીતે વિદ્યાર્થીઓનો વિરોધ ચાલુ છે. યુકેમાં, કેમ્બ્રિજ અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીઓ જેવી મોટી સંસ્થાઓમાં છાવણીઓ ઉભી કરવામાં આવી છે, જ્યાં વિદ્યાર્થીઓ વહીવટીતંત્રને ઈઝરાયલ સાથે જોડાયેલી કંપનીઓમાંથી અલગ થવા દબાણ કરી રહ્યા છે. યુનિવર્સિટી કોલેજ લંડન ખાતે પણ વિરોધ પ્રદર્શનો થયા છે, જેમાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીને ઈઝરાયેલને નાણાકીય સહાય પૂરી પાડતી કંપનીઓ અને બેંકો સાથેના સહકારને સમાપ્ત કરવા અને ગાઝામાં ઈઝરાયેલી યુદ્ધ અપરાધોની નિંદા કરવા હાકલ કરી છે. ન્યૂકેસલ, બ્રિસ્ટોલ, વોરવિક, લીડ્સ, શેફિલ્ડ અને શેફિલ્ડ હલ્લામ સહિતની અન્ય યુનિવર્સિટીઓમાં પણ દેખાવો થયા છે અને લંડનની ગોલ્ડસ્મિથ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓની માંગણીઓ પર ધ્યાન આપવાનું વચન આપ્યું છે. ફ્રાન્સમાં, સત્તાવાળાઓએ રાજધાનીમાં પેરિસ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સ્ટડીઝ (સાયન્સ પો) ખાતે પેલેસ્ટાઈન તરફી વિરોધ કરનારાઓ પર કડક કાર્યવાહી શરૂ કરી હતી. પેરિસની સોર્બોન યુનિવર્સિટીના દેખાવકારોને પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો, અને ડઝનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ અને પેલેસ્ટીની રાજ્યની માન્યતા માટે સરકારના પ્રયત્નોની માંગણી સાથે ફ્રેન્ચ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ આ સપ્તાહની શરૂઆતમાં દેખાવો કર્યા હતા. જર્મન યુનિવર્સિટીઓ, બર્લિન, ફ્રેંકફર્ટ, લેઈપઝિગ અને બ્રેમેનની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનો વિરોધ ચાલુ છે. શિક્ષણવિદોએ બર્લિનની ફ્રી યુનિવર્સિટી ખાતે વિરોધ શિબિરને



બહાર કાઢવાની નિંદા કરતા આ શાંતિપૂર્ણ વિરોધના તેમના અધિકારનો બચાવ કર્યો છે. નેધરલેન્ડ્સમાં, સત્તાવાળાઓએ એમ્સ્ટરડેમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી વિરોધીઓ પર હિંસક કાર્યવાહી કરી હતી. અને ઓછામાં ઓછા ૧૨૫ની ધરપકડ કરી હતી. યુટ્રેક્ટ યુનિવર્સિટી અને ડેલ્ફ્ટની ટેકનિકલ યુનિવર્સિટી જેવી અન્ય સાઈટ્સ પર પણ આ વિરોધ કરવામાં આવ્યો હતો. ઈટાલીમાં, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ઓફ બોલોગ્ના, યુનિવર્સિટી ઓફ સેપિએન્ઝા અને રોમ અને નેપલ્સની અન્ય કોલેજો સહિતના કેમ્પસમાં છાવણીઓ સ્થાપી છે. સ્પેનમાં, ઘણા કેમ્પસમાં વિરોધ અને છાવણીઓ છે, જેમાંથી યુનિવર્સિટી ઓફ વેલેન્સિયા, યુનિવર્સિટી ઓફ બાર્સેલોના, યુનિવર્સિટી ઓફ બાસ્ક કન્ટ્રી, યુનિવર્સિટી ઓફ મલાગા અને કોમ્પ્યુટન્સ યુનિવર્સિટી ઓફ મેડ્રિડનો સમાવેશ થાય છે. સ્વિટ્ઝર્લૅન્ડમાં, લૉસૅન યુનિવર્સિટી, ETH ઝ્યુરિચ, યુનિવર્સિટી ઑફ જિનીવા અને ઈકોલે પૉલિટેકનિક ફેડરેલ ડી લૉસૅન સહિત અનેક યુનિવર્સિટીઓમાં વિરોધ પ્રદર્શનો યોજાયા છે. ઑસ્ટ્રિયામાં, વિરોધીઓએ વિયેના યુનિવર્સિટીમાં છાવણીઓ બનાવી છે, અને પોલીસે ઓછામાં ઓછા ત્રણ વિરોધીઓની ધરપકડ કરી હતી. બેલ્જિયમમાં, વિદ્યાર્થીઓએ ફ્રી યુનિવર્સિટી ઓફ બ્રસેલ્સ અને ઘેન્ટ યુનિવર્સિટીમાં દેખાવો કર્યા છે, જેમાં ઈઝરાયેલના યુદ્ધનો અંત લાવવા અને ખાસ કરીને રફાહના દક્ષિણ ગાઝા પ્રદેશ પરના તેના આક્રમણને રોકવાની હાકલ કરી છે. સમગ્ર વિશ્વમાં, વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ બ્રિસ્બેન, મેલબોર્ન અને સિડની સહિત ઓસ્ટ્રેલિયાની મોટી યુનિવર્સિટીઓમાં પણ છાવણીઓ સ્થાપી છે. ન્યુઝીલેન્ડમાં, વિદ્યાર્થીઓએ ઈઝરાયેલની યુનિવર્સિટીઓ અને કંપનીઓ સાથેના સંબંધોનો અંત લાવવાની માંગ સાથે ઓકલેન્ડ યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શનો કર્યા છે. વાસેડા યુનિવર્સિટી સહિતના અન્ય કેમ્પસમાં વિરોધને પગલે જાપાનના ટોક્યો યુનિવર્સિટીમાં છાવણીની સ્થાપના સાથે પેલેસ્ટીન તરફી વિદ્યાર્થીઓના પ્રદર્શનો થયા હતા. દક્ષિણ કોરિયામાં, તેની પેલેસ્ટીન એકતા ક્લબ દ્વારા આયોજિત સિઓલ નેશનલ યુનિવર્સિટીમાં વિરોધ થયો છે. બાંગ્લાદેશમાં, સેંકડો વિદ્યાર્થીઓ પેલેસ્ટીન તરફી રેલીઓનું આયોજન કરી રહ્યા છે. મધ્ય પૂર્વની યુનિવર્સિટીઓમાં પણ પેલેસ્ટીન તરફી વિરોધ થયો છે, જેમાં કૈરોમાં ઈજિપ્તની અમેરિકન યુનિવર્સિટી અને બેરૂતમાં લેબનીઝ અમેરિકન યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.

# પ્રામાણિક ભારતીય છોકરાએ દુબઈ પોલીસને પ્રવાસીની ખોવાયેલી ઘડિયાળ પાછી આપી

(એજન્સી) તા, ૧૩

દુબઈ પોલીસ અધિકારીઓએ રવિવારે મોહમ્મદ અયાન યુનિસનું સન્માન કર્યું હતું. પ્રામાણિકતાના પ્રશંસનીય કાર્યમાં, એક નિર્ણાયક યુવાન ભારતીય બાળકને પ્રવાસીની ખોવાયેલી ઘડિયાળ મળી અને તેને દુબઈ પોલીસને પરત કરી, તેને પ્રશંસા કરવામાં આવી.

ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશનના જનરલ ડિપાર્ટમેન્ટના કાર્યવાહક નિયામક બ્રિગેડિયર હરીબ અલ શમ્સીની સૂચનાઓ પર કામ કરતા, દુબઈ ટૂરિસ્ટ પોલીસ વિભાગે બાળકને તેની પ્રામાણિકતા અને સારા નિર્ણય માટે સન્માનિત કર્યું.

મોહમ્મદ અયાન યુનિસ તેના પિતા સાથે હતો જયારે તેને એક પ્રવાસી વિસ્તારમાં ઘડિયાળ મળી અને તે તેના હકદાર માલિકને પરત કરવામાં આવે તેની ખાતરી કરવા માટે તેને તરત જ દુબઈ પોલીસ પાસે લઈ ગયો.

દુબઈ ટૂરિસ્ટ પોલીસે ચકાસણી કરી કે આ ઘડિયાળ એક પ્રવાસીની છે જેણે અગાઉ તેની ખોવાઈ જવાની જાણ કરી હતી અને ત્યારથી તે તેના દેશમાં પરત ફર્યો હતો. ત્યારબાદ પોલીસે પ્રવાસીનો સંપર્ક કર્યો અને પ્રવાસીને સફળતાપૂર્વક ઘડિયાળ પાછી આપી, જેણે દુબઈમાં ઉચ્ચ સ્તરની સુરક્ષા અને અખંડિતતા પર અત્યંત સંતોષ વ્યક્ત કર્યો.

ટૂરિસ્ટ પોલીસ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર બ્રિગેડિયર ખલ્ફાન ઓબેદ અલ જલ્લાફે તેમના ડેપ્યુટી લેફ્ટનન્ટ કર્નલ મોહમ્મદ અબ્દુલ રહેમાન અને ટૂરિસ્ટ હેપ્પીનેસ સેક્શનના હેડ કેપ્ટન શહાબ અલ સાદી સાથે મળીને બાળકને તેના પ્રશંસનીય કાર્ય માટે એવોર્ડ અર્પણ કર્યો. બ્રિગેડિયર અલ જલ્લાફે હાઈલાઈટ કર્યું હતું કે બાળકનું વર્તન UAEમાં પ્રચલિત ઉચ્ચ નૈતિક ધોરણો અને સલામતીને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને તેના મહત્ત્વપૂર્ણ પ્રવાસન ક્ષેત્રમાં. અલ જલ્લાફે સમુદાયના સભ્યોને મોહમ્મદ અયાન યુનુસની પ્રામાણિકતાના ઉદાહરણમાંથી પ્રેરણા લેવા અને સ્માર્ટ પોલીસ સ્ટેશન્સ (SPS) પર ઉપલબ્ધ સ્માર્ટ ખોવાયેલી અને મળી આવેલી સેવાઓનો ઉપયોગ કરીને તેમને પરત કરવા માટે પ્રોત્સાહિત કર્યા, જેથી તેઓને તેમના માલિકો સાથે પુનઃ જોડાણની પ્રક્રિયા કરવામાં આવે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# ભાજપના બ્રિજભૂષણને છાવરવામાં કોઈ કમી રખાઈ નથી છતાં ન્યાયની આશા હજી દેખાય છે

મહિલા કુસ્તીબાજોની જાતીય સતામણીના મામલામાં ફરી એકવાર ન્યાયની આશા જાગી છે. દિલ્હીની એક કોર્ટે પર્યાપ્ત પુરાવાના આધારે રેસલિંગ ફેડરેશનના પૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણસિંહ વિરુદ્ધ આરોપો ઘડ્યા છે. છમાંથી પાંચ મહિલા કુસ્તીબાજોના આરોપો સાચા હોવાનું સ્વીકારવામાં આવ્યું છે. આ રીતે બ્રિજભૂષણ શરણસિંહની મુશ્કેલીઓ વધી ગઈ છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં મહિલા રેસલર બ્રિજભૂષણ શરણ પર જાતીય સતામણીનો આરોપ લગાવીને ધરણા પર બેસી ગયા હતા પરંતુ ત્યારબાદ પોલીસે મામલો સ્થગિત રાખ્યો હતો અને સુપ્રીમ કોર્ટે ઠપકો આપતાં કેસ નોંધવામાં આવ્યો હતો.

તેમ છતાં પોલીસે તપાસ અંગે ઉદ્ધત વલણ ચાલુ રાખ્યું હતું. કોર્ટે ફરી ઠપકો આપતાં તપાસ શરૂ કરી હતી. ગયા વર્ષે જૂનમાં દિલ્હી પોલીસે પંદરસો પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. તેમાં, મહિલા રેસલરો દ્વારા કરવામાં આવેલા મોટાભાગના આક્ષેપો સાચા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બ્રિજભૂષણ શરણ સામે જાતીય સતામણી, પીછો કરવા, ધમકાવવા અને મહિલાઓની ગરિમાનું અપમાન કરવા બદલ કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી. જો કે, પહેલી જ સુનાવણીમાં કોર્ટે આ કેસ સાંસદ-ધારાસભ્ય કોર્ટમાં મોકલી આપ્યો હતો.

આ મામલે સરકાર દ્વારા એવો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો, જેનાથી તે મહિલા કુસ્તીબાજોની તરફેણમાં હોય. ગયા વર્ષે કેન્દ્રીય રમતગમત મંત્રીએ મહિલા કુસ્તીબાજોને ન્યાય મળશે તેવી ખાતરી આપતાં તપાસ સમિતિની રચના કરી હતી. પરંતુ તે સમિતિ મૌન રહી હતી. આનાથી ગુસ્સે થઈને કુસ્તીબાજો ફરી હડતાળ પર ગયા હતા. ત્યારબાદ તેમને વિવિધ રીતે આંદોલન પાછું ખેંચવાની ફરજ પડી હતી. જ્યારે આ આંદોલન હિંસક બનતું દેખાયું, ત્યારે પોલીસે દમનનો માર્ગ અપનાવ્યો અને કુસ્તીબાજોને વિરોધ સ્થળેથી દૂર કર્યા હતા અને મહિલા કુસ્તીબાજોનું મનોબળ નબળું પડ્યું હતું.

તેમણે પોતાના મેડલને ગંગામાં વહેવડાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ પછી તેને વડાપ્રધાનના આવાસની બહાર મૂકી દીધા હતા. તેમ છતાં, બ્રિજભૂષણ શરણસિંહ પર કોઈએ કાર્યવાહી કરી ન હતી અને તેઓ જાણે મોટો સિંહ માર્યો હોય એમ મૂછે તાવ દઈને ફરતા રહ્યા હતા. નવાઈની વાત છે કે જે કલમો હેઠળ તેની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, તે માટે જો તે સામાન્ય નાગરિક હોત તો તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હોત. પરંતુ બ્રિજભૂષણ શરણ બહાર તો ફરતા જ રહ્યા છે. પરંતુ રાજકીય નિવેદનો પણ આપતા રહ્યા છે. છેલ્લી ઘડી સુધી તેઓ લોકસભા ચૂંટણીની ટિકિટ મેળવવાની રેસમાં સામેલ હતા. જો કે, પાર્ટીએ તેમના સ્થાને તેમના પુત્રને ઉમેદવાર બનાવ્યો હતો.

બ્રિજભૂષણ સામે અવાજ ઉઠાવનાર મહિલા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય મેડલ વિજેતા છે. તેઓ સારી રીતે જાણતી હતી કે આ પગલાંથી એમને નુકસાન સહન કરવું પડશે. એક રીતે, તેમણે કુસ્તી મહાસંઘને સ્વચ્છ બનાવવા માટે પોતાનું સમગ્ર રમતગમત જીવન એટલે કે કારકિર્દી દાવ પર લગાવી દીધી છે. પરંતુ તેને ન્યાય આપવાને બદલે સમગ્ર સરકારી તંત્ર આરોપીઓની તરફેણમાં ઊભું હોય તેવું લાગી રહ્યું છે. તપાસમાં જાણી જોઈને વિલંબ કરવામાં આવ્યો હતો. હવે કોર્ટના તાજેતરના આદેશે ફરી આશા જન્માવી છે કે ન્યાય મળશે. જેમની સાથે આખા દેશની લાગણી જોડાયેલી છે, આવા પ્રખ્યાત ખેલાડીઓની જાતીય સતામણી વિરુદ્ધની અરજીની સુનાવણીની પ્રક્રિયામાં આટલો સમય લાગી શકે છે, તો પછી શક્તિશાળી લોકો સામે સામાન્ય મહિલાઓની ફરિયાદોનું નિરાકરણ કેવી રીતે અને કયા સ્વરૂપમાં થતું હશે તે સમજવું મુશ્કેલ નથી.

ભાગ - ૧

# હિન્દુ મુસ્લિમ ચર્ચા : ચાલો એકબીજાને સમજીએ

**આતંકવાદીઓનો કોઈ ધર્મ હોતો નથી. કોઈપણ આધાર કે પુરાવા વિના મુસ્લિમ યુવાનો વિરુદ્ધ આવો દુષ્પ્રચાર કરવામાં આવે છે અને તેનો હેતુ હિંદુ ભાઈઓના મનમાં તેમને બદનામ કરવાનો, તેમના માટે નફરત પેદા કરવાનો છે. સત્તાવાળાઓ દ્વારા ભૂતકાળમાં હાથ ધરવામાં આવેલી અનેક તપાસમાં આવા અહેવાલોને ખોટા હોવાનું સમર્થન મળ્યું છે**

ચર્ચા

**- સૈયદ ઇલ્યાસ બાશા**

ભારતમાં હિંદુઓ અને મુસ્લિમોની વસ્તી ૯૦%થી વધુ છે. બંને સદીઓથી અહીં સાથે રહે છે. જો કે તેઓ અલગ-અલગ ધર્મોનું પાલન કરે છે, તેમની પાસે વિશિષ્ટ પૂજા સ્થાનો છે, તેમ છતાં ઘણી રહેવાની પરિસ્થિતિઓ અને શૈલીઓમાં સમાનતા છે. સદીઓથી ભારત 'વિવિધતામાં એકતા' ધરાવતા અનોખા રાષ્ટ્ર તરીકે સામાજિક સૌહાર્દનું એક આદર્શ ઉદાહરણ રહ્યું છે. બંનેએ ઘણી જગ્યાએ એકબીજા પાસેથી ઘણી વસ્તુઓ શીખી છે. બંને સમુદાયો ખૂબ જ આત્મીયતાનો આનંદ માણે છે, એકબીજાથી અવિભાજ્ય છે કારણ કે તેઓ તેમની આજીવિકા, મનોરંજન વગેરેને લગતી ઘણી પ્રવૃત્તિઓમાં પરસ્પર આધારિત છે. વ્યાપક રીતે કહીએ તો, જ્યારે ઘણા વિસ્તારોમાં મહિલાઓ અને પુરુષો બંને માટે ડ્રેસ કોડમાં સમાનતા છે; કાર્યસ્થળોમાં વર્તણૂકના અભિગમો, પાત્રમાં પણ બહુ તફાવત નથી. ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ અને સંલગ્ન વ્યક્તિઓ પણ બંને જૂથોમાં એકસાથે કૃત્ય કરતા જોવા મળે છે. બંને જૂથો માટે ધર્મ ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે અને તેમાંના મોટાભાગના લોકો ધાર્મિક વલણ ધરાવે છે. બંને સમુદાયો ધાર્મિક તહેવારો અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમયાંતરે અનેક સ્થળોએ સાથે ઉજવે છે. બંને સમુદાયો સાથે જોડાયેલા મોટાભાગના ભારતીયોને સૌહાર્દ, બંધુત્વ અને મિત્રતા જાળવવા માટે કોઈ મોટો મુદ્દો જણાતો નથી. વાસ્તવમાં આવા પ્રસંગે મીઠાઈની આપ-લે એ સામાન્ય બાબત છે. જો સમાજમાં એકતાનું મજબૂત બંધન હોય તો દેશમાં ટકાઉ પ્રગતિ સુનિશ્ચિત કરી શકાય છે. આ જોડાણને સુધારવા અને આ સમુદાયો વચ્ચે ભાઈચારો અને સૌહાર્દના જોડાણને મજબૂત કરવા ગંભીર પ્રયાસો કરવા જોઈએ. બંને સમુદાયોના મોટા ભાગના ધર્મગુરુઓ અન્ય જૂથોના ધર્મ વિશે કાં તો ઓછું અથવા કોઈ જ્ઞાન ધરાવતા નથી. તેમની માન્યતાઓનું ઊંડાણપૂર્વક સંશોધન કરીને અને વાંચીને તેમની વચ્ચેની ગેરસમજણો (જો કોઈ હોય તો) દૂર કરવામાં મદદ કરવાનો પ્રયાસ આ પુસ્તક દ્વારા કરવામાં આવ્યો છે.

હું સર્વશક્તિમાન અલ્લાહને પ્રાર્થના કરું છું કે તે આપણને સમાજ, માનવતાની સુખાકારી માટે કામ કરવા માટે પૂરતું જ્ઞાન અને શક્તિ આપે અને જીવનના સફળ માર્ગ તરફ માર્ગદર્શન આપે.

આમીન.

સૈયદ ઈલ્યાસ બાશા

હૈદરાબાદ.

**દસ પ્રશ્નો - ઉત્તરો ! (ઉર્દૂમાંથી અનુવાદિત પ્રશ્નો અને તેના ઉત્તરોનો સારાંશ)**

**મુસ્લિમોની માન્યતાઓ વિશે વૈદિક વિદ્વાન દ્વારા દસ પ્રશ્નો, તેના ઉત્તરો :**

ગોવાના એક વૈદિક વિદ્વાન અને આરએસએસના નેતાએ, થોડા સમય પહેલા, દેશના હિંદુઓ વિશે મુસ્લિમોની માન્યતાઓ પર હિંદુ ભાઈઓની ગેરસમજ અને આશંકા વિશે ઈસ્લામિક વિદ્વાનોને દસ પ્રશ્નો પૂછ્યા હતા. એક પ્રખ્યાત ઈસ્લામિક વિદ્વાનએ પ્રકાશિત થયેલા સત્યો વિશે ઉર્દૂમાં પોઈન્ટ બાય પોઈન્ટ જવાબ આપ્યો હતો. બંને સમુદાયોને એકબીજાને સમજવામાં અને સૌહાર્દ અને ભાઈચારો વિકસાવવામાં મદદ કરવાના ઉદ્દેશ્ય સાથે, તેનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. આ પ્રશ્નો અને જવાબો નીચે મુજબ છે.



**પ્રશ્ન ૧. શું તમે (મુસ્લિમો) હિન્દુઓને 'કાફિર' માનો છો? (અમે જાણીએ છીએ કે તમને એવું માનવા માટે કહેવામાં આવ્યું છે કે ટૂંક સમયમાં એક દિવસ એવો આવશે કે બધા 'કાફિર' ખતમ થઈ જશે)**

**જવાબ :** હિંદુઓ વિશે મુસ્લિમોના અભિપ્રાય વિશે આ ખોટી માન્યતા છે. ઈસ્લામિક વિશ્વાસની સૌથી વિશિષ્ટ વિશેષતા એ સર્વશક્તિમાન અલ્લાહ, સર્જનહાર અને બ્રહ્માંડના તમામ જીવોના ઉપકારની 'એકતા' છે. અને એ પણ કે સર્જક, કલ્યાણકર્તા, પાલનહાર, સર્વવ્યાપી, સર્વશક્તિમાન વગેરેની તેમની તમામ લાક્ષણિકતાઓમાં તેમનો કોઈ ભાગીદાર નથી. તેમના ૯૯ નામો છે, દરેક તેમના લક્ષણોમાંથી એકનું પ્રતિનિધિત્વ કરે છે. તે ન તો કોઈને જન્મે છે કે ન તો તે જન્મે છે; કે કોઈ તેની સમકક્ષ નથી. ઉપર વર્ણવ્યા પ્રમાણે જેઓ તેમની એકતા અને સત્તામાં વિશ્વાસ નથી ધરાવતા તેઓને 'કાફિર' કહેવામાં આવે છે. તે છે. તે એક અરબી શબ્દ છે અને ભાષામાં 'વિશ્વાસુ' માટેનો વિરોધી શબ્દ છે, જેનો શાબ્દિક અર્થ એવો થાય છે કે જેઓ આ માન્યતાને સ્વીકારવાનો ઈન્કાર કરે છે. તે ન તો અપમાનજનક કે નિંદાજનક નથી. કુર્આનમાં, 'કાફિરૂન' શબ્દનો ઉપયોગ ઘણીવાર એવા લોકો માટે થાય છે જેઓ ઈસ્લામમાં ચોક્કસ માન્યતાને નકારે છે. દાખ્લા તરીકે; પ્રકરણ 'અલ-યુસુફ'માં, આયાત ૩૭માં કહેવામાં આવ્યું છે: "અને તેઓ એવા છે જેઓ 'મૃત્યુ પછીના જીવન' (અલ-અખિરાહ)ની માન્યતાને 'કાફિરૂન' તરીકે નકારી કાઢે છે. તેવી જ રીતે, આયાત ૨૪માં પ્રકરણ 'અલ-ઝુખરુફ'માં તે જ સંદર્ભમાં કહેવામાં આવ્યું છે: "ખરેખર તેઓ અમારા દ્વારા (માનવજાત તરફ) મોકલવામાં આવેલા પયગંબરોને નકારે છે."

એવું લાગે છે કે આપણા કેટલાક હિંદુ ભાઈઓ માને છે કે 'કાફિર' શબ્દનો ઉપયોગ અપશબ્દો તરીકે થાય છે; જે અપમાનજનક છે. આવા અર્થઘટનમાં બિલકુલ આધાર અને સત્ય નથી. હકીકતમાં, વિશ્વાસુઓને તે શબ્દ સાથે કોઈને નામ આપવા અથવા બોલાવવા પર પ્રતિબંધ છે. ઈસ્લામ અંગીકાર કરવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિની બાબતમાં પણ કુર્આન બળ અને બળજબરીનો સખત વિરોધ કરે છે. પ્રકરણ ૧માં, આયાત ૨૫૬માં, તે કહેવામાં આવ્યું છે: "દીન (ધર્મ) બાબતે કોઈ જબરદસ્તી નથી." 'જલદી જ એક દિવસ એવો આવશે કે બધા 'કાફિરો' ખતમ થઈ જશે' એવી માન્યતા વિશે, તે ખોટી, પાયાવિહોણી છે અને આવો કોઈ ઉલ્લેખ કુર્આન કે પયગમ્બરની હદીસ (પરંપરાઓ)માં જોવા મળતો નથી.

**પ્રશ્ન-૨. તમે કહો છો કે ઈસ્લામ તેના અનુયાયીઓને સર્વશક્તિમાન અલ્લાહને આધીન થવા તરફ નિર્દેશ કરે છે. શું તમે પણ માનો છો કે અન્ય ધર્મો જેમ કે, બૌદ્ધ ધર્મ, હિંદુ ધર્મ, જૈન ધર્મ અને શીખ ધર્મ પણ એક જ સર્જક ભગવાન તરફ માર્ગદર્શન આપે છે?**

**જવાબ :** સર્વશક્તિમાન અલ્લાહ, બ્રહ્માંડના સર્જક એકલા જ તેમના સુધી પહોંચવાનો માર્ગ વધુ સારી રીતે જાણે છે. માનવતાને તે માર્ગ તરફ દોરવા માટે તે જ સક્ષમ છે. તે માર્ગ સમજાવવાના હેતુથી તેણે પોતાના પ્રેષિતોને માનવતા તરફ મોકલ્યા છે. તેને જે વસ્તુ આપવામાં આવે છે તેની અસલિયત સાથે ચેડાં કરવા એ માણસની નબળાઈ છે. દૂધ, મધ, અન્ય ખાદ્યપદાર્થો વગેરેમાંથી એક પણ ઉપભોજ્ય વસ્તુ માણસે તેની શુદ્ધતા સાથે અવ્યવસ્થિત રીતે બચી નથી. આપણને સમાજમાં દરેક જગ્યાએ ભેળસેળ જોવા મળે છે. મૂળ માર્ગ શોધીને, દૈવી 'કરવું અને ન કરવું'ને રજૂ કરવું મુશ્કેલ અને પાળવું મુશ્કેલ છે, માણસે તેની સામાન્ય યુક્તિ રમી. તેણે પોતાની પસંદ અને નાપસંદનું વાવેતર કર્યું, અને સર્જકને બદલવા માટે તેની પસંદની 'આકૃતિ' પણ રજૂ કરી. કોઈપણ વ્યક્તિ વાંચી શકે તે માટે અમને દૈવી હિંદુ ગ્રંથોની હાલની નકલોમાં ઉલ્લેખિત સર્વશક્તિમાનની એકતા અને અન્ય અનન્ય ક્ષમતાઓ વિશે સ્પષ્ટ સંદેશ મળે છે. તેમ છતાં કેટલાક ભાઈઓ તેમની વર્તમાન મર્યાદિત વિચારસરણીની બહાર જોવાની તસ્દી લેતા નથી. તેમના પ્રયત્નો કમનસીબે, અન્ય જૂથને નીચું દેખાડવા, ઉપહાસ અને નિંદા કરવા માટે સમર્પિત છે, પરિણામોથી અજાણ છે. ઈસ્લામના ઉપદેશો અને હિંદુ ભાઈઓના ધર્મગ્રંથોમાં જોવા મળતા મૂળભૂત સિદ્ધાંતો વચ્ચે અદભુત સામ્યતા નોંધવી આશ્ચર્યજનક છે. કુર્આનની નીચેની આયાતો અને વેદોના અવતરણો ચોક્કસપણે વાચકોને આ હકીકત સમજવામાં મદદ કરશે.

કુર્આન કહે છે :

૧. સૃષ્ટિના સર્જક અલ્લાહ માટે તમામ વખાણ. (અધ્યાય અલ-ફતેહા/આયાત-૧)

આપણે વેદોમાં શોધીએ છીએ:

૧. આ બ્રહ્માંડના સર્જક માટે તમામ વખાણ છે. (૧:૧૮:૫)

કુર્આન-૨. અલ્લાહ સૌથી પરોપકારી છે; સૌથી દયાળુ. (સૂરાહ અલ-ફાતેહા/૨)

વેદ-૨. તે નિર્વાહક છે; પરોપકારી છે (ઋગ્વેદ/૩:૧:૩૪)

કુર્આન-૩. અલ્લાહ એક છે જેણે દરેક વસ્તુનું સર્જન કર્યું છે. (અલ-ફુરકાન/૨)

વેદ-૩.સર્જક બધા જીવોનું સર્જન કરે છે. (અથુર્વેદ/૧:૧૯)

કુર્આન-૪. કારણ કે પૃથ્વી અને આકાશ અલ્લાહના છે. (અલ-બકરા/૧૦૭)

વેદ-૪. તે ભગવાન છે, પૃથ્વી અને આકાશના માલિક છે. (ઋગ્વેદ/૧૦૧)

કુર્આન-૫.પૂર્વ અને પશ્ચિમ એકમાત્ર અલ્લાહનું છે. (અલ-બકરા/૧૧૫)

વેદ-૫. બધી દિશાઓ તેમની છે. (ઋગ્વેદ/૪:૧૨૧:૧૦)

કુર્આન-૬. તેની સાથે કંઈ પણ મેળ નથી. (અલ-શુરા/૧૧)

વેદ-૬.ભગવાનની કોઈ મૂર્તિ ન હોઈ શકે. (યજુર્વેદ/૩:૩૨)

કુર્આન-૭. અલ્લાહ તમારી સાથે છે. તમે જ્યાં પણ હોવ અને તમે જે કંઈ પણ કરો છો તે જોઈ રહ્યો છે. (અલ-હદીદ/૪)

વેદ-૭. તમારા ઈશ્વર (ભગવાન) જે કોઈ ઊભું છે તેને જાણે છે; જે કોઈ ચાલતું હોય; જે કોઈ પણ છેતરપિંડી કરે છે; જે કોઈ છુપાયેલ છે; જે કોઈ બીજાને ચીડવે છે; અને જે બે વ્યક્તિઓ ગુપ્ત રીતે વાત કરી રહ્યા છે. (અથુર્વેદ/૨:૧૬:૪)

કુર્આન-૮. તમારો પાલનહાર અલ્લાહ છે; જેણે છ દિવસમાં આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યું. તેણે પોતાની જાતને સિંહાસન પર સ્થાયી કરી. તમારા પ્રભુને નમ્રતાથી અને એકાંતમાં બોલાવો.

(અલ-અરાફ/૫૪,૫૫)

વેદ-૮. પૃથ્વી અને સ્વર્ગને સાચા માર્ગે લઈ જનાર પરમેશ્વર પાસેથી નમ્રતાથી હાથ ઊંચા કરીને મદદ માગો. (રિગ્વેદ/૪૬:૧૬:૬)

બંને સંદેશાઓ વચ્ચેની આશ્ચર્યજનક સમાનતાઓ માનવા માટે કહે છે કે મૂળ એક અને સમાન હોવું જોઈએ. જ્યાં સુધી કુર્આનનો સંબંધ છે કે જે કયામત સુધી અક્ષમ્ય અને અકબંધ રહેવાનો છે, સર્વશક્તિમાનએ તેને ટેમ્પરપ્રૂફ હોવાનું સ્વીકાર્યું છે. તે જ કુર્આનમાં જ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું છે: "ખરેખર અમે કુર્આનને નાઝીલ કર્યું છે, અને ખરેખર અમે તેનું રક્ષણ કરીશું (તેને છેડછાડ અને ખલેલ પહોંચાડવાથી). ઈસ્લામ એ અલ્લાહ તરફથી માનવજાત માટે સંપૂર્ણ અને હેતુપૂર્ણ જીવનશૈલીના સંદેશ સાથેનો ધર્મ છે. મુસ્લિમો તેના પર એકાધિકાર ભોગવતા નથી. અન્ય ધર્મોના અનુયાયીઓ માટે પણ પસંદગી સાથે અને યોગ્ય અભ્યાસ કર્યા પછી પોતે નિર્ણય લેવા માટે ખુલ્લું છે. સંભવ છે કે અન્ય માન્યતાઓના ગ્રંથો આટલા લાંબા સમય સુધી મૂળ સ્વરૂપમાં સાચવી ન શકાય. પછીની પેઢીઓ, સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક પ્રાથમિકતાઓના પ્રભાવના પરિણામે મૌલિકતાને એટલી હદે ખલેલ પહોંચાડી શકે છે કે લોકોએ ભગવાનની સત્તા અને સત્તા માટે ભાગીદારોને સ્થાન આપવાનું શરૂ કર્યું. મુસ્લિમો પણ માને છે કે સર્વશક્તિમાનની ખુશી સુધી પહોંચવા માટેનો સાચો અને સીધો માર્ગ ફક્ત તેના આદેશોનો સીધો અમલ કરવાનો તેના પ્રોફેટ દ્વારા શીખવવામાં આવે છે. જો અન્ય ધર્મોના અનુયાયીઓ તેમના પોતાના પુસ્તકોને તેના મૂળ સ્વરૂપમાં સમજશે અને અનુસરશે, તો તે ચોક્કસપણે તેમને ધર્મના પ્રકાશ તરફ દોરી જતા સત્ય માર્ગની શોધમાં મદદ કરશે અને માર્ગદર્શન આપશે. દરેક ધર્મનો મૂળ અને મૂળભૂત ઉપદેશ એ ભગવાનની એકતા, તેમની સત્તામાં કોઈપણ પ્રકારની ભાગીદારીનો અસ્વીકાર અને તેમની દિશાઓને આધીન રહી છે. જીવનના પરિણામનો પણ તે ઉપદેશોમાં હંમેશા સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે સારા કાર્યો માટે સ્વર્ગ અને નરકની આગ અને ક્રોધ દૈવી આદેશોના ઉલ્લંઘન માટે છે.

**પ્રશ્ન ૩. શું તમે મુસ્લિમો રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ અને શીખ ગુરુઓ અને અન્ય ધર્મોના સમાન અન્ય દૈવી વ્યક્તિત્વોને ભગવાન અથવા તેમના અવતાર અથવા તેમના પ્રેષિત માનો છો?**

**જવાબ :** સર્વશક્તિમાન અલ્લાહ તમામ લાક્ષણિકતાઓ જેમ કે તેનું એક હોવું, કોઈપણ ભાગીદાર વિના, ૯૯ વિવિધ નામો દ્વારા દર્શાવવામાં આવેલ શક્તિ અને ગુણોમાં સમાન કોઈપણ નથી. તે મૂળભૂત આધાર બનાવે છે ઈસ્લામિક આસ્થાના આધારે. પવિત્ર પયગંબરને સંબોધતા, અલ્લાહે પોતે તેમના વિશિષ્ટ સર્વોચ્ચ લક્ષણોનું વર્ણન કર્યું છે જેનું વર્ણન અધ્યાય 'અલ-ઈખ્લાસ'માં નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે:

"કહો (ઓ મોહમ્મદ!): તે અલ્લાહ છે, એક છે; અલ્લાહ શાશ્વત, સંપૂર્ણ છે; તે જન્મતો નથી, કે તે જન્મ્યો નથી; અને તેના જેવું કોઈ નથી."

આમ, એક મુસ્લિમ રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, શીખ ગુરુ કે અન્ય કોઈને પણ ભગવાન માની શકે નહીં. તેઓ આપણા ભાઈ-દેશવાસીઓ દ્વારા આદરણીય એવા જાણીતા માનવીઓ છે. અમે પણ એટલા માટે તેમનું સન્માન કરીએ છીએ. મુસ્લિમો આપણા પોતાના પયગંબરને પણ ભગવાન માનતા નથી. મનુષ્યને મનુષ્ય તરીકે ગણવામાં આવે છે, તેમના માતાપિતાને જન્મ આપે છે જેઓ પણ મનુષ્યની તમામ વિશેષતાઓ ધરાવે છે. તેમના જીવનસાથી, બાળકો અને પરિવાર પણ હતા. તેઓ અન્ય મનુષ્યની જેમ તમામ દુન્યવી જરૂરિયાતો વહન કરે છે. જ્યારે અલ્લાહ સર્વશક્તિમાન, બ્રહ્માંડના સર્જક, સર્વવ્યાપી અને સર્વશક્તિમાન આવા તમામ માનવ લક્ષણો, દુન્યવી અવલંબન, જરૂરિયાતો અને જોડાણોથી ઉપર છે. વિવિધ પયગંબરોનો પરિવાર હતો, માતાપિતાથી જન્મ થયો હતો અને બાળકો પણ હતા. તેમાંથી કોઈએ ક્યારેય ભગવાન, ભગવાન, સર્વશક્તિમાન અથવા આ વિશ્વમાં કોઈપણ વસ્તુના સર્જક હોવાનો દાવો કર્યો નથી. પ્રોફેટ ઈસા (અ. સ.) અથવા ઈસુ, જે નજીકના ભૂતકાળમાં થયા હતા (પયગંબર મોહમ્મદ (સ.અ.વ.)ના લગભગ ૫૭૦ વર્ષ પહેલા) તેમણે પણ આવો દાવો કર્યો ન હતો. તેમણે કહ્યું હતું કેઃ "શા માટે તમે લોકો મને પવિત્ર કહો છો, અને તે સર્વશક્તિમાન અલ્લાહ છે અને પ્રોફેટ ઝકરિયા (અ.સ.)એ કહ્યું હોવાનું જાણવા મળે છે: "સર્વશક્તિમાન ઈશ્વર વિશ્વના ઈશ્વર છે, અને તે દિવસના પણ. તેનું નામ 'એકમાત્ર' હશે. ભારતમાં ઈસ્લામિક પછીના યુગમાં શીખ ધર્મનો જન્મ થયો, જેની સ્થાપના ગુરુ નાનકજી દ્વારા કરવામાં આવી હતી. તેમની માન્યતાઓ વિશે, એક શીખ સંશોધક સરદાર તારાસિંહ બેદીએ નીચે પ્રમાણે લખ્યું છે: "તેમની (ઈશ્વરની) સત્તા કાયમ રહેવાની છે. સમગ્ર બ્રહ્માંડ તેના દ્વારા અને તેના તરફથી છે. તે બ્રહ્માંડથી અલગ છે પણ તેનો અંશ છે. તે જન્મ કે મૃત્યુથી ઉપર છે. આખું વિશ્વ તેમની ઈચ્છાને કારણે ટકી રહ્યું છે અને તે કોઈના પર નિર્ભર નથી. એક સંપૂર્ણ મનુષ્ય જ આ જ્ઞાન મેળવી શકે છે." / (બાબા નાનકજીનું જીવન/૧૦૩)

**(ક્રમશઃ)**

**(સૌ. : મુસ્લિમ મિરર.કોમ)**

# અંકલેશ્વર જીઆઈડીસીમાં ખુલ્લા પ્લોટમાં રાસાયણિક પાણીનો નિકાલ કરાયો

**પ્રકૃતિ સુરક્ષા મંડળની ફરિયાદ આધારે જીપીસીબી દ્વારા સ્થળ તપાસ કરી સેમ્પલ લઈ પૃથક્કરણ માટે મોકલી આપ્યા**

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વર જીઆઈડીસીમાં ખુલ્લા પ્લોટમાં રાસાયણિક પાણીનો નિકાલ કરાયો હોવાનું સામે આવ્યું છે. જીઆઈડીસીમાં સૂર્યા લાઈફ સાયન્સ કંપનીની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં વિપુલ માત્રામાં રાસાયણિક પાણી છોડવામાં આવતા પ્રકૃતિ સુરક્ષા મંડળની ફરિયાદ આધારે જીપીસીબી દ્વારા સ્થળ તપાસ કરી સેમ્પલ લઈ પૃથક્કરણ માટે મોકલી આપ્યા હતા. અંકલેશ્વર છેલ્લા ૩ દિવસ લગાતાર પ્રદૂષણ માફિયાઓ બેફામ બન્યા હોય તેમજ જાહેરમાં જળ અને ઘન કચરાનો નિકાલ કરી રહ્યા છે. બે દિવસ પૂર્વે અંદાડા પાસેના રોડ પર સલ્ફર કેમિકલનો જાહેરમાં નિકાલ કરાયો હતો. જે ઘટના ૨૪ કલાકમાં જ ભૂતિયા કનેક્શન જીઆઈડીસીમાંથી શ્રી શ્રદ્ધા કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાંથી ઝડપી પાડ્યું હતું. જે બાદ હાલમાં અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ સૂર્યા લાઈફ સાયન્સ કંપની બાજુમાં ખુલ્લા પ્લોટમાં વિપુલ માત્રામાં હાઈલી એસિડિક રાસાયણિક પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. જે અંગે પ્રકૃતિ સુરક્ષા મંડળને જાણ થતા સ્થળ તપાસ કરી તાત્કાલિક અસરથી જીપીસીબીને ફરિયાદ કરતા જીપીસીબીના પ્રાદેશિક અધિકારી વિજયકુમાર રાખોલીયાના માર્ગદર્શન હેઠળ મોનિટરિંગ ટીમ સ્થળ પર દોડી આવી હતી અને સ્થળ તપાસ શરૂ કરી જરૂરી સેમ્પલ લીધા હતા. ટેસ્ટ કરતા હાઈલી એસિડિક પાણી હોવાનું સામે આવ્યું છે. સ્થળ પરથી લેવામાં આવેલ પ્રદુષિત પાણીના સેમ્પલ પૃથક્કરણ માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ અંગે જીપીસીબીના પ્રાદેશિક અધિકારી વિજયકુમાર રાખોલીયા જણાવ્યું હતું કે હાલ સેમ્પલ લઈ પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવ્યા છે. જે પણ જવાબદાર હશે તેની સામે કડક પગલાં ભરવામાં આવશે.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# સરંઢી ગામની સીમમાં આગ લાગતા વિપુલ માત્રામા ગંઠા બળીને રાખ થઈ જતા ખેડૂતને રૂા.૫ લાખથી વધુનું નુકસાન

ધોળકા, તા.૧૩

ધોળકા તાલુકાના સરંઢી ગામની સીમમાં એક ખેતરમાં આવેલ ગોડાઉનમાં સોમવારે ભયાનક આગ લાગતા ગોડાઉનમાં વિપુલ માત્રામા મુકેલા ગંઠા સળગી જતા વ્યાપક નુકસાન થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ધોળકા તાલુકાના ડડુસર ગામથી સરંઢી ગામ તરફ જવાનાં રસ્તા પર સરંઢી ગામની સીમમાં આવેલ મહેમુદભાઈ રાધનપુરીના ખેતરમા આવેલ ગોડાઉનમા મુકેલા ગંઠામા એકાએક આગ લાગી હતી. આ બનાવની જાણ ધોળકા ફાયર બ્રિગેડને થતાં ફાયર બ્રિગેડના જવાનો એક ગાડી લઈને ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. આ આગના કારણે આશરે રૂપિયા પાંચ લાખથી પણ વધુનું નુકસાન થયાનો અંદાજ છે. ધોળકા રૂરલ પોલીસને પણ આ બનાવની જાણ કરવામાં આવી હતી.

# પાવીજેતપુરના વસંતગઢ ગામે નલ સે જલ યોજના અંતર્ગત ઘેર-ઘેર નળ આવી ગયા પરંતુ પાણી ક્યારે?

પાવીજેતપુર, તા.૧૩

પાવીજેતપુર તાલુકાના વસંતગઢ ગામે નલ સે જલ યોજના અંતર્ગત ઘરે-ઘરે નળની ચકલીઓ આવી ગઈ છે પરંતુ પાણીનું ટીપું પણ ન આવતા તંત્ર પ્રત્યે જનતામાં રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ નળ સે જલ યોજના અંતર્ગત તંત્ર દ્વારા અંતરિયાળ ગામડાઓમાં પણ ઘેર-ઘેર ચકલી ખોલે અને પાણી આવે તે માટે કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે પરંતુ પાવીજેતપુર તાલુકાના વસંતગઢ ગામે એક વર્ષ જેટલો સમય થઈ ગયો હોય, ઘેર-ઘેર નળની ચકલીઓ બેસાડી દેવામાં આવી છે પરંતુ આજ દિન સુધી પાણીનું ટીપું આવ્યું નથી. સ્વભાવિક રીતે જ કરોડો રૂપિયા ખર્ચ કર્યા પછી પણ પાણી ન આવતા મહિલાઓને બે બેડા પાણી માટે વલખા મારવાનો વારો આવ્યો છે. તંત્ર દ્વારા કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે અને આવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે જેનો લાભ લાભાર્થીઓને મળે છે કે નહીં ? તેની તપાસ તંત્ર દ્વારા કરવામાં આવે તો આ આખી યોજનાનું ભોપાળુ બહાર આવે એમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. પાવીજેતપુર તાલુકાના વસંતગઢ ગામે ઘેર-ઘેર નળ બેસી ગયા હોવા છતાં પાણી કેમ આવતું નથી ? આવા વેધક સવાલો જનતામાં ઉઠી રહ્યા છે. ત્યારે તંત્ર યુદ્ધના ધોરણે ઘટતું કરી પાવીજેતપુર તાલુકાના વસંતગઢ ગામની મહિલાઓને ચકલી ખોલે અને પાણી આવે તેવું આયોજન કરે તેમ જનતાની બુલંદ માંગ ઉઠવા પામી છે.

# ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજ પંચ શુરાની ઓફિસની મુલાકાત લેતા હજ કમિટીના ચેરમેન



ગોધરા ખાતે આવેલ ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજ પંચ શુરાની ઓફીસની ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલ સૈયદ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મારે શુરાના માજી પ્રમુખ મૌલાના મુઝમમીલ ભાગલીયા દ્વારા શુરાના કામ વિશે માહિતગાર કર્યા હતાં. શુરાની કામગીરીથી ચેરમેન ઈકબાલ સૈયદ પ્રભાવિત થયાં હતાં અને શુરા દ્વારા કરવામાં આવતી શિક્ષણ પ્રણાલી તેમજ અન્ય કામોની સરાહના કરી હતી અને ગોધરા શહેરની દરેક સંસ્થાઓને એક થઈ કામગીરી કરવા માટે આહ્‌વાન કર્યું હતું તેમજ જણાવ્યું હતું કે હજ કમિટીને લગતી તેમજ હાજીઓની કોઈ પણ સમસ્યા હોય તેનું તુરંત નીરાકરણ લાવવાની કોશિશ કરીશું.

**હદીસ બોધ**

બીજા પાસે જેવા વર્તનની અપેક્ષા રાખો તેવું જ વર્તન તેની સાથે કરો. (હદીસ બોધ)

**બોધ વચન**

મુશ્કેલી એ માનવીના સિદ્ધાંતની કસોટી છે. તેના વિના માણસને ભાગ્યે જ ખબર પડે છે કે પોતે ઈમાનદાર છે કે નહીં? - હેનરી ફિલ્ડિંગ

**આજની આરસી**

| | |
|---|---|
| ૧૪ મે મંગળવાર | ૨૦૨૪ |
| ૫ ઝિલકદ હિજરી | ૧૪૪૫ |
| વૈશાખ સુદ સાતમ સંવત | ૨૦૮૦ |
| સુબ્હ સાદિક | ૪-૩૨ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૫-૫૯ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૧૩ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# બાબર આઝમે વિશ્વ રેકોર્ડ બનાવ્યો બન્યો ટી-૨૦નો સૌથી સફળ કપ્તાન

## આયરલેન્ડને હરાવી પાકિસ્તાને સિરીઝ ૧-૧થી સરભર કરી

નવી દિલ્હી, તા.૧૩

આયરલેન્ડ વિરુદ્ધ ત્રણ મેચોની ટી-૨૦ સિરીઝની બીજી મેચમાં પાકિસ્તાને ૭ વિકેટે વિજય મેળવી સિરીઝમાં ૧-૧થી બરાબરી કરી લીધી છે. આ સાથે જ ડબલિનના ક્લોંટારફ ક્રિકેટ ક્લબ ગ્રાઉન્ડમાં બાબર આઝમ ટી-૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી સફળ કપ્તાન બની ગયો છે. બાબરે પ્રથમ ટી-૨૦ મેચમાં અર્ધસદી ફટકારી હતી પણ આ વખતે પોતાનું ખાતું ખોલી શક્યો નહીં. મો.રિઝવાન અને ફખર ઝમાને ત્રીજી વિકેટ માટે ૧૨.૫ ઓવરમાં ૧૪૦ રનની મેચ વિનિંગ ભાગીદારી કરી. ફખરે ૪૦ બોલમાં ૬ ચોગ્ગા અને ૬ સિક્સરની મદદથી ૭૮ રન બનાવ્યા. જ્યારે તે આઉટ થયો ત્યારે પાકિસ્તાનને ૩૩ બોલમાં ફક્ત ૪૧ રનની જરૂર હતી. જો કે, મો.રિઝવાન ૪૬ બોલમાં ૬ ચોગ્ગા અને ચાર સિક્સરની મદદથી ૭૫ રન બનાવી અણનમ રહ્યો. ૧૭મી ઓવરમાં આઝમખાને માર્ક અડાયરને ટાર્ગેટ બનાવ્યો અને પાંચ બોલમાં ૨૩ રન ફટકાર્યા. આઝમે ૧૦ બોલમાં ૩૦ રનની ઈનિંગ રમી જેમાં એક ચોગ્ગો અને ચાર સિક્સર સામેલ છે. આ પહેલા ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઊતરેલી આયરલેન્ડની ટીમે ૭ વિકેટે ૧૯૩ રન બનાવ્યા હતા. ટકરે ૩૪ બોલમાં ૫૧ રનની ઈનિંગ રમી હતી. શાહીન શાહ આફ્રિદી સૌથી નાની ઉંમરમાં ૩૦૦ આંતરરાષ્ટ્રીય વિકેટ લેનાર પાંચમો ખેલાડી બની ગયો છે. આ જીત સાથે બાબર આઝમ ટી-૨૦ ઈન્ટરનેશનલ ઈતિહાસનો સૌથી સફળ કપ્તાન બની ગયો છે. બાબરની કેપ્ટનશીપમાં પાકિસ્તાને ૭૮માંથી ૪૫ મેચ જીતી છે. જ્યારે ૨૬ મેચમાં પરાજયનો સામનો કરવો પડ્યો છે. બાબરે આ મોટા રેકોર્ડ સાથે યુગાન્ડાના બ્રાયન મસાબાને પાછળ પાડી દીધો જેના નામે ૫૬ મેચમાં ૪૪ જીત હતી.

## વીરૂએ સંજીવ ગોયન્કાની ઝાટકણી કાઢી

# કંઈપણ કર્યા વિના ૪૦૦ કરોડની કમાણી છતાં આવું વર્તન : સેહવાગ

નવી દિલ્હી, તા.૧૩

આઈપીએલ ૨૦૨૪ દરમ્યાન લખનૌ સુપર જાયન્ટ્સના માલિક સંજીવ ગોયનકા મુશ્કેલીમાં છે. માલિક સંજીવ ગોયન્કાએ સનરાઈઝ હૈદરાબાદ વિરુદ્ધ મોટી હાર બાદ કપ્તાન કે.એલ. રાહુલ સાથે જીભાજોડી કરી હતી. ગોયનકા પોતાની ટીમના પ્રદર્શનથી ખુશ ન હતા. ભારતના પૂર્વ ઓપનર વિરેન્દ્ર સેહવાગે આ મામલે પૂરી પોલ જ ખોલી નાંખી છે. તેમણે કહ્યું કે, માલિક પૈસા લગાવે છે પણ ત્યારબાદ કંઈપણ કર્યા વિના ૪૦૦ કરોડ કમાય છે. તેમ છતાં તેમનું વર્તન સારૂં હોતું નથી. આ પહેલા મોહમ્મદ શમીએ પણ પોતાના સાથી માટે બોલ્યો હતો. આ દરમ્યાન મુલ્તાનના સુલ્તાને પંજાબ કિંગ્સ પર પણ કટાક્ષ કર્યો છે. વીરૂએ કહ્યું કે, માલિકની ભૂમિકા એ હોવી જોઈએ કે જ્યારે તે ડ્રેસિંગ રૂમમાં અથવા પ્રેસ મીટ દરમ્યાન ખેલાડીઓને મળે તો તેમને ફક્ત પ્રેરિત કરવા માટે વાત કરે પણ જો માલિક આવીને પૂછે છે કે, શું ચાલી રહ્યું છે? સમસ્યા શું છે? અથવા ટીમ મેનેજમેન્ટના કોઈ સભ્યને પકડી કોઈ ખાસ ખેલાડી વિશે સવાલ ઊઠવા લાગે. જુઓ કોચ અને કપ્તાન ટીમને કેવી રીતે ચલાવે છે. એટલા માટે આ માલિકે માટે સારૂં એ છે કે, તે ખેલાડીઓ સાથે ઝઘડે નહીં. સેહવાગ ૨૦૧૬થી ૨૦૧૮ સુધી પંજાબ કિંગ્સના મેન્ટોર હતા. તે ગોયનકાના વ્યવહારથી ખુશ ન હતા. સેહવાગે કહ્યું કે, માલિક પૈસા કમાય છે આ બધા બિઝનેસમેન છે. તે ફક્ત નફો અને નુકસાન સમજે છે પણ અહિંયા કોઈ નુકસાન નથી તો તેમને શું પરેશાની છે? તમે ૪૦૦ કરોડ કમાઈ રહ્યા છો મારો મતલબ છે કે, આ એક એવો વ્યવસાય છે. જ્યાં તમારે કંઈ કરવાનું નથી. તમારી પાસે આનું ધ્યાન રાખનારા લોકો છે અને ગમે તે હોય તમે નફો કમાઈ રહ્યા છો એટલા માટે તમારૂં કામ ફક્ત ખેલાડીઓને પ્રેરિત કરવાનું હોવું જોઈએ.

# ગુમ થયાના એક મહિના પછી યુપીમાં દલિત છોકરીને બચાવી લેવામાં આવી



(એજન્સી) તા.૧૩

પોલીસે શનિવારે જણાવ્યું કે, ૧૭ વર્ષીય દલિત છોકરીનું એક મહિના પહેલાં કથિત રીતે અપહરણ કરવામાં આવ્યું હતું અને તેનો અશ્લીલ વીડિયો ઓનલાઈન સામે આવ્યા બાદ પોલીસે તેને બચાવી. મીડિયા સાથે વાત કરતા પીડિતાના પરિવારે આરોપ લગાવ્યો કે, તેમના શ્રેષ્ઠ પ્રયાસો છતાં પીડિતાના ઘણા અશ્લીલ વીડિયો ઓનલાઈન સામે આવ્યા બાદ પોલીસે ૯ મેના રોજ એફઆઈઆર નોંધી. પોલીસના જણાવ્યા અનુસાર યુવતી ૨૨ માર્ચે ગુમ થઈ ગઈ હતી. સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) સંતોષ કુમાર સિંહે જણાવ્યું હતું કે, "બાળકીને શનિવારે એક ઘરમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી અને તેને મેડિકલ તપાસ માટે મોકલવામાં આવી હતી." પીડિત પરિવારે રિક્ષાચાલક અજીત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. તે હાલમાં ફરાર છે, સિંહે જણાવ્યું કે, અજીત સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ (અપહરણ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેમણે કે પીડિતાના વીડિયો અને ફોટોગ્રાફ્સ ઓનલાઈન ફરતા અને પોસ્ટ કરવામાં સામેલ લોકોની ધરપકડ કરવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# બેંગ્લોરે સતત પાંચમી જીત મેળવી પ્લે ઓફની આશા જીવંત રાખી

નવી દિલ્હી, તા.૧૩

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે દિલ્હી કેપિટલ્સને ૪૭ રને હરાવીને પ્લેઓફની આશા જીવંત રાખી છે. આરસીબીએ ૧૮૭ રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી દિલ્હી ૧૪૦ રન બનાવી શકી હતી. ૧૮૮ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સે ૩૦ રનમાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી. હોપ અને અક્ષર પટેલ વચ્ચે ૫૬ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાઈ હતી. દિલ્હી કેપિટલ્સના બેટસમેનો એક છેડેથી પોતાની વિકેટો ગુમાવી રહ્યા હતા પરંતુ આ મેચમાં કેપ્ટન તરીકે રહેલા અક્ષર પટેલ દિવાલ બનીને આરસીબીને જીતથી દૂર લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. અક્ષર પટેલે ૩૯ બોલમાં ૫૭ રન બનાવ્યા. તેની ઈનિંગ દિલ્હીને જીત સુધી લઈ જઈ શકી નથી. આઈપીએલ ૨૦૨૪માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની આ સતત પાંચમી જીત છે. હવે આરસીબી ૧૨ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં પાચમા સ્થાને આવી ગયું છે. દિલ્હી કેપિટલ્સ સામેની જીત સાથે બેંગ્લોરરૂના નેટ રન-રેટમાં નોંધપાત્ર સુધારો થયો છે. હવે જો બેંગ્લુરૂને પ્લેઓફમાં પહોંચવું હોય તો તેને લીગ તબક્કાન છેલ્લી મેચ જીતવી પડશે. એવી પણ આશા રાખવી પડશે કે સીએસકે અને એસઆરએચ તેમની બાકીની મેચ હારી જાય.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

બુધવાર, 15 મે 2024; સાંજે 7:00 થી 9:00 વાગ્યા સુધી.
શાલીમાર હોટલ, વાલિયા ચોકડી પાસે, અંકલેશ્વર – 393 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.
ગુરૂવાર, 16 મે 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હૌટ પ્લેટર, 101, મંગલદીપ કોમ્પ્લેક્સ, પહેલો માળ, હીરાબાગ, સુરત – 395 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઈલ : 99249 59993.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 6:00 સુધીનો જ રહેશે.
વોક–ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav | HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન–ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# NGOએ દલિત સમુદાયના સભ્યો પર દેવત્તિપટ્ટી હુમલાના ગુનેગારો સામે કડક કાર્યવાહીની માંગ કરી

(એજન્સી) તા.૧૩

સાલેમ જિલ્લાના દિવટ્ટીપટ્ટી ગામમાં મંદિરના ઉત્સવ દરમિયાન દલિત સમુદાયના સભ્યો પર હુમલો કરનારા હિન્દુ સમુદાયના ગુનેગારો સામે પોલીસ વિભાગની 'નિષ્ક્રિયતા'ની ટીકા કરતા મદુરાઈ સ્થિત સંસ્થા 'એવિડન્સ'ના કથિરે એક પ્રેસ નોટ જારી કરી છે. તેમના નિવેદનમાં તેમણે જણાવ્યું કે, તેમની ગામની મુલાકાત દરમિયાન દલિત સમાજના ગ્રામજનો પર મધ્યવર્તી જાતિના લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, પોલીસ કર્મચારીઓએ પણ તપાસના નામે દલિત સમુદાયના ઘરોમાં ઘૂસીને હુમલો કર્યો હતો. તેમણે જણાવ્યું કે, દલિત સમુદાયના સભ્યો પર નિહિત હિતોને કારણે ખોટા કેસ પણ કરવામાં આવ્યા છે. સરકારી અધિકારીઓએ મધ્યવર્તી જાતિના સભ્યો સાથે વાતચીત કરી જેમણે દલિત સમુદાયના સભ્યોને મંદિરમાં પ્રવેશતા અટકાવ્યા અને તેમના પર હુમલો કર્યો. પરંતુ તેમની સામે કાર્યવાહી શરૂ કરી નહીં. તેથી તેમની સામે ખાતાકીય કાર્યવાહી થવી જોઈએ. હુમલામાં પટ્ટલી મક્કલ કચ્છી અધિકારી વેંકટેશનની કથિત ભૂમિકા તરફ ઈશારો કરતાં તેમણે જણાવ્યું કે, તેની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. "તેની તાત્કાલિક ધરપકડ કરવી જોઈએ અને રિમાન્ડ પર લેવા જોઈએ" તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રીય માનવાધિકાર પંચે આ મામલાની નોંધ લેવી જોઈએ અને મામલાની તપાસ કરવી જોઈએ. સૌથી વધુ તેમણે જણાવ્યું કે, મરિયમ્માન મંદિરના સત્તાવાળાઓએ જે હિંદુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ વિભાગના નિયંત્રણ હેઠળ છે. તેણે ખાતરી કરવી જોઈએ કે, દલિત સમુદાયના સભ્યોને મંદિરમાં પ્રવેશ આપવામાં આવે. તેઓએ માંગ કરી હતી કે, જેઓ તેમના અધિકારો વિરુદ્ધ કામ કરે છે. તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને સજા આપવામાં આવે.

# IPLમાં સૌથી ઝડપી એક હજાર રન બનાવનાર સુદર્શન પ્રથમ ભારતીય



નવી દિલ્હી, તા.૧૩

સાંઈ સુદર્શને એક મોટો રેકોર્ડ બનાવ્યો છે તે આઈપીએલમાં સૌથી ઝડપી ૧૦૦૦ રન પૂરા કરનારો પ્રથમ ભારતીય બન્યો છે. આ પહેલાનો રેકોર્ડ ચેન્નાઈના ઋતુરાજ ગાયકવાડ અને સચિનના નામે હતો. બંનેએ આઈપીએલમાં ૧૦૦૦ રન પૂરા કરવા ૩૧ ઈનિંગ લીધી હતી. આઈપીએલમાં સૌથી ઓછી ઈનિંગમાં એક હજાર રન બનાવનાર ખેલાડીઓમાં શોન માર્શ (૨૧), સિમોન્સ (૨૩), હેડન (૨૫), સાંઈ સુદર્શન (૨૫), જોની બેયરસ્ટો (૨૬)નો સમાવેશ થાય છે. ગાયકવાડ અને સચિને ૩૧-૩૧ ઈનિંગમાં સિદ્ધિ મેળવી હતી.

**એસ. આર. ત્રિવેદી, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ધોળકાની કોર્ટમાં**
**જાહેર નોટિસ**
**નં. વિલંબિત જન્મ નોંધણી/એસ.આર.નં ૫૮/૨૦૨૪**

તા.૨૨/૦૪/૨૦૨૪

અરજદાર :- **સિંકદરભાઈ નૂરભાઈ કોઠારીયા** રહે. ૧૫, એમના સોસા. કૌસર રો હાઉસ પાસે ગુલીસ્તા મસ્જિદ સામે જુહાપુરા, અમદાવાદ

-: વિરૂદ્ધ :-

સામાવાળા :- **તલાટી કમ મંત્રીશ્રી, રૂપગઢ** ગામ- રૂપગઢ તા. ધોળકા, જિ. અમદાવાદ

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોટિસ પ્રસિદ્ધ કરાવવા બાબત.

જન્મ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારના પોતે **"સિંકદરભાઈ નૂરભાઈ કોઠારીયા"**નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૩ના રોજ ગામ. રૂપગઢ, તા. ધોળકા, જિ.અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ રૂપગઢ ગામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

(કોર્ટનો સિક્કો) મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ધોળકા

**એસ. આર. ત્રિવેદી, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ધોળકાની કોર્ટમાં**
**જાહેર નોટિસ**
**નં. વિલંબિત જન્મ નોંધણી/એસ.આર.નં ૬૦/૨૦૨૪**

તા.૨૨/૦૪/૨૦૨૪

અરજદાર :- **દાઉદભાઈ નુરભાઈ કોઠારીયા** રહે. ૨૮, રહેમતી સોસા.રોયલ અકબર ટાવર પાછળ ગુલીસ્તા મસ્જિદ સામે જુહાપુરા, અમદાવાદ

-: વિરૂદ્ધ :-

સામાવાળા :- **તલાટી કમ મંત્રીશ્રી, રૂપગઢ** ગામ- રૂપગઢ તા. ધોળકા, જિ. અમદાવાદ

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોટિસ પ્રસિદ્ધ કરાવવા બાબત.

જન્મ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારના પોતે **"દાઉદભાઈ નુરભાઈ કોઠારીયા"**નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૫ના રોજ ગામ. રૂપગઢ, તા. ધોળકા, જિ.અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ રૂપગઢ ગામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

(કોર્ટનો સિક્કો) મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ધોળકા

# મહારાષ્ટ્રમાં બંધારણને 'ખતરા' અંગેની અશાંતિ વચ્ચે દલિતોએ આંબેડકરને યાદ કર્યા

(એજન્સી) તા.૧૩

મુંબઈમાં દાદર ચોપાટી પાસેની ચૈત્ય ભૂમિમાં અરબી સમુદ્રની તરફે આ અઠવાડિયાની શરૂઆતમાં ઉનાળાના આકરા દિવસે, બી.આર.આંબેડકર સ્મારકની અંદર અને બહાર મુલાકાતીઓનો સતત પ્રવાહ વધી રહ્યો છે. મુલાકાતીઓ, જેમાં, પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો, વાદળી મીણબત્તીઓ સાથે, રંગબેરંગી ફૂલો લઈને, હાથ જોડીને આંબેડકરની પ્રતિમા સમક્ષ ઘૂંટણિયે પડે છે. દરેક જણ, ભારતીય બંધારણના આર્કિટેક્ટનો આદર કરીને મીણબત્તી પ્રગટાવે છે. ચૈત્ય ભૂમિ પર ૧૯૫૬માં આંબેડકરના મૃત્યુ પછી તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ મુલાકાત આંબેડકરે, લખેલા પુસ્તકોથી ભરેલા કામચલાઉ સ્ટોલ પર રોકાયા વિના અધૂરી છે. આ વર્ષે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપનાર ૧૫ વર્ષની હર્ષલા સાખરે, બંધારણની નકલ ખરીદવા આવા જ એક સ્ટોલ પર રોકાઈ હતી. મહારાષ્ટ્રમાં દલિત સમુદાયમાં લગ્ન કે જન્મદિવસ જેવા પ્રસંગોએ બંધારણની નકલ રજૂ કરવી એ એક પરંપરા બની ગઈ છે. હર્ષલા તેના માતા-પિતા સાથે તેમના લગ્નની વર્ષગાંઠની ઉજવણી સ્વરૂપે ચૈત્ય ભૂમિની મુલાકાત લીધી હતી. હર્ષલાના પિતા ગણેશ એક સ્વ-રોજગાર ડેકોરેટર કહે છે કે, "બંધારણ પરની વર્તમાન ચર્ચાએ આગામી પેઢીમાં વધુ ઉત્સુકતા અને જાગૃતિ પેદા કરી છે. તેઓ તેના કાયદા વાંચવા અને જાણવા માંગે છે." બંધારણ માટે 'ખતરો' અંગે દલિત સમુદાયમાં રહેલી આશંકાઓનો સ્વીકાર કરતી વખતે ગણેશ કહે છે, "શું બંધારણ બદલવું એટલું સરળ છે? શું તેઓ ફેરફારોને યોગ્ય ઠેરવી શકશે?" તેઓ દેશમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણી માટે સત્તાધારી ભાજપ તેમજ વિપક્ષી ઈન્ડિયા બ્લોક ગઠબંધન દ્વારા પ્રચારમાં બંધારણને લઈને પેદા થઈ રહેલી ગરમીનો ઉલ્લેખ કરી રહ્યા છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી રેલીઓમાં તેમના ભાષણોમાં તે જાળવી રાખ્યું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે, બંધારણ પવિત્ર છે અને તેને બદલવામાં આવશે નહીં જ્યારે અન્ય વિપક્ષી નેતાઓએ દાવો કર્યો છે કે, સંસદમાં ભાજપની મોટી બહુમતી બંધારણ માટે 'ખતરો' હશે. બંને શિબિરો ભારે ચર્ચામાં વ્યસ્ત હોવાથી સમગ્ર મહારાષ્ટ્રમાં દલિતો તેમની શ્રદ્ધાંજલિ અર્પણ કરીને બંધારણની રક્ષા કરવાના તેમના સંકલ્પને પુનઃપુષ્ટ કરી રહ્યા છે. આંબેડકરના સ્મારકો અને તેમની અન્ય વસ્તુઓમાં તેઓ તેમને પ્રતિમા તરીકે જુએ છે જેમણે તેમને ઓળખ અને ગૌરવ આપ્યું હતું. કરણ કેદાર, જેમને તેમના પરિવાર તરફથી પાંચ દાયકા જૂનો બુક સ્ટોલ વારસામાં મળ્યો છે તે કહે છે, "બંધારણ લોકશાહીનો આત્મા છે. ડર એ છે કે, જેઓ બંધારણને નબળું પાડવાનો અને તેને મનુસ્મૃતિ સાથે બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે તેઓ ભારતને ૧,૦૦૦ વર્ષ પાછળ ધકેલી દેવાની કોશિશ કરી રહ્યા છે." દેશભરમાં દલિતો પરના અત્યાચારના કિસ્સાઓની ચર્ચા પર ધ્યાન આપીને દલિત સંગઠનોના વિભાજન સાથે સમુદાય કેટલાક દાયકાઓથી નેતૃત્વના પડકારનો સામનો કરી રહ્યો છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ મહારાષ્ટ્રમાં અનુસૂચિત જાતિ (SC)ની વસ્તી ૧૩% છે. દલિત સમુદાયમાં મહાર (નિયો-બૌદ્ધ) ૫૭%, માતંગ (૨૦%) અને ચમાર (૧૭%) હિસ્સો ધરાવે છે. રાજ્યમાં દલિતોનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે બે પક્ષો કરે છે. કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેની 'રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા' (RPI) અને આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકરની 'વંચિત બહુજન આઘાડી' (VBA) દ્વારા કરવામાં આવે છે. આઠવલે ૫૦%થી વધુ દલિતોના સમર્થનનો દાવો કરે છે જ્યારે VBA દલિતો, આદિવાસીઓ અને OBCના મોટા વર્ગનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં VBAએ રાજ્યના કુલ મતોના ૬.૭૫% મત મેળવીને, કોંગ્રેસ-NCP ગઠબંધનના વોટ શેરમાં ઘટાડો કર્યો હતો. ૨૦૧૪માં, જ્યારે RPI(A) એ ભાજપ સાથે જોડાણ કર્યું, ત્યારે આ પગલાએ પાર્ટીની અંદર ઘણાને આશ્ચર્યચકિત કર્યા હતા. તે સમયે આઠવલેએ દલીલ કરી હતી કે, દલિતોની નવી પેઢી રાજકીય પ્રયોગો માટે ખુલ્લી છે. દસ વર્ષ પછી ભાજપની આગેવાની હેઠળના NDA દ્વારા આઠવલેને બંધારણના મુદ્દા પર દલિતોને સમજાવવા માટે જાહેર સભાઓ અને રેલીઓ યોજવાનું કામ સોંપવામાં આવ્યું છે. બુધવારના રોજ તેમણે ચૂંટણી પંચમાં રાહુલ ગાંધી વિરૂદ્ધ ભાજપ પર તેમના હુમલાને લઈને ફરિયાદ નોંધાવી હતી. અગ્રણી દલિત લેખક અર્જુન ડાંગલે કહે છે કે, જ્યારે દલિતો બંધારણના મુદ્દે એક થયા છે, ત્યારે બેરોજગારી જેવા અન્ય પરિબળો પણ શાસક પક્ષ સામે એકત્રીકરણ તરફ દોરી શકે છે. ડાંગલેએ કહ્યું, "જ્યારે તેમના મુખ્ય કાર્યસૂચિની વાત આવે છે ત્યારે દલિતોમાં સાચા અને ખોટાની મજબૂત સમજ હોય છે.

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિ.ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (૨) મુજબના દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** ૩૧-મે-૨૦૨૪ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ-દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (iv) મોર્ગેજ મિલકતનું સરનામું | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂા. ૨૫૯૬૩૧૦.૯૧/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૧ ઓક્ટોબર ૨૦૨૧ | ૩૨૬૭૨૧૭૦ | કૈલાશ મંગલાની અને મંગલાની લીલીબેન | તે તમામ ભાગ અને હિસ્સાઓ રેસિડેન્શિયલ ઘર જેનું જમીન ક્ષેત્રફળ ૫૬-૨૧ ચો.મી. સબ પ્લોટ નં.૨૬૭/૩ના, પ્લોટ નં.૨૬૭, વિસ્તાર નામે 'જાડીશ્વર પાર્ક' તરીકે જાણીતું, આરએસએન ૧૧૦૧/પૈકી ૨ જામનગર સિટી સબ જિ. અને રજિ. જિ. જામનગર, જિ. જામનગર, રાજ્ય ગુજરાત, અને આ મુજબ ખૂંટ : પૂર્વ કોમન પ્લોટ નં.બી, પશ્ચિમ ૭.૫૦ મી. રોડ, ઉત્તર : સબ પ્લોટ નં.૨૬૭/૨ અને દક્ષિણ : સબ પ્લોટ નં.૨૬૭/૪ | ભા. રૂા. ૧૦૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૧૦૦૦૦૦.૦૦/- | ૩૧મી મે ૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૩૦મી મે ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૭મી મે ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૪.૦૦ સુધી | નામ : દિવ્યરાજ સિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિનમય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/-**
**અધિકૃત અધિકારી**

**તારીખ : ૧૪.૦૫.૨૦૨૪**

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિ.ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (૨) મુજબના દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** ૩૧-મે-૨૦૨૪ના આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ-દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (iv) મોર્ગેજ મિલકતનું સરનામું | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂા. ૧૫૩૩૦૬૧.૧૩/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૩- જુલાઈ- ૨૦૨૨ | ૧૦૮૦૩૬૯૯ અને ૧૧૧૬૮૦૧૭ | રાજેશકુમાર વાડીલાલ મહેતા, નમ્રતાબેન રાજેશ મહેતા અને રાજેશકુમાર વાડીલાલ મહેતા સી/ઓ અમૃત એન્ટરપ્રાઈઝ | સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનો રેસિડેન્શિયલ ફલેટ નં.૧૦૧, પહેલો માળ, બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ૪ ૬-૯૩ ચો.મી. "રૂદ્રાક્ષ પેલેસ-૧" બિલ્ડિંગ નામે જાણીતી, એનએ જમીન પર બંધાયેલ વિસ્તાર ૩૭૯-૧૩ ચો.મી. પ્લોટ નં.૧૨ અને ૧૩, વિસ્તાર નામે 'હંસવાહિની' તરીકે સ્થિત અત્રે માધાપર રેવન્યુ સર્વે નં.૮/પી રજિ. જિ. અને સબ જિ. રાજકોટ, જેની નીચે મુજબ ખૂંટ : પૂર્વ : ફલેટ નં.૧૦૩, પશ્ચિમ : અન્યની મિલકત, ઉત્તર : પેસેજ, દાદર, લિફ્ટ અને માર્જિન વિસ્તાર અને દક્ષિણ : માર્જિન વિસ્તાર | ભા. રૂા. ૫૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૦૦૦૦.૦૦/- | ૩૧મી મે ૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૩૦મી મે ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૭મી મે ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૪.૦૦ સુધી | નામ : દિવ્યરાજ સિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |
| 2 | ભા.રૂા. ૨૪૪૬૯૦૨.૧૪/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૦- મે- ૨૦૨૧ | ૩૦૦૭૮૧૮૬ | શ્રી રિતેષભાઈ શામજીભાઈ વસોયા અને શ્રીમતી સવિતાબેન શામજીભાઈ વસોયા | તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૭૮, વૃંદાવન પાર્ક-૪, જેતપુર રોડ, ગોંડલ, રાજકોટ, ગુજરાત-૩૬૦૩૧૧, જમીન વિસ્તાર ૬૮-૭૫ ચો.મી. પર ઘર, સ્થિત અત્રે આરએસએન ૩૩૩ પૈકી ૩ ગોંડલ, તા. ગોંડલ, જિ. રાજકોટ, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ૭.૫૦ મી. પહોળો રોડ, પશ્ચિમ : પ્લોટ નં.૮૭, ઉત્તર પ્લોટ નં.૭૭ અને દક્ષિણ : પ્લોટ નં.૭૯ | ભા. રૂા. ૬૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૬૦૦૦૦.૦૦/- | ૩૧મી મે ૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૩૦મી મે ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૭મી મે ૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૪.૦૦ સુધી | નામ : દિવ્યરાજ સિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તારીખ : ૧૪.૦૫.૨૦૨૪**

# જગન DA કેસમાં YSRના નામનો સમાવેશ કરવા પાછળ કોંગ્રેસનો હાથ નથી : પૂર્વ મુખ્યમંત્રીના ગૃહ વિસ્તારમાં રાહુલ ગાંધીની સ્પષ્ટતા

## ભાઈ-બહેનની દુશ્મનાવટ અને રાજકીય આક્ષેપો વચ્ચે રાહુલે શર્મિલાને સમર્થન જાહેર કરતા તેમણે YSR સાથેના તેમના કુટુંબના સંબંધો વિશે વાત કરી હતી

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૩

કડપામાં એક રેલીમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે દિવંગત મુખ્યમંત્રી વાય.એસ. સીબીઆઈની ચાર્જશીટમાં રાજશેખર રેડ્ડીનું નામ તેમના પુત્ર અને આંધ્રપ્રદેશના સીએમ વાય.એસ. જગન મોહન રેડ્ડીની અપ્રમાણસર સંપત્તિનો કેસ, અને તેમની પાર્ટીની સંડોવણીના આરોપો પાયાવિહોણા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોંગ્રેસ "વાયએસઆર, તેમની છબી વિરુદ્ધ ક્યારેય કંઈ કરી શકશે નહીં."

રાહુલની ટિપ્પણીઓ યુવા શ્રમિક રાયથુ કોંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી)ના વડા જગનની ૨૦૧૨માં કોંગ્રેસ નેતૃત્વને "અયોગ્ય રીતે ૧૬ મહિના માટે જેલમાં ધકેલી દીધા" માટે સતત ટિપ્પણી કરતી સ્પષ્ટ પ્રતિક્રિયા હતી.

૨૦૧૨માં, મનમોહનસિંહ સરકારમાં સીબીઆઈએ વિશેષ અદાલત સમક્ષ ચાર્જશીટમાં વાયએસઆરનું નામ આપ્યું હતું, જેમાં આંધ્ર પ્રદેશના દિવંગત સીએમ પર કથિત રીતે બે ફાર્મા કંપનીઓને જમીન ફાળવવાનું ગુનાહિત કાવતરું ઘડવાનો આરોપ મૂક્યો હતો. તે જ વર્ષે મે મહિનામાં જગનની કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને સપ્ટેમ્બર ૨૦૧૩માં જામીન પર છૂટ્યા ત્યાં સુધી તેને ૧૬ મહિના સુધી હૈદરાબાદની જેલમાં રાખવામાં આવ્યા હતા.

આંધ્રપ્રદેશમાં ૧૩ મેના રોજ યોજાનારી વિધાનસભા અને લોકસભાની ચૂંટણીના પ્રચારના છેલ્લા દિવસે, રાહુલ કોંગ્રેસના આંધ્ર પ્રદેશ એકમના વડા અને કડપા લોકસભાના ઉમેદવાર વાય.એસ. શર્મિલા સાથે સમર્થનમાં કડપા જિલ્લામાં હતા. આ રેલીમાં, રાહુલે કહ્યું કે YSR તેમના પિતા રાજીવના ભાઈ હતા અને તેમના પિતાના અવસાન પછી તેમના માટે રાજકીય માર્ગદર્શક હતા. તેમની ભારત જોડો યાત્રા સંયુક્ત આંધ્ર પ્રદેશમાં YSRની ૨૦૦૩ની પદયાત્રાથી પ્રેરિત હતી.

વાયએસઆરની આ પ્રસિદ્ધ યાત્રાએ કોંગ્રેસને આ રાજ્યમાં અને લોકસભા બેઠકો જીતવામાં મદદ કરી, જેનાથી તે ૨૦૦૪માં કેન્દ્રમાં સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) સરકાર રચવામાં સક્ષમ બની હતી. ૨૦૦૯માં વાયએસઆરના નેતૃત્વ હેઠળ તેનું પુનરાવર્તન થયું હતું. જો કે, કોંગ્રેસના પ્રભાવશાળી મુખ્યમંત્રીનું તે વર્ષના



અંતમાં હેલિકોપ્ટર ક્રેશમાં મૃત્યુ થયું હતું. જગને સોનિયા ગાંધી સામે બળવો કરીને, ૨૦૧૧માં YSRCPની શરૂઆત કરી અને YSRના રાજકીય વારસાનો દાવો કરીને રાજ્ય કોંગ્રેસને સંકટમાં નાખી દીધી હતી.

રાહુલ, શર્મિલા અને તેના પતિ મોરુસુપલ્લી અનિલ અને કોંગ્રેસના નેતાઓ કે.સી. વેણુગોપાલ અને કે.વી.પી. રામચંદ્ર રાવે કડપાથી ૬૦ કિમી દૂર ઇડુપુલાપાયા ખાતે YSR સ્મારકની મુલાકાત લીધી અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કડપા શહેરમાં પાર્ટીની રેલીને સંબોધતા રાહુલે કહ્યું કે તેઓ લોકોને કોંગ્રેસ અને વાયએસઆર વચ્ચેના સંબંધને સમજાવવા માગે છે. કોંગ્રેસ ક્યારેય YSR અને તેની પ્રતિષ્ઠા વિરુદ્ધ જઈ શકે નહીં કે કંઈ કરી શકે નહીં. આ સીબીઆઈ કેસમાં તેમના નામનો સમાવેશ કરવાના આરોપો ખોટા છે. કોંગ્રેસે ક્યારેય વાયએસઆરનું નામ ચાર્જશીટમાં સામેલ કર્યું નથી, અમે તેમને અથવા તેમની છબીને ક્યારેય નુકસાન પહોંચાડી શકતા નથી.

રાહુલે મતદારોને અપીલ કરી કે શર્મિલાને સંસદમાં મોકલે, અને કહ્યું કે તેમણે આ પહેલાં ક્યારેય કોઈ ઉમેદવારની તરફેણમાં આવી અપીલ કરી નથી. વાયએસઆરની દીકરી, મારી બહેન હવે કડપા હરીફાઈમાં છે. YSR વિચારધારાને અકબંધ રાખવા માટે તમારે તેને સંસદમાં મોકલવી પડશે. મેં અન્ય કોઈ મતવિસ્તારમાં આવી ગેરંટી માંગી નથી, પરંતુ અહીં હું કડપાના લોકોને વિનંતી કરી રહ્યો છું, કારણ કે હું ઈચ્છું છું કે આંધ્રપ્રદેશનો જનતા કી અવાજ લોકસભામાં સાંભળવામાં આવે. કડપા લોકસભા ભાઈ-બહેનની હરીફાઈનું ગ્રાઉન્ડ બની ગયું છે. ૨૦૨૧થી આ ભાઈ-બહેનો વચ્ચે ઝઘડો છે, જ્યારે શર્મિલાએ YSR તેલંગાણા પાર્ટીની રચના કરીને અલગ થઈ ગયા હતા. તેણીએ ગયા વર્ષે કોંગ્રેસમાં પાર્ટીનું વિલિનીકરણ કર્યું હતું અને આ જાન્યુઆરીમાં આંધ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિ (APCC)ના વડા બનાવવામાં આવ્યા હતા.

શર્મિલાએ કહ્યું કે વાયએસઆરના ક્રેશ સમયે તેમણે દેશના ટોચના કોર્પોરેટ સમૂહનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો, પરંતુ બાદમાં, સીએમ તરીકે, તે જ કંપનીના એક વ્યક્તિને તેમની પાર્ટીમાંથી રાજ્યસભા માટે નોમિનેટ કર્યા હતા. એક વિપક્ષી નેતા તરીકે, તેમણે વાય.એસ. વિવેકાનંદ કેસમાં સીબીઆઈ તપાસની માંગ કરી હતી અને મુખ્યમંત્રી તરીકે તે જ માંગણીથી પીછેહઠ કરી હતી. તેથી, શર્મિલા જેમણે અગાઉ તેમના માટે પ્રચાર કર્યો હતો, તે અન્યાય સામે લડવા માટે જગનની વિરુદ્ધ થઈ ગઈ હતી. કડપામાં કોંગ્રેસની રેલીમાં, રાહુલે કહ્યું કે ભાજપનો અર્થ TDPના ચંદ્રાબાબુ નાયડુ, YSRCPના વડા જગન મોહન રેડ્ડી અને જનસેનાના પવન કલ્યાણ છે, જેઓ આ ચૂંટણીમાં ભાજપ સાથે ગઠબંધનમાં લડી રહ્યા છે. YSR વૈચારિક રીતે ભાજપનો વિરોધ કરતો હતો, તે હવે ભાજપની બી ટીમ છે બાબુ, જગન અને પવન હવે રાજ્યમાં કાર્યરત છે. તેમનું રિમોટ કંટ્રોલ મોદીના હાથમાં છે કારણ કે તે ED, CBI વગેરેને નિયંત્રિત કરે છે. તેમણે વચન આપ્યું હતું કે, જો તેઓ ચૂંટાઈ આવશે, તો કોંગ્રેસ આંધ્રપ્રદેશને તેના વિભાજન દરમિયાન આપેલા વચનોને પૂર્ણ કરવાને પ્રાથમિકતા આપશે, જેમાં વિશેષ શ્રેણીનો દરજ્જો, પોલાવરમ પ્રોજેક્ટ અને કડપા સ્ટીલ પ્લાન્ટની સ્થાપનાનો સમાવેશ થાય છે. રાહુલે કહ્યું કે, આ મારા તરફથી ૧૦૦ ટકા ગેરંટી છે. **(સૌ.: ધ પ્રિન્ટ.ઈન)**

# દાભોલકર હત્યા કેસ : કોર્ટે અયોગ્ય અને ખોટી તપાસ માટે મહારાષ્ટ્ર પોલીસ અને CBIને ઠપકો આપ્યો

## વિશેષ અદાલતે UAPA હેઠળ આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે મંજૂરીના આદેશો મેળવવામાં ક્ષતિઓ બદલ તપાસ એજન્સીઓની ટીકા કરી હતી, જેના કારણે દાભોલકરની હત્યાને આતંકના કૃત્ય તરીકે સાબિત કરવામાં નિષ્ફળતા થઈ હતી

(એજન્સી) મુંબઈ, તા.૧૩

પુણેની વિશેષ સીબીઆઈ કોર્ટે ૧૧ વર્ષ પહેલાં તર્કવાદી અને સામાજિક કાર્યકર નરેન્દ્ર દાભોલકરની ગોળી મારીને હત્યા કરવા બદલ બે લોકોને આજીવન કેદની સજા ફટકારી છે. સચિન પ્રકાશરાવ અન્દુરે અને શરદ ભાઈસાહેબ કાલસ્કરને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ અને ૩૪ હેઠળ હત્યા અને સામાન્ય ઈરાદા માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. જો કે, આ હત્યાનો હેતુ સાબિત થયો ન હતો.

હેતુના અભાવે અન્ય ત્રણ આરોપીઓ અને કથિત માસ્ટરમાઈન્ડ ડૉ. વીરેન્દ્રસિંહ શરદચંદ્ર તાવડે, વકીલ સંજીવ પુનાલેકર અને તેમના સહાયક વિનય ભાવેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. વિશેષ CBI ન્યાયાધીશ પ્રભાકર પી. જાધવે ઉલ્લેખ કર્યો છે કે તેઓ નિર્દોષ એટલા માટે નથી કે તેઓએ ભૂમિકા ભજવી ન હતી, પરંતુ મહારાષ્ટ્ર પોલીસ અને સીબીઆઈ તેમનું કામ કરવામાં નિષ્ફળ ગઈ છે. કોર્ટે ૧૦ મેના રોજ ચુકાદો સંભળાવ્યો હતો અને ચુકાદાની નકલ તેના એક દિવસ પછી ૧૧ મેના રોજ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

વિશેષ અદાલતે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે યોગ્ય મંજૂરીના આદેશો મેળવવામાં પ્રક્રિયાગત ક્ષતિઓ માટે તપાસ એજન્સી અને રાજ્ય સત્તાવાળાઓની ટીકા કરી હતી. ફરિયાદ પક્ષે આ કેસમાં ૨૦ સાક્ષીઓની તપાસ કરી હતી, જેમાં બે પ્રત્યક્ષ સાક્ષીઓ અને સનાતન સંસ્થાના બે નજીકના સહયોગીઓનો સમાવેશ થાય છે, જે ઘણી આતંકવાદ સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ છે. જોકે, ગૃહ મંત્રાલય દ્વારા આ સંગઠનને હજુ સુધી આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું નથી. આ કેસમાં જુબાની આપનારાઓમાં દાભોલકરના પુત્ર હમીદ જે માનસશાસ્ત્રી છે તેમણે આરોપીઓની માનસિક સ્થિતિનો અભ્યાસ કર્યો હતો.

૬૯ વર્ષના દાભોલકરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. દાભોલકર પછી ડાબેરી વિચારક ગોવિંદ પાનસરે, અને શૈક્ષણિક અને કાર્યકર્તા એમ.એમ. કલબુર્ગી અને પત્રકાર ગૌરી લંકેશની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

કોર્ટે અવલોકન કર્યું છે કે આ હત્યા યોજના સાથે કરવામાં આવી છે, આ આરોપીઓ ગુનાના માસ્ટર માઈન્ડ નથી. ગુના પાછળનો મુખ્ય સૂત્રધાર અન્ય કોઈ છે. પુણે પોલીસ તેમજ સીબીઆઈ તે માસ્ટર માઈન્ડને શોધવામાં નિષ્ફળ રહી છે. તેઓએ આત્મનિરીક્ષણ કરવું પડશે કે શું તે તેમની નિષ્ફળતા છે અથવા સત્તામાં રહેલા કોઈપણ વ્યક્તિના પ્રભાવને કારણે તેમની ઈરાદાપૂર્વકની નિષ્ક્રિયતા છે.

ચાર્જશીટમાં, પુણે પોલીસ અને સીબીઆઈ બંનેએ તાવડેને માસ્ટર માઈન્ડ તરીકે ઓળખાવ્યો હતો. તાવડે ૨૦૦૦ સુધી ડોક્ટરની પ્રેક્ટિસ કરતા હતા અને તેમણે સનાતન સંસ્થા અને તેની સાથે સંકળાયેલી સંસ્થા હિન્દુ જનજાગૃતિ સમિતિ સાથે સંપૂર્ણ રીતે સંકળાયેલા રહેવા માટે તેમની પ્રેક્ટિસ છોડી દીધી હતી. દાભોલકર સામે તેમની કથિત રીતે વ્યક્તિગત દુશ્મની હતી. સાક્ષીઓ પૈકી એક, સંજય અરુણ સાદવિલકરે, જે અગાઉ સનાતન સંસ્થા સાથે સંકળાયેલા હતા અને તાવડેના નજીકના સહયોગી હતા, તેમણે તેમની જુબાનીમાં દાવો કર્યો હતો કે ૨૦૦૪માં દાભોલકર એક જાહેર કાર્યક્રમ માટે કોલ્હાપુર ગયા હતા ત્યારે તાવડે દાભોલકર સાથે ઝઘડો થયો હતો. દાભોલકરે, કટ્ટરપંથી હિંદુ દક્ષિણપંથીઓ દ્વારા લોકોમાં અંધશ્રદ્ધા ફેલાવવા માટે આ સંગઠનોની ટીકા કરી હતી.

ચાંદીની દુકાન ચલાવતા સાદવિલકરે પણ જુબાની આપી હતી કે દાભોલકરની હત્યાના થોડા દિવસો પહેલા તાવડેએ તેનો



સંપર્ક કર્યો હતો અને તેને પિસ્તોલ બનાવવા કહ્યું હતું. સાદવિલકર આ કેસમાં નજરે જોનાર સાક્ષી ન હોવાથી અને દાભોલકરની હત્યા સાથે તાવડેને લિંક કરવામાં સક્ષમ ન હોવાથી, તેમની જુબાની ઉપયોગી સાબિત થઈ ન હતી. સદવિલકર પણ પાનસરે હત્યા કેસમાં સાક્ષી છે.

પુનાલેકર મુંબઈમાં વકીલાત કરતા હતા અને જેમણે ૨૦૦૮ના થાણે અને પનવેલ બોમ્બ વિસ્ફોટ સહિત ઘણા આતંકવાદી કેસોમાં હિંદુ કટ્ટરપંથીઓનું પ્રતિનિધિત્વ કર્યું છે, તેમના પર પુરાવાનો નાશ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેની ભૂમિકા નિર્ણાયક છે કારણ કે દોષિત વ્યક્તિઓ દાવો કરે છે કે ૨૦૧૭માં લંકેશની હત્યા પછી તેમની પાસે ગયા હતા જ્યારે પુનાલેકરે કથિત રીતે તેમને પિસ્તોલ એક ખાડીમાં ફેંકી દેવા માટે નિર્દેશ કર્યો હતો. પરંતુ દાવો સાબિત કરવા માટે કોઈ સ્વતંત્ર સાક્ષી ન હોવાથી પુનાલેકરને પણ નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. પુનાલેકરના સહાયક વિક્રમ ભાવે, જેને ૨૦૦૮માં થાણેના ઓડિટોરિયમમાં બોમ્બ વિસ્ફોટના કેસમાં તેની ભૂમિકા માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા, તેના પર દાભોલકર કેસમાં વધુ ગંભીર આરોપોનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જો કે, તપાસ એજન્સી તેને કેસમાં દોષિત વ્યક્તિઓ સાથે બતાવવા માટે કોઈ પુરાવા લાવવામાં નિષ્ફળ રહી હતી.

જો કે ન્યાયાધીશ આ કેસમાં ત્રણ મુખ્ય વ્યક્તિઓને દોષિત ઠેરવી શક્યા ન હતા, પરંતુ તેમણે મહત્વપૂર્ણ અવલોકનો કર્યા છે. ન્યાયાધીશે નોંધ્યું કેઃ હાલનો કેસ ખૂબ જ ગંભીર છે અને રાષ્ટ્રીય રીતે મહત્વનો છે. એટલું જ નહીં, ડૉ. નરેન્દ્ર દાભોલકરની હત્યા કરવામાં આવે છે પરંતુ તેમની વિચારધારાને સમાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ન્યાયાધીશ જાધવે કોર્ટમાં બચાવ પક્ષના વકીલોના વર્તનની પણ ગંભીર નોંધ લીધી હતી. ચાર્જશીટ કરાયેલા આરોપીઓ અને બચાવ પક્ષના વકીલોએ માત્ર બચાવનો પ્રયાસ કર્યો નથી. ફરિયાદ પક્ષના સાક્ષીઓની બિનજરૂરી અને અપ્રસ્તુત લાંબી ઉલટતપાસથી અને અંતિમ દલીલમાં પણ મૃતકની છબી ખરડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બચાવનો અભિગમ મૃતક ડૉ. નરેન્દ્ર દાભોલકરને હિન્દુ વિરોધી ગણાવીને તેમની હત્યાને ન્યાયી ઠેરવવાનો હતો. ઉક્ત અભિગમ ખૂબ જ વિચિત્ર અને નિંદનીય છે.

શરૂઆતથી જ આ કેસની તપાસની રીત શંકાસ્પદ હતી. દાભોલકરના પરિવારે આવા નિર્ણાયક કેસમાં રાજ્ય દ્વારા દર્શાવવામાં આવેલા ઉદાસીન વલણ તરફ ધ્યાન દોરતા ઉચ્ચ અદાલત સમક્ષ અરજી કરવી પડી હતી. અંતે, આ કેસની સુનાવણી પર બોમ્બે હાઈકોર્ટ દ્વારા દેખરેખ રાખવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૨માં હાઈકોર્ટે આ કેસની દેખરેખ રાખવાનું બંધ કરી દીધું હતું અને દાવો કર્યો હતો કે તે ટ્રાયલ જે રીતે ચાલી રહી હતી તેનાથી તે સંતુષ્ટ છે.

ચુકાદા પછી હામિદે મીડિયાને કહ્યું કે તેમનો પરિવાર ઉચ્ચ અદાલતમાં આ ચુકાદા સામે લડશે.

# મોદી આવતા વર્ષે ૭૫ વર્ષના થતાં શાહ પીએમ બનશે એમ કહીને પહેલી ઝુંબેશમાં જ કેજરીવાલે ભાજપને બેકફૂટ પર ધકેલ્યો

## કડક જામીન શરતો પર બહાર આવેલા કેજરીવાલ પાસે પ્રચાર માટે બહુ ઓછો સમય બચ્યો છે, તેમની પાર્ટીએ દિલ્હી, પંજાબ, આસામ, હરિયાણા અને ગુજરાતમાં ઉમેદવારો ઊભા રાખ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

૭૨ વર્ષીય દિલશાદખાન બપોરની અસહ્ય ગરમીને કારણે સ્ટેજ સામે બાંધવામાં આવેલા મંડપ નીચે છાંયડામાં એક ખાલી સીટ શોધે છે. જેથી તે અડધો કલાક બાદ આવનારા દિલ્હીના મુખ્ય પ્રધાન અને આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને સાંભળી શકે. શનિવારે બપોરે AAPની મુખ્ય ઑફિસ બહાર, કેજરીવાલની એક ઝલક મેળવવા માટે ઉભેલા સેંકડો લોકોમાં ખાન પણ એક હતાં. કેજરીવાલના સમર્થનમાં ભીડમાં લોકોએ ગાંધી ટોપી પહેરી હતી, પ્લેકાર્ડ ધારણ કર્યા હતા અને પીળા અને વાદળી ઝંડા લહેરાવ્યા હતા. ઉત્તર-પૂર્વ દિલ્હીના સીલમપુરના રહેવાસી અને શનિવારે, બે બસ બદલીને દીન દયાલ ઉપાધ્યાય માર્ગ AAPના મુખ્ય કાર્યાલય સુધી પહોંચેલા દિલશાદખાને જણાવ્યું કે, "હું ખરેખર આ વ્યક્તિનો આદર કરૂં છું અને મારે આજે આવવું પડ્યું. હું તમને કહું છું : જેમણે તેને નકલી કેસમાં જેલમાં ધકેલી દીધો છે તેઓને પરિણામ ભોગવવા પડશે." મેળાવડામાં આવેલા અન્ય એક પૂર્વ દિલ્હીના શકરપુરના ૪૦ વર્ષીય કપડાના વેપારી વિનય ગુપ્તાએ જણાવ્યું હતું કે, "આ પડકારજનક સમય છે અને આપણે તેમની (કેજરીવાલ) પડખે ઊભા રહેવું જોઈએ. તેથી જ તમે આજે આટલો મોટો મેળાવડો જોઈ શકો છો. તે માત્ર તેમની જંગી લોકપ્રિયતા દર્શાવે છે." કેજરીવાલ બપોરે ૧ વાગ્યાની આસપાસ, અન્ય વરિષ્ઠ AAP નેતાઓ, પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન, રાજ્યસભાના સભ્યો સંજય સિંહ અને સંદીપ પાઠક અને તેમના દિલ્હી કેબિનેટના ચાર સાથીદારો તેમની સાથે મંચ પર પહોંચ્યા હતા. કેજરીવાલને શુક્રવારે સર્વોચ્ચ અદાલતે વચગાળાના જામીન આપ્યા હતા અને તે



દિલ્હીની તિહાર સેન્ટ્રલ જેલમાંથી લગભગ દોઢ મહિના બાદ બહાર નીકળ્યા હતા. તેમના બહાર આવવાથી AAP અને ઈન્ડિયા બ્લોકના અન્ય લોકોને મોટી રાહત થઈ હતી. કેજરીવાલ હવે તેમની પાર્ટી અને તેમના જોડાણના સભ્યો માટે ચાલુ સામાન્ય ચૂંટણીના બાકીના તબક્કાઓ માટે પ્રચાર કરી શકશે. રદ કરાયેલી દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસના સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે, ૨૦૨૨માં નોંધાયેલ કેસમાં ૨૧ માર્ચે તેમની ધરપકડ કરી હતી. આ જ કેસમાં અગાઉ માર્ચ ૨૦૨૩માં મનીષ સિસોદિયાની ધરપકડ થઈ ચુકી છે. કેજરીવાલે તેમની ધરપકડને ગેરકાયદેસર ગણાવીને પડકારતા કોર્ટમાં અરજી કરી હતી. ૧ એપ્રિલના રોજ ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. શુક્રવારે જેલમાંથી બહાર નીકળ્યા બાદ તેણે પોતાની કારના સનરૂફ પરથી ટૂંકું ભાષણ આપ્યું હતું. ૫૫ વર્ષીય કેજરીવાલે કહ્યું, "વડાપ્રધાને અમારી પાર્ટીને કચડી નાખવામાં કોઈ કસર છોડી નથી તેવું લાગે છે પરંતુ તે [PM] ભૂલી ગયા કે આપણે માત્ર એક પક્ષ નથી પણ એક વિચાર છીએ અને જ્યારે અમુક લોકો વિચારને કચડી નાખવાનો પ્રયાસ કરે છે ત્યારે વિચારો વધુ મજબૂત બને છે. આ એક મોટી લડાઈ છે. મને ૧૪૦ કરોડ લોકોનું સમર્થન જોઈએ છે. હું તમને રાષ્ટ્રને બચાવવા માટે અપીલ કરૂં છું." તેમના ભાષણમાં કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી પર બહુવિધ પ્રહાર કર્યા હતા. બીજેપીનું મુખ્ય કાર્યાલય, AAP કાર્યાલયથી આશરે ૧૦૦ મીટરના અંતરે જ આવેલું છે. ૭૫ વર્ષની વયે તેમના નેતાઓને નિવૃત્ત કરવાના ભાજપના નિયમ પર પ્રકાશ પાડતા કેજરીવાલે વક્તૃત્વથી લોકોને પૂછ્યું કે, "મોદી આવતા વર્ષે ૭૫ વર્ષના થશે, તે સમયે વડાપ્રધાન કોણ બનશે. હું લોકોને ચેતવણી આપું છું. મોદીજી પોતાના માટે નહીં પરંતુ કેન્દ્રીય ગૃહમંત્રી અને તેમના જૂના સહાયક અમિત શાહ માટે ભાવિ પીએમ બનાવવા માટે મત માંગી રહ્યા છે." જો કે શાહે કહ્યું છે કે, જો મોદી ત્રીજી મુદત માટે ચૂંટાશે તો વડાપ્રધાન તરીકે તેમનો કાર્યકાળ પૂરો કરશે, પરંતુ કેટલાક લોકોએ ૨૦૧૯ના શાહના એક વીડિયો તરફ ધ્યાન દોર્યું છે, જેમાં તે એવું કહેતા સાંભળવા મળે છે કે ભાજપે નક્કી કર્યું છે કે, ૭૫ વર્ષથી વધુ ઉંમરના નેતાઓને કોઈપણ જવાબદારીઓ આપવામાં આવશે નહી. **(સૌ.: ધ વાયર.ઈન)**

# ૨૦૨૨માં ભારતે ૧૧,૧૦૦ કરોડ ડૉલરથી વધુ વિદેશથી મોકલાવેલું નાણું મેળવ્યું અને આ આંકડા સુધી પહોંચનાર પ્રથમ દેશ છે : UNનો અહેવાલ

## ભારત ૨૦૧૦ (૫૩૪૮ કરોડ ડૉલર), ૨૦૧૫ (૬૮૯૧ કરોડ ડૉલર) અને ૨૦૨૦ (૮૩૧૫ કરોડ ડૉલર)માં રેમિટન્સ મેળવનાર ટોચનો દેશ હતો, ૨૦૨૨માં રેમિટન્સ ૧૦,૦૦૦ કરોડ ડૉલરના આંકને વટાવીને ૧૧,૧૨૨ કરોડ ડૉલર સુધી પહોંચી ગયું હતું

(એજન્સી) તા.૧૩

સંયુક્ત રાષ્ટ્રની સ્થળાંતર એજન્સીએ જણાવ્યું છે કે, ભારતે ૨૦૨૨માં ૧૧,૧૦૦ કરોડ ડૉલરથી વધુ રેમિટન્સ મેળવ્યું છે જે વિશ્વમાં સૌથી વધુ છે ૧૦,૦૦૦ કરોડ ડૉલરના આંકડા સુધી પહોંચનાર અને તે પ્રથમ દેશ બન્યો છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM)એ તેના વર્લ્ડ માઈગ્રેશન રિપોર્ટ ૨૦૨૪માં જણાવ્યું હતું કે, ૨૦૨૨માં ભારત, મેક્સિકો, ચીન, ફિલિપાઈન્સ અને ફ્રાન્સ ટોચના પાંચ રેમિટન્સ પ્રાપ્તકર્તા દેશો હતા. ભારત બાકીના દેશો કરતાં ઘણું આગળ હતું અને ૧૧,૧૦૦ કરોડ ડૉલરથી વધુ મેળવ્યું છે અને ૧૦,૦૦૦ કરોડ ડૉલરના આંક સુધી પહોંચનાર પ્રથમ દેશ છે. મેક્સિકો ૨૦૨૨માં બીજા ક્રમનું સૌથી મોટું રેમિટન્સ મેળવનાર હતું, જે ૨૦૨૧માં તેણે ચીનને પાછળ છોડી દીધું હતું, જે ઐતિહાસિક રીતે ભારત પછી બીજા ક્રમનું સૌથી મોટું પ્રાપ્તકર્તા હતું.



રિપોર્ટના ડેટા અનુસાર, ભારત ૨૦૧૦ (૫૩૪૮ કરોડ ડૉલર), ૨૦૧૫ (૬૮૯૧ કરોડ ડૉલર) અને ૨૦૨૦ (૮૩૧૫ કરોડ ડૉલર)માં રેમિટન્સ મેળવનાર ટોચનો દેશ હતો, ૨૦૨૨માં રેમિટન્સ ૧૦,૦૦૦ કરોડ ડૉલરના આંકને વટાવીને ૧૧,૧૨૨ કરોડ ડૉલર સુધી પહોંચી ગયું હતું. તેણે નોંધ્યું છે કે પેટા પ્રદેશમાંથી ખૂબ મોટી સંખ્યામાં સ્થળાંતર કામદારો સાથે, દક્ષિણ એશિયા વૈશ્વિક સ્તરે સૌથી વધુ રેમિટન્સ મેળવે છે. દક્ષિણ એશિયાના ત્રણ દેશો - ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ, વિશ્વમાં આંતરરાષ્ટ્રીય રેમિટન્સના ટોચના દસ પ્રાપ્તકર્તાઓમાં સ્થાન ધરાવે છે, જે ઉપપ્રદેશમાંથી મજૂર સ્થળાંતરના મહત્ત્વને દર્શાવે છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ ૨૦૨૨માં છઠ્ઠા અને આઠમા સૌથી મોટા આંતરરાષ્ટ્રીય રેમિટન્સ પ્રાપ્તકર્તા હતા, જેમણે અનુક્રમે ૩૦૦૦ કરોડ ડૉલર અને ૨૧૫૦ કરોડ ડૉલર પ્રાપ્ત કર્યા હતા. અહેવાલમાં નોંધ્યું છે કે, આ પેટા પ્રદેશમાં ઘણા લોકો માટે રેમિટન્સ જીવનરેખા બની ગઈ છે, ત્યારે આ દેશોના સ્થળાંતર કામદારોને અસંખ્ય જોખમોનો સામનો કરવો પડે છે, જેમાં નાણાકીય શોષણ, સ્થળાંતર ખર્ચને કારણે અતિશય નાણાકીય દેવું, ઝેનોફોબિયા અને કાર્યસ્થળે દુર્વ્યવહારનો સમાવેશ થાય છે. ગલ્ફ સ્ટેટ્સ વિશ્વભરના સ્થળાંતર કામદારો માટે નોંધપાત્ર સ્થળો છે અને ૨૦૨૨ ફૂટબોલ વર્લ્ડકપે પેટા પ્રદેશ માટે સ્થળાંતરિત મજૂરોના મહત્ત્વ તેમજ અધિકારોના ઉલ્લંઘન પર ભાર મૂક્યો હતો. ઘણા ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) રાજ્યોમાં કુલ વસ્તીના વધુ પ્રમાણમાં સ્થળાંતર કરનારાઓ આવે છે. સંયુક્ત આરબ અમીરાત, કુવૈત અને કતારમાં, સ્થળાંતર કરનારાઓ અનુક્રમે રાષ્ટ્રીય વસ્તીના ૮૮ ટકા, લગભગ ૭૩ અને ૭૭ ટકા છે. મોટાભાગના સ્થળાંતર કરનારાઓમાંથી ઘણા ભારત, ઈજિપ્ત, બાંગ્લાદેશ, ઈથોપિયા અને કેન્યા જેવા દેશોમાંથી આવે છે અને તે બાંધકામ, આતિથ્ય, સુરક્ષા, ઘરેલું કામ અને છૂટક વેચાણ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. અહેવાલ કહે છે કે, લગભગ ૧.૮ કરોડ અથવા કુલ વસ્તીના ૧.૩ ટકા, ભારત વિશ્વમાં સૌથી વધુ સંખ્યામાં આંતરરાષ્ટ્રીય સ્થળાંતરનું મૂળ છે, જેમાં વધુ લોકો સંયુક્ત આરબ અમીરાત, યુનાઈટેડ સ્ટેટ્સ અને સઉદી જેવા દેશોમાં રહે છે. ભારત ૪૪.૮૦ લાખ સાથે ઈમિગ્રન્ટ્સ માટે ગંતવ્ય દેશ તરીકે ૧૩મા ક્રમે આવે છે. ભારત-સંયુક્ત આરબ અમીરાત, ભારત-યુએસ, ભારત-સઉદી અરેબિયા અને બાંગ્લાદેશ-ભારત ટોચના ૧૦ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કોરિડોરમાં છે. મેક્સિકો હવે ભારત પછી વિશ્વમાં આંતરરાષ્ટ્રીય રેમિટન્સ મેળવનાર બીજો સૌથી મોટો દેશ છે. ચીન લાંબા સમયથી બીજા સ્થાને રહ્યું હતું પરંતુ તે ૨૦૨૧માં મેક્સિકો તેનાથી આગળ નીકળી ગયું હતું, મધ્ય અમેરિકન દેશને ૨૦૨૨માં ૬૧૦૦ કરોડ ડૉલરથી વધુ રકમ પ્રાપ્ત થવાનો અંદાજ છે, જ્યારે ચીનને લગભગ ૫૧૦૦ કરોડ ડૉલર મળ્યા હતા. ૨૦૨૧માં ૧૦ લાખથી વધુ આંતરરાષ્ટ્રીય મોબાઈલ વિદ્યાર્થીઓ ચીનના હતા, જે વૈશ્વિક સ્તરે સૌથી વધુ સંખ્યા અને ભારતના વિદ્યાર્થીઓની સંખ્યા કરતા બમણાથી વધુ છે, જે બીજા ક્રમે છે અને તેના લગભગ ૫,૦૮,૦૦૦ વિદ્યાર્થીઓ છે. યુ.એસ.એ વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મોબાઈલ વિદ્યાર્થીઓ માટે સૌથી મોટો ગંતવ્ય દેશ છે (૮,૩૩,૦૦૦થી વધુ), ત્યારબાદ યુકે (લગભગ ૬,૦૧,૦૦૦), ઓસ્ટ્રેલિયા (લગભગ ૩,૭૮,૦૦૦), જર્મની (૩,૭૬,૦૦૦થી વધુ) અને કેનેડા (લગભગ ૩,૧૮,૦૦૦) આવે છે. અહેવાલમાં જણાવાયું છે કે યુરોપ અને ઉત્તર અમેરિકાના ગંતવ્ય દેશો, જેમ કે યુએસ, કેનેડા, ફ્રાન્સ, સ્પેન અને ઈટાલી ઉપરાંત ભારતમાં પુરૂષ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કરનારાઓની સંખ્યા વધુ છે. ભારતમાં પુરૂષોની સરખામણીએ મહિલા વસાહતીઓનો હિસ્સો થોડો વધારે છે. પુરૂષ સ્થળાંતર કરનારાઓનું નોંધપાત્ર પ્રમાણ ધરાવતા દેશોમાં ભારત, બાંગ્લાદેશ અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

યુ.એસ.માં અનિયમિત સ્થળાંતર એ એક પડકાર છે અને મુખ્ય નીતિ વિષયક મુદ્દો છે, જેમાં અસાધારણ મૂળ દેશોમાંથી આગમનની સંખ્યા વધી રહી છે. ૨૦૨૨માં યુનાઈટેડ સ્ટેટ્સ-મેક્સિકો બોર્ડર પર ૨૪ લાખ લોકો આવ્યા હતા, જેમણે અધિકૃતતા વિના યુએસમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, રોગચાળાની અસર ભારતીય સ્થળાંતર કામદારો પર પડી છે, રોગચાળા દરમિયાન ઓછું વેતન અને સામાજિક સુરક્ષાના અભાવ સાથે નોકરીઓ જવાના લીધે ઘણા ભારતીય સ્થળાંતર કરનારાઓને દેવા અને અસુરક્ષામાં હતા. ઈ.સ. ૨૦૦૦થી IOM દર બે વર્ષે તેના મુખ્ય વિશ્વ સ્થળાંતર અહેવાલો રજૂ કરે છે.

રવિવારની રજા હોવાથી દરિયાકાંઠે ફરવા આવ્યા હતા

# દાંડીના દરિયામાં લાપતા બનેલ એક જ પરિવારના ચાર સભ્યોની લાશ મળી આવી

## માતા-બે પુત્રો તથા રાજસ્થાનથી ફરવા આવેલ બહેનની દીકરીનું મોત, યુવરાજ ધો.૧૨ના પરિણામમાં ૭૦ ટકા ડિસ્ટિંક્શન ગુણ મેળવી પાસ થયો હતો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૩

નવસારીના દાંડીના દરિયાકાંઠે રવિવારની રજામાં ફરવા આવેલા ત્રણ પરિવારના ૭ લોકો દરિયાના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પોલીસ જવાનો અને હોમગાર્ડે ગઈકાલે ૩ લોકોને ઉગારી લીધા હતા. જ્યારે માતા અને બે પુત્રો સહિત એક જ પરિવારના ચાર લોકો લાપતા હતા. જે તમામના આજે મૃતદેહ હાથ લાગ્યા છે. એક જ પરિવારના ચાર લોકોનાં મોત થતાં શોકનો માહલો છવાયો છે. બીજી તરફ આ પરિવારનો મોત પહેલાંનો અંતિમ વીડિયો સામે આવ્યો છે. દરિયામાં મોજ માણવા આવેલા પરિવારના સભ્યોને ક્યાં ખબર હતી કે, આ તેની જિંદગીનો અંતિમ દિવસ છે. પરિવારના સભ્ય મહેન્દ્ર ભાટીએ જણાવ્યું કે, દાંડીના દરિયામાં ડૂબી ગયેલા ચાર પૈકી ત્રણ બાળકો તરૂણ વયના છે. જેમાં યુવરાજ બે દિવસ અગાઉ ધો.૧૨ના બોર્ડની પરીક્ષામાં ૭૦ ટકા ડિસ્ટ્રિક્શન ગુણ મેળવી પાસ થયો હતો. તેનો નાનો ભાઈ દેવરાજ ધો.૮માં અભ્યાસ કરતો હતો. જ્યારે તેની માતા સુશીલાબેન ઘર અને કરિયાણાની દુકાન સંભાળતા હતા. સુશીલાબેનની બહેનની બે પુત્રી પૈકી દુર્ગા કે જેઓ માસીના ઘરે રાજસ્થાનના ભીલવાડાથી વેકેશનમાં ફરવા આવી હતી. આ ચારેય જણા લાપતા બન્યા બાદ બેના મૃતદેહ દાંડીની ખાડીમાં તો બે લોકોના મૃતદેહ નદીની ખાડીમાંથી મળી આવ્યા છે. દુર્ગાની મોટી બહેન રેખા પરિણીત છે. બંને બહેનો વતન પરત જવાની હોવાથી તેઓ દાંડી ફરવા આવ્યા હતા. જ્યારે રેખા અને તેના માસા ગોપાળભાઈનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વધુમાં જણાવ્યું કે, ગોપાલભાઈના બંને બાળકો ખૂબ હોશિયાર હતા. તેમાંથી મોટો યુવરાજ રાજસ્થાન ભણતો હતો અને વેકેશન કરવા આવ્યો હતો. એના પિતાના સપના સાકાર કરવાની એ વાત કરતો હતો. નાનો પુત્ર દેવરાજ આઠમાં ધોરણમાં ભણતો હતો. પરિવારની ગરીબ સ્થિતિ છે. ગોપાલભાઈ નાનકડી કરિયાણાની દુકાન અને દૂધ ડેરીનો ટેમ્પો ચલાવે છે. નાનકડો રોજગાર કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. બંને બાળકોને પોતાના માતા-પિતા પ્રત્યે બહુ લાગણી હતી. વધુમાં પ્રાંત અધિકારી જનમ ઠાકોરે જણાવ્યું કે, દાંડી બીચ ખાતે એક દોઢથી પોણા બે વાગ્યાના અરસામાં સાત લોકો દરિયામાં તણાઈ ગયા હતા. તે પૈકી ૪ ડૂબી ગયા છે તેવા સમાચાર આવ્યા હતા. આ ખબર મળતા જ ત્યાં જે હોમગાર્ડ ડ્યુટી પર હતા તે લોકો દરિયામાં બચાવની કામગીરીમાં જોતરાયા હતા. ચાર લોકોમાં ખડસૂપા ખાતે રહેતા એક જ કુટુંબના પત્ની અને બે બાળકો ડૂબી ગયા હતા, તેમને શોધવા માટે નવસારી વિજલપુર નગરપાલિકાના ફાયર વિભાગ તેમજ સ્થાનિક પોલીસની ટીમ કામે લાગી હતી. સ્ટેટ ડિઝાસ્ટરની ટીમ પણ ગાંધીનગરથી વહેલી સવારે નવસારી પહોંચી હતી. તેમણે પણ મૃતદેહને શોધવા માટેની કામગીરી આરંભી હતી. રાતભર શોધખોળ કરવા છતાં પણ મૃતદેહ મળ્યા ન હતા. જે બાદ વહેલી સવારે ચાર વાગ્યાથી લઈને ૯:૦૦ વાગ્યાની વચ્ચે ચારેયના મૃત્યદેહ મળી આવ્યા છે. તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવીને પોસ્ટમોર્ટમની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારબાદ તમામ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

### ત્રણ પરિવારના સાત લોકો ડૂબ્યા હતા

ગઈકાલે રવિવારની રજા હોઈ નવસારી ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં લોકો દાંડીના દરિયાકાંઠે ફરવા માટે આવ્યા હતા. દરિયાકાંઠે લોકો ન્હાવાની મોજ માણી રહ્યા હતા ત્યારે અલગ-અલગ ત્રણ પરિવારોના ૭ લોકો ડૂબ્યા હતા. જેમાં બે પરિવારના વિપુલભાઈ ઈશ્વરભાઈ હળપતિ, રાકેશ અને અતિશ નામના ત્રણ વ્યક્તિને બચાવી લેવાયા હતા.

### માતા અને બે પુત્રો સહિત ચાર લોકો ડૂબ્યા

નવસારીમાં રહેતા સુશિલાબેન નામના મહિલા તેમના પુત્ર યુવરાજ (ઉં.વ.૨૦), દેવરાજ (ઉં.વ.૧૫) અને રાજસ્થાનથી ફરવા આવેલી બહેનની દીકરી દુર્ગા (ઉં.વ. ૧૭) સાથે દાંડી ફરવા આવ્યા હતા. જે ચારેય લોકો દરિયાના પાણીમાં ગરકાવ થયા છે. તેઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી જેમાં આજે સવારે યુવરાજ અને સુશિલાનો મૃતદેહ મળી આવ્યા બાદ અન્ય બે લોકોના પણ મૃતદેહ મળી આવ્યા છે.

નડિયાદના પાલૈયા ગામે

# જૂના ઝઘડાની અદાવતમાં છાપરામાં આગ ચાંપી પરિવારજનોને જીવતા સળગાવવાનો પ્રયાસ

## પતિ-પત્ની અને પુત્ર દાઝી જતા હોસ્પિટલમાં ખસેડાયા : ત્રણ શખ્સો સામે ફરિયાદ

નડિયાદ, તા.૧૩

નડિયાદ તાલુકાના પાલૈયા ગામના ગણેશપુરામાં જુના ઝઘડાની અદાવતમાં મહોળેલ ગામના ખોડીયારપુરાના ત્રણ શખ્સોએ છાપરામાં સુઈ રહેલા દંપતિ તેમજ તેના પુત્રને જીવતા સળગાવવા માટે કોઈ પ્રવાહી છાપરા પર છાંટી આગ ચાપી દીધી હતી જેના કારણે ત્રણ વ્યક્તિઓ ગંભીર દાઝી જતા સારવાર માટે દાખલ કર્યા છે આ બનાવવાની પોલીસમાં હત્યાના પ્રયાસની ત્રણ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાઈ છે. આ અંગે મળતી માહિતી મુજબ નડિયાદ તાલુકાના પાલૈયા ગામના ગણેશપુરામાં રહેતા ભલાભાઈ રામાભાઈ સોલંકી (ઉં.વ ૬૮) અને પડોશમાં રહેતા પિતરાઈ જયંતીભાઈ ડાહ્યાભાઈ સોલંકીને અગાઉ નજીકના મહોળેલ ગામના ખોડીયારપુરામાં રહેતા ગુરૂ ઉર્ફે ગુરીયો જયંતી સોલંકી અને તેના ભાઈ મહેન્દ્ર ઉર્ફે લોટીયો જયંતી સોલંકી સાથે ઝઘડો થયો હતો ત્યાર પછી બંને ભાઈઓ અવાર-નવાર તેમની સાથે ઝઘડા કરતા હતા દરમિયાન ગુરૂ ઉર્ફે ગુરીયો અને તેનો ભાઈ મહેન્દ્ર ઉર્ફે લોટીયો આ ઝઘડાની અદાવતમાં ભલાભાઈ અને તેમના કાકાના દીકરા જેન્તીભાઈને સબક શીખવાળવાની ફિરાકમાં ફરતા હતા ભલાભાઈ ગઈકાલે રાત્રિના સમયે પાલૈયા ગામમાં ખુશાલભાઈ માનાભાઈ સોલંકીને ત્યાં લગ્ન પ્રસંગ હોય તેમને ઘેર બેસવા ગયા હતા. જ્યારે પડોશમાં રહેતા તેમના કાકાનો દીકરા જયંતીભાઈ અને પત્ની કૈલાસબેન તેમજ દીકરો સંજય નિત્ય ક્રમ મુજબ જમી પરવારી પોતાના છાપરામાં સૂઈ ગયા હતા. દરમિયાન અગાઉના ઝઘડાની રીસ રાખી ગુરુ ઉર્ફે ગુરીયો તેનો ભાઈ મહેન્દ્ર ઉર્ફે લોટીયો અને સાગરીત નરેન્દ્ર ઉર્ફે મોદીયો ઈશ્વર સોઢા રહે, ટીમ્બાપુરા-મહોળેલ ગઈકાલે મધરાત પછી કોઈ જવલનશીલ પદાર્થ લઈ જેન્તીભાઈના છાપરા ખાતે ચોરીછુપીથી ઘસી ગયા હતા અને ત્રિપુટીએ છાપરામાં સુતેલ જેન્તીભાઈ પત્ની કૈલાશબેન અને દીકરા સંજયને મારી નાખવાના ઈરાદે સાથે લાવેલ કોઈ જવલનશીલ પદાર્થ છાપરામાં છાંટી દીવાસળી ચાંપી છાપરું ભડભડ સળગાવી દીધું હતું જેને લઈ છાપરામાં ઘસઘસાટ ઊંઘતા જયંતીભાઈ તેમજ પત્ની કૈલાસબેન અને દીકરો સંજય શરીરે દાજી ગયા હતા તે સાથે ગુરુ ઉર્ફે ગુરિયો મહેન્દ્ર ઉર્ફે લોટીયો અને નરેન્દ્ર ઉર્ફે મોદીયો ત્યાંથી ભાગી નીકળ્યા હતા બરોબર આ સમયે ગામમાં લગ્નના રસોડા પર બેસવા ગયેલ ભલાભાઈ ઘેર પરત આવતા હતા અને તેમણે પોતાના કાકાના દીકરાના છાપરામાં આગ લાગી હોવાનું જોતા તે તરફ દોટ મૂકી હતી આ સમયે છાપરાને આગ ચાંપી ભાગી રહેલ ગુરુ ઉર્ફે ગુરીયો અને તેના ભાઈ મહેન્દ્ર ઉર્ફે લોટીયાને જોતા ભલાભાઈએ શંકાના આધારે બંનેને ક્યાં જઈને આવ્યા છો ? પૂછતા ઉશ્કેરાયેલ ગુરુ ઉર્ફે ગુરીયાએ હાથમાંનો લાકડાનો ડંડો તેમને ડાબા હાથ પર ફટકારી દીધો હતો સાથે બંને ભાઈ ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. આ દરમિયાન ઊંઘ આવતી ન હોય ઘર બહાર બેઠેલ જયંતીભાઈના કાકાના દીકરા રણજીતભાઈ સોમાભાઈ સોલંકીએ પણ ગુરુ ઉર્ફે ગુરીયો તેના ભાઈ મહેન્દ્ર ઉર્ફે લોટીયો અને સાગરીત નરેન્દ્ર ઉર્ફે મોદીયો ઈશ્વર સોઢા રહે, ટીમ્બાપુરા-મહોળેલને જયંતીભાઈના ઘર આગળ જોયા હતા પછી છાપરામાં આગનો ભડકો થયા બાદ ત્રણેયને નહેર બાજુ ભાગીને જતા તેમણે જોયા હતા. દરમિયાન છાપરામાં લાગેલ આગને લઈ આજુબાજુના લોકો ત્યાં દોડી આવ્યા હતા અને તેઓએ શરીરે દાજેલ જયંતીભાઈ તેમજ તેમના પત્ની કૈલાસબેન અને દીકરા સંજયને સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાંથી ત્રણેયને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચકલાસી પોલીસે આ અંગે ભલાભાઈ સોલંકીની ફરિયાદના આધારે ગુરુ ઉર્ફે ગુરીયો જયંતિ સોલંકી તેના ભાઈ મહેન્દ્ર ઉર્ફે લોટીયો જયંતિ સોલંકી અને સાગરીત નરેન્દ્ર ઉર્ફે મોદીયો ઈશ્વર સોઢા વિરૂદ્ધ હત્યાના પ્રયાસ સહિતનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના અડાજણ હનિપાર્ક રોડ પર આવેલ

# વર્ષો જૂના જર્જરિત જનકપુરી એપાર્ટમેન્ટનો સ્લેબ ધરાશાયી થતાં આસપાસના રહીશોના શ્વાસ અદ્ધર

(સંવાદદાતા દ્વારા)


સુરત, તા.૧૩

અડાજણ હનિપાર્ક રોડ પર આવેલી જનકપુરી બિલ્ડીંગ છેલ્લા ઘણા સમયથી જર્જરીત થઈ ગઈ હોવાથી રાંદેર ઝોન દ્વારા તેને ઉતારી પાડવા માટે નોટિસ આપવામાં આવી હતી. જેથી બિલ્ડીંગના સંચાલકો દ્વારા હાલમાં રીપેરીંગ કામગીરી સાથે બિલ્ડીંગ ઉતારી પાડવાની કામગીરી ચાલુ હતી. તે દરમિયાન અચાનક જ ગતરોજ રાત્રે બિલ્ડીંગની દિવાલ ધરાશાયઈ થતાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. જોકે સદનસીબે આ બનાવમાં કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામી ન હતી. જો કે, ઉતારી લેવાઈ ન હોવાથી આસપાસના રહીશો માટે લટકતી તલવાર સમાન સાબિત થઈ રહ્યા છે. મધરાત્રે આ એપાર્ટમેન્ટનો સ્બેલ ધરાશાયી થતાં બાજુની સોસાયટીના રહિશોના શ્વાસ અદ્ધર થઈ ગયાં હતાં. મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે લોકોમાં ડર વ્યાપી ગયો હતો.

અડાજણના હનીપાર્ક રોડ પર આવેલું વર્ષો જૂનું જર્જરિત જનકપુરી એપાર્ટમેન્ટ થોડા સમય પહેલાં સુરત મહાનગર પાલિકા દ્વારા ખાલી કરી દેવાયું હતું. આ ઈમારત જર્જરિત હોવાથી ગમે ત્યારે તે પડી જાય તેવો ડર હોય ખાલી કરાવાયું હતું. આ ઈમારતમાં કોઈ રહેતું નહોતું, પરંતુ આસપાસમાં સોસાયટીના રહીશો રહે છે. આ ઈમારત ખાલી કરાવાયા બાદ તેને સુરક્ષિત રીતે ઉતારી લેવાયું ન હોતું, તેથી તે ગમે ત્યારે પડે તેવો ડર હતો અને એ ડર મોડી રાત્રે સાચો પડ્યો હતો. રાત્રે એપાર્ટમેન્ટનો એક સ્લેબ ધડાકાભેર ધરાશાયી થયો હતો, જેના લીધે આસપાસની સોસાયટીના રહીશોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. રાત્રિના પોણા બે વાગ્યે આ દુર્ઘટના બની હતી. જર્જરિત એપાર્ટમેન્ટના પહેલા માળનો ભાગ ધડાકાભેર સાથે તૂટી પડ્યો હતો. જેથી બાજુમાં આવેલી પ્રતીક્ષા રો-હાઉસ સોસાયટીમાં આવેલ મકાનની દીવાલ પર કાટમાળ પડ્યો હતો, જેના લીધે આસપાસના રહીશોના જીવ તાળવે ચોંટ્યા હતા. આ ઘટના બાદ પાલિકા તંત્ર દોડતું થયું હતું. આ જર્જરિત બિલ્ડીંગ નમી પડતા લોકોમાં ભય વધ્યો છે. જર્જરિત ઈમારતની નીચે અસહય ગંદકી અને મચ્છરોના ઉપદ્રવથી પણ આસપાસના રહીશો પરેશાન છે.

# ધી દયાદરા હાયર સેકન્ડરી સ્કૂલનું ધોરણ ૧૨નું ઝળહળતું પરિણામ




વાગરા, તા.૧૩

ભરૂચ જિલ્લાનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૦.૦૯ ટકા તેમજ સામાન્ય પ્રવાહનું ૯૨.૧૧ ટકા આવ્યું છે. જેમાં ભરૂચના દયાદરા ખાતે આવેલ ધી દયાદરા હાયર સેકન્ડરી સ્કૂલ દયાદરાનું ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૦૦ ટકા તેમજ સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૫.૪૮ ટકા આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં શાળા સ્તરે પટેલ મોહંમદ સઈદ ૯૨.૬૬ પી.આર, પટેલ મોહંમદ હમઝાહ શરીફ ૮૯.૯૪ પી.આર તેમજ બંગલીવાલા શબા





સીરાઝ અને પટેલ મિસબહ મોહંમદ ફારૂક બંને એ ૭૯.૦૯ પી.આર પ્રાપ્ત કરી સફળતા પ્રાપ્ત કરી છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં દરજી ધ્રુવીશા હિરેનભાઈ એ ૯૧.૬૯પી.આર,ટાઢિયા આયેશા મુનાફ ૯૦.૯૦ પી.આર અને પાદરવાલા મુબસ્સીરા શમસુદ્દીને ૭૯.૭૨ પી.આર પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા મેળવી છે. આ તબક્કે શાળા ટ્રસ્ટી મંડળ તેમજ આચાર્ય અને શાળા પરિવાર તરફથી ધોરણ-૧૨માં સફળતા પ્રાપ્ત કરનાર તમામ છાત્રોની સિદ્ધિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવવા માં આવી હતી.

### ભાવનગરના બોરતળાવમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

ભાવનગર, તા.૧૩

ભાવનગર શહેરના બોરતળાવમાં ચિત્રા વિસ્તારમાં રહેતા શ્રમજીવી આધેડની લાશ તરતી જોવા મળતા ફાયરબ્રિગેડના જવાનોએ લાશને બહાર કાઢી બોરતળાવ પોલીસને હવાલે કરી છે. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર શહેરના ગૌરીશંકર સરોવર બોરતળાવમાં એક પુરૂષની લાશ તરતી જોવા મળતા કોઈ રાહદારીએ બોરતળાવ પોલીસ તથા ફાયરબ્રિગેડને જાણ કરતાં કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. જેમાં ફાયરબ્રિગેડના જવાનોએ લાશને બહાર કાઢી પોલીસને સોંપતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતક આધેડ ચિત્રા જીઆઈડીસી મજૂરી કરતો અને ચિત્રા-સિદસર રોડપર મુખીની વાડીમાં રહેતો મહંમદ અબ્દુલ સૈયદ હોવાનું બહાર આવ્યું હતું. આ આધેડના શરીર પર કોઈ ઈજા કે અન્ય નિશાન જોવા ન મળતા મૃતકે બોરતળાવમાં કોઈ અગમ્ય કારણોસર પડતું મૂકી આપઘાત કર્યો હોવાનું જણાઈ રહ્યું છે. આ અંગે પોલીસે મૃતદેહનું સ્થળપર પંચનામું કરી મોતનું કારણ જાણવા મૃતદેહ સરટી હોસ્પિટલમાં પીએમ માટે મોકલી મૃતકના પરિજનોના નિવેદનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડાના રઢુ પથાપુરા ગામની નર્સ યુવતીએ સમાજ બહાર બીજા લગ્ન કરતા પૂર્વ સાસરિયાઓએ દંગલ મચાવ્યું

## સમાજ બહાર લગ્ન કરનારી યુવતીને લગ્નમાં કેમ બોલાવી તેમ કહી ઝઘડો કર્યો અને સોશિયલ મીડિયા પર મેસેજ વાયરલ કર્યા

નડિયાદ, તા.૧૩

ખેડા તાલુકાના રઢુ પથાપુરા ગામની નર્સ યુવતીએ પ્રથમ લગ્નમાં પતિ સાથે મનમેળ ના થતાં તેણીએ છૂટાછેડા લીધા બાદ બીજા લગ્ન સમાજની બહાર કર્યા હતા, જેથી પ્રથમ પતિના પરિવારજનો ગુસ્સામાં હતા દરમ્યાન યુવતીના પિયરમાં લગ્ન પ્રસંગ હોય યુવતી તેના બીજા પતિ સાથે ગઈ હતી તે વખતે પ્રથમ પતિ અને તેના પરિવાર પણ આ લગ્નમાં આવ્યા હતા ત્યારે સમાજની છોકરી બીજા સમાજમાં લગ્ન કેમ કરે તે મુદ્દાએ પ્રથમ પતિના પરિવારજનોએ ઈશ્યુ બનાવ્યો હતો અને ઝઘડો કર્યો હતો એટલું જ નહીં યુવતીના બીજા સમાજમાં લગ્ન બાબત સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ કર્યા હતા આ બનાવની ખેડા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ ખેડા તાલુકાના રઢુ ગામના પથાપુરામાં રહેતા નરસિંહ જીવાભાઈ રાણાની દીકરી ધર્મિષ્ઠાના વર્ષ ૨૦૧૭માં સમાજના રીતિરિવાજ મુજબ કચ્છના અંજારમાં રહેતા અમિત વિરમભાઈ રાણા સાથે લગ્ન થયા હતા મનમેળ ન થતાં તેણીએ અમિત રાણા સાથે છૂટાછેડા લીધા હતા બાદ નર્સ ધર્મિષ્ઠાએ વર્ષ ૨૦૨૧માં ધોળકાના ભાવીન કનુભાઈ પટેલ સાથે ફુલહાર વિધિથી લગ્ન કર્યા હતા ત્યારથી તેણી બીજા પતિ ભાવિન પટેલ સાથે ધોળકા બગોદરા હાઈવે પર આવેલ દેવ ગણેશ સોસાયટીમાં રહી ધોળકા સાજી તલાવડી ખાતે આવેલ અર્બન હેલ્થ સેન્ટરમાં નર્સ તરીકે નોકરી કરે છે. નર્સ ધર્મિષ્ઠા અને પતિ ભાવિન પટેલ બંને ગત તા.૨૮ એપ્રિલના રોજ રાત્રિના સમયે તેણીના કાકા ગોવિંદ જીવાભાઈ રાણાની દીકરીના લગ્ન હોય પથાપુરા ગામે આવ્યા હતા આ લગ્નમાં ધર્મિષ્ઠાના અગાઉના પતિ અમીત વિરમ રાણા તેના પિતા વિરમ લાલજી રાણાભાઈ અંકીત વિરમ રાણા તથા કાકા ભીમા લાલજી રાણા આ લગ્નમાં આવ્યા હતા. દરમિયાન વિરમ રાણાએ ધર્મિષ્ઠાના પિતાને જણાવ્યું હતું કે, ધર્મિષ્ઠાએ બીજા સમાજમાં લગ્ન કરેલ છે તો આને અહિંયા કેમ બોલાવી છે અને અહિંયાથી મોકલી દો. જો કે, ધર્મિષ્ઠાના પિતા નરસી જીવાભાઈ રાણાએ ધર્મિષ્ઠાને ગોવિંદભાઈએ કંકોત્રી મોકલીને લગ્નમાં બોલાવી છે. એટલે આવી છે આ સાંભળીને વિરમ ગુસ્સે ભરાયો હતો અને ઝઘડો કર્યો હતો અને ધર્મિષ્ઠાના પિતા સાથે મારામારી કરી હતી. દરમિયાન સમાજના આગેવાનોની મધ્યસ્થીથી બંને પક્ષ વચ્ચે સમાધાનની વાત ચાલતી હતી ત્યારે ધર્મિષ્ઠાના પૂર્વ સસરા વિરમ રાણાએ સમાજના સોશિયલ મીડિયાના એકલવ્ય સેના તથા બીજા ગ્રુપમાં આપણા સમાજની દીકરી ધર્મિષ્ઠાએ બીજા સમાજમાં લગ્ન કરેલ છે જેથી હવે પછી હું વિનંતી કરૂં છું કે જે પણ બીજા સમાજમાં દીકરી દે તેને સમાજમાંથી બહાર કાઢો નહિંતર આપણા સમાજમાં આવા અવારનવાર બનાવો બનતા રહેશે તેવો મેસેજ કર્યા હતા. જેથી ધર્મિષ્ઠાએ ખેડા શહેર પોલીસ મથકે કે દોડી જઈ આ અંગે રાવ નાખતા પોલીસે તેણીના પૂર્વ પતિ અમિત રાણા પૂર્વ સસરા વિરમ રાણા સહિતના ચાર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### આવતીકાલે સુરતના અનેક વિસ્તારોમાં પાણીકાપ રહેશે

સુરત, તા.૧૩

સુરત પાલિકાના વરાછા બી ઝોનમાં ડીજીવીસીએલના સીમાડા ફીડરના શટડાઉનના કારણે પાણી પુરવઠો બંધ રહેશે. આ ઉપરાંત વાલક ઈન્ટેકવેલથી સીમાડા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તરફ રો-વોટર લઈ જતી નળીના લીકેજની કામગીરી પણ હાથ ધરાશે. આ કામગીરીને પગલે વાલક ઈન્ટેકવેલથી પાણી પુરવઠો આપી શકાશે નહીં, આ કામગીરી ૧૫ મે બુધવારના રોજ હાથ ધરવામાં આવશે દરમિયાન સુરત પાલિકાના સરથાણા, વરાછા એ-બી, લિંબાયત અને ઉધના ઝોનના અનેક વિસ્તારમાં થશે પાણી કાપ રહેશે. આ દિવસ દરમિયાન લોકોને જરૂરિયાત મુજબ પાણી પુરવઠાનો સંગ્રહ કરવા તથા કરકસરપૂર્વક પાણીનો ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી છે.


**દારૂલ યતામા પ્રાથમિક અને માધ્યમિક શાળા, ભરૂચ**

મદની નગર, સબજેલ પાછળ, ભરૂચ

(નોન ગ્રાન્ટેડ) માટે નીચેની લાયકાત ધરાવતા શિક્ષક (ફકત પુરૂષ ઉમેદવાર) જોઈએ છે

| ક્રમ | હોદ્દો | લાયકાત | વિષય | સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | મ.શિક્ષક | બી.એ./એમ.એ.,બી.એડ. | ગુજરાતી | 01 |
| 2 | મ.શિક્ષક | બી.એસ.સી./બી.એડ | ગણિત/વિજ્ઞાન | 01 |
| 3 | મ.શિક્ષક (ઓફિસ વર્ક) | પી.જી.ડી.સી.એ. ડી.સી.એ./બી.સી.એ. | કમ્પ્યુટર | 01 |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-10 સુધીમાં પોતાની અરજી તેમજ બાયોડેટા નીચેના સરનામા ઉપર મોકલી આપવા.

સરનામું

દારૂલ યતામા પ્રાથમિક અને માધ્યમિક શાળા

મદની નગર, સબજેલ પાછળ, ભરૂચ, તા.જિ.ભરૂચ-392001

મોહતમીમ સાહબ
મૌલાના ઔવેશ વાંકાનેરી

સંપર્ક નંબર (આચાર્ય)
99040 99681 / 96249 14761



**FMCT CAMPUS**

FMCT CAMPUS, LILAJPUR, DHOLKA. M.: 75730 87596

ધોરણ ૧૨ સાયન્સ બોર્ડ રિઝલ્ટ: 82.45%

ધોરણ ૧૨ સાયન્સ ધોળકા સેન્ટર રિઝલ્ટ: 85.88%

વર્ષ-૨૦૨૩-૨૪

ગુજરાતી માધ્યમનું પરિણામ ૯૩.૬૭%

મોમીન ફઝલ અબ્બાસ ૯૯.૮૫ PR

પટેલ નિષ્ઠા ૯૯.૭૭ PR

પુરબીયા રૂત્વા ૯૯.૪૮ PR

ગુજરાતી માધ્યમમાં ૯૦ PR થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૨

મોમીન ફઝલ અબ્બાસ : બાયોલોજી - ૧૦૦/૧૦૦

અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૦.૬૯%

બારડ અબ્દેઅલી ૯૮.૮૭ PR

સંઘવી સિધ્ધાર્થ ૯૮.૬૦ PR

વાટલીયા રોનક ૯૮.૦૬ PR

અંગ્રેજી માધ્યમમાં ૯૦ PR થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧

ગુજસેટ ગુજરાત માં ત્રીજો ક્રમાંક:

વાટલીયા રોનક

ગણિત વિષય - ૧૦૦/૧૦૦

ગુજસેટ - ૧૧૮.૭૫/૧૨૦ (૯૯.૯૭ PR)

સમગ્ર ગુજરાતમાં બોર્ડમાં ત્રીજો

ઉચ્ચતમ પરિણામ મેળવવા બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન...

# અમદાવાદમાં વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો

## ● વરસાદ અને વાતાવરણમાં પલટાને કારણે વિઝિબિલિટી ઘટી : વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા ● શહેરમાં ૧૧ સ્થળોએ વૃક્ષો થયા ધરાશાયી

અમદાવાદ,તા.૧૩

રાજયમાં અનેક સ્થળોએ ભારે પવન સાથે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. જેને પગલે અમદાવાદ શહેરમાં પણ આજે સાંજના સુમારે અનેક સ્થળોએ ભારે પવન સાથે વરસાદ તૂટી પડયો હતો. અનેક સ્થળોએ પતરા ઉડયા હતા. તો કેટલીક જગ્યાએ હોર્ડિંગ્સ પણ ફાટી ગયા હતા. ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. ત્યારે વરસાદ તૂટી પડયો હતો. કાળઝાળ ગરમીમાં વરસાદ આવતા લોકોને ઘણી રાહત થઈ હતી. અમદાવાદના વાતાવરણમાં ૧૩મીએ સાંજના સુમારે અચાનક પલટો આવ્યો હતો. શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. જો કે, આ અગાઉ અમદાવાદમાં ભારે પવન અને ધૂળની ડમરીઓ ઉડતા ઝીરો વિઝિબિલીટીના કારણે વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી



રહ્યો હતો. ભારે પવનને કારણે શહેરમાં વિવિધ જગ્યાએ આવેલા હોર્ડિંગ્સ પણ ફાટી ગયા હતા. અનેક જગ્યાએ પતરા પણ નીચે પડયા હતા. તો બીજી તરફ રાજકોટમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળતા ભારે પવન ફુંકાવાનો શરૂ થઈ ગયો હતો. જો કે, મોડી સાંજે વડોદરામાં પણ ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. જે બાદ શહેરમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. હવામાન વિભાગે આગામી ૧૬ મે સુધી રાજયના વિવિધ જિલ્લાઓમાં વરસાદની શકયતા વ્યકત કરી છે. આવતીકાલે એટલે કે ૧૪ મેના રોજ અમદાવાદમાં પણ વરસાદી માહોલ સર્જાયો તથા ગાજવીજ સાથે વિવિધ વિસ્તારમાં સામાન્યથી હળવો વરસાદ થઈ શકે છે. ત્યારે આજ સાંજથી અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. અમદાવાદમાં ઝડપી પવન ફૂંકાવાની સાથે સાથે ધૂળની ડમરીઓ પણ ઉડી રહી છે અને વાતાવરણ તથા કેટલાક વિસ્તારમાં વરસાદી વાદળો જામ્યા હતા. શહેરમાં વસ્ત્રાપુર, નારણપુરા, ઘાટલોડિયા, વાડજ, શાહીબાગ, વેજલપુર, જુહાપુરા, સરખેજ, ગોતા, સાયન્સ સિટી, છારોડી, ચાંદખેડા, ઝુંડાલ, સાબરમતી, નવરંગપુરા, શાહઆલમ, નારોલ, દાણીલીમડા, બહેરામપુરા, જમાલપુર, પાલડી, વાસણા સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. ત્યાર બાદ વરસાદ તૂટી પડયો હતો. શહેરમાં ભારે પવનને કારણે નારણપુરા, વસ્ત્રાપુર, વાડજ, શાહીબાગ સહિત ૧૧ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. તો બીજી તરફ આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ યોજાવાની હતી. જે વરસાદને પરિણામે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી શરૂ થઈ ન હતી. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં કાળઝાળ ગરમીમાં રહત મળી હતી. જયારે ૧૪મીએ પણ શહેરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

### સમિતિ ગદ્દાર હોવાના આક્ષેપો કરનારા પી.ટી. જાડેજાના નિવેદન સામે પદ્મિનીબાની આકરી પ્રતિક્રિયા

# સંકલન સમિતિના ચાર-પાંચ લોકોએ આંદોલનની પથારી ફેરવી નાંખી; સમાજ હાંસીપાત્ર બની ગયો

## સભ્યો અંદરો અંદર ઝઘડે છે, સમિતિ કોંગ્રેસની જ ટીમ હોવાના કરાયા આક્ષેપો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

રાજયમાં રૂપાલા પ્રકરણે સતત મજબૂત લડત ચલાવ્યા બાદ હવે સંકલન સમિતિમાં શરૂ થઈ અંદરો અંદરની લડાઈ શરૂ થઈ ગઈ હોવાના અહેવાલો બહાર આવી રહ્યા છે. ક્ષત્રિય આંદોલનને માથે લેનાર પી.ટી.જાડેજાએ સંકલન સમિતિ પર અનેક સવાલો ઉઠાવ્યા છે. પી.ટી.જાડેજાની ઓડિયો ક્લીપ વાયરલ થઈ હતી. જેમાં તેઓએ સંકલન સમિતિ ગદ્દાર છે અને રહેવાની તેમ જણાવતા કહ્યું કે, સંકલન સમિતિની ગદ્દારીના મારી પાસે અનેક પુરાવા છે. સંકલન સમિતિએ શેકેલો પાપડ પણ નથી ભાંગ્યો. ત્યારે હવે જાડેજાના આ શબ્દોથી પદ્મિનીબા પીટી જાડેજા પર ભડક્યાં છે. તેમણે કહ્યું કે, આંદોલનની પથારી ફેરવી નાંખી, બીજા સમાજા વચ્ચે આપણે હાંસીપાત્ર બન્યા.

પી.ટી.જાડેજાની નારાજગી અને ઓડિયો ક્લિપ મુદ્દે ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબા વાળાની પ્રતિક્રિયા આવતા સમગ્ર કેસમાં નવો વળાંક આવ્યો છે. પદ્મિનીબા વાળાએ કહ્યું કે, પી.ટી.જાડેજાએ નારાજગી દર્શાવી અને પાછા હટી પણ ગયા. આ લોકો શું કરવા માંગે છે તે સમજાતું નથી. ક્ષત્રિય સમાજને ગુમરાહ કરી રહ્યા છે. સંકલન સમિતિના ચારથી પાંચ તત્વો કોંગ્રેસ તરફ આંદોલન લઈ ગયા. સંકલન સમિતિના સભ્યો જ અંદરો અંદર ઝઘડી રહ્યા છે તો સમાજનું શું થશે. પી.ટી.જાડેજા માઈક લઈને બોલબોલ કરતા હતા તો હવે કેમ ડરવું જાઈએ. શું કામ ડરો છો?

પદ્મિનીબા વાળાએ કહ્યું કે, સમિતિના કારણે જ આંદોલન આડા રસ્તે ફંટાઈ ગયું હતું. મને તો સંકલન સમિતિ પર પહેલેથી જ શંકા હતી. આજે અમારો સમાજ હાંસીપાત્ર બની ગયો છે. આગેવાનો માત્ર સ્ટેજ શોની જેમ ભાષણ આપવા માટે હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. આ સંકલન સમિતિને અમદાવાદ સિવાય કોઈ જાણતું ન હતું. આંદોલન તો અમે ઉપાડ્યું અને મોકો જાઈને તમે બધો દોર ઉપાડી લીધો. હું તો પહેલાથી જ તેના વિરોધમાં હતી. આ સમિતિમાં ઈગોવાળા લોકો છે. આ લોકો સ્ટેજ શો કરી શકે છે. પરંતુ સમાજને પરિણામ ન આપી શક્યા. હવે પીટી જાડેજા બોલે છે ત્યારે તેમને હું કહીશ કે તમે પહેલા બોલો ને ફરી જાવ તેનો શું મતલબ. આવા આગેવાનો હોય તો સમાજની શું હાલત થાય. પદ્મીનીબા વાળાએ વધુમાં કહ્યું કે, મને પહેલાથી ખ્યાલ હતો, મને વિશ્વાસ ન હતો, પીટી મામાનું નિવેદન આવ્યુ અને પાછું પણ ખેંચ્યુ. આમ બોલવાથી સમાજનું ખરાબ લાગી રહ્યું છે. સમાજ સાથે ગદ્દારી કરશો તો પાછું આવવાનું જ છે. સંકલન સમિતિના પાંચ તત્વો નિર્ણય લે છે. તે જ પોતાનું ચલાવે છે. આથી સમાજે વિચારવુ જાઈએ. અંદરો અંદર બાઝ્યા રાખશે તો સમાજનું શુ થશે. આ લોકોને ચૂંટણીથી કોઈ લેવા દેવા નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા ક્ષત્રિય મહિલા આગેવાન પદ્મિનીબા વાળાએ પત્રકાર પરિષદમાં ક્ષત્રિય સંકલન સમિતિ સામે ગંભીર આરોપ લગાવ્યા હતા અને કહ્યું હતું કે, ક્ષત્રિય સંકલન સમિતિ કોંગ્રેસની જ ટીમ છે. જો કે આંદોલનને કારણે સમાજને ઘણું વેઠવું પડ્યું છે. જો પરષોતમ રૂપાલા ચૂંટણી નહિ હારે તો ક્ષત્રિય સંકલન સમિતિના હોદ્દેદારોને બંગડી પહેરાવીશ તેવી ચીમકી આજે ફરી દોહરાવી હતી.

### કાળઝાળ ગરમીમાં વકરી રહ્યો છે રોગચાળો

# અમદાવાદીઓ સાવધાન : રોજના ૬૦થી વધુ ઝાડા-ઉલ્ટીના કેસ નોંધાઈ રહ્યાનો ખુલાસો

## શહેરમાં મે મહિનામાં ૧૧ દિવસમાં પાણીના બાવન સેમ્પલ ફેઈલ

અમદાવાદ, તા.૧૩

શહેરમાં આકરો ઉનાળો જોર બતાવી રહ્યો છે તાપમાનનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ પહોંચી ગયો છે. ગરમી વધવાની સાથે સાથે રોગચાળો પણ વધી રહ્યો છે. પ્રદૂષિત પાણી અને ગરમીમાં બહારનું ખાવાના કારણે અનેક લોકો બીમાર પડી રહ્યા છે. શહેરમાં રોજના ૬૦થી વધુ ઝાડા-ઉલટીના કેસો નોંધાઈ રહ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રામોલ, અમરાઈવાડી, વટવા, લાંભા, ભાઈપુરા, દાણીલીમડા અને વસ્ત્રાલ વિસ્તારમાં કોલેરાના ૧૪ કેસો પણ નોંધાયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ બંને પક્ષના નેતાના જ વોર્ડમાં કોલેરાના કેસો નોંધાયા છે. શહેરમાં મે મહિનામાં ૧૧ દિવસમાં ૫૨ પાણીના સેમ્પલો ફેઈલ આવ્યા છે. જેથી, ઝાડા-ઉલટી, કમળા, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા જણાવ્યું હતું કે, ચાલુ મે મહિનામાં ૧૧ દિવસમાં ઝાડા-ઉલટીના ૬૩૫, કમળાના ૬૧, ટાઈફોઈડના ૧૮૫ કેસ નોંધાયા છે. જયારે સાદા મેલેરિયાના ૧૨ અને ડેન્ગ્યુના ૨૬ કેસ નોંધાયા છે. શહેરમાં ૧૧ દિવસમાં ૧૬૨૭ પાણીના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તે પૈકી ૫૨ પાણીના સેમ્પલ અનફીટ આવ્યા છે. જ્યાં પણ પાણી આવતું હોય ત્યાં એન્જિનિયરિંગ વિભાગને જાણ કરીને લાઈનો બદલવા માટે સૂચના આપવામાં આવી છે. ક્લોરીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

સૌથી વધારે પ્રદૂષિત પાણીના કારણે રોગચાળામાં સતત વધારો થઈ રહ્યો છે. સ્લમ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જે પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. ખાસ કરીને પૂર્વ વિસ્તારના બહેરામપુરા, અમરાઈવાડી અને લાંભામાં પાણીની લાઈનો અને ગટરની લાઈનોમાં તકલીફના કારણે હવે કોલેરા પણ વકર્યો છે. ખાસ કરીને કોટ વિસ્તારમાં જ્યાં જૂની પાણીની પાઈપલાઈનમાં બદલાવની જરૂર પડે ત્યાં લાઈન બદલવાની કામગીરી કરવામાં આવશે. પાણીપુરી, આઈસગોલા અને શરબતના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં પાણીના સેમ્પલ લઈને ટેસ્ટ કરવામાં આવ્યા છે.

### શિક્ષણ બોર્ડે આપી મહત્ત્વની જાણકારી

# ધો.૧૨ના વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણી માટે ઓનલાઈન અરજી કરવી પડશે

## ૧૩થી ૨૦ મે સુધી બોર્ડની વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરવું પડશે

અમદાવાદ, તા.૧૩

૯ મેએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તેના માટે અગત્યની જાહેરાતત કરાઈ છે. શિક્ષણ બોર્ડે આપેલી માહિતી પ્રમાણે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્તીઓ જે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે તેણે ઓનલાઈન અરજી કરવી પડશે. ધોરણ ૧૨ના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે તે ૧૩ મેથી ૨૦ મે સુધી બોર્ડની વેબસાઈટ www.gseb.org થવા hsc.bseb.org પર રજિસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરી શકશે. એટલે કે ધોરણ ૧૨ની પરીક્ષા આપી હોય અને તમારે ગુણ ચકાસણી કરાવવી હોય તો ઓનલાઈન અરજી કરવી પડશે. શિક્ષણ બોર્ડે અખબારી યાદીમાં જણાવ્યું કે જે વિદ્યાર્થીઓ ગુજકેટ પરીક્ષાની ઓએમઆરની નકલ મેળવવા ઈચ્છે છે તેણે ૨૦ મે સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. તે માટે પણ ઓનલાઈન ફી ભરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦ મે સાંજે ૫ કલાક સુધીની છે.



આઈ ડેકોર એન્ડ એસોસિએટ્સ જેના ફાઉન્ડર અકીલ અહમદ (કબીર) ફિરોઝ રંગરેઝ અને અમાન શેખ છે. અમદાવાદમાં ટૂંક સમયમાં ઈન્ટરિયર ડિઝાઈન સ્ટાર્ટઅપ કરી બુલંદી હાસલ કરી છે. આજે આ કંપની ગુજરાતથી લઈને દિલ્હી સુધી કામ કરી રહી છે. ત્યારે ફિરોઝ રંગરેઝના પુત્ર અકીલ અહેમદને ઈન્ટરિયર ડિઝાઈન યુથ એવોર્ડ બોલિવૂડ અભિનેત્રી ભાગ્યશ્રી દ્વારા મળેલ છે.

# NEET ચોરી કૌભાંડમાં પકડાયેલા વધુ બે આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

## પૂછપરછમાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવે તેવી શક્યતા

અમદાવાદ, તા.૧૩

પંચમહાલના ગોધરામાં NEETની પરીક્ષામાં ચોરી કરાવવાનું કૌભાંડ ઝડપાયું છે, આ કૌભાંડમાં સીધી રીતે સંડોવાયેલા ત્રણેય આરોપીઓની એકબાદ એક ધરપકડ કરવામાં આવી હતી. ત્રણ પૈકી રાજસ્થાનથી ઝડપાયેલા બે આરોપીઓને સોમવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દ્વારા બંને આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. કોર્ટ વિશેષમાં એવું નોંધ્યું છે કે, નીટની પરીક્ષામાં ગેરરીતિ કરવી એ દેશના નાગરિકોના આરોગ્યલક્ષી પ્રશ્નો સામે ચેડાં કરવા બરાબર છે. ઉલ્લખનીય છે કે, બંને આરોપીઓની પૂછપરછ દરમ્યાન વધુ ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવે તેવી શક્યતાઓ છે.

સરકારી વકીલે જણાવ્યું હતું કે, ગોધરા તાલુકા પોલીસમાં ત્રણ આરોપી સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં ગોધરા ન્ઝમ્ પોલીસે નીટની પરીક્ષામાં સંડોવાયેલાં બે આરોપીઓમાં તુષાર ભટ્ટ અને આરીફ વોરાની રાજસ્થાનના બાંસવાડાથી ધરપકડ કરી હતી. બંને આરોપીને આજે પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતા. જેમાં બંને આરોપીના ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. કોર્ટ દ્વારા બંને આરોપીઓની ૨૨મી તારીખના સાંજના સાડા ચાર વાગ્યા સુધી પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા હતા. કોર્ટ વિશેષમાં એવું નોંધ્યું છે કે, નીટની પરીક્ષામાં ગેરરીતિ કરવી એ દેશના નાગરિકો છે તેમના આરોગ્યલક્ષી પ્રશ્નો સામે ચેડાં કરવા બરાબર છે. નામદાર કોર્ટે આવું અવલોકન કરી બંને આરોપીઓની કસ્ટડી સોંપી છે. ઉલ્લેખનીય છે કે ૧૦ દિવસની પૂછપરછ દરમ્યાન અનેક ચોંકાવનારા ખુલાસા થાય તેવી શક્યતાઓ છે. પોલીસ દ્વારા વડોદરાના પરશુરામ રોય નામના આરોપીની અટકાયત કરીને ૧૦ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા, ત્યાર બાદ સમગ્ર કૌભાંડમાં ફરાર તુષાર ભટ્ટ અને આરીફ વોરા નામના બે આરોપીઓની રાજસ્થાનથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા બંને આરોપીઓને સોમવારે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં તપાસ અધિકારી નાયબ પોલીસ અધિક્ષક એન.વી પટેલ દ્વારા ૧૪ દિવસના રિમાન્ડની માગ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા સરકારી વકીલ દ્વારા કરાયેલી દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટ દ્વારા બંને આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

### વધુ એક ભરતી કૌભાંડ સામે આવ્યું

# ઈડર APMCમાં ગેરકાયદેસર ભરતી મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રીને રજૂઆત

## ભ્રષ્ટાચાર મામલે ભારતીય કિસાન સંઘ દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી

અમદાવાદ, તા.૧૩

ઈડર તાલુકામાં છેલ્લાં કેટલાંક દિવસોથી શહેરમાં આવેલ અનાજ માર્કેટ ખાતે ભરતી પ્રક્રિયા મામલે ચકચાર મચી છે. એક એક અખબારમાં જાહેરાત આપી સીઝનેબલ હંગામી ધોરણે સ્ટાફની જરૂરિયાત હોવાથી રસ ધરાવતા ઉમેદવારોએ તારીખ ૧૪-૦૩-૨૪ સુધીમાં અરજી કરવાની જણાવતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આ બાબતે અનાજ માર્કેટના ચેરમેન દ્વારા આ વાતને વખોડી કાઢતા કહ્યું કે, 'આ વાત તદ્દન પાયાવિહોણી અને અમોને બદનામ કરવાની છે.' આ બાબતે તાલુકાના એક જાગૃત નાગરિક દ્વારા મુખ્યમંત્રી ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમાં લેખિતમાં અરજી કરી જણાવાયું કે, અનાજ માર્કેટ યાર્ડ ખાતે ચેરમેન તેમજ ડિરેક્ટરો દ્વારા ક્લાર્ક અને હરાજી ક્લાર્કની ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ઈડર ખેતી વાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનના જણાવ્યા મુજબ કે આજે રવિવારે છે હું ઘરે જમવા બેઠો છું અને હું મહેસાણા ગયો નથી આતો અગાઉ કરેલ પ્રક્રિયા સંદર્ભે જે એજન્સીને ભરતી પ્રક્રિયા આપવામાં આવી છે તે એજન્સી દ્વારા જર્મની અરજી આવી હશે તેમને એજન્સી આપેલ સરનામું ઉપર બોલાવ્યા હશે. વધુમાં જણાવ્યું હતું કે, ભરતી પ્રક્રિયા ઈડર ખેતી વાડી ઉત્પન્ન બજારના બોર્ડ કરવાની હોય છે એટલે અમારે હાલ પૂરતી કોઈ ભરતી કરવાની રહેતી નથી.'

કિસાન સંઘના જિલ્લા પ્રમુખ ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઈડર એપીએમસી ખાતે ભારતીય કિસાન સંઘની તાલુકા લેવલની મીટીંગ હતી. જેમાં ઈડર એપીએમસી માર્કેટમાં ગેરકાયદેસર ભરતી થવાની હોવાની તેમજ તેમાં મોટો ભ્રષ્ટાચાર થવાનો છે. તેવી માહિતી મળી હતી ઈડર અનાજ માર્કેટ દ્વારા પૈસા લઈને ખોટી ભરતી કરીને જો આ રીતે કોઈપણ જાતનો ભ્રષ્ટાચાર કરવામાં આવશે તો આગામી સમયમાં ભારતીય કિસાન સંઘ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# સાબરકાંઠામાં કરાં સાથે કમોસમી વરસાદ

હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લામાં વૈશાખ મહિનો ચાલી રહ્યો છે. ત્યારે સોમવાર બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતાની સાથે જ જિલ્લામાં સર્વત્ર માવઠું થયું હતુ. માવઠાની શરૂઆત ખેડબ્રહ્મા તાલુકામાંથી થઈ હતી. ત્યારબાદ ધીમેધીમે આ માવઠું વડાલી, ખેડબ્રહ્મા, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ તરફ આગળ વધ્યું હતુ. જિલ્લામાં વાતાવરણમાં આવેલા પલટાને કારણે બપોર બાદ પવનની આંધી સાથે જિલ્લાને માવઠાએ ઘમરોળ્યુ હતું તેમજ મોટાભાગના સ્થળે વાવાઝોડાને કારણે વીજ પુરવઠો લગભગ દોઢ કલાક ખોરવાઇ ગયો હતો. અચાનક થયેલા માવઠાને કારણે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે ગ્રામ્ય વિસ્તારોમાં બાજરી, મકાઇ અને મગફળીના પાકનો સોથ વળી ગયો હતો. એટલુ જ નહીં પણ હિંમતનગર, ખેડબ્રહ્મા, વડાલી અને ઇડરમાં કરા પડ્યા હતા. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સોમવારે બપોર બાદ હવામાન વિભાગે કરેલી આગાહીના ભાગરૂપે ગરમીનું પ્રમાણ ખુબજ વધી ગયુ હતુ. ત્યારબાદ એકાએક વાતાવરણમાં આવેલા પલટાને કારણે આકાશ ધુળની ડમરીઓથી છવાઇ ગયુ હતુ અને તરતજ ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા, વડાલી, ઇડર અને હિંમતનગર તાલુકાના કેટલાક સ્થળે કરા સાથે વરસાદ શરૂ થઇ ગયો હતો. સતત સવા કલાક સુધી વાવાઝોડા સાથે થયેલા વરસાદને કારણે મોટાભાગના સ્થળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. એટલું જ નહીં પણ રોડ પર પાણી વહેવા માંડ્યુ હતું. હિંમતનગર તાલુકાના મેડીટીંબા ગામે વાવાઝોડાને કારણે કેટલાક કાચા-પાકા મકાનના પતરા ઉડી ગયા હતા. જોકે કોઇ જાનહાની થઇ ન હતી.

## તેજસ્વી તારલા

શેખ સોહા સમીરઅહમદે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૯૯.૮૮ પર્સન્ટાઈલ સાથે માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં પ્રથમ ક્રમાંક મેળવતા સામગ્ર મુસ્લિમ સમાજ તેમજ શહીદ બદરૂદ્દીન શેખ પરિવાર માટે ગૌરવની ક્ષણ છે.



ICSE બોર્ડના પરિણામમાં પટેલ મોહંમદસાદ હસને સખ્ત મહેનતથી સારા ગુણ મેળવી ઝળહળતી સફળતા હાંસલ કરી છે. આ પરિણામ પાટેલ સમાજ માટે ગૌરવ સમાન છે.



ધોરણ-૧૦ના પરિણામમાં ઓરિએન્ટલ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી કુરેશી મોહંમદ ઈફ્તિખાર આઈ.એ ૯૭.૫૧ પી.આર. સાથે એ-૧ ગ્રેડ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.



ઓરિએન્ટલ હાયર સેકન્ડરી સ્કૂલની શેખ આમેનાબાનુ એમ.એ ધોરણ-૧૦માં ૯૮.૬૫ પી.આર. સાથે એ-૧ ગ્રેડ મેળવી શાળામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.



ધોરણ-૧૨ના પરિણામમાં ઓરિએન્ટલ હાયર સેકન્ડરી સ્કૂલની કુરેશી ફાતિમાબાનુએ ૯૯.૦૮ પી.આર. સાથે એ-૧ ગ્રેડ મેળવી શાળામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.



ઓરિએન્ટલ હાયર સેકન્ડરી સ્કૂલની શેખ મુસ્કાને ધોરણ-૧૨ના પરિણામમાં એ-૧ ગ્રેડ સાથે ૯૮.૮૪ પી.આર. મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.



# વડોદરાની કોર્ટે પીઆઈને કરેલી સાત દિવસની કેદની સજા હાઈકોર્ટે રદ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એસ. વી. પિન્ટોએ વડોદરાના જવાહરનગર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર ને વડોદરાની ટ્રાયલ કોર્ટ દ્વારા સાત દિવસની સાદી કેસની સજા રદ્દ કવામાં તો હુકમ કર્યો હતો. વર્ષ ૧૯૯૦માં હત્યાનો પ્રયાસ અને મારામારીના કેસમાં નોંધાયેલી એક ફરિયાદની ટ્રાયલ માં મુદ્દામાલ રજૂ નહિ કરવા બદલ અદાલતે પોલીસ ઈન્સ્પેકટર ને સજા ફટકારી હતી. લોકસભા ચૂંટણી બંદોબસ્તમાં વ્યસ્ત હોવાથી વડોદરાના અશોક મોરી વર્ષો જૂના એક કેસમાં મુદ્દામાલ રજૂ નહી થઈ શકતાં વડોદરા સેશન્સ કોર્ટે કસૂરવાર પીઆઈને સાત દિવસની સજા ફટકારી દીધી હતી.

આ સજા રદ કરતા આદેશમાં હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૪૯ની શિક્ષાત્મક પ્રકારની જોગવાઇનો હળવાશથી ઉપયોગ થવો જોઈએ નહી અને તેનો ભાગ્યે જ ઉપયોગ થવો જોઈએ. ખાસ કરીને જેના કબ્જામાં મુદ્દામાલ કે દસ્તાવેજહોય અન તે વ્યકિતને ક્રિમીનલ કોર્ટ દ્વારા બોલાવવામાં આવે અને તે વ્યકિત દ્વારા જો જાણીબુઝીને ઈરાદાપૂર્વક તે મુદ્દામાલ કે દસ્તાવેજ રજૂ કરવાનો કે કોર્ટની પૃચ્છાનો જવાબ આપવાનો ઈન્કાર કરવામાં આવે તો તેવા કિસ્સામાં ૩૪૯ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે અન્યથા નહી. જો કે, જસ્ટિસ એસ.વી.પિન્ટોએ સીઆરપીસીની જોગવાઈઓ અને સુપ્રીમકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતને ટાંકીને અરજદાર પીઆઈની સજાનો ટ્રાયલ કોર્ટનો હુકમ રદબાતલ ઠરાવ્યો હતો.

જસ્ટિસ એસ.વી.પિન્ટોએ અવલોકન કર્યું હતું કે, જો કોર્ટના પ્રશ્નોને ઈરાદાપૂર્વક ટાળનાર કે મુદ્દામાલ કે દસ્તાવેજ જાણીબુઝીને કોરટ્ સમક્ષ રજૂ નહી કરનાર વ્યકિત વિરૃધ્ધ ટ્રાયલ કોર્ટ સીઆરપીસીની કલમ-૩૪૯ હેઠળ શિક્ષાત્મક પગલાં લઈ શકે પરંતુ તે પણ તેને સુનાવણીની તક આપીને અથવા તો તેને સાંભળ્યા બાદ નિર્ણય લેવાનો રહે છે.

અરજદાર પીઆઈએ પોતાના વકીલ મારફતે રજૂઆત કરી હતી કે, ટ્રાયલ કોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કરી જ દીધો હતો અને અદાલતના હુકમને અવગણના કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો. વર્ષ ૧૯૯૦ના રાયોટીંગના એક બનાવની ફરિયાદને લઈ જે તે વખતે તત્કાલીન તપાસનીશ અધિકારી દ્વારા મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ના એક કેસમાં સંબંધિત મુદ્દામાલ રજૂ કરવા અંગે વડોદરા સેશન્સ કોર્ટે જવાહરનગર પીઆઈ તરીકે ફરજ બજાવતાં અરજદારને નોટિસ કાઢી હાજર રહેવા ફરમાન કર્યું હતું. જો કે, અરજદાર લોકસભાની ચૂંટણીઓને લઈ ઈલેકશન બંદોબસ્તમાં રોકાયેલા હોવાથી તેઓ અદાલત સમક્ષ તા.૨૭-૩-૨૦૨૪ના રોજ હાજર રહી શકયા ન હતા. પરંતુ તેમણે જરૂરી રિપોર્ટ ટ્રાયલ કોર્ટને મોકલી આપ્યો હતો. એટલું જ નહી, અરજદારે કોર્ટ ડયુટી સ્ટાફના સુરેશભાઈ કાળુભાઈને ટ્રાયલ કોર્ટમાં હાજર રખાવી તેમના મારફતે મુદ્દામાલ રજૂ કર્યો હતો પરંતુ તેમછતાં ટ્રાયલ કોર્ટે તે સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો અને એવો આગ્રહ રાખ્યો હતો કે, પીઆઈ જાતે રૂબરૂ મુદ્દામાલ સાથે હાજર રહે. આમ, સમગ્ર ઘટનાક્રમ અને હકીકતો જોતાં અરજદારે સીઆરપીસીની કલમ-૩૪૯ની જોગવાઈનો કોઈપણ રીતે ભંગ કર્યો જ નથી કે, અરજદારનો ટ્રાયલ કોર્ટના હુકમને અવગણવાનો કે અનાદર કરવાનો પણ ઈરાદો ન હતો. તેમછતાં ટ્રાયલ કોર્ટે મનસ્વી અને ગેરકાયદે રીતે અરજદારને બિલકુલ ખોટી રીતે સજા કરી હતી.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ : **મોહંમદઈરફાન મુસ્તુફાભાઈ પટેલ** તે બદલીને મારૂં નવું નામ : **પટેલ મોહંમદઈરફાન મુસ્તુફાભાઈ** કરેલ છે.

સરનામું : ૧૩-૯૩, પાનચકલા, માંડલ, અમદાવાદ-૩૮૨૧૩૦

**નામ બદલેલ છે.**

મે મારૂ નામ શેખ રેહાના બાનું મો. રફીક હતું તે બદલીને શેખ રેહાનાબાનું મોહંમદરફીક રાખેલ છે.

૨૪૦૦ જી/બી, રાજ ભવન ગિરિરાજ સોસાયટી ની પાછળ, મિલ કંપાઉન્ડ, શાહપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧

**નામ બદલેલ છે.**

મે મારૂ નામ શેખ મો. રફીક રાજ મોહંમદ હતું તે બદલીને શેખ મોહંમદરફીક રાજમોહંમદ રાખેલ છે.

૨૪૦૦ જી/બી, રાજ ભવન ગિરિરાજ સોસાયટી ની પાછળ, મિલ કંપાઉન્ડ, શાહપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧

# નકલી હસ્તાક્ષર, ધાકધમકીભર્યા કોલ્સ : ઈન્દોર લોકસભાના ઉમેદવારોને મેદાન છોડવા કેવી રીતે દબાણ કરવામાં આવ્યું

## બે અપક્ષો અને જનતા કોંગ્રેસ પાર્ટીના એક સહિત ત્રણ ઉમેદવારોએ ધ વાયરને જણાવ્યું હતું કે, ઉમેદવારી ન કરવા માટે દબાણ કરવા માટે તેઓને કૉલ્સ કરવામાં આવ્યા હતા અને પાછા ખેંચવાના ફોર્મ પર ''બનાવટી સહીઓ'' મેળવવામાં આવી હતી

(એજન્સી) ઈન્દોર, તા.૧૩

એપ્રિલના રોજ, મધ્યપ્રદેશના ઈન્દોર લોકસભા મતવિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બમના નામાંકન પાછું ખેંચી લીધા પછી અને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. અપક્ષ ઉમેદવાર તરીકે પૂર્વ એરફોર્સ અધિકારી ધર્મેન્દ્રસિંહ ઝાલા, તેમનું ચૂંટણી ચિન્હ લેવા માટે કલેક્ટર કચેરીમાં ગયા તો તેઓને જાણ થઈ કે તેમનું નામ નકલી સહીનો ઉપયોગ કરીને પાછું ખેંચાયેલા ઉમેદવારોની યાદીમાં હતું.

તેમણે કહ્યું કે, મેં સહી કરી ન હોવાથી, મેં તેમને નકલી સહીઓની તપાસ કરવા કહ્યું અને કલેક્ટર કચેરીમાંથી સીસીટીવી ફૂટેજ માંગ્યા, પરંતુ મને તે આપવામાં આવ્યા નથી. જો મારી સહી નકલી હોય, તો એ પણ શક્ય છે કે મારા પ્રસ્તાવકની સહી પણ નકલી હોઈ શકે. ગુજરાતના સુરતમાં કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ નાટકીય રીતે અસ્વીકાર થયા જેના કારણે મુકેશ દલાલને પ્રથમ સાંસદ તરીકે બિનહરીફ લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ઈન્દોરમાં ત્રણ ઉમેદવારો, જેમાં બે અપક્ષ અને એક જનતા કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે, જેની સાથે ધ વાયરે વાત કરી હતી તે હવે જાહેર કરે છે કે આ ફોર્મ પર ''બનાવટી સહીઓ'' મેળવવામાં આવી હતી, અને તેમને ચૂંટણી ન લડવા માટે બળજબરીપૂર્વક અને ધાકધમકીભર્યા કોલ કરવામાં આવ્યા હતા. ઈન્દોરમાં સોશિયાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ)ના ઉમેદવાર, અજીતસિંહ પંવાર હજુ પણ મેદાનમાં છે, તેમણે કહ્યું કે ભાજપ દ્વારા તેમના પર ચૂંટણી ન લડવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. ઈન્દોરની બેઠક ૧૯૮૯થી ભાજપ પાસે છે, ૧૩ મેના રોજ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં મતદાન છે. નવ અપક્ષો સહિત ૧૪ ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે ઓછામાં ઓછા નવ અન્ય લોકો રેસમાંથી ખસી ગયા છે.

ઝાલાએ કહ્યું કે સીસીટીવી ફૂટેજ જોયા વિના તેઓ કહી શકશે નહીં કે તેમની નકલ કોણે કરી છે. પરંતુ ત્રણ દિવસ પહેલા, તેમને ભાજપના કથિત ટોચના નેતાઓના ફોન આવ્યા હતા. ૨૫-૨૬ એપ્રિલ સુધી, પુરુષોના બે જૂથ મારા ઘરે આવ્યા. એક દિવસ તે ત્રણ લોકોનું જૂથ હતું અને બીજા દિવસે પાંચનું જૂથ હતું. તેઓએ મને ફોન પર ભાજપના ટોચના નેતાઓ સાથે વાત કરવા માટે કહ્યું જેમણે મને મારું નામાંકન પાછું ખેંચી લેવા કહ્યું અને એમ પણ કહ્યું કે રેસમાં તમે એકમાત્ર ઉમેદવાર છો, તમે તમારી ડિપોઝિટ ગુમાવશો. મેં નમ્રતાથી ના પાડી હતી. મેં તેમને કહ્યું કે જો તમે મને પ્રચાર ન કરવા માટે કહો તો હું કરીશ, પરંતુ તમે મને ચૂંટણી લડવાના મારા બંધારણીય અધિકારથી વંચિત ન કરી શકો. તમે કહો છો કે હું મારી થાપણ ગુમાવીશ. વાંધો શું છે ? તે મારા પૈસા છે, તે મારી સમસ્યા છે. તેઓએ ૪૨૦ અને બેઈમાની કરી છે.

ઝાલાએ જણાવ્યું હતું કે તેમણે મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં રિટ પિટિશન સાથે પછીના અઠવાડિયે માહિતી અધિકાર (RTI) ક્વેરી દાખલ કરી હતી. લોકો પણ જાણે છે કે મારી સાથે અન્યાય થયો છે. હું માત્ર મારા બંધારણીય અધિકારો માટે લડી રહ્યો હતો. પરંતુ તેઓએ એક ફૌજીને પણ છોડ્યો નથી. જનતાએ નક્કી કરવાનું છે કે કોણ જીતશે અને કોણ નહીં. તમે મારી સહી કેવી રીતે બનાવટી કરી શકો અને મને ચૂંટણી લડવાના મારા બંધારણીય અધિકારથી વંચિત કરી શકો ?

અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવનાર દિલીપ ઠક્કરે જણાવ્યું હતું કે ૨૬મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભર્યાના થોડા સમય



બાદ તેમને ભાજપના નેતાઓના ફોન આવવા લાગ્યા હતા. ઠક્કર ભૂતકાળમાં કોંગ્રેસના કાર્યકર રહી ચૂક્યા છે પરંતુ આ વખતે તેમણે અપક્ષ તરીકે ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે. ઠક્કરે જણાવ્યું હતું કે દબાણની રણનીતિની અપેક્ષા હતી માટે તેણે ત્રણ દિવસ માટે ૨૬ એપ્રિલની રાત્રે ઈન્દોર છોડવાનું નક્કી કર્યું અને તેના કેટલાક પ્રસ્તાવકો સાથે લગભગ ૧૦૦ કિમી દૂર ઓમકારેશ્વર નજીકના સ્થળે ગયા હતા. જ્યારે મેં ઈન્દોર છોડ્યું ત્યારે મેં મારો ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. તેઓ તેમનું ચૂંટણી ચિહ્ન લેવા માટે લગભગ ૪ વાગે કલેક્ટર કચેરી ગયા અને જાણવા મળ્યું કે તેમનું નામાંકન પાછું ખેંચી લેવામાં આવ્યું છે. જ્યારે હું ૪ વાગ્યે કલેક્ટર કચેરીમાં ગયો ત્યારે મને જણાયું કે અન્ય કોઈએ મારી સહી બનાવટી કરી છે અને મારી ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. ઠક્કર અને ઝાલા બંને કલેક્ટર કચેરીની બહાર વિરોધમાં બેઠા હતા અને તેમની સહીઓ કેવી રીતે બનાવટી કરવામાં આવી હતી તે જાણવાની માંગ કરી હતી, અને બંનેને ખાતરી આપવામાં આવી હતી કે સત્તાવાળાઓ આ બાબતે તપાસ કરશે. ઝાલાની જેમ ઠક્કરે પણ આ મામલે હાઈકોર્ટમાં અરજી કરી છે. ઈંદોરમાં હવે સૌથી મોટો પ્રશ્ન ઈન્દોરના લોકોનો છે. કેટલાક લોકોએ તેમનો મતદાનનો અધિકાર છીનવી લીધો છે. લડાઈમાં કોઈ નહીં હોય તો સત્તાધારી પક્ષ જીતશે જ ને ? પરંતુ ઈન્દોરના લોકોનો મતદાન અધિકાર છીનવાઈ ગયો છે.

૨૬ એપ્રિલના રોજ, ચૂંટણી સત્તાવાળાઓ દ્વારા મારું નામાંકન એમ કહીને નકારી કાઢવામાં આવ્યું હતું કે કોંગ્રેસે બે નામ આપ્યા છે - અક્ષય બામ જેમના પેપર વ્યવસ્થિત હોવાનું જણાયું હતું અને મારું બીજું નામ હતું - અને તેથી જ અમે તમારું ફોર્મ નકારીએ છીએ. પાર્ટી નેતૃત્વ સાથે ચર્ચા કર્યા બાદ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવી હતી.

તેમની અરજી સિંગલ જજની બેન્ચ અને હાઈકોર્ટની બે જજની બેન્ચે ફગાવી દીધી હતી, જેના પગલે તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. શુક્રવારે સુપ્રીમ કોર્ટે પણ તેમની અરજીને મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો હતો.

સિંહે કહ્યું કે અમારો મુદ્દો એ છે કે કાયદો કહે છે કે જો પ્રથમ ઉમેદવાર તેની ઉમેદવારી પાછી ખેંચે છે, તો અવેજી ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે છે. મોદી અને ભાજપ ૪૦૦ બેઠકોનો માહોલ બનાવી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે તેઓ ઈન્દોરમાં આઠ લાખ મતોથી જીતશે. જો એવું હોત, તો તેઓ ઈન્દોરમાં આવી બેઈમાની ન કરતા હોત. ધ વાયરે ટિપ્પણી માટે રાજ્ય ભાજપનો સંપર્ક કર્યો છે, અને મુખ્ય ચૂંટણી અધિકારી મધ્ય પ્રદેશ અને ઈન્દોરના કલેક્ટર આશિષ સિંહને પત્ર લખ્યો છે, જેઓ જિલ્લા ચૂંટણી અધિકારી પણ છે. જ્યારે તેઓ જવાબ આપશે ત્યારે આ લેખ અપડેટ કરવામાં આવશે.

# ઓપન જેલોની સ્થાપના જેલોમાં ભીડ ઓછી કરવાનો વિકલ્પ હોઈ શકે છે : સુપ્રીમ કોર્ટ

## ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે, અન્ય કેટલીક અરજીઓ પહેલેથી જ તેની સંકલન બેન્ચ સમક્ષ ચુકાદા માટે પેન્ડિંગ હોવાથી તે જેલ અને જેલ સુધારણા સંબંધિત મુદ્દાઓને સ્પર્શ કરશે નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે કહ્યું હતું કે, ખુલ્લી જેલોની સ્થાપના એ જેલોમાં વધુ પડતી ભીડ અને કેદીઓના પુનર્વસનના મુદ્દાને ઉકેલવા માટેનો એક ઉકેલ હોઈ શકે છે.

અર્ધ-ખુલ્લી અથવા ખુલ્લી જેલ, દોષિતોને આજીવિકા કમાવવા માટે મદદરૂપ બની શકે છે. તેમાં કેદીને દિવસ દરમિયાન જેલ પરિસરની બહાર કામ કરવાની અને સાંજે જેલ પર પરત ફરવાની મંજૂરી આપે છે.

દોષિતોને સમાજ સાથે સાંકળવા અને બહાર સામાન્ય જીવન જીવવામાં તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાથી તેમના માનસિક દબાણને ઘટાડવા માટે આ ખ્યાલ લાવવામાં આવ્યો હતો.

જેલો અને કેદીઓ અંગેની અરજી પર સુનાવણી કરતી વખતે જસ્ટિસ બી.આર. ગવઈ અને સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે, તે દેશભરમાં ખુલ્લી જેલોની હાજરીને વિસ્તારવા માંગે છે.

બેન્ચે કહ્યું, 'જેલોની ભીડ માટેનો એક ઉકેલ ઓપન એર જેલો/કેમ્પની સ્થાપના કરી શકે છે. આ સિસ્ટમ રાજસ્થાન રાજ્યમાં અસરકારક રીતે કામ કરી રહી છે. જેલમાં ભીડના મુદ્દાને ઉકેલવા ઉપરાંત તે કેદીઓના પુનઃ સ્થાપનના મુદ્દાને પણ સંબોધિત કરે છે.'

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (એનએએલએસએ) માટે હાજર રહેલા વકીલે કોર્ટને જણાવ્યું કે, તેમણે તમામ રાજ્યો પાસેથી ખુલ્લી જેલો અંગે જવાબો માંગ્યા છે અને તેમાંથી ૨૪ રાજ્યોએ જવાબ આપ્યો છે. વરિષ્ઠ વકીલ વિજય હંસારિયા, આ મામલામાં સર્વોચ્ચ અદાલતને એમિકસ ક્યુરી તરીકે મદદ કરતા જણાવ્યું હતું કે, દોષિતોને જાણ કરવામાં આવતી નથી કે તેઓને કાનૂની સેવા સત્તા દ્વારા અપીલ કોર્ટનો સંપર્ક કરવાનો



અધિકાર છે. બેન્ચે કહ્યું કે, જો દેશભરમાં એક સમાન ઈ-જેલ મોડ્યુલ હોય તો આમાંની ઘણી બાબતોને ઉકેલી શકાય છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, ઈ-જેલ મોડ્યુલ, એક વ્યાપક જેલ મેનેજમેન્ટ સિસ્ટમનો મુદ્દો સંકલન બેંચ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યો છે.

બેન્ચે ઉમેર્યું કે, 'અમે આ કાર્યવાહીમાં ખુલ્લી જેલના મુદ્દા પર પણ વિચારણા કરીશું. અમે તેને વિસ્તૃત કરવાની અને સમગ્ર દેશમાં ઓપન એર જેલોની આ સિસ્ટમ અપનાવવામાં આવે તેની ખાતરી કરવાની યોજના બનાવીએ છીએ.'

બેન્ચે એડવોકેટ કે. પરમેશ્વરને હંસારિયા સાથે મિત્ર તરીકે મદદ કરવા વિનંતી કરી હતી.

તેણે NALSA માટે હાજર રહેલા વકીલને પણ આ મામલે કોર્ટને મદદ કરવા વિનંતી કરી હતી અને તેને ૧૬ મેના રોજ આગળની સુનાવણી માટે મૂકી છે.

# 'મોદી મને મારૂં ઘર પાછું આપો' : ખરગોનના ડિમોલિશન પીડિતોને ન્યાય મળવાની કોઈ આશા નથી

## ખરગોનમાં ૧૦ એપ્રિલ, ૨૦૨૨ના રોજ રામનવમીના સરઘસો દરમિયાન સાંપ્રદાયિક હિંસા થઈ હતી તેના બે વર્ષ પછી 'બુલડોઝર જસ્ટિસ'નો ભોગ બનેલા લોકો કહે છે કે, કોઈ રાજકારણીએ અમારી મુલાકાત લીધી નથી

(એજન્સી) તા.૧૩

મધ્યપ્રદેશના ખરગોનમાં એપ્રિલ ૨૦૨૨માં રામનવમીના રોજ કોમી રમખાણોને પગલે મધ્યપ્રદેશના ખરગોનમાં બુલડોઝર વડે હિંસાના શંકાસ્પદ માનવામાં આવતા મુસ્લિમોની માલિકીના ઘરો અને વ્યવસાયોને તોડી પાડવામાં આવ્યા હતા. હસીના ફખરૂ નામની એક વિધવા જેનું ઘર PM આવાસ યોજના હેઠળ બાંધવામાં આવ્યું હતું તે ઘર બુલડોઝર કાર્યવાહીમાં તોડી પાડવામાં આવ્યું હતું, તે કહે છે કે, તે ૭ મેના રોજ આ વિસ્તારમાં ચૂંટણી પ્રચાર રેલીને સંબોધિત કરતી વખતે આવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા આતુર હતી.

તેણીએ કહ્યું કે, જ્યારે મોદી અહીં આવ્યા ત્યારે હું જઈને તેમને મારૂં ઘર પાછું આપવા માટે કહેવા ઈચ્છતી હતી કે, 'તમે મારૂં ઘર તોડી પાડ્યું હતું, હવે ફરીથી મારૂં ઘર મને બાંધી આપો પણ મારા બાળકોએ મને જતો અટકાવી. હું માત્ર એટલું ઈચ્છું છું કે, તેઓ મને મારૂં ઘર ફરીથી આપે. ડિમોલિશનની ઝુંબેશને પગલે તે વિસ્થાપિત થયેલા લોકો સાથે રહે છે. તે કહે છે કે, અમારી પાસે વીજળીનું કનેક્શન પણ નથી. એક પાડોશીએ અમને ભાડા પર વીજળી આપી છે.

ખરગોનમાં ૧૦ એપ્રિલ, ૨૦૨૨ના રોજ રામનવમીના સરઘસો દરમિયાન સાંપ્રદાયિક હિંસા થઈ હતી. હિંસા બાદ ઓછામાં ઓછા ૮૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. વહીવટીતંત્રે મુસ્લિમોની માલિકીની દુકાનો, વ્યવસાયો અને ઘરો પર બુલડોઝર દ્વારા આ વિસ્તારમાં ઓછામાં ઓછી ૫૦ મિલકતોને તોડી પાડી હતી. આવી ઝુંબેશ, પ્રથમ વખત ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી આદિત્યનાથના નેતૃત્વમાં થઈ હતી, જેમને 'બુલડોઝર બાબા' કહેવામાં આવે છે, તે પછીથી મધ્યપ્રદેશમાં પણ આ શરૂ થઈ છે, જ્યાં પૂર્વ મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણને 'બુલડોઝર મામા' તરીકે ઓળખવામાં આવે છે. બુલડોઝર ન્યાયનું મોડલ દિલ્હી, આસામ અને ઉત્તરાખંડમાં પણ જોવા મળે છે.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના અહેવાલમાં જણાવાયું હતું કે, મુસ્લિમોને ૧૨૮ ડિમોલિશનમાં નિશાન બનાવવામાં આવ્યા હતા અને ઓછામાં ઓછા ૩૩ કેસમાં JCBના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશમાં સૌથી વધુ ૫૬ શિક્ષાત્મક ડિમોલિશન થયા છે.

ડિમોલિશનના બે વર્ષ પછી ૧૩ મેના રોજ ખરગોનમાં મતદાન હોવાથી ડિમોલિશન ઝુંબેશના પીડિતો કહે છે કે, ન્યાય માટેની તેમની આશા ધૂંધળી બની ગઈ છે.

ખરગોનમાં ફખરૂનું ઘર PM આવાસ યોજના હેઠળ બાંધવામાં આવ્યું હતું અને રમખાણોને પગલે ગલીમાં તોડી પાડવામાં આવેલા ૧૮ મકાનો પૈકી એક હતું. તે કહે છે કે, અમારા વિસ્તારમાં કોઈ હિંસા કે અશાંતિ ન હતી. જ્યાં રમખાણો થયા હતા ત્યાંથી અમારૂં ઘર ઘણું દૂર હતું. પરંતુ માત્ર રમખાણોને કારણે તેઓ આવ્યા અને કોઈ ચેતવણી આપ્યા વિના મારૂં ઘર તોડી નાખ્યું. બે વર્ષ વીતી ગયા છે અને કોઈ રાજકારણી કે સરકારી અધિકારી અમને એક વાર પણ મળવા આવ્યા નથી.

ફખરૂના ઘરની બાજુમાં એક નાનું એક માળનું મકાન છે જે પીએમ આવાસ યોજના હેઠળ બનેલ ઘર હોવાની મહોર પણ ધરાવે છે. મોહમ્મદ અબ્દુલ હકીમે જણાવ્યું હતું કે, તેણે વર્ષો પહેલા પ્લોટ ખરીદ્યો હતો અને રમખાણોને પગલે તેનું પાકું મકાન તોડી પાડવામાં આવ્યું હતું. ૭ મેના રોજ ખરગોનમાં રેલીમાં મોદીએ સાંપ્રદાયિક નિવેદનો કર્યા હતા જે તેમના અભિયાનનો મુખ્ય આધાર બની ગયો છે. અહીંના મુસ્લિમો કહે છે કે, અમને આ ચૂંટણીમાં કોઈ આશા નથી. કોઈપણ પક્ષમાંથી કોઈએ અમારી મુલાકાત લીધી નથી અને અમે ગમે તે કહીએ તો પણ મોદી જ જીતશે. તેઓએ ધર્મને રાજનીતિનો ધંધો બનાવી દીધો છે.

આ રમખાણોને પગલે માત્ર ઘરો જ નહીં, મુસ્લિમોની માલિકીના વ્યવસાયોને પણ બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. ખરગોનના કરીમ નગરમાં બેસ્ટ બેકરીના માલિક અમજદ ખાને જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ દ્વારા તેમની બેકરી તોડી પાડવામાં આવી હતી. હુલ્લડના દિવસે હું તાલાબચોક પર હતો જ્યાં હિંસા શરૂ થઈ હતી પરંતુ હું પોલીસકર્મીઓ સાથે ઊભો હતો. ૧૨ એપ્રિલ, ૨૦૨૨ના રોજ સત્તાવાળાઓ બુલડોઝર લઈને મારી બેકરીમાં આવ્યા ત્યારે મેં તેમને કહ્યું કે, હું તે અમજદ ખાન નથી જેને તમે શોધી રહ્યા છો પરંતુ તેઓએ મારી વાત ન સાંભળી અને મારી પાસે તમામ પરમિટ હોવા છતાં મારી બેકરી તોડી નાખી. હું હિંસામાં કોઈપણ રીતે સામેલ ન હતો.

ખાને તેમની બેકરીને તોડી પાડવા સામે મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં અરજી કરી છે. પરંતુ પાંચ મહિના બાદ સપ્ટેમ્બરમાં તેની અન્ય બે બેકરીઓ પણ તોડી પાડવામાં આવી હતી. જ્યારે તેમનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે, ત્યારે ઓકટોબર ૨૦૨૨માં તેમણે




વડાપ્રધાન કાર્યાલયને આ ધ્વંસ અંગે પત્ર લખ્યો હતો અને નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી પણ તેને હજુ જવાબ મળ્યો નથી.

ખાને કહ્યું કે, ભારતમાં 'બુલડોઝર જસ્ટિસ'નો વિચાર આદિત્યનાથ સરકારનો પર્યાય બની ગયો છે અને આ પેટર્ન પેલેસ્ટીનમાં ઈઝરાયેલની કામગીરી જેવી છે. યોગીએ ઈઝરાયેલના મોડલની નકલ કરી છે. આ ઘરો અને વ્યવસાયોને તોડીને ભય પેદા કરવા માટે કરવામાં આવે છે જેથી કોઈ તેમનો અવાજ ઉઠાવે નહીં.

ખાને કહ્યું કે, તેમણે ભૂતકાળમાં સમુદાય સાથે કામ કર્યું છે અને ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે પ્રચાર પણ કર્યો છે. પરંતુ ડિમોલિશન બાદ કોઈપણ રાજકીય પક્ષના કોઈ પણ નેતાએ તેમને કોઈ સમર્થન આપ્યું ન હતું. આ ચૂંટણીમાં મુદ્દો બેરોજગારી કે મોંઘવારીનો નથી. આગામી ૧૦-૨૦ વર્ષમાં આ દેશ બચશે કે કેમ તેની વાત છે. મને નથી લાગતું કે આવનારા દાયકાઓમાં હિંદુઓ અને મુસ્લિમો એક સાથે બેસીને ચાનો કપ પણ પી શકશે.

મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં પીડિતોનું પ્રતિનિધિત્વ કરી રહેલા અશર વારસીએ જણાવ્યું હતું કે, હાલમાં આ ડિમોલેશનને પડકારતા કેસ ખૂબ જ ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે. રાજ્ય ખૂબ જ ધીરે-ધીરે જવાબો ફાઈલ કરી રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેક્ટર તરફથી જવાબો ખૂબ જ ધીમી ગતિએ આવ્યા છે. અને સૌથી મહત્ત્વની વાત એ છે કે, મધ્યપ્રદેશ રાજ્યએ હજુ બે વર્ષમાં જવાબ દાખલ કરવાનો બાકી છે. ડિમોલિશન સામેની પંદર અરજીઓ હવે એકસાથે એકત્રિત કરવામાં આવી છે, જેમાંથી નવ ખરગોનની છે. આ કેસમાં અંતિમ દલીલો જુલાઈમાં થવાની છે. વારસીએ કહ્યું કે, વળતર એ એક પડકાર છે. સર્વોચ્ચ અદાલતના અનુગામી આદેશોમાં કહેવામાં આવ્યું છે કે, મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનમાં વળતર આપવું પડશે પણ અરજદારોનો પ્રાથમિક ધ્યેય આ તોડફોડ કયા સંજોગોમાં થઈ છે તે બતાવવાનું છે. ૨૦૨૨માં અમલમાં આવેલ ધી પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક એન્ડ પ્રાઈવેટ પ્રોપર્ટી એન્ડ રિકવરી ઓફ ડેમેજ એક્ટ ૨૦૨૧, દાવા ટ્રિબ્યુનલ દ્વારા બે સભ્યોની કમિટીને આરોપી પાસેથી સાર્વજનિક અથવા ખાનગી મિલકતને થયેલા નુકસાનની કિંમત વસૂલવાની સત્તા આપે છે. તે એવું કહેતું નથી કે મિલકતો તોડી શકાય છે. મધ્યપ્રદેશ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૫૬ પણ સત્તાવાળાઓ દ્વારા કોઈપણ કાર્યવાહી કરતા પહેલા ૧૪-દિવસની નોટિસ આપવાની જરૂર છે. ખરગોનના ગુલશન નગર વિસ્તારમાં દરજી તરીકે કામ કરતા મોહમ્મદ સલીમ શેખે કહ્યું કે, સરકારની ભૂમિકા દરેકને સાથે લેવાની હોવી જોઈએ, વિભાજન નહીં. વડાપ્રધાનની ખુરશી પર વ્યક્તિ માત્ર ૧૦ વર્ષ જ નહીં પરંતુ આખી જિંદગી બેસી શકે છે. અમને કોઈને તકલીફ નથી પણ બધાને સાથે લઈને ચાલવું જોઈએ. દુનિયા આગળ વધી રહી છે અને આપણે પાછળ જઈ રહ્યા છીએ. બેરોજગારી વિશે વાત કરો અને તમામ નાગરિકોને તેમના સમાન અધિકારો આપવા જોઈએ.

**(સૌ. :- ધ વાયર.ઈન)**

# 'હજુ પણ ગરીબ દેશ' : વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની ભારતની આશા ઘણી પાછળ

## વિકાસનો ચમત્કાર બેસ્પોક આર્થિક નીતિઓને કારણે હોય કે, યોગ્ય સમયની બાબત હોય અથવા માત્ર નસીબ હોય, ચોક્કસ વાત એ છે કે ભારતનો વિકાસ એ ચક્ર પરના હેમસ્ટર જેવો લાગે છે જે અટકી શકતો નથી

(એજન્સી) તા.૧૩

તે અસામાન્ય છે, પરંતુ બે અગ્રણી રાષ્ટ્રીય પક્ષો ખૂબ જ મહત્ત્વપૂર્ણ પાસાં-અર્થતંત્ર પર તેમનું સંપૂર્ણ ધ્યાન આપી રહ્યા છે. જ્યારે દરેક બીજાના ૧૦-વર્ષના શાસન પર નબળા આર્થિક સ્કોરકાર્ડને ટાંકીને બેનાઈટેડ દાયકા તરીકે આરોપ લગાવે છે, તેમ છતાં તેઓ એક વાત પર સંમત છે : કે ભારતીય અર્થતંત્ર સાત ઘોડાના રથ પર સવાર છે અને વિશ્વ રેન્કિંગમાં આગળ વધી રહ્યું છે. હાલમાં પાંચમા ક્રમે છે, તે ત્રીજા સ્થાનની નજીક છે, જે આધ્યાત્મિક રીતે ઊર્જા ચક્ર અથવા ત્રીજી આંખ તરીકે સંકળાયેલી સંખ્યા છે. જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વચન આપ્યું હતું કે તેમની ત્રીજી ટર્મની સમાપ્તિ પહેલાં ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું રાષ્ટ્ર બનશે, તો પૂર્વ નાણા પ્રધાન પી ચિદમ્બરમે કટાક્ષ કર્યો હતો કે આમ કરવું એ એક અંકગણિત અનિવાર્યતા છે અને ગમે તે પક્ષ સત્તામાં હોય દેશ આગળ વધશે. આગળ જેના પર મોદીએ પ્રશ્ન કર્યો હતો કે, જો વૃદ્ધિ માત્ર કુદરતી પ્રક્રિયા હતી તો યુપીએના કાર્યકાળ દરમિયાન ભારત શા માટે વિશ્વ રેન્કિંગમાં પાછળ હતું ? ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) અનુસાર તે છેલ્લા કેટલાક સમયથી સૌથી ઝડપથી વિકસતી ઉભરતી અર્થ વ્યવસ્થાઓમાંની એક છે અને ૨૦૨૩માં વૈશ્વિક વૃદ્ધિમાં ૧૬% ફાળો આપતું મુખ્ય વૃદ્ધિ એન્જિન છે. FY23માં તેનો ૭.૨%નો વિકાસ દર પણ G20 દેશોમાં બીજા ક્રમનો સૌથી વધુ અને ઉભરતા બજાર અર્થતંત્રો માટે સરેરાશ કરતાં લગભગ બમણો હતો. પરંતુ જે ગૂંચવણમાં મૂકે છે તે વિશ્વ રેન્કિંગની આગાહીઓનું ચક્ર છે. પ્રથમ અલબત્ત સરકારના પોતાના ડ્રમર્સની છે. જ્યારે મોદીએ તેમની ત્રીજી મુદતની સમાપ્તિ પહેલા અથવા ૨૦૨૯ સુધીમાં ત્રીજા સ્થાનના લક્ષ્યની રૂપરેખા આપી હતી, ત્યારે તેમના નાયબ અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ ઉતાવળમાં હોય તેવું લાગે છે અને તેને એક માઈલસ્ટોન તરીકે જામ કરી દીધું હતું જે આપણે પહેલા ઘણું હાંસલ કરી શકીએ છીએ. સીતારામન અને મોદીના મતે આગામી મહિને સંભવિતપણે સરકાર રચે તે પછી એકાદ વર્ષમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવશે. સીતારમણએ રાંચીમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું."મોદી સરકાર ફરીથી ત્રીજી મુદત માટે રચાશે. વડાપ્રધાનની જાહેરાત મુજબ, ભારતની અર્થવ્યવસ્થા આગામી વર્ષમાં પાંચમા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચી જશે." ટાર્ગેટ ગયા નવેમ્બરમાં કરવામાં આવેલી તેમની અગાઉની આગાહી સાથે વિરોધાભાસી છે, જ્યારે તેમણે સંકેત આપ્યો હતો કે ભારત આગામી ત્રણ વર્ષમાં અથવા ૨૦૨૭ સુધીમાં ત્રીજું સ્થાન મેળવવા માટે જાપાન અને જર્મનીને પાછળ છોડી દેશે. ગયા મહિને જારી કરાયેલા IMFના વર્લ્ડ ઈકોનોમિક રિપોર્ટ અનુસાર, ભારત હાલમાં તેના ૨૦૨૩નું ઉત્પાદન ૩.૬



ટ્રિલિયન $ સાથે પાંચમા ક્રમે છે, જ્યારે જર્મની અને જાપાન અનુક્રમે ૪.૪૫ ટ્રિલિયન $ અને ૪.૨૧ ટ્રિલિયન $ સાથે ત્રીજા અને ચોથા ક્રમે છે. ૨૦૨૪એ એક રસપ્રદ વર્ષ છે અને તેમ છતાં ભારતનું રાષ્ટ્રીય ઉત્પાદન વધીને ૩.૯ ટ્રિલિયન $ થવાની સંભાવના છે, જ્યારે જાપાનનું ઉત્પાદન ઘટીને ૪.૧ ટ્રિલિયન $ થઈ શકે છે, તેમ છતાં ભારતનું રેન્કિંગ યથાવત રહેશે અને સીડી ઉપર નહીં જાય. વાસ્તવમાં બહુ-પક્ષીય એજન્સી માને છે કે, ભારત ૨૦૨૫માં જાપાનને પાછળ છોડીને ૪.૪ ટ્રિલિયન $ ઉત્પાદન સાથે ચોથું સૌથી મોટું દેશ બનશે, જ્યારે જાપાનનું અર્થતંત્ર ૪.૩ ટ્રિલિયન $ સાથે પાંચમા સ્થાને સ્થાયી થવાની સંભાવના છે. પરંતુ લક્ષ્ય નિર્ધારિત કરીને કોઈ સ્કોરિંગ રેન્જમાં પંચ કરી શકતું નથી. લક્ષ્યો અને પરિણામો વચ્ચેનો તફાવત એ છે કે, બાદમાં જબરદસ્ત કામ અને સારી આર્થિક અને નાણાકીય નીતિઓનો સમાવેશ થાય છે. ચિદમ્બરમે દલીલ કરી હતી કે, ભારત ત્રીજું સૌથી મોટું દેશ હશે. એકમાત્ર પ્રશ્ન એ છે કે આપણે ત્યાં કેટલા સમયમાં પહોંચી શકીશું. જો સીતારમણને આશા છે કે તે વહેલું થઈ જશે, એટલે કે ૨૦૨૫. IMF અપેક્ષા રાખે છે કે, ભારત જર્મનીને પાછળ છોડીને ૨૦૨૭ સુધીમાં ત્રીજું સ્થાન મેળવશે. જ્યારે કેટલાક અર્થશાસ્ત્રીઓ તેની આગાહી કરે છે કે આપણે ૨૦૨૯ પછીના માર્ગે જ હાંસલ કરી શકીએ છીએ. જો કે વિકાસની ગતિ શું અનુકૂળ હોઈ શકે છે. ગયા મહિને, IMFએ તેજીની સ્થાનિક માંગની સ્થિતિ અને વધતી જતી કામકાજની વસ્તીને ટાંકીને ભારતની FY25 જીડીપી વૃદ્ધિની આગાહી તેના જાન્યુઆરીના ૬.૫%ના અનુમાનથી ૩૦ bps વધારીને ૬.૮% કરી હતી. વાસ્તવમાં વાસ્તવિક જીડીપી ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન અણધારી રીતે ૮.૪%ના દરે વૃદ્ધિ પામી, ૬.૮%ના સર્વસંમતિ અનુમાનોને હરાવી. પરિણામે પૂર્ણ-રાજકોષીય જીડીપી વૃદ્ધિની આગાહીને ૭.૩%થી ૭.૬% સુધી સુધારી દેવામાં આવી હતી. મુખ્ય આર્થિક સલાહકાર વી અનંત નાગેશ્વરને અગાઉ અવલોકન કર્યું હતું તેમ, નાણાકીય વર્ષ ૨૪માં વૃદ્ધિ ૮%ને સ્પર્શે તેવી ઉચ્ચ સંભાવના છે.

**(સૌ.: ન્યૂઈન્ડિયનએક્સપ્રેસ.કોમ)**

# વડોદરાની કોર્ટે PIને કરેલી સાત દિવસની કેસની સજા હાઈકોર્ટે રદ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૩

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એસ. વી. પિન્ટોએ વડોદરાના જવાહરનગર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર ને વડોદરાની ટ્રાયલ કોર્ટ દ્વારા સાત દિવસની સાદી કેસની સજા રદ કવામાં તો હુકમ કર્યો હતો. વર્ષ ૧૯૯૦માં હત્યાનો પ્રયાસ અને મારામારીના કેસમાં નોંધાયેલી એક ફરિયાદની ટ્રાયલ માં મુદ્દામાલ રજૂ નહિ કરવા બદલ અદાલતે પોલીસ ઈન્સ્પેકટર ને સજા ફટકારી હતી. લોકસભા ચૂંટણી બંદોબસ્તમાં વ્યસ્ત હોવાથી વડોદરાના અશોક મોરી વર્ષો જૂના એક કેસમાં મુદ્દામાલ રજૂ નહી થઈ શકતાં વડોદરા સેશન્સ કોર્ટે કસૂરવાર પીઆઈને સાત દિવસની સજા ફટકારી દીધી હતી.

આ સજા રદ કરતા આદેશમાં હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૪૯ની શિક્ષાત્મક પ્રકારની જોગવાઈનો હળવાશથી ઉપયોગ થવો જોઈએ નહી અને તેનો ભાગ્યે જ ઉપયોગ થવો જોઈએ. ખાસ કરીને જેના કબ્જામાં મુદ્દામાલ કે દસ્તાવેજહોય અન તે વ્યકિતને ક્રિમીનલ કોર્ટ દ્વારા બોલાવવામાં આવે અને તે વ્યકિત દ્વારા જો જાણીબુઝીને ઈરાદાપૂર્વક તે મુદ્દામાલ કે દસ્તાવેજ રજૂ કરવાનો કે કોર્ટની પૃચ્છાનો જવાબ આપવાનો ઈક્કાર કરવામાં આવે તો તેવા કિસ્સામાં ૩૪૯ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે અન્યથા નહી. જો કે, જસ્ટિસ એસ.વી.પિન્ટોએ સીઆરપીસીની જોગવાઈઓ અને સુપ્રીમકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતને ટાંકીને અરજદાર પીઆઈની સજાનો ટ્રાયલ કોર્ટનો હુકમ રદબાતલ ઠરાવ્યો હતો.

જસ્ટિસ એસ.વી.પિન્ટોએ અવલોકન કર્યું હતું કે, જો કોર્ટના પ્રશ્નોને ઈરાદાપૂર્વક ટાળનાર કે મુદ્દામાલ કે દસ્તાવેજ જાણીબુઝીને કોરટ્ સમક્ષ રજૂ નહી કરનાર વ્યકિત વિરૂધ્ધ ટ્રાયલ કોર્ટ સીઆરપીસીની કલમ-૩૪૯ હેઠળ શિક્ષાત્મક પગલાં લઈ શકે પરંતુ તે પણ તેને સુનાવણીની તક આપીને અથવા તો તેને સાંભળ્યા બાદ નિર્ણય લેવાનો રહે છે.

અરજદાર પીઆઈએ પોતાના વકીલ મારફતે રજૂઆત કરી હતી કે, ટ્રાયલ કોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કરી જ દીધો હતો અને અદાલતના હુકમને અવગણના કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો. વર્ષ ૧૯૯૦ના રાયોટીંગના એક બનાવની ફરિયાદને લઈ જે તે વખતે તત્કાલીન તપાસનીશ અધિકારી દ્વારા મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ના એક કેસમાં સંબંધિત મુદ્દામાલ રજૂ કરવા અંગે વડોદરા સેશન્સ કોર્ટે જવાહરનગર પીઆઈ તરીકે ફરજ બજાવતાં અરજદારને નોટિસ કાઢી હાજર રહેવા ફરમાન કર્યું હતું. જો કે, અરજદાર લોકસભાની ચૂંટણીઓને લઈ ઈલેકશન બંદોબસ્તમાં રોકાયેલા હોવાથી તેઓ અદાલત સમક્ષ તા.૨૭-૩-૨૦૨૪ના રોજ હાજર રહી શકયા ન હતા. પરંતુ તેમણે જરૂરી રિપોર્ટ ટ્રાયલ કોર્ટને મોકલી આપ્યો હતો. એટલું જ નહી, અરજદારે કોર્ટ ડયુટી સ્ટાફના સુરેશભાઈ કાળુભાઈને ટ્રાયલ કોર્ટમાં હાજર રખાવી તેમના મારફતે મુદ્દામાલ રજૂ કર્યો હતો પરંતુ તેમછતાં ટ્રાયલ કોર્ટે તે સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો અને એવો આગ્રહ રાખ્યો હતો કે, પીઆઈ જાતે રૂબરૂ મુદ્દામાલ સાથે હાજર રહે. આમ, સમગ્ર ઘટનાક્રમ અને હકીકતો જોતાં અરજદારે સીઆરપીસીની કલમ-૩૪૯ની જોગવાઈનો કોઈપણ રીતે ભંગ કર્યો જ નથી કે, અરજદારનો ટ્રાયલ કોર્ટના હુકમને અવગણવાનો કે અનાદર કરવાનો પણ ઈરાદો ન હતો. તેમછતાં ટ્રાયલ કોર્ટે મનસ્વી અને ગેરકાયદે રીતે અરજદારને બિલકુલ ખોટી રીતે સજા કરી હતી.

### અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો

# શામળાજી પંથકમાં મીની વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો



મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં હવામાન વિભાગની આગાહી મુજબ ભારે પલ્ટો આવતા આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા શામળાજી પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી શામળાજીના રોડ રસ્તા પર પાણી ફરી વળ્યા હતા મેઘરજના કેટલાક વિસ્તારોમાં હળવા પવન સાથે સામાન્ય વરસાદ પડ્યો હતો. હાલ કાળઝાળ ગરમીના પ્રકોપ વચ્ચે આકાશે વાદળોની જમાવટ સાથે શામળાજી સહિત અનેક વિસ્તારોમાં મેઘરાજાનું આગમન થયું છે. શામળાજી સહિત આજુબાજુના વિસ્તતોમાં ભારે પવન ફૂંકાતા બજારોમાં ગરમીથી રાહત મેળવવા લગાવેલ મંડપના કાપડ ઉડી ગયા હતા મેઘરજ તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં હળવા પવન સાથે વરસાદના છાંટા પડ્યા હતા વાતવરણમાં પલટો આવતા અંગ દઝાડતી ગરમીથી સામાન્ય રાહત મળી હતી વરસાદી વિસ્તારોના વાતાવરણમાં ઠંડક અનુભવતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# દાહોદ જિલ્લામાં ધૂળની ડમરીઓ સાથે તોફાની પવન ફૂંકાતા વિઝિબિલિટી ઘટી

### ગાજવીજ સાથે સતત ત્રીજા દિવસે કમોસમી માવઠું : અનેક વૃક્ષો ધરાશાયી, શુભ પ્રસંગોના મંડપો ઊડ્યા

(સંવાદદાતા દ્વારા)

દાહોદ, તા.૧૩

ગુજરાતમાં સાયકોલોનિક સર્ક્યુલેશનની અસરના પગલે દાહોદ જિલ્લામાં કમોસમી વરસાદ વરસતા વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. સાંજ પડતા પડતા એકાએક વાતાવરણમાં પલટો આવ્યો અને દાહોદ ઉપરાંત સંજેલી ઝાલોદ સહિતના વિસ્તારોમાં ધૂળની ડમરીઓ સાથે તોફાની પવન ફુકાતા એક તરફ હાઈવે પર વિઝિબિલિટી ઘટી હતી તો બીજી તરફ વીજળીના કડાકા-ભડાકા સાથે લીમડી પેથાપુર સહિતના વિસ્તારોમાં કરા સાથે વરસાદ વરસવા પામ્યો હતો. જો કે, દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા કમોસમી વરસાદથી એપીએમસી ખાતે અનાજનો બગાડ થવા પામ્યો છે સાથે-સાથે ખેતરમાં મગ, સોયાબીન, કેરી, મહુડા સહિતના પાકને વ્યાપક નુકસાન પહોંચતા ખેડૂત પુત્રો પણ ચિંતામાં ગરકાવ થવા પામ્યા છે. દાહોદ જિલ્લામાં સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરથી તોફાની પવન સાથે કમોસમી વરસાદ વરસતા સિંગવડ તાલુકાના ચુંદડી ગામે લગ્નનો માંડવો પત્તાના મહેલની જેમ ઉડી જવા પામ્યો હતો તો બીજી તરફ ઝાલોદ તાલુકાના પેથાપુરમાં ચાલી રહેલી ભાગવત સપ્તાહમાં બાંધવામાં આવેલો સમીયાણો પણ તોફાની પવનની લપેટમાં આવી જતા વેર વિચાર થઈ જવા પામ્યો હતો.

બપોર બાદ તોફાની પવન સાથે શરૂ થયેલા કમોસમી વરસાદના પગલે પંથકમાં જુદા-જુદા સ્થળે સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થવાના બનાવો સામે આવ્યા છે. જેમાં ગરબાડા મેન બજારમાં મંદિર પાસે પીપળાનું મહાકાય વૃક્ષ જમીનદોસ્ત થયું હતું તો પાટીયા ઝોલ ગામે હાઈવે પર વૃક્ષ પડી જતા વાહનોની અવરજવર પ્રભાવી થઈ હતી. જો કે, આસપાસના સ્થાનિકોએ તંત્ર સાથે ભેગા મળી વૃક્ષની ટ્રીમિંગ કરી રસ્તો ખુલ્લો કર્યો હતો. સાથે-સાથે વાવાઝોડાના પગલે એમજીવીસીએલ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ કરી દેતા સંખ્યાબંધ ગામોમાં અંધારપટ જેવી પરિસ્થિતિનો નિર્માણ થયો હતો

### હોર્ડિંગ્સ અને પતરાનો અવાજ સાંભળી લોકો ગભરાયા

# પાટણ જિલ્લામાં ભર ઉનાળે અષાઢી માહોલ, સિદ્ધપુર પંથકમાં કરા પડ્યા




પાટણ, તા.૧૩

પાટણ શહેર સહિત જિલ્લામાં સાંજના સુમારે વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો અને ભારે પવનો અને વંટોળ સાથે કમોસમી વરસાદી ઝાપટું પડ્યું હતું. ભરઉનાળે વૈશાખ મહિનામાં અષાઢી માહોલ સર્જાયો હતો. એકાએક ભારે પવન અને આંધી ફૂંકાતા થોડીવાર માટે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. વરસાદથી બચવા લોકો આશરો શોધતા જોવા મળ્યા હતા. તેજ પવનના કારણે હોર્ડિંગ્સો અને પતરાના શેડ અવાજ કરતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ અરબ સાગરમાં સર્જાયેલ સાયક્લોનિક સર્કયુલેશનને પગલે આગામી ચાર દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. પાટણ સહિત જિલ્લામાં કાળઝાળ ગરમી વચ્ચે આજે સાંજના સુમારે વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો અને આકાશમાં કાળાડિબાંગ વાદળો સાથે તેજ પવન ફૂંકાતા ધુળની ડમરીઓ સાથે આંધીનું સામ્રાજ્ય સ્થપાયું હતું અને જોતજોતામાં વરસાદ ચાલુ થતાં શહેરના મુખ્ય બજાર સહિત વિવિધ વિસ્તારોમાં ખરીદી અર્થે આવેલા લોકો વરસાદથી બચવા સલામત સ્થળ શોધવા લાગ્યા હતા. ભારે પવનના કારણે દુકાનની આગળ બાંધેલ પ્લાસ્ટિક ઉડ્યા હતા તો મોટા હોર્ડિંગ્સ અને પતરાના શેડો અવાજ કરતા લોકો ભયભીત બન્યા હતા. ભારે પવન બાદ વરસાદી ઝાપટું પડતા માર્ગો પર પાણી રેલાયા હતા. વરસાદને કારણે અસહ્ય ઉકળાટ અને કાળઝાળ ગરમીથી કંટાળેલા લોકોએ વાતાવરણમાં પ્રસરેલી ઠંડકથી રાહત અનુભવી હતી. પાટણ ઉપરાંત જિલ્લાના સમી, શંખેશ્વર, રાધનપુર સહિત મોટાભાગના વિસ્તારોમા આંધી સાથે ઝરમર અને ધોધમાર વરસાદી ઝાપટા પડ્યા હતા તો સિદ્ધપુર પંથકમાં વરસાદ સાથે કરા પડ્યા હતા.

# બોડેલીમાં સમી સાંજે જોરદાર પવન ફૂંકાયો



બોડેલી પંથકમાં દિવસભર જોરદાર ગરમીમાં લોકો શેકાયા બાદ સમી સાંજે જોરદાર પવન ફૂંકાતો હતો. હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. ધૂળની ડમરીઓ ઉડી હતી જોરદાર પવન અને વાવાઝોડાને કારણે દિવસ દરમિયાન રાત જેવું દૃશ્ય દેખાવા લાગ્યું હતું. વીજપ્રવાહ ખોરવાયો હતો અને દિવસ દરમિયાન ઉકળાટ બાદ વાતાવરણ ઠંડક પ્રસરી ગઈ હતી. **(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)**

# મુસ્લિમ સમાજની વિષમ પરિસ્થિતિને લઈ રાજ્યવ્યાપી સંચાલન કમિટીની રચના કરાશે

### આગામી ૨૬મીએ અમદાવાદ ખાતે કોર કમિટીની બેઠક મળશે

### અનેક સમસ્યા બાબતે ચર્ચાઓ કરી નિકાલ લાવવા નિર્ણય લેવાશે

જૂનાગઢ, તા.૧૩

મુસ્લિમ સમાજની હાલની સ્થિતિમાં મુસ્લિમ સમાજનું સામાજિક,રાજકીય અને શૈક્ષણિક સ્તર ઊંચું લાવવા તેમજ વિષમ સ્થિતિમાં મુસ્લિમ સમુદાયનું પ્રતિનિધિ કરવા હવે મુસ્લિમ સમાજના કર્મશીલ યુવાનોએ કમર કસી છે છેલ્લા ત્રણ માસથી ચાલી રહેલ અભિયાનમાં મુસ્લિમ સમુદાયના ગુજરાતના ખૂણે-ખૂણે નિ:સ્વાર્થ કાર્ય કરતી સંસ્થાઓ અને વ્યક્તિઓ સાથે ચર્ચા કરી તેમને જોડવાનું કાર્ય પૂર્ણ કરી હવે પરિણામ લક્ષી કાર્ય કરવા મુસ્લિમ સમુદાયમાં એક સંચાલન કમિટીની રચના કરવામાં આવશે અને આ કમિટીની પ્રથમ બેઠક આવનારી તારીખ ૨૬/૫/૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે રાખવામાં આવી છે અને તેમાં ગુજરાત ભરના સામાજિક રાજકીય અને દરેક ક્ષેત્રના વિદ્વાનો તેમજ સમાજના રાત દિવસ જોયા વગર કાર્યકર્તા કર્મશીલ યુવાનોને સાથે લઈ બેઠક યોજાશે દરેક જિલ્લામાંથી ત્રણ સભ્યોને આમંત્રિત કરવામાં આવ્યા છે અને ત્યાર બાદની મીટીંગમાં જિલ્લામાંથી ૩૦ સભ્યોને આમંત્રિત કરી ગુજરાતમાં મુસ્લિમ સમાજને એક મજબૂત કર્મશીલ કાર્યકર્તાઓની ટીમ આપવાની નેમ સાથે સમાજને એક કરવાનું એલાન કરવામાં આવ્યું છે આ મીટીંગની તૈયારીઓ સાથે આગામી સમયમાં શું કાર્ય થશે તેની રૂપરેખા સાથે તૈયારીઓ હાલ અગ્રણી ઈમ્તિયાઝ પઠાણની દેખરેખમાં ગુજરાતના યુવાનોએ હાથ ધરી છે. આ કમિટીમાં કોઈ અધ્યક્ષ પ્રમુખ નહીં પણ સંપૂર્ણ કમિટી નિર્ણય લેશે તેવું જાણવા મળ્યું છે છેલ્લા સમયમાં મુસ્લિમ સમાજમાં મજારોના ડિમોલેશન હોય કે અનેક ધાર્મિક સામાજિક મામલો હોય મુસ્લિમ સમાજનું રાજકીય પ્રતિનિધિત્વ અને શિક્ષણ જેવા અનેક મામલાઓમાં છેવાડાના સામાન્ય વ્યક્તિને કોની પાસે જાવું ? કે મુસ્લિમ સમાજના વ્યક્તિ તરીકે કોને વાત કરવી ? તે સવાલ ઊભો થયો છે અને સમાજના આગેવાનો પણ આવેદન કે રજૂઆત સિવાય કોઈ નક્કર પરિણામ લક્ષી કાર્ય કરવામાં એકલતા અનુભવી રહ્યા ત્યારે દરેક તબક્કાના લોકોને એક મંચ પર લાવી આ કમિટીની રચના કરવામાં આવશે.

### મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સો. લિ.ની

# વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીમાં ચેરમેન પદે પુન: સાજીદ ખાનજી ચૂંટાયા

### ઉપપ્રમુખ પદે ઈમ્તિયાઝ સુથારની વરણી

મોડાસા,તા.૧૩

તા.૧૧-૫-૨૦૨૪ના મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સો. લી.ની વ્યવસ્થાપક કમિટીના અઢી વર્ષની ટર્મ પૂરી થતા ફરી ચેરમેનની ચૂંટણી કરવામાં આવી. સાજીદભાઈ ખાનજીને ફરી (ચેરમેન) અને ઈમ્તિયાઝભાઈ સુથારની (વાઈસ ચેરમેન) તરીકે બિનહરીફ ચૂંટવા બદલ મોટી સંખ્યામાં સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



અને શુભેચ્છા પાઠવી હતી.

### પ્રજાને ગરમીથી રાહત, કેરીના પાકને નુકસાન

# પ્રાંતિજમાં ભારે પવન સાથે ધોધમાર કમોસમી વરસાદ

(સંવાદદાતા દ્વારા)

પ્રાંતિજ,તા.૧૩

પ્રાંતિજ પંથકમાં વૈશાખની બળબળતી ગરમીમાં આજે બપોરે હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. ભારે આંધી ફૂંકાયા બાદ અડધો કલાક ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોને માથે હાથ દઈને રોવાનો વારો આવ્યો છે. આજે સવારથી જ આકરી ગરમી નગરજનોને ત્રાહિમામ પોકારાવી રહી હતી. ત્યાં જ બપોરે ચાર વાગ્યે તીવ્ર પવનના સુસવાટા સાથે આંધી ફૂંકાવવા માંડી હતી. ત્યારબાદ અચાનક કમોસમી ખાબકી પડ્યો હતો. જેના પગલે કેટલાક હોર્ડિંગ તો ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષો ભોંયભેગા થઈ ગયા હતા. અલબત્ત નગરજનોએ ગરમીથી રાહત અનુભવી હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર ગાજવીજ સાથે તૂટી પડેલા કમોસમી વરસાદે બાજરી, ફુલાવર, મગફળી સહિતના



(તસવીર : એમ.ઉમર મુન્શી, પ્રાંતિજ)

પાકોને ભારે નુક્સાન પહોંચાડ્યું હતું. જેના પગલે ખેડૂતો ચિંતામાં સરી પડ્યા છે. તો પવન સાથે વરસાદને લીધે આંબાઓ પરથી ઢગલાબંધ કેરીઓ ખરી પડી હતી.

### અંકલેશ્વરના જીતાલી સ્થિત

# પાયોનિયર સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનું ધો.૧૦નું ૮૬.૦૩ ટકા પરિણામ



અંકલેશ્વર, તા.૧૩


અંકલેશ્વર તાલુકાના જીતાલી સ્થિત પાયોનિયર સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનું ધો.૧૦નું પરિણામ ૮૬.૦૩ ટકા આવેલ છે જેમાં પ્રથમ ક્રમાંકે મીરઝા મેહવીઝ મખ્દુમઅલી ૯૭.૦૨ પી.આર., બીજા ક્રમાંકે અમીન મુબસ્સીરા સીરાજ ૯૩.૪૫ પી.આર. તથા ત્રીજા ક્રમે પઠાણ અફઝલ મકસુદ ૯૨.૫૮ પી.આર., ચોથા ક્રમે નફીસઅહમદ મહંમદતલ્હા અંસારી ૯૦.૩૪ પી.આર., પાંચમા ક્રમે ફાતેમા મહંમદ સૈયદ ૭૪.૧૨ પી.આર. સાથે શાળામાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે શાળા પ્રમુખ નાસીરભાઈ રાવત, શાળાના ટ્રસ્ટી મંડળ તથા આચાર્ય તથા શિક્ષકોએ સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી હતી.

# પાવીજેતપુરમાં લગ્ન મંડપ ધરાશાયી



પાવીજેતપુર પંથકમાં મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને ભારે પવન ફુંકાયો હતો. તેમજ છાંટા ચાલુ થઈ ગયા હતા. પાવીજેતપુર ખાતે ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે આજે મોડી સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને ભારે પવન ફુંકાતો હતો. ભારે પવન ફુંકાતા વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ હતી. પરંતુ આ ભારે પવનને પગલે ચૂલી ખાતે લગ્ન મંડપ ધરાશાયી થતા લગ્નમાં વિઘ્ન આવ્યું હતું. **(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)**

# અંકલેશ્વરની યુનિટી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનું ધો.૧૦નું ૯૫.૮૩ ટકા પરિણામ



પંડિત ખુશ્બુ વિશ્વનાથ ૮૯.૭૫ પી.આર. | માનસી સુરેશ ૮૯.૫૫ પી.આર. | મેમણ ફાતેમા ઈરફાન ૮૬.૯૪ પી.આર.

અંકલેશ્વર, તા.૧૩

યુનિટી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, અંકલેશ્વરનું ધો.૧૦ એસ.એસ.સી. બોર્ડ પરીક્ષાનું પરિણામ ૯૫.૮૩% આવેલ છે જેમાં પ્રથમ પંડિત ખુશ્બુ વિશ્વનાથ જેના પર્સન્ટાઈલ ૮૯.૭૫, દ્વિતીય ક્રમાંક મેળવનાર માનસી સુરેશના ૮૯.૫૫ તથા તૃતીય ક્રમાંક મેળવનાર મેમણ ફાતેમા ઈરફાનના ૮૬.૯૪ પર્સન્ટાઈલ મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ગણ, એડમિનિસ્ટ્રેટર, મેડમ, આચાર્ય તથા તમામ યુનિટી પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

# સાબરકાંઠામાં કરા સાથે કમોસમી વરસાદ

### મગફળી, બાજરી અને મકાઈના પાકનો સોથ વળી ગયો, અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી, વીજ પુરવઠો ખોરવાયો



હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લામાં વૈશાખ મહિનો ચાલી રહ્યો છે. ત્યારે સોમવાર બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતાની સાથે જ જિલ્લામાં સર્વત્ર માવઠું થયું હતુ. માવઠાની શરૂઆત ખેડબ્રહ્મા તાલુકામાંથી થઈ હતી. ત્યારબાદ ધીમેધીમે આ માવઠું વડાલી, ખેડબ્રહ્મા, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ તરફ આગળ વધ્યું હતુ. જિલ્લામાં વાતાવરણમાં આવેલા પલટાને કારણે બપોર બાદ પવનની આંધી સાથે જિલ્લાને માવઠાએ ઘમરોળ્યુ હતું તેમજ મોટાભાગના સ્થળે વાવાઝોડાને કારણે વીજ પુરવઠો લગભગ દોઢ કલાક ખોરવાઈ ગયો હતો. અચાનક થયેલા માવઠાને કારણે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે ગ્રામ્ય વિસ્તારોમાં બાજરી, મકાઈ અને મગફળીના પાકનો સોથ વળી ગયો હતો. એટલુ જ નહીં પણ હિંમતનગર, ખેડબ્રહ્મા, વડાલી અને ઈડરમાં કરા પડ્યા હતા. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સોમવારે બપોર બાદ હવામાન વિભાગે કરેલી આગાહીના ભાગરૂપે ગરમીનું પ્રમાણ ખુબજ વધી ગયુ હતુ. ત્યારબાદ એકાએક વાતાવરણમાં આવેલા પલટાને કારણે આકાશ ધુળની ડમરીઓથી છવાઈ ગયુ હતુ અને તરતજ ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા, વડાલી, ઈડર અને હિંમતનગર તાલુકાના કેટલાક સ્થળે કરા સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. સતત સવા કલાક સુધી વાવાઝોડા સાથે થયેલા વરસાદને કારણે મોટાભાગના સ્થળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. એટલું જ નહીં પણ રોડ પર પાણી વહેવા માંડ્યુ હતું. હિંમતનગર તાલુકાના મેડીટીંબા ગામે વાવાઝોડાને કારણે કેટલાક કાચા-પાકા મકાનના પતરા ઉડી ગયા હતા. જોકે કોઈ જાનહાની થઈ ન હતી. હિંમતનગરના વિવિધ વિસ્તારોમાં વાવાઝોડા સાથે થયેલા વરસાદને કારણે રોડ પર અવરજવર કરતા વાહન ચાલકો પણ સલામતી ખાતર પોતાના વાહન થંભાવીને ઉભા થઈ ગયા હતા.

# અમરેલીમાં એક ઈંચ કમોસમી વરસાદ

અમરેલી, તા.૧૩

અમરેલીમાં આજે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા મીની વાવાઝોડું ફૂંકાયું હતું અને જોરદાર પવન બાદ વીજળીના કડાકા-ભડાકા સાથે એક ઈંચ વરસાદ ખાબક્યો હતો. અચાનક જ કમોસમી વરસાદ પડતા કેરીના પાકને પણ નુકસાની થવાની ભીતિ સેવાઈ રહી છે. શહેરમાં જોરદાર પવનના કારણે બે જગ્યાએ વૃક્ષ પણ ધરાશાયી થયા હતા. અમરેલીમાં આજે બપોરે ચારેક વાગ્યે આસપાસ અચાનક વાતાવરણમાં પલટો આવતા મીની વાવાઝોડું ફૂંકાયું હતું અને જોરદાર પવન સાથે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. શહેરમાં ત્રણેક દિવસથી ગરમીનો પારો અને બફારાનું પ્રમાણ વધ્યું હતું અને અચાનક જ આજે જોરદાર પવન સાથે વરસાદ પડયો હતો. કમોસમી વરસાદના કારણે અમરેલી પંથકમાં ખેડૂતોના પાકને પણ નુકસાની થઈ હોવાની ભીતિ છે.

# ધોળકાની હલીમા સ્કૂલનું ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું ૧૦૦ ટકા પરિણામ




ધોળકા, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૪માં લેવામાં આવેલી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું મમ્બ ઉલ ઉલૂમ સંચાલિત હલીમા સ્કૂલ, ધોળકાનું ૧૦૦ ટકા ઝળહળતું પરિણામ આવ્યું છે. આ શાળાની વિદ્યાર્થીની પાનારા યાસ્મિન અબ્દુલકાદર ૮૯.૭૫ P. R. સાથે શાળામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયેલ છે. જયારે મલેક સુફિયા સાજીદભાઈ ૮૫.૦૯ P. R. સાથે દ્વિતીય ક્રમે અને પઠાણ અલમીરા સાબીરભાઈ ૭૯.૭૮ P. R. સાથે તૃતિય ક્રમે ઉત્તીર્ણ થયા છે. તે બદલ આ સંસ્થાના પ્રમુખ ઈસ્માઈલભાઈ ઉસ્માનભાઈ ઠારે તમામ તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

# ડભોઈમાં ભારે પવન ફૂંકાતા પાકને નુકસાનની ભીતિ

ડભોઈ, તા.૧૩

હવામાન વિભાગની આગાહીના પગલે ડભોઈ શહેર અને તાલુકામાં એકાએક વાતાવરણમાં પલટો આવતા વાદળો કાળા ડિબાંગ જોવા મળ્યા હતા. જોરદાર પવન ફૂંકાતા રોડ પર ધૂળની ડમરીઓ જોવા મળી હતી અને રોડ રસ્તા પર કચરો થઈ ગયો હતો. હવામાન વિભાગની આગાહીના પગલે સમગ્ર વિસ્તારમાં ધુળની ડમરી સાથે જોરદાર પવનના સુસવાટા સાથે અચાનક જ વાતાવરણમાં પલટો આવતા આસમાનમાં કાળા વાદળો જોવા મળ્યા હતા. જોરદાર પવનથી ખેડૂતોને બાજરી મકાઈ ડાંગર તથા કેરીના પાકમાં નુકસાની થાય તેવી ભિતી સેવાઈ રહી છે.

# રાજ્યમાં ભરઉનાળે જાણે ચોમાસું બેઠું : અનેક સ્થળોએ ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં કાળઝાળ ગરમીના દેકારા વચ્ચે વાતાવરણમાં પલટો આવતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં કેટલાક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ અને કરા પડ્યા છે. આકરી ગરમી વચ્ચે વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોને ગરમીથી રાહત મળી છે તો બીજી તરફ ખેતીના પાકમાં નુકસાનની ભીતિને લઈને ખેડૂતો ચિંતામાં મુકાયા છે.





## ● કેટલાક સ્થળોએ કરા પડ્યા ● પાકને નુકસાનની ભીતિથી ખેડૂતોમાં ચિંતા ● કાળઝાળ ગરમીમાં ઠંડક પ્રસરતાં મળી રાહત ● આગામી ત્રણ દિવસ વરસાદની આગાહી

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી મુજબ ગાજવીજ સાથે વરસાદ આવ્યો છે. ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત સુધી વરસાદ વરસ્યો છે. તેમાં પણ વલસાડમાં મિની વાવાઝોડા સાથે કરા પડ્યા, તો અંબાજીમાં ધોધમાર વરસાદ વરસ્યો. વલસાડમાં તોફાની પવન સાથે વરસાદના કારણે ગિરનાર ગામે આશ્રમ શાળાના પતરા ઉડ્યા, તો કેટલીક જગ્યાએ વૃક્ષ ધરાશાઈ થવાની ઘટના બની છે. ત્યારે આજે ક્યાં ક્યાં વરસાદ રહ્યો તે જોઈએ.

રાજ્યના પડોશમાં આવેલ સંઘપ્રદેશમાં પણ વાતાવરણમાં પલટો આવ્યો છે. દાદરા નગર હવેલીના વાતાવરણમાં પલટો આવ્યો. સેલવાસના ખાનવેલ અને ખેડપા સહિતના વિસ્તારોમાં વરસાદ કરા સાથે વરસાદ આવ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ પણ વરસાદની શક્યતા છે. અંબાજી પંથકના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. બપોર બાદ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા છે. તો સાથે જ હળવા વરસાદની શરૂઆત થઈ હતી. ગરમીના ભારે ઉકળાટ બાદ વરસાદી મહોલ જોવા મળ્યો છે. વરસાદનાં હળવા છાંટા, વાતાવરણમાં આંશિક રાહત થઈ છે. હજી પણ આકાશમાં વાદળો ગરજી રહ્યા છે. ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો છે. હિંમતનગર, વડાલી, ખેડબ્રહ્મા, ઈડર, પાટણ, પાવી જેનપુર, શામળાજી, અમદાવાદ, ગાંધીનગર સહિત અનેક સ્થળોએ ગજવીજ સાથે ભારે વરસાદ તૂટી પડ્યો હતો. બોટાદ અને નવસારીના વાંસદામાં એક ઈંચ જ્યારે ભાવનગરના ઉમરાળા, ઈડર તથા વધઈમાં અડધો ઈંચ વરસાદ પડ્યો છે. કેટલાક સ્થળોએ કરા પડ્યા હતા તો ભારે પવનને કારણે ધૂળની ડમરીઓ ઊડી હતી ભર ઉનાળે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં પવન સાથે વરસાદ જોવા મળ્યો. કપરાડા તાલુકાના કેટલાક વિસ્તારોમાં બરફના કરા પડ્યા છે. પવન સાથે વરસાદના કારણે ગિરનાર ગામે આશ્રમ શાળાના પતરા ઉડ્યા તો કેટલીક જગ્યાએ વૃક્ષ ધરાશાયી થયા છે. કમોસમી વરસાદ અને બરફના કળાના કારણે કેરીના પાકને નુકસાનની ભીતિ છે. જ્યારે ૧૪ મેના રોજ અમદાવાદ આણંદ સુરેન્દ્રનગર રાજકોટ બોટાદ અમરેલી ગીર સોમનાથ ભાવનગર ભરૂચ સુરતમાં અમુક સ્થળોમાં ગાજવીજ સાથે છૂટા છવાયા વરસાદની આગાહી છે. તો ૧૫ મે બનાસકાંઠા ગીર સોમનાથમાં ગાજબીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી છે. ૧૬ મે માત્ર બનાસકાંઠામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જાણકારી અનુસાર, ભાવનગરના સિહોર તાલુકાના ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સિહોર તાલુકાના બોરડી, ટાણા, જાંબાળા, કાજાવદર સહિતના ગામોમાં કરા સાથે વરસાદ વરસ્યો હતો. સણોસરા, ઈશ્વરીયા, આબલા સહિતના ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. કરા સાથે વરસાદથી પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે. ગાજવીજ સાથે વરસાદ શરૂ થતા ખેડૂતો ચિંતિત થયા હતા. ગુજરાતમાં આજથી અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે, તો અનેક જિલ્લામાં કાળઝાળ ગરમી. રાજ્યમાં આવો વરસાદી માહોલ આગામી ચાર દિવસ અનેક જિલ્લાઓમાં જોવા મળશે. આજે અરવલ્લી મહીસાગર દાહોદ સુરેન્દ્રનગર રાજકોટ વલસાડ ડાંગ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે છુટા છવાયા વરસાદની આગાહી છે. પવનની ગતિ ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકે ફુંકાશે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે વરસાદી માહોલ રહેશે. બે દિવસ બાદ ફરી એક વખત તાપમાનમાં વધારો થશે. બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થશે.

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થયા પછી તાપમાન વધશે

## રાજ્યમાં કમોસમી વરસાદ બાદ કાળઝાળ ગરમી પડવાની આગાહી

### રાજ્યમાં ઠેર-ઠેર ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરાતા રાજ્યમાં ઠેર-ઠેર વરસાદ પડવાનું શરૂ થાય બાદ હવે આગામી બે દિવસ બાદ રાજ્યભરમાં તાપમાનનો પારો વધવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. ૧૬ મે સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે છૂટા છવાયા વરસાદની સંભાવના છે. તેમાં અમદાવાદમાં આજે વરસાદ પડ્યા બાદ આવતીકાલે પણ કેટલાક વિસ્તારમાં છૂટોછવાયો હળવો વરસાદ વરસી શકે છે. ત્યારબાદ વેસ્ટર્ન ડિસટર્બન્સની અસર પૂર્ણ થયા બાદ ફરી એકવખત તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી જેટલો વધીને ૪૪ ડિગ્રી સેલ્સિયસ પહોંચી શકે છે. આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે વહેલી સવારથી જ અમદાવાદ શહેરમાં છૂટું છવાયું વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. તેને કારણે ગરમ ભેજયુક્ત વાતાવરણ સર્જાતા બફારાનો પણ અનુભવ થયો હતો. તે બાદ સાંજે પવન સાથે વરસાદ પડતા રાહત થઈ હતી. આવતીકાલે હવામાન વિભાગની આગાહી અનુસાર કેટલાક વિસ્તારમાં છૂટો છવાયો ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે, ત્યારબાદ ફરી એક વખત મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈને શહેરનું તાપમાન ૪૪ ડિગ્રીને પાર પહોંચી શકે છે.

### સુરતના પૂર્વ કલેક્ટરની સંડોવણી સાથે આયોજનબદ્ધ રીતે મામલો પાર પડાયો

## સરકારની આશરે બે હજાર કરોડની જમીન બારોબાર પધરાવી દેવાનું કૌભાંડ

### બદલી પહેલા જ કલેક્ટરે કામ પતાવ્યું : ભાન થતાં સરકારે તાકીદે મેળવ્યો મનાઈહુકમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

સુરતના ડુમ્મસ ખાતે ૨,૦૦૦ કરોડ રૂપિયાની સરકારી જમીન બારોબાર બિલ્ડરોને પધરાવવાના કૌભાંડનો પર્દાફાશ થતાં વ્યાપક ચર્ચા શરૂ થઈ જવા પામી છે. એટલું જ નહીં આ કૌભાંડમાં બદલી પામનારા કલેક્ટર આયુષનું નામ પણ સામે આવતા અને તેમણો બદલી પહેલા કેટલાક વિવાદાસ્પદ ઓર્ડરો પર સહી કરી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આયોજન પૂર્વક સરકારી જમીન બિલ્ડરોને બારોબાર પધરાવી દેવાના કૌભાંડને લઈ હલચલ મચી જવા પામી છે. ડુમ્મસની સરકારી જમીન બિલ્ડરોને પધરાવી દેવાના કારસામાં સરકારે તાત્કાલિક ધોરણે મહેસૂલ સચિવ પાસેથી મનાઈહુકમ મેળવી લીધો છે. આ કિસ્સામાં ૩૦ જાન્યુઆરીના રોજ બદલી થતી હોઈ અને ૨૯મી જાન્યુઆરીના રોજ આઈએએસ અધિકારી આયુષ ઓકેએ ફાઈલને જે રીતે મંજૂરી આપી તેને લઈને મહેસૂલી તંત્રમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. મુખ્ય સચિવ રાજકુમારે મહેસૂલ તપાસણી કમિશ્નર આરઆઈસીની ટીમ ઉપરાંત સમગ્ર ઘટનાક્રમમાં ઊંડાણપૂર્વક તપાસ થાય તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. આ રીતે સરકારી જમીન ગણોતિયાને પધરાવવાના આયુષ ઓકના નિર્ણય પાછળ ભાજપનું કોઈ મોટું રાજકીય માથું હોવાની સુરતના મહેસૂલી વર્તુળોમાં ચર્ચા છે. ડુમસ ગામના સર્વે નંબર ૩૧૧/૩ વાળી ૨,૧૭,૨૧૬ ચોરસ મીટર જગ્યા સરકારી શીર પડતર તરીકે ૧૯૪૮-૪૯ના વર્ષથી હતી. આ સરકારી જમીન હોવા છતાં તેમા કબ્જેદાર તરીકે કૃષ્ણમુખલાલ ભગવાનદાસનું નામ ગણોતિયા તરીકે નોંધ નંબર ૫૮૨થી દાખલ કરવામાં આવ્યું હતું. સરકારી જમીનમાં ગણોતિયા તરીકેનું નામ દાખલ થઈ શકે તેમ નહી હોવા છતાં તેમાં નામ ખોટી રીતે દાખલ કરવામાં આવ્યું હતું.તેના પછી સરકારી શીર પડતર લખેલી જગ્યા પર આ લીટી દોરીને તેમા ડેરી કંપનીના મેનેજર વી.સી. જાદવનું નામ દાખલ કરવામાં આવ્યું હતું. નિયમ પ્રમાણે આ રીતે નામ દાખલ કરવાની સત્તા રેવન્યુ અધિકારી પાસે હોય છે. તેની સાથે કોઈનું પણ નામ ઉમેરતા પહેલા તેમા શો કોઝ નોટિસ પણ આપવાનો નિયમ છે. અહીં આવી કોઈ તસ્દી લેવામાં આવી ન હતી.

લોકસભા ચૂંટણીની જાહેરાત થાય તે પહેલા એક જગ્યા પર છેલ્લાં ત્રણ વર્ષથી ફરજ બજાવતા આઈએએસ અને આઈપીએસની બદલીના આદેશ અપાયા હતા. તેમા જિલ્લા કલેક્ટર આયુષ ઓકની સુરતથી વલસાડ બદલીનો આદેશ ૩૦ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યો હતો. બદલીના એક દિવસ પહેલા તેમણે આ વિવાદિત પ્રકરણને મંજૂરી આપી હતી. તેની સામે ભારે ઉહાપોહ થતાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે સમગ્ર કેસની તપાસ કરી વિવાદાસ્પદ પ્રકરણ પર મનાઈહુકમ ફરમાવતો આદેશ આપ્યો છે. આ જગ્યાનું વખતોવખત અન્યોને વેચાણ કર્યા બાદ જગ્યાને એનએ કરવા માટેની ફાઈલ કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તે સમયે સિટી પ્રાંતની તપાસમાં એવી હકીકત બહાર આવી હતી કે આ સમગ્ર જગ્યા સરકારી હોવાના કારણે તેને એનએ કરી શકાય તેમ નથી. તેની સામે માર્ચ ૨૦૦૯માં હાઈકોર્ટમાં રિટ પિટીશન કરવામાં આવી હતી.

હાઈકોર્ટે આ કેસમાં ગણોતધારા હેઠળ જે જગ્યાની ફાળવણી કરવામાં આવી છે તે ખેડૂત ખાતેદાર છે કે નહીં તેની તપાસ કરવા માટે આદેશ કર્યો હતો. જેથી સમગ્ર કેસની તપાસ દરમિયાન એવી હકીકત બહાર આવી હતી કે આ જગ્યા સરકારી હોવા છતાં આ આખો કારસો રચવામાં આવ્યો છે. તે અંગેનો સિટી પ્રાંતે રિપોર્ટ પણ જૂન ૨૦૧૫માં આપ્યો હતો.

આ તમામ બાબતોને ધ્યાને લીધા વિના તત્કાલીન કલેક્ટર આયુષ ઓકે ૨૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કબજેદારે વેચાણ કરેલાઓની તરફેણમાં ચુકાદો આપી દીધો હતો. જે અંગેની ફરિયાદ રાજ્ય સરકારને મળતા રાજ્ય સરકારે જમીન મહેસૂલ વિભાગની ટીમને સુરત મોકલી જરૂરી દસ્તાવેજ કબજે કર્યા હતા. તેમજ સમગ્ર કેસમાં તત્કાલીન કલેક્ટર દ્વારા કરવામાં આવેલા હુકમ પર સ્ટે આપી દીધો છે. જ્યારે સમગ્ર કેસની સુનાવણી આગામી ૨૩મેના રોજ કરવામાં આવનાર છે.

### વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ સહિત જવાબદાર અધિકારીઓ સામે

## એટ્રોસિટી એક્ટના અમલમાં બેદરકારી દાખવવા બદલ કાર્યવાહી કરવા ગૃહ વિભાગના સેક્રેટરી પાસે મંજૂરી મંગાઈ

### સામાજિક કાર્યકર વાલજીભાઈ પટેલ દ્વારા સત્વરે કાર્યવાહી કરવા મંજૂરી મંગાઈ

### એટ્રોસિટી એક્ટના અમલમાં સિનિયર ખાનગી વકીલોની પેનલ બનાવી ગેઝેટમાં પ્રસિદ્ધ ન કરાવાતા કરાઈ કાર્યવાહીની માંગ

અમદાવાદ, તા.૧૩

એટ્રોસિટી એક્ટના અમલમાં સિનિયર ખાનગી વકીલોની પેનલ બનાવી અને તેને ગેજેટમાં પ્રસિદ્ધ ન કરાવાતા આ અંગે સામાજિક કાર્યકર વાલજીભાઈ પટેલે વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ, એટ્રોસિટી એક્ટના નિયમોનો અમલ કરાવનાર ગુજરાત સરકારના જવાબદાર અધિકારીઓ, નોડલ અધિકારી અને સેક્રેટરી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સહિતનાઓ સામે કાર્યવાહી કરવા મંજૂરી માંગતો પત્ર ગૃહવિભાગના સેક્રેટરીને લખ્યો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સાથે કરાતા અન્યાય, અત્યાચાર સામે ભારત સરકારે કાયદો બનાવ્યો છે અને તેમાં સુધારા કર્યા છે. આ કાયદાનો સખ્તપણે અમલ થાય જે માટે અધિકારીઓને કરવાની કામગીરીના સ્પષ્ટ આદેશ આપ્યા છે. આ કાયદા અને તેના નિયમોના અમલીકરણમાં કોઈ અધિકારી જાણી જોઈને બેદરકારી દાખવે તો તે જવાબદાર અધિકારી વિરૂદ્ધ એટ્રોસિટી કાયદાની કલમ-૪ હેઠળ ગુનો નોંધી કોર્ટમાં ફોજદારી કાર્યવાહી કરી ઓછામાં ઓછી ૬ માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા કરવાની જોગવાઈ પણ કરી છે. રાજસ સરકાર જિલ્લા મેજિસ્ટ્રેટની ભલામણોના આધારે ખાસ ન્યાયાલયો અને વિશિષ્ટ ખાસ ન્યાયાલયોમાં કેસો ચલાવવા માટે ઓછામાં ઓછા ૭ વર્ષથી કાયદાના વ્યવસાયમાં જોડાયેલા હોય તેવા જાણીતા સિનિયર વકીલોની જરૂરી સંખ્યાની પેનલ દરેક જિલ્લા માટે કરશે. આમ આ કાયદાના નિયમ-૪ના પેટા નિયમ-૧ અન્વયે દરેક જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટે સિનિયર ખાનગી વકીલોની પેનલ બનાવી સરકાર સક્ષમ રજૂ કરવાની આદેશાત્મક ફરજ બજાવવાની થાય છે. તેવી જ રીતે કાયદાના નિયમ ૪(૧-A) અન્વયે દરેક જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટે આ કાયદાના કેસને ચલાવવા સરકારી વકીલોની પેલન બનાવી સરકાર સમક્ષ કરવાની ફરજ બજાવવાની થાય છે. તેમજ કાયદાના નિયમ-૪ (૧B)ની જોગવાઈ હેઠળ આ બંને વકીલોની પેનલો (સિનિયર ખાનગી વકીલો અને સરકારી વકીલો) એમ બંને પેનલો રાજ્ય સરકારના સત્તાવાર રાજયપત્ર (ગેઝેટ)માં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ અંગે સંપૂર્ણ આદેશાત્મક કામગીરી વડોદરા જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ બીજલભાઈ શાહ (IAS)એ કરવાની થાય છે. આમ છતાં જાણી જોઈને બદઈરાદાથી એટ્રોસિટી કાયદાના નિયમ-૪ના પેટા નિયમ-૧ની કાયદાની આદેશાત્મક જોગવાઈનો અમલ ન કરી અનુસૂચિત જાતિ જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ની કલમ-૪ અન્વયે પ્રથમદર્શીય ગંભીર ગુનો કરેલ છે. જ્યારે એટ્રોસિટી એક્ટના નિયમોનો અમલ કરાવનાર સરકારના જવાબદાર અધિકારીએ દરેક જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી નિયમ-૪(૧)ની જોગવાઈ અન્વયે સિનિયર ખાનગી વકીલોની પેનલ બનાવી તેને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરાવવી આમ કાયદાનો આદેશાત્મક હુકમ હોવા છતાં જાણીજોઈને બદઈરાદાથી જિલ્લા મેજિસ્ટ્રેટના મેળાપીપણામાં કાવતરૂં કરી આ કાયદાનો અમલ કર્યો નથી. અને કાયદાની આદેશાત્મક ફરજ બજાવી સિનિયર ખાનગી વકીલોની કોઈ પેનલ બનાવી નથી. આમ તેમણે એટ્રોસિટી એક્ટની કલમ-૪ અન્વયેનો પ્રથમદર્શીય ગુનો કર્યો છે.

### પાટડીના માલવણ ગામે

## ધર્મની માનેલ હિન્દુ બહેનની દીકરીનાં લગ્નમાં મુસ્લિમ યુવાન અરબાઝખાને મામેરૂં ભર્યું

### મુસ્લિમ યુવાને કોમી એકતા અને ભાઈચારાની અનોખી મહેંક પ્રસરાવી

સુરેન્દ્રનગર, તા.૧૩

પાટડી તાલુકાના માલવણ ગામના ૧૯ વર્ષના મુસ્લિમ યુવાને ૪૫ વર્ષની ધર્મની હિન્દુ બહેનની દીકરીના લગ્નમાં રૂા.૫૦ હજારનું મામેરૂં ભરી હિન્દુ મુસ્લિમ કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. આ મુસ્લિમ યુવાને પોતાની હિન્દુ બહેનના બંને દીકરાના લગ્ન સહિતની તમામ જવાબદારી નિભાવવાની પણ તૈયારી બતાવી માનવતાની અનોખી મહેંક પ્રસરાવી હતી. પાટડી તાલુકાના માલવણ ગામે રહેતો ૧૯ વર્ષનો મુસ્લિમ યુવાન અરબાઝખાન હાજીખાન મલેક ઉર્ફે અબો સિક્યુરિટી તરીકે ચોકીદારીનું કામ કરી પોતાના પરિવારનું ભરણ પોષણ કરે છે. આ યુવાન અરબાઝખાન મલેકે પોતાના જ



મોહલ્લામાં રહેતા ૪૫ વર્ષના ગીતાબેન સુરેશભાઈ ઠક્કરને પારિવારિક સંબંધના નાતે ધર્મની બહેન બનાવી હતી. ત્યારે એમની દીકરી રાનુના લગ્ન અખિયાણા ગામના યુવાન સાથે શુક્રવારે સુરેન્દ્રનગર ખાતે યોજાનારા સમુહ લગ્નમાં નક્કી કરવામાં આવ્યા હતા. માલવણમાં મામેરાનો પ્રસંગ હતો, ત્યારે અરબાઝખાન મલેકે પોતાની હિન્દુ બહેન ગીતાબેન ઠક્કરની ૨૨ વર્ષની ભાણી રાનુ માટે પાનેતર, કપડા અને વાસણ સહીતની ઘરવખરીની ચીજવસ્તુઓ મળી અંદાજે રૂા.૫૦ હજારનું મામેરું ભરી હિન્દુ મુસ્લિમ કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

#### આજના આ યુગમાં આવો ભાઈ કોઈ ભાગ્યશાળીને જ મળે : ગીતાબેન સુરેશભાઈ ઠક્કર

બે મહિના અગાઉ મારા ભાઈ અરબાઝખાન મલેકની બહેનના લગ્નમાં અમે સૌ પરિવારજનો આત્મીયતાથી જોડાયા હતા અને આજે મારી બીજા નંબરની દીકરીના લગ્નમાં એણે વાજતે-ગાજતે મામેરું ભર્યું હતું. આમ તો મારે કોઈ સગો ભાઈ નથી, પણ આજના આ યુગમાં આવો ભાઈ કોઈ જ ભાગ્યશાળીને જ મળે. એ ગમે ત્યારે અમારી મદદ માટે હમેશા ખડેપગે તૈયાર રહે છે.

#### બે મહિના અગાઉ મારી બેનનાં લગ્નમાં પણ એમણે સપરિવાર હાજર રહી મદદ કરી હતી : અરબાઝખાન મલેક

અમારા જ મહોલ્લામાં રહેતા અને ટીફીન સહીતની છૂટક મજૂરી કામ કરતા ગીતાબેન ઠક્કરને મે છેલ્લા ચાર પાંચ વર્ષથી ધર્મની બહેન બનાવ્યા હતા.એમની દીકરીના લગ્નમાં મે મામેરામાં સોના ચાંદીના દાગીના સહિત જે વસ્તુની જરૂર હોય એ માટે કહ્યું હતું, પણ એમણે એમના સમાજમાં મામેરામાં પાનેતર, કપડાં અને વાસણ સહિતની ચીજવસ્તુઓ હોવાનું જણાવતા એ પ્રમાણે મે વાજતે-ગાજતે મામેરું ભર્યું હતું. વધુમાં મારી આ બહેનના બંને બાકી દીકરાના લગ્ન સહીતની તમામ જવાબદારી નિભાવવાની પણ મારી પુરી તૈયારી છે.


ટ્રસ્ટ રજી. નંબર : બી/૧૦૨૬

મમ્બ-ઉલ-ઉલૂમ

એડમીશન ચાલુ છે.



● દીનીયાત, નાઝરાહ, હાફીઝ ક્લાસ તથા આલીમીયત ક્લાસ સાથે
● સરકાર માન્ય સ્કૂલ ધોરણ ૧ થી ૧૨ (કોમર્સ) સુધી
● દીની માહોલ સાથે હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
● હોસ્ટેલ માં એડમીશન માટે ઉમર વર્ષ-૮ જરૂરી

એડમીશન માટે સંપર્ક કરો

બલાસ ચોકડી, ખેડા-બાવળા હાઈવે રોડ, ધોળકા-૩૮૨૨૨૫, જી. અમદાવાદ

સમીર સર ૯૭૨૩૮૨૯૨૪૨ નઈમભાઈ ઠાર ૯૭૨૩૮૨૯૨૫૮

પ્રમુખ : ઈસ્માઈલભાઈ ઠાર

અંજુમને ઈસ્લામ અહમદાબાદ ટ્રસ્ટ સંચાલિત

અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ, આસ્ટોડિયા, અમદાવાદ ધો-૧૨ માર્ચ ૨૦૨૪

શાળાનું પરિણામ ૯૮.૧૪%



| બિસલપુરવાલા મો.કૈફ આરીફભાઈ | પઠાણ ઉર્જફાતેમા જાવેદખાન | પઠાણ મો.રેહાન મો.સલીમ | મનસુરી મો.સાદ જાકીરભાઈ |
|---|---|---|---|
| ટકા 92% | ટકા 88.57% | ટકા 85.14% | ટકા 81.85% |
| P.R.99.43 | P.R.97.84 | P.R.94.99 | P.R.90.90 |

અંજુમને ઈસ્લામ ઈંગ્લીશ સ્કૂલ, કાલુપુર, અમદાવાદ ધો-૧૦ માર્ચ ૨૦૨૪

શાળાનું પરિણામ ૮૫.૯૬%



| પઠાણ ચુમનાબાનુ અસલમખાન | શેખ મંતશાબાનુ મોઈનુદ્દીન | બાલોચ હુમેરાબાનું તાહિરખાન | શેખ મોહમદઅનસ અબ્દુલરહીમ |
|---|---|---|---|
| ટકા 83.66% | ટકા 81.05% | ટકા 79.66% | ટકા 79.33% |
| P.R.89.96 | P.R.87.17 | P.R.84.62 | P.R.84.12 |

અંજુમને ઈસ્લામ હાઈ સ્કૂલ, આસ્ટોડિયા, અમદાવાદ ધો-૧૦ માર્ચ ૨૦૨૪



| કુરેશી મુબ્બસીરા મો.ફારૂકભાઈ | તરબુચવાલા અયાન ફારૂકભાઈ | થરાદવાલા મો.અલી મોહસીનભાઈ | મનસુરી મન્તશા સરફુદીનભાઈ |
|---|---|---|---|
| ટકા 89.66% | ટકા 88.66% | ટકા 88.16% | ટકા 87.83% |
| P.R.96.14 | P.R.95.24 | P.R.94.77 | P.R.94.66 |

અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ, આસ્ટોડિયા, અંજુમને ઈસ્લામ ઈંગ્લીશ, કાલુપુર, અમદાવાદમાં માર્ચ ૨૦૨૪ ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ના ઉચ્ચ પરિણામ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ તેમજ વાલીગણને ટ્રસ્ટ તથા શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ દિલી મુબારકબાદ

ધોરણ ૯ થી ૧૨માં એડમિશન ચાલુ છે મર્યાદિત સંખ્યામાં પ્રવેશ ઉપલબ્ધ છે.


www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આધસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યુ ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS